ખેતીની જમીન વેચવાની છે
રાજકોટ પૂર્વ ૨૫૦ ફુટ રીંગ રોડ, ૩૦૦ ફુટ રીંગ રોડ ટચ, લાપાસરી, કાળીપાટ, મહીકા, ઠેબચડા, અમરગઢ, ખેરડી, માલીયાસણ, ગુંદા, તરઘડિયા, રફાડા, સર્વે નં. ૨એ, ૪એ, ૬એ, ૮એ, ૧૦એ, ૧૬એ, ટોપ લોકેશનમાં તૈયાર ફાર્મ હાઉસ અને ફાર્મ હાઉસ લાયક નાના ટુકડા લે વેચ માટે મળો...
બ્રોકર : પટેલભાઈ
૭૬૨૧૯ ૫૯૬૯૭
લેનાર પાર્ટીએ જ કોન્ટેક કરવો

હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S. દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

શહેર

પાના : ૧૨
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

Since 1979
AIR COMPRESSORS
toyo
MADE IN INDIA
M. 99042 99969, 96735 35982
Email:info@toyo.in • www.toyo.in

Panama
PANAMA® electric

MFG BY:
PREM ELECTRICAL INDUSTRIES
SURENDRANAGAR
Mo. 98252 24142, 70692 24142, 98251 44142

ફોન: ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪, ૨૪૪૮૪૪૪, ■ વર્ષ: ૪૮ ■ અંક: ૨૮૨ ■ 22 July 2025 ■ મંગળવાર ■ અષાઢ વદ-૧૨ ■ પ્રકાશન સ્થળ:અકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

સાચુ કારણ શું ? તબિયત કે પછી બીજુ કંઇ ? ટાઇમિંગને લઇને ઉઠતા સવાલ

રાજકીય વાવાઝોડુ ઉભુ કરતું ઉપરાષ્ટ્રપતિનું રાજીનામું

વિપક્ષને રાજીનામાનું કારણ ગળે ઉતરતું નથી : સરકારને આડે હાથ લીધી : સવાલોના તીર છોડયા : સરકાર સાથે અણબનાવને કારણે પદ છોડયાની ચર્ચા

નવી દિલ્હી, તા.૨૨: જગદીપ ધનખડે અચાનક ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપી દીધું. તેમણે રાજીનામામાં સ્વાસ્થ્ય કારણોનો ઉલ્લેખ કર્યો છે. તાજેતરમાં ચોમાસુ સત્રનો પહેલો દિવસ હતો. ચોમાસુ સત્રના પહેલા દિવસે તેઓ સક્રિય જોવા મળ્યા હતા. દિવસભર ગૃહ સારી રીતે ચાલ્યું. પણ સાંજે અચાનક એવું શું થયું કે જગદીપ ધનખડે રાજીનામું આપી દીધું? શું ખરેખર તેમના રાજીનામા પાછળનું કારણ સ્વાસ્થ્ય છે કે કોઈ રાજકારણ? વાસ્તવમાં, જગદીપ ધનખરના રાજીનામાના સમય



અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. તેમના અચાનક રાજીનામાની વાત વિપક્ષ સહિત દરેક વ્યક્તિ પચાવી શકતી નથી. પહેલા દિવસના સત્રનું સંચાલન કર્યા પછી કોઈ ઉપરાષ્ટ્રપતિએ રાજીનામું આપ્યું હોય તેવું દ્રશ્ય ભાગ્યે જ જોવા મળ્યું છે.પ્રથમ દિવસે એક્ટિવ પણ દેખાયા, તો અચાનક સાંજે રાજીનામું કેમ આપ્યું? તેમણે આરોગ્યનું કારણ આપી રાજીનામું આપ્યું છે. જોકે વિપક્ષ તથા રાજકીય પંડિતોને આ વાત ગળે નથી ઉતરી રહી. રાજીનામાના ટાઈમિંગને લઈને પણ સવાલ ઉઠી રહ્યા છે.

હકીકતમાં, સંસદના ચોમાસુ સત્રના

Page NO.6

કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ થી ૪ ટકાનો વધારો થવાની સંભાવના

રક્ષાબંધન પહેલા કેન્દ્રીય કર્મચારીઓને મળશે ડીએના ગુડ ન્યૂઝ



નવી દિલ્હી, તા.૨૨: રક્ષાબંધન પહેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહેવાલો મુજબ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને વર્તમાન સાતમા પગાર પંચ હેઠળ ઓછામાં ઓછો એક વધુ DA (મોંઘવારી ભથ્થું) મળી શકે છે. હવે જો આપણે ફુગાવાના તાજેતરના આંકડાઓ પર નજર કરીએ તો જુલાઈ ૨૦૨૫માં કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ થી ૪ ટકાનો વધારો થવાની સંભાવના છે. આનાથી દેશના કરોડો કેન્દ્ર સરકારના કર્મચારીઓને રાહત મળશે.

સામાન્ય રીતે મોંઘવારી ભથ્થામાં વધારો વર્ષમાં બે વાર ફેબ્રુઆરી-માર્ચ અને સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં જાહેર કરવામાં આવે છે જે અનુક્રમે જાન્યુઆરી અને જુલાઈથી લાગુ કરવામાં આવે છે. આનાથી કર્મચારીઓને વધતી જતી ફુગાવાનો સામનો કરવામાં મદદ મળે છે. આ વર્ષે માર્ચમાં ૨ ટકાના વધારા સાથે વર્તમાન મોંઘવારી ભથ્થાનો દર ૫૫ ટકા થયો છે. સરકારી કર્મચારીઓને DA આપવામાં આવે છે જ્યારે પેન્શનરોને

Page NO.6

યુરોપિયન દેશોમાં પણ ભીષણ ગરમીના કારણે જનજીવન પર અસર પડી: લોકો આકરા તડકા અને ગરમીમાં બહાર જવાનું ટાળી રહ્યા છે

યુરોપ-મધ્ય પૂર્વ તીવ્ર ગરમીની લપેટમાં: તાપમાન ૫૦ ડિગ્રી

તુર્કીમાં પણ પરિસ્થિતિ ગંભીર

જ્યાં ૨૬ જૂન પછીના ૧૦ દિવસમાં કુલ ૭૬૧ જંગલોમાં આગ લાગી હતી

પેરિસ/તેહરાન તા.૨૨: યુરોપ અને મધ્ય પૂર્વ હાલમાં ભારે ગરમીની લપેટમાં છે, જેના કારણે ઘણા દેશોમાં આબોહવા કટોકટી જાહેર કરવામાં આવી છે. ઈરાનના રાષ્ટ્રીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઈરાન આ વર્ષે અત્યાર સુધીના સૌથી ગરમ અઠવાડિયામાં પ્રવેશી ગયું છે, જ્યાં પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયો છે. રવિવારે રાજધાની તેહરાનમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

તેહરાન વોટર ઓથોરિટીએ લોકોને પાણીના વપરાશમાં ઓછામાં ઓછો ૨૦ ટકા ઘટાડો કરવા વિનંતી કરી છે, કારણ કે રાજધાનીને પાણી પૂરું પાડતા ડેમ છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. તે જ સમયે, આ ઉનાળાની પહેલી લાંબી લહેર ગ્રીક રાજધાની એથેન્સમાં ત્રાટક્યું છે, જે તેહરાનથી લગભગ ૩,૫૦૦ કિલોમીટર પશ્ચિમમાં

Page NO.6

સંસદીય સમિતિની ભલામણ : TDS રિફન્ડ માટે ITR ભરવાની અનિવાર્યતા સમાપ્ત કરો

નાના કરદાતાને મળશે રાહત : નહિ ભરવું પડે રિટર્ન



નવી દિલ્હી, તા.૨૨: નાના કરદાતાઓને ટૂંક સમયમાં મોટી રાહત મળી શકે છે. હવે ફક્ત TDS રિફંડ માટે આવકવેરા રિટર્ન (ITR) ફાઇલ કરવાની જરૂરિયાત નાબૂદ થઈ શકે છે. તેના બદલે, ફક્ત એક ફોર્મ ભરીને રિફંડ મેળવી શકાય છે. આ સૂચન આવકવેરા બિલ ૨૦૨૫ ની સમીક્ષા કરતી સંસદીય સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. સમિતિની ભલામણોને આવકવેરા અધિનિયમ-૨૦૨૫ માં સુધારા તરીકે સામેલ કરવામાં આવશે.

લોકસભા પસંદગી સમિતિના અધ્યક્ષ બૈજયંત પાંડાએ સોમવારે સંસદમાં આવકવેરા બિલ, ૨૦૨૫ પર સમિતિનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો. આ બિલ ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું અને તે જ દિવસે તેને પસંદગી સમિતિને મોકલવામાં આવ્યું હતું. સમિતિને ચોમાસુ સત્રના પહેલા દિવસ સુધીમાં રિપોર્ટ રજૂ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી, જે સમયસર પૂર્ણ થયું હતું.

Page NO.6

દરરોજ બપોરે પ્રિમીયમ
ગુજરાતી થાળી
સ્વાદમાં સર્વોપરી
હોટલ કાવેરી
PGVCL સામે, કનક રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ
Cell : 63566 66777

દુકાન/ઓફીસ ભાડે આપવાની છે
દુકાન ૮×૧૨
૬૫૦ સ્કવેર ફુટ ઓફીસ
યાજ્ઞીક રોડથી તદ્દન નજીક દુકાન તથા ઓફીસ લાયક જગ્યા ભાડે દેવાની છે.
મો. ૯૭૧૨૯ ૩૧૪૬૯
૯૭૧૨૯ ૯૬૫૮૯

કબુતર જાળી
BIRD NO ENTRY
Bird net Service & Spike Fitting
RAJ NANDANI BIRD NET
Raiya Road, Rajkot • Vickybhai
91573 28725 • 88669 49825

શું તમને સતત ઘૂંટણમાં અને થાપામાં દુઃખાવો છે?
શું તમને પગથીયા ચડવા-ઉતારવામાં તકલીફ થાય છે?
તેને અવગણશો નહીં! સલાહ લો...
TUKSplasty™, Hip રિપ્લેસમેન્ટ, Knee રિપ્લેસમેન્ટ
SHALBY HOSPITALS RAJKOT
ઘૂંટણ અને થાપા બદલવાની સર્જરી
હવે શેલ્બી હોસ્પિટલ, રાજકોટ માં ઉપલબ્ધ
ઓ.પી.ડી.
23.07.2025 | બુધવાર
બપોરે 04:00 થી 06:00 સુધી
ડૉ. આશિષ શેઠ
સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
27000+ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો અનુભવ
નિયમિત ઓ.પી.ડી. બીજા અને ચોથા બુધવારે ઉપલબ્ધ
ઓનલાઈન કન્સલ્ટેશન 96240 55514
શેલ્બી હોસ્પિટલ
શિવમ પાર્ક, પ્લોટ-66, માધાપર મોરબી ઓવરબ્રિજ પાસે
150 ફૂટ રીંગ રોડ, ધ સ્પેસની સામે, રાજકોટ
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક:
63576 76101
63570 07377

ઓફિસ ભાડે આપવાની છે
સિલ્ક એપાર્ટમેન્ટ
૧૫૦ ફુટ રીંગ રોડ
આસ્થા સર્કલ પાસે
838 Sq Ft.
સેમી ફર્નિશ્ડ
99245 80809

ભાડે/વેચાણથી આપવાનું છે
@મવડી રોડ રાજકોટમાં
કોર્પોરેટ ઓફીસ /બેંક હોસ્પિટલ લાયક બિલ્ડીંગ
1380 કારપેટના 3 ફ્લોર
99245 80809

દુઃખાવાથી મેળવો રાહત હવે
ફીઝીયોથેરાપી, એક્યુપ્રેશર અને મસાજ દ્વારા
૨૦ વર્ષના અનુભવી નિષ્ણાંત દ્વારા તમારા સ્થળ પર
ડૉ. કલ્પેશ વી. પારેખ
99244 06856

RAIL & AIR સ્પે.જન્માષ્ટમી/દિપાવલી ટુર
ગોવા Primo Bom 3* RESORT 4N/5D
દુબઈ-બાલી-નેપાલ | ચારધામ:બદ્રી-કેદાર-ગંગોત્રી-યમનોત્રી
દ.ભારત-તિરૂપતી-રામેશ્વર-ક.કુમારી-ઉટી-મૈસુર
ચંપારણ્ય-જ.પુરી-કલકત્તા-ગંગાસાગર
AC હોટલ-AC બસ-ગુજરાતી કેટરર્સ સાથે
ભારતદર્શન 98244 56688

શિક્ષકો જોઈએ છે
ધો.૧ થી ૮ ભણાવી શકે તેવા
• શિક્ષિકા બહેનો
• પટ્ટાવાળા) બહેનો
• કોમ્પ્યુટર જાણકાર ઓફિસ આસિસ્ટન્ટ
અરજી સાથે રૂબરૂ મળો
સવારે ૧૦ થી ૧૨
શ્રી તેજસ્વી વિદ્યાલય
દીપ્તિ નગર, ૮૦ ફુટ રોડ, હુડકો પોલીસ ચોકી પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ

જોઇએ છે
ઓફિસબોય
Rajkot : Mo. 63554 33137

Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
RANI®
PREMIUM COTTONSEED OIL

RANI
REFINED COTTONSEED OIL
खाने में लाईट चोईस है राईट
કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- 'યુનિટી પ્લાસ', સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000
ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000
• શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

સમગ્ર ભારતમાંથી 150+ પ્રમાણિત વણકરો દ્વારા અધિકૃત રેશમ અને સુતરાઉ ઉત્પાદનો
નેશનલ સિલ્ક એક્સ્પો
વિવર્સ દ્વારા આયોજિત પ્રદર્શન અને વેચાણ
23 થી 28 જુલાઈ
વેડિંગ સ્પેશિયલ સાડી અને સૂટ નવી ડિઝાઈન સાથે લેટેસ્ટ વેરાયટીમાં
સિલ્ક કોટન સાડી અને કુર્તી, ડિઝાઈનર અને એથનિક ડ્રેસ, ફેશન જ્વેલરી, હોમ લિનન અને ઘણું બધું

Rakhi Special Offer UP TO 50% DISCOUNT BY WEAVERS
નૂતનનગર કોમ્યુનિટી હોલ
જલારામ પેટ્રોલ પંપની પાસે, કાલાવડ રોડ, રાજકોટ
M: 9412258826 | ENTRY FREE | ALL UPI ONLINE / DEBIT & CREDIT CARDS ACCEPTED

દિવાળીમાં દુબઈ જશો તો વ્યક્તિ દીઠ 90000માં પડશે
સપ્ટેમ્બરમાં જશો તો વ્યક્તિ દીઠ ફક્ત 60999માં
અમદાવાદ થી અમદાવાદ
દુબઈ
₹ 60999* વ્યક્તિ દીઠ થી શરૂ
1 SEP TO 30 SEP DAILY
૪ સ્ટાર હોટલ • ગ્રુપ ટુર • ગુજરાતી-પંજાબી ભોજન
૫ રાત્રિ રોકાણ - વિઝા - બ્રેકફાસ્ટ-ડિનર - ધાઉ ક્રુઝ
વન-વે મોનોરેલ - દુબઈ+અબુધાબી સિટી ટૂર - સ્વામિનારાયણ મંદિર
ડેઝર્ટ સફારી ૧૨૪ ફ્લોર બુર્જ ખલીફા - રિટર્ન એરપોર્ટ ટ્રાન્સફર
ચાંદ્રિક રોડ - 90542 79698 શીતલ પાર્ક - 90819 05012
મહીલા ચોક - 98751 89510 જુનાગઢ 82389 96999
મોરબી-63530 86195 જામનગર-98257 80897
Ahmedabad Office - 98790 99946

રાજકોટવાસીઓને પવિત્ર શ્રાવણ માસના આરંભે જ ભગવાન શિવજીની લીલાના પુનિત શ્રવણનો લ્હાવો

પૂ.ગુરુમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખેથી 'મહિમા મહાદેવનો-સત્સંગ શ્રેણી

પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે તા.૨૫ થી ૨૯ દરરોજ ૩ યોજાશે શ્રદ્ધા-શૃંખલા: પૂ.પરમાત્માનંદજી દ્વારા ઉદ્ઘાટન



રાજકોટ: પવિત્ર શ્રાવણ માસના આરંભે જ રાજકોટવાસીઓને ગાંધીનગરના સમદર્શન આશ્રમના પ.પૂ.ગુરુમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખેથી ભગવાન શિવજીની લીલાના પુનિત શ્રવણનો લ્હાવો મળવાનો છે. રોટલી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર તથા સમદર્શન આશ્રમ, ગાંધીનગરના રાજકોટ આતેના સાધકો દ્વારા તા.૨૫ થી ૨૯ જુલાઈ, દરમિયાન શિવભક્તિ પ્રવચનમાળા 'મહિમા મહાદેવનો'નું આયોજન કરવામાં આવ્યું છે.



પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ, રાજકોટ ખાતે તા.૨૫ થી ૨૯ જુલાઈ દરમિયાન દરરોજ સાંજે ૪:૩૦ થી ૬:૪૫ વાગ્યા દરમિયાન યોજાનારી આ શ્રદ્ધા-શૃંખલાનો શુભારંભ આર્ષ વિદ્યામંદિર, મુંજકાના પ.પૂ.સ્વામી શ્રી પરમાત્માનંદજી કરશે અને આશીર્વચન આપશે. દરરોજ સાંજે શિવજીની લીલાના શ્રવણ પછી ભક્તજનોને દ્વાદશ જ્યોતિર્લિંગ: શ્રી કેદારનાથ, શ્રી ત્રંબકેશ્વર, શ્રી કાશી વિશ્વનાથ, શ્રી સોમનાથ અને શ્રી મહાકાલેશ્વર મંદિરે ધરાવેલ પવિત્ર પ્રસાદનું વિતરણ કરવામાં આવશે.

'મહિમા મહાદેવ'નો કહેનારા- શિવનીની લીલાઓનુ અમૃતપાન કરાવવા રાજકોટ આવનાર પ.પૂ.ગુરુમા સમાનદ સરસ્વતીજી અદ્વિતીય આધ્યાત્મિક વ્યક્તિત્વ છે. ભારતની આધ્યાત્મિક પરપરામાં પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજી એક ઉજ્જવળ પ્રવાહરૂપે પ્રગટ થયા છે. તેમના જીવનની પ્રત્યેક પળ આધ્યાત્મ પ્રાતિ સમર્પિત છે, જ્યા ભક્તિ, જ્ઞાન અને સદાચારનો સુમેળ છે.

પૂજ્ય ગુરુમા સમાનદ સરસ્વતીજીમ જીવનમાં પૂર્વજન્મના સંસ્કારો બાળપણથી જ પ્રતિફલિત થવા લાગ્યા. માતા-પિતાનાં સંસ્કાર અને આત્મીય ઉષ્માથી તેમનો આધ્યાત્મિક ઝોક વધુ પ્રબળ બન્યો. સાદગીભર્યા બાળપણમાં તેઓ ઈશ્વરપ્રાપ્તિની ઉર્જાથી ઓતપ્રોત રહ્યા. શ્રદ્ધા અને સમર્પણથી ભરપૂર હૃદયમાં તેમણે નાની વયે જ ઈશ્વરપ્રાપ્તિને જીવનના પરમ ધ્યેય તરીકે સ્વીકારી લીધું.

છેલ્લા ૨૭ વર્ષથી પૂજ્ય ગુરુમા ગાંધીનગરમાં સમદર્શન આશ્રમ ખાતે સાધકોને અધ્યાત્મમાર્ગે પ્રેરિત કરી રહ્યા છે. તેમનો સંવેદનશીલ સ્વભાવ, કરુણાસભર હૃદય અને ભક્તિથી ઓતપ્રોત જીવન કોઈપણ સાધકને પ્રભાવિત કર્યા વિના રહેતું નથી. ગાંધીનગરના સેક્ટર-૧માં સ્થિત સમદર્શન આશ્રમ સાધકો માટે એક દિવ્ય ઉર્જા કેન્દ્ર સમાન છે. સમયસર પોતાનું સ્થાન મેળવી લેવું પ્રવચન સમયસર શરુ થશે. તેમ રોટરી ક્લબ રાજકોટ-ગ્રેટરના પ્રમુખ શ્રી જયદેવ શાહે અંતમાં જણાવેલ છે. તસ્વીરમાં અકિલાના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા સાથે સંસ્થાના આગેવાનો સર્વશ્રી જયદેવભાઈ શાહ, કિશોરભાઈ કોટેચા, કિશનભાઈ કોટેચા, મેહુલભાઈ નથવાણી, અનુપમભાઈ જોષી, નિલેશભાઈ ભોજાણી, રીટાબેન કોટક નજરે પડે છે.



આવતી ૨૭ થી ૩૦ તારીખ સુધીમા ગુજરાતમાં સાર્વત્રિક વરસાદનો વધુ એક રાઉન્ડ: આગાહીકાર વજુભાઈ બારૈયા



રાજકોટ: આવતી તારીખ ૨૭.૨૮.૨૯.૩૦ (રવિ થી બુધ) માં ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા ડાંગ, દાહોદ, ઝાલોદ, લુણાવાડા, ગોધરા, મોડાસા, મહિસાગર, જિલ્લામાં ગાજવીજ સાથે ૨ થી ૪ ઈંચ સુધી વરસાદની શક્યતા છે. મધ્ય ગુજરાતનાં અમદાવાદ જિલ્લાના ધોળકા, બાવળા, બગોદરા, ધંધુકા, ધોળકા સહિતનાં વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે ૨ થી ૪ ઈંચ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં પોરબંદર, દેવ ભુમિ દ્વારકા, ખંભાળીયા, જામનગર, મોટી પાનેલી, ગોંડલ, જેતપુર, જુનાગઢ, ધોરાજી, ઉપલેટા, ધ્રોલ, મોરબી, વાંકાનેર, ટંકારા, ખંભાળિયા, પોરબંદર, જામજોધપુર, સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, ચોટીલા, ધાંગધ્રા, થાન પંથકમાં ૨ થી ૪ ઈંચ ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીર પંથકમાં ભારે વરસાદી ઝાપટા પડી શકે કચ્છ, ભૂજ, નખત્રાણા, માંડવી, મુંદ્રા પોર્ટ, સહિતનાં વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદી માહોલ જામશે. દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, વલસાડ, ભરુચ, વાપી, ડાંગ, વાંસદા, વડોદરા સહિતનાં વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. હવામાન નિષ્ણાત વજુભાઈ બારૈયા ગામ વાશીયાળી તાલુકો સાવરકુંડલા મો.૯૯૧૩૨ ૧૭૧૨૩.(૪૦.૪)

વોશિંગ્ટનમાં રાજા કૃષ્ણમૂર્તિ દ્વારા સાધુ વાસવાણી મીશનના દીદી કૃષ્ણાનું ઉષ્માભર્યું સ્વાગત



રાજકોટ : વોશીંગ્ટનમાં ડી.સી.માં ઈલિનોઈસના કોંગ્રેસમેન રાજા શ્રી કૃષ્ણમૂર્તિ દ્વારા દીદી કૃષ્ણાનું ઉષ્માભર્યું સ્વાગત કરાયુ હતુ. તેમણે સ્વાગત કરતા જણાવેલ કે હું આજે દીદી કૃષ્ણા કુમારીનું સન્માન કરવા માટે ઊભો છું, જે આધ્યાત્મિક નેતા, માનવતાવાદી અને કેળવણીકાર છે જેમની સેવા પ્રત્યેની આજીવન પ્રતિબદ્ધતાએ વિશ્વભરના સમુદાયોને ઉત્થાન આપ્યું છે. ૯ મે ૧૯૬૧ ના રોજ જન્મેલ દીદી કૃષ્ણાએ સંતો સાધુ ટી.એલ. વાસવાણી અને દાદા જે.પી.વાસવાણીના માર્ગદર્શન હેઠળ ત્રણ વર્ષની ઉંમરે તેમની આધ્યાત્મિક યાત્રા શરૂ કરેલ.

હાલમાં તેઓ સાધુ વાસવાણી મિશનના વડા તરીકે સેવા આપે છે, નમ્રતા, શાણપણ અને સેવા પ્રત્યે સમર્પણ સાથે આગળ વધી રહ્યા છીએ. ૧૯૩૦ ના દાયકામાં સ્થપાયેલ, સાધુ વાસવાણી મિશન દીદી કૃષ્ણના નેતૃત્વ હેઠળ કરુણા અને ઉપચાર માટે વૈશ્વિક બળમાં વિકસ્યું છે. પાંચ ખંડોમાં ૬૦ થી વધુ કેન્દ્રો સાથે મિશન શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે, આધ્યાત્મિક ક્ષેત્રે વિકાસ અને માનવતાવાદી રાહતમાં વ્યાપક રીતે કાર્ય કરે છે. નેવું વર્ષથી વધુ સમયથી મિશનને તેમણે ગરીબો, બીમાર, અબોલ પશુ પક્ષી અને અસહાય લોકોનું ઉત્થાન, જરૂરિયાતમંદ લોકોની સૌથી વધુ સેવામાં કાર્યરત છે. ઘણા લોકો માટે, દીદી કૃષ્ણની હાજરી એક નેતા કરતાં વધુ, આધ્યાત્મિક માર્ગદર્શક અને સંત સમાન ઉપસ્થિતિ છે. તેમના સૌમ્ય વર્તન, ઊંડી કરુણા અને અતૂટ ભક્તિએ તેમને જીવનના તમામ ક્ષેત્રોના લોકોનો પ્રેમ અને આદર અપાવ્યો છે. તેઓ પ્રસિદ્ધિથી પર રહીને, શાંત - શક્તિ અને કૃપાથી નેતૃત્વ કરે છે. હંમેશા સેવાને પોતાના કરતા અગ્રીમ સ્થાન આપે છે. તેમનું કાર્ય શિક્ષણ, આરોગ્યસંભાળ, આપત્તિ રાહત, પ્રાણી કલ્યાણ અને આધ્યાત્મિક વિકાસ સુધી વિસ્તરેલ છે. જે ગૌરવ અને કરુણામાં ડૂબી ગયેલી સેવાના સર્વાંગી દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. શ્રીમાન સ્પીકરના તેઓના સંબોધનમાં, દીદી કૃષ્ણા કુમારીના અથાક પ્રયાસો એ વાતનો પુરાવો છે કે એક વ્યક્તિ હેતુપૂર્ણ અને નમ્ર જીવન દ્વારા કેટલી ઊંડી અસર કરી શકે છે. માનવતા માટે તેમના અસાધારણ યોગદાનને ઓળખવું મારા માટે સન્માનની વાત છે. આ પહેલાં પણ દીદી કૃષ્ણાને પુનાની રોટરી કલબ નીગડી દ્વારા આંતરરાષ્ટ્રીય વિશ્વશાંતિ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ઓગસ્ટ મહિનામાં રાજકોટના આંગણે તેઓ પધારે તેવી આતુરતાથી પ્રતીક્ષા થઈ રહી હોવાનું મનોહરલાલ બુલચંદાણી સેક્રેટરી, સાધુ વાસવાણી સેન્ટર (સૌરાષ્ટ્ર) રાજકોટની યાદીમાં જણાવાયુ છે.

ટાલ પડવી પરમેનેન્ટ નથી, હવે સર્જરી અને દવા વગર પોસિબલ છે ''હેર રિગ્રોથ''



નવી દિલ્હી તા.૨૨: કોઈપણ સર્જરી, હેર ટ્રાન્સપ્લાન્ટ કે ભારે દવાઓ વિના કુદરતી રીતે વાળ ઉગાડી શકાય છે. આ દાવો હાલમાં કરવામાં આવેલ એક મેડિકલ સ્ટડીમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યો છે. સ્ટેમ સેલ રિસર્ચ એન્ડ થેરાપી જર્નલમાં પ્રકાશિત એક સ્ટડીમાં આવાત જાણવા મળી છે કે, ટાલ સંશોધકોએ શોધી કાઢ્યું છે કે, વાળના ફોલિકલ્સ ખરેખર મૃત્યુ પામતા નથી. તેઓ ફક્ત ડિએક્ટિવ થઈ જાય છે. તેથી જો વૈજ્ઞાનિકો આ સંકેતોને ઠીક કરી શકે, તો કોઈપણ ખર્ચાળ સારવાર વિના વાળનો ગોથ ફરી શરૂ થઈ શકે છે. ધ એસ્થેટિક ક્લિનિક્સના ફેશિયલ પ્લાસ્ટિક સર્જન અને સ્ટડીના મુખ્ય લેખકોમાંથી એક ડો. દેબરાજ શોમનું કહેવું છે તેવું

હેર ગ્રોથ યોગ્ય સિગ્નલને વધારીને, અવરોધ કરતા સિગ્નલોને અવરોધિત કરીને અથવા ખામીયુક્ત જીનને સુધારીને, વૈજ્ઞાનિકો માને છે કે નિષ્ક્રિય વાળના ફોલિકલ્સને પુનર્જીવિત કરવું અને નેચરલ ગ્રોથને પ્રોત્સાહન આપવું શક્ય છે. અન્ય એક સંશોધક ડો. દિમી બેલાનીએ જણાવ્યું કે, આપણે હવે ફક્ત વાળ ખરતા અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા નથી, પરંતુ વિકાસને ફરીથી શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ નવો અભિગમ ખરેખર લોકોને તેમના વાળ પાછા ઉગાડવામાં મદદ કરી શકે છે.

અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, પ્રાણીઓના પરીક્ષણો સફળ રહ્યા બાદ આગામી બે વર્ષમાં માનવ પરીક્ષણ શરૂ થવાની અપેક્ષા છે.

ટાલ પડવી જેનેટિક હોવાની સાથે જ લાઈફસ્ટાઈની આદતોથી પણ ટ્રિગર થાય છે.

ટાલ પડવાની સારવાર તેના કારણો પર આધાર રાખે છે. જો વાળ ખરવાનું કારણ પોષક તત્વોનો અભાવ અથવા તબીબી સ્થિતિ હોય તો તેના માટે ઉપાયો કરી શકાય છે.

વાળ ખરતા અટકાવવા માટે શેમ્પૂ કરતા પહેલા તેલ લગાવવું, હેલ્થી ખોરાક લેવો, સ્ટ્રેસ મેનેજમેન્ટ જરૂરી છે. આ સાથે જ ટાઈટ હેર સ્ટાઈલ, કેમિકલવાળા પ્રોડક્ટ્સ અને પ્રદૂષણથી બચવું જરૂરી છે.(૩૮.૧૨)

વૈજ્ઞાનિકનો દાવો- ટાલ પડવાથી છુટકારો મેળવવા માટે સર્જરી અને દવા જ એકમાત્ર રસ્તો નથી: નેચરલ રીતે પણ વાળને ફરીથી ઉગાડી શકાય છે

એપલ અને ક્રોમાને કન્ઝયુમર કોર્ટનો ફટકો

ફોનની ડિફેક્ટને કારણે આઇફોનના ૬૫,૨૬૪ રૂપિયા કસ્ટમરને પાછા આપવાનો આદેશ



મુંબઈ, તા.૨૨: ક્રોમા સ્ટોરમાંથી ઍપલનો આઈફોન લીધાના કેટલાક જ દિવસોમાં એના સ્પીકર ફોનનું ફંક્શન બંધ થઈ જતાં આ બાબત કરવામાં આવેલી ઘણીબધી ફરિયાદોનો નિવેડો ન આવતાં ધ ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશન, મુંબઈ (સબર્બ્સ)માં ફરિયાદ કરવામાં આવી હતી. કન્ઝ્યુમર કોર્ટે એ સંદર્ભે કસ્ટમરના પક્ષમાં ચુકાદો આપીનો ઍપલ અને ક્રોમાને ફોનની ખરીદકિંમત ૬૫,૨૬૪ રૂપિયા કસ્ટમરને પાછા આપવાનો ચુકાદો આપ્યો હતો.

કસ્ટમરે ક્રોમાના સ્ટોરમાંથી ૨૦૨૧ની ૧૧ જૂને ૬૫,૨૬૪ રૂપિયામાં આઈફોન ખરીદ્યો હતો. થોડા જ વખતમાં ફોન ચાલુ હોય ત્યારે વાપરી શકાય એવું સ્પીકર ફોનનું ફંક્શન બંધ થઈ જવાથી કસ્ટમરે ઍપલના સર્વિસ-સ્ટેશનમાં ફોન બતાવ્યો હતો, પણ એ સમસ્યાનું રિપેરિંગ એમ કહીને ટાળી દેવામાં આવ્યું કે તમે ફોનમાં અનઑથોરાઇઝ્ડ મૉડિફિકેશન કર્યાં છે એટલે એની વૉરન્ટીની સર્વિસ હેઠળ સર્વિસ નહીં થઈ શકે. એ પછી ઘણીબધી ફરિયાદો અને ઈ-મેઇલ કર્યા પછી પણ આ સમસ્યાનો નિવેડો ન આવતાં કસ્ટમરે ધ ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશનમાં આ બાબતે ફરિયાદ દાખલ કરી હતી. જોકે એની સુનાવણી દરમ્યાન કસ્ટમરનું અવસાન થયું હતું. એ પછી તેમના વારસોએ તેમના વતી એ કેસ લડવાનું ચાલુ રાખ્યું હતું. ઍપલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે ફોનના ડિવાઇસ સાથે અનઑથોરાઇઝ્ડ મૉડિફેકિશન કરવામાં આવ્યું હોવાથી કંપનીની ટર્મ્સ અને કન્ડિશનનો ભંગ થાય છે એટલે એ બદલ વળતર ન આપી શકાય.

જોકે કમિશને આ સંદર્ભે આપવામાં આવેલા દસ્તાવેજોની ચકાસણી કરીને કહ્યું હતું કે ઍપલ ચોક્કસ કઈ ટર્મ્સ અને કન્ડિશનનો ભંગ થયો છે એ સ્પષ્ટ કરી શકી નથી એટલે ફોનમાં ખામી હતી એમ કહી શકાય અને એ માટે મૅન્યુફૅક્ચરર અને સેલર (ક્રોમા) બન્નેને એ માટે જવાબદાર કહી શકાય. એથી કમિશને કસ્ટમરને ફોનની રકમ ૬૫,૨૬૪ રૂપિયા પાછી આપવાનો આદેશ આપ્યો હતો. એ સિવાય ફરિયાદ થઈ ત્યારથી એના પર ૬ ટકાના દરે વ્યાજ અને ૨૦૦૦ રૂપિયા કોર્ટની કાર્યવાહીના ચૂકવવાનો આદેશ પણ આપ્યો હતો.(૨૩.૯)

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૫માં એડી. સીનીયર સિવિલ જજ સાહેબ **શ્રી એમ.એમ.શેખ સાહેબની કોર્ટ સમક્ષ દી.પ.અ.નં.૧૫૧૪/૨૦૨૫** ના કામના અરજદાર **વિનોદ મથુરદાસ ગુંગળા,** રહે. 'હેમકુંજ' મકાન પાસે. ૫/૧૬ જંકશન પ્લોટ, રેલ્વે સ્ટેશન પાસે, રાજકોટવાળાએ **ગુજ. મથુરદાસ તુલસીદાસ ગુંગળા(ગુંગરા)** ની સ્થાવર મિલકત જે રાજકોટના શહેરના સીટી સર્વે વોર્ડ નં. ૧૭, સીટી સર્વે નં.૫૯૦/૧, રાજકોટ શહેરમાં કોલસાવાડીવાળા નામે ઓળખાતા બંગલાવાળા મકાનની નજીક એટલે કે ખોજાખાનાવાળા મકાનની ઉતરાદી તરફે આવેલ લેખ નં.૨૧૫, તા. ૨૩/૦૫/૧૯૪૧ના સબપ્લોટ નં.પની આથમણી તરફની જમીન ચો.વા.આ.૭૬-૩-૭૨ (ચો.મી.આ. ૬૩-૮૭) ઉપરના ઉભા ઈમલાવાળા મકાન કંસારા **મથુરદાસ તુલસીદાસ ગુંગળા(ગુંગરા)** એ તેમની હૈયાતીમાં વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૫૯૩થી ખરીદ કરેલ છે. સદરહુ મિલ્કતનું વારસા સર્ટિફીકેટ મેળવવા અંગે અરજદારએ તેઓના **વકીલશ્રી મલ્હાર કમલેશભાઈ સોનપાલ** મારફત ઉપરોક્ત દી.પ.અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહુ અરજી સંબંધે જે કોઈને વાંધો-તકરાર હોય તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયા બાદ મુદત તા.૧૯ /૦૮/૨૦૨૫ના સવારના ૧૧ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું ગેરહાજર રહેયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૧૪/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો તૈયાર કરનાર સિક્કો કરી આપેલ.

કોર્ટનો સિક્કો

તૈયાર કરનાર (સહી અવાચ્ય)
આસિસ્ટન્ટ

હુકમથી
(એન.આર. વ્યાસ)
રજીસ્ટ્રાર

S.M.

સુભાષ ઘઈ કમર્શિયલ પ્રોપર્ટી ભાડે આપીને પાંચ વર્ષમાં કમાશે ૨.૨૪ કરોડ રૂપિયા

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.


- વ્યવસ્થાપક: અકિલા

અવસાન નોંધ

દિનેશભાઇ ઠાકર

ગોંડલ: ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ જૂની ચાવડ નિવાસી હાલ ગોંડલ દિનેશભાઈ હિંમતલાલ ઠાકર (ઉ.૬૦)તે પ્રકાશભાઈ, ચંદ્રેશભાઈના ભાઈ પરિતા, શુભમના મોટા બાપુજી કેશાબેનના કાકાનું તા.૨૦ ના અવસાન થયેલ છે. ઉઠમણું તા.૨૪ને ગુરૂવરા સાંજે ૪થી૬ તેમના નિવાસસ્થાન ભવનાથ નગર મેઈન રોડ, શેરી નં.૧૧, જલારામ પ્રોવિઝન સ્ટોર વાળી શેરી ગોંડલમાં રાખેલ છે. (૩.૩)

૨૨મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



તમારુ જીવન અમારી પ્રેરણા હતી, તમારા આદર્શ અમારા માર્ગદર્શન હતા, અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભુલીશું નહી, ભગવાન તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

સ્વ.મધુકાંતભાઈ લીંબાભાઈ પરસાણા
સ્વ.તા.૨૨/૦૭/૨૦૦૩

લી. સ્વ.મનહરલાલ એલ. પરસાણા
સ્વ.જીતેન્દ્રભાઈ એમ. પરસાણા
રાજેશભાઈ એમ. પરસાણા
તથા પરસાણા પરિવાર
રાજકમલ સ્ટીલ ફર્નીચર
કલબ વન ફર્નીચર

શ્રદ્ધાંજલી



સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું, સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારૂં કર્તવ્ય હતું, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુકયા નહીં, એવા આપના દિવ્ય આત્માને પ્રભુ પરમાત્મા શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. મહેશભાઈ છગનભાઈ શર્મા
સ્વ.તા.૨૦-૦૭-૨૦૨૫, રવિવાર
મોરબી (ઉ.વ.૮૬)

લી.
રફીકભાઈ મીનીવાડીયા (પત્રકાર)
મહેક એડ-મોરબી
મહેક એજન્સી-મોરબી
મહેક એડ,મોરબી-9879025129

૨૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



ॐ નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

આત્મા અવિચલ અને શાશ્વત છે,
ના એને શસ્ત્ર છેદી શકે છે, ના અગ્નિ બાળી શકે છે,
ના જળ ભીંજવી શકે છે કે ના પવન સૂકવી શકે છે.
આત્મા અમર છે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. શાંતાબેન નાનજીભાઈ ચૌહાણ
સ્વ. તા. ૨૨-૭-૦૪, ગુરૂવાર

ભીખુભાઈ નાનજીભાઈ ચૌહાણ
મનિષભાઈ ભીખુભાઈ ચૌહાણ
દેવેષ મનિષભાઈ ચૌહાણ
તથા ચૌહાણ પરિવાર

અગીયારમી પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. મનિષભાઇ શાંતિલાલ રૂપારેલીયા
સ્વ. તા. ૨૨/૦૭/૨૦૧૫

જીવનની હરપલ હસતો રહ્યો, સ્નેહથી સૌના દિલમાં વસતો રહ્યો, હમણા આવું છું કહીને તું રસ્તામાં જ રોકાઈ ગયો, હજુ જોઈતો હતો સંગ તારો, પણ તું અમારાથી દુર થઈ ગયો, આંખો હજુ નિહાળે છે તને, અંતર હજુ પોકારે છે તને, તારૂં સ્મરણ થાય છે ત્યારે મન મુકીને તું અમને રડાવે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.
શાંતિલાલ હરીદાસ રૂપારેલીયા - હંસાબેન શાંતિલાલ રૂપારેલીયા
એકતા મનિષભાઇ રૂપારેલીયા - શિવ મનિષભાઇ રૂપારેલીયા
તૃપ્તિ મનિષભાઇ રૂપારેલીયા - ચંદ્રેશકુમાર ગોટેચા
હિતેષકુમાર તન્ના - સોનલ ચંદ્રેશકુમાર ગોટેચા
જુલી હિતેષકુમાર તન્ના - જેનીસ સી. ગોટેચા
ચાર્મી સી. ગોટેચા - જય એચ. તન્ના

અજંતા ટ્રાન્સપોર્ટ કંપની - રાજકોટ
ભગવતી ટ્રાન્સપોર્ટ - રાજકોટ
શિવ પેટ્રોલીયમ - રાજકોટ
ભગવતી ઓટોલીંક પ્રા.લિ. - જુનાગઢ/જામનગર
તથા રૂપારેલીયા પરિવારના જયશ્રીકૃષ્ણ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



આપની ચિર વિદાયને આજે એક વર્ષ થયુ છે પરંતુ આપની સ્મૃતિ અમારા હૃદયમાં આજે પણ આપના પરોપકારી પ્રેરણારૂપ ભક્તિ કરૂણાજનક હૃદયસ્પર્શી માનવતાવાળી અને સમર્પિત જીવનદ્રષ્ટિના સદ્‌ગુણો પ્રેરણા સ્વરૂપે આત્મસાત છે. ધુપસળીની માફક જીવન જીવી સૌનો સ્નેહ જીવન દરમ્યાન પ્રાપ્ત કર્યો. અમો આપના પરિવારજનોના એક વર્ષના પસાર થયેલા સમયમાં તમારી યાદો ક્યારેય વિસર્યા નથી અને ક્યારેય વિસરી શકે તેમ નથી.

સ્વ. જેઠાભાઈ અમરાભાઈ પારેઘી
સ્વ. તા. ૨૨-૦૭-૨૦૨૪, અષાઢ વદ-૧, સોમવાર, મૂ.પીપળી

લી. **હંસાબેન જેઠાભાઈ પારેઘી** (પત્નની) (મોરબી જીલ્લા પંચાયત પ્રમુખ)

જીજ્ઞેશભાઈ જેઠાભાઈ પારેઘી	(પુત્ર)	પૂજાબેન જીજ્ઞેશભાઈ પારેઘી	(પુત્રવધુ)
વિજયભાઈ જેઠાભાઈ પારેઘી	(પુત્ર)	હેતલબેન વિજયભાઈ પારેઘી	(પુત્રવધુ)
ખુશી જીજ્ઞેશભાઈ પારેઘી	(પૌત્રી)	આસ્થા જીજ્ઞેશભાઈ પારેઘી	(પૌત્રી)
કિંશિવ વિજયભાઈ પારેઘી	(પૌત્ર)	ત્રિશિકા વિજયભાઈ પારેઘી	(પૌત્રી)
પારૂલબેન જીતેન્દ્રભાઈ અઘારા	(પુત્રી)	જીતેન્દ્રભાઈ કાંતિભાઈ અઘારા	(જમાઈ)
પ્રાંચી જીતેન્દ્રભાઈ અઘારા	(ભાણેજ)	પ્રથમ જીતેન્દ્રભાઈ અઘારા	(ભાણેજ)
સેજલબેન સુમિતભાઈ નગવાડીયા	(પુત્રી)	સુમિતભાઈ અમૃતભાઈ નગવાડીયા	(જમાઈ)
આર્યન સુમિતભાઈ નગવાડીયા	(ભાણેજ)	અનન્યા સુમિતભાઈ નગવાડીયા	(ભાણેજ)

ધરતી પેટ્રોલીયમ - મોરબી

ઉઠમણું બેસણું શ્રદ્ધાંજલી
દુઃખદ અવસાન
ની જાહેરાતનો દર
રૂા.૪૦૦/-
(અંદરના પાને)
સાઇઝ ૫ સે.મી.×૨ કોલમ
અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ
વધારાના પ્રત્યેક એક કોલમ
સે.મી.ના રૂા.૧૨૦
+ 5 % GST EXTRA
અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો.
તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક કરો

સંસદમાં ઊંડાણપૂર્વક ચર્ચા માટે સમયપત્રક નક્કી કરવામાં આવ્યું

ઓપરેશન સિંદૂર પર ૨૫ કલાક : આઇટી બિલ પર ૧૨ કલાક : મણિપુર બજેટ પર ૨ કલાક...



નવી દિલ્હી, તા.૨૨: તાજેતરમાં શરૂ થયેલા સંસદના ચોમાસુ સત્રનો પહેલો દિવસ ભારે હંગામોભર્યો રહ્યો. ઓપરેશન સિંદૂર પર ચર્ચાની માંગણી સાથે વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો. હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી ચાલી શકી નહીં. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને સંરક્ષણ મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં વિપક્ષી સભ્યોને કહ્યું કે સરકાર ચર્ચા માટે તૈયાર છે, પરંતુ તેમણે સાંભળ્યું નહીં.

હવે બિઝનેસ એડવાઇઝરી કમિટીની બેઠકમાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા માટે સમય નક્કી કરવામાં આવ્યો છે. બિઝનેસ એડવાઇઝરી કમિટીની બેઠકમાં, ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે લોકસભામાં ૧૬ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. રાજ્યસભામાં આ વિષય પર નવ કલાક ચર્ચા થશે. સંસદના બંને ગૃહોમાં ઓપરેશન સિંદૂર પર કુલ ૨૫ કલાકની ચર્ચા થશે. તે જ સમયે, સંસદમાં રાષ્ટ્રીય રમતગમત બિલ પર ૮ કલાકની ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, મણિપુર બજેટ પર ૨ કલાક ચર્ચા થશે.

આવતા અઠવાડિયે ઓપરેશન સિંદૂર પર ચર્ચા થઈ શકે છે. તે જ સમયે, આવકવેરા બિલ પર ચર્ચા માટે લોકસભામાં ૧૨ કલાકનો સમય અલગ રાખવામાં આવ્યો છે. બિઝનેસ એડવાઇઝરી કમિટીની બેઠકમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું છે કે શુભાંશુ શુક્લાના અવકાશ મિશન અને સફળ વાપસી પર પણ સંસદમાં ચર્ચા કરવામાં આવશે.

બિઝનેસ એડવાઇઝરી કમિટીમાં, વિપક્ષી પક્ષોએ એવી પણ માંગ કરી હતી કે ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન વડાપ્રધાન, ગૃહપ્રધાન અને સંરક્ષણ પ્રધાન ગૃહમાં હાજર રહે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે બેઠક બાદ કહ્યું કે બધાએ સમર્થન આપ્યું, દરેક પક્ષ ઇચ્છે છે કે વડાપ્રધાન ગૃહમાં હાજર રહે.

તે જ સમયે, કોંગ્રેસ સંસદીય દળના ઉપનેતા ગૌરવ ગોગોઈએ કહ્યું કે કોંગ્રેસ આજની વ્યાપાર સલાહકાર સમિતિની બેઠકથી સંતુષ્ટ નથી. તેમણે કહ્યું કે સરકાર ઓપરેશન સિંદૂરની ચર્ચા કરવા માટે ગંભીર નથી. ગૌરવ ગોગોઈએ કહ્યું કે ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે કોઈ સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, કોઈ ખાતરી આપવામાં આવી નથી. તેમણે કહ્યું કે સરકારે ચર્ચા માટે સમય નક્કી કરવો જોઈએ. ગૌરવ ગોગોઈએ પ્રશ્નાર્થ સ્વરમાં પૂછ્યું કે, સરકાર બહાદુર પુત્રોને કેવો સંદેશ આપવા માંગે છે?(૨૩.૧૦)

ટ્રેડ ડીલની જાહેરાત સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર મહિનામાં થશે

ટ્રેડ ડીલમાં વિલંબ: અમેરિકન ડેલિગેશન ઓગસ્ટમાં ભારત આવશે

નવી દિલ્હી, તા.૨૨: ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. જોકે, વારંવાર થઈ રહેલા મતભેદોના કારણે હવે અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે કે આ ટ્રેડ ડીલની જાહેરાત સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર મહિનામાં થશે. ટ્રેડ ડીલ માટે ભારતીય ડેલિગેશન અમેરિકા ગયું હતું, પરંતુ કોઈ મોટી જાહેરાત વિના ડેલિગેશન ભારત પરત આવી ગયું છે. હવે એવું માનવામાં આવી રહ્યું છે કે ઓગસ્ટ મહિનાના બીજા સપ્તાહમાં અમેરિકાનું ડેલિગેશન ભારત આવશે.

ભારત અને અમેરિકા વચ્ચે અત્યાર સુધી સત્તાવાર રીતે ૫ તબક્કામાં વાટાઘાટો થઈ ચૂકી છે. ઓટો કમ્પોનેન્ટ્સ, સ્ટીલ આને કૃષિ પ્રોડક્ટ્સને લઈને બંને દેશો વચ્ચે મતભેદો છે જેના કારણે ડીલ પહેલા વાટાઘાટો લાંબી ખેંચાઈ રહી છે. ભારત સરકારે હાલમાં જ સ્પષ્ટ કર્યું હતું કે ટ્રેડ ડીલ ત્યારે જ થશે જ્યારે તે દેશહિતમાં હોય. ભારતે કૃષિ અને ડેરી સેક્ટરમાં અમેરિકાની માંગો સ્વીકારી નથી.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ માટે વિશ્વના દેશોને પહેલી ઓગસ્ટની ડેડલાઈન આપી હતી. એવામાં હવે એક્સપર્ટનું માનવું છે કે જ્યાં સુધી ટ્રેડ ડીલ ન થાય ત્યાં સુધી ભારતે ૨૬ ટકા ટેરિફ માટે તૈયાર રહેવું પડશે.

બીજી તરફ ટ્રમ્પ વારંવાર દાવો કરી રહ્યા છે કે ભારત અને અમેરિકાની ટ્રેડ ડીલ લગભગ ફાઈનલ થઈ જ ગઈ છે અને ટૂંક સમયમાં મોટી જાહેરાત કરવામાં આવશે. જોકે બીજી તરફ ટ્રમ્પ બ્રિક્સ દેશોને વધારાના ટેરિફની ધમકી પણ આપી રહ્યા છે, ભારત પણ બ્રિક્સનું સભ્ય છે. (૨૨.૨)

તિબેટમાં બ્રહ્મપુત્ર નદી પર ચીન બાંધે છે મોટો ડેમ: ભારત માટે વોટરબોમ્બ સાબિત થઈ શકે છે

ચીને આંતરરાષ્ટ્રીય જળવહેંચણી સંધિ પર સહી કરી નથી અને તેથી ભારત પાસે આ બાંધકામને અટકાવવા માટે ઘણા ઓછા વિકલ્પ ઉપલબ્ધ છે



નવી દિલ્હી, તા.૨૨: ચીને સાઉથપ્રઈસ્ટ તિબેટમાં યાર્લુંગ ત્સાંગપો નદી પર વિશ્વના સૌથી મોટા બંધનું નિર્માણ શરૂ કર્યું છે, જે ભારત માટે ભવિષ્યમાં વૉટરબૉમ્બ સાબિત થઈ શકે છે. આ પ્રોજેક્ટ ગયા ડિસેમ્બરમાં મંજૂર કરવામાં આવ્યો હતો અને ચીનના વડાપ્રધાન લી કિયાંગે શિલાન્યાસ સમારોહમાં હાજરી આપી હતી. આ બંધમાં પાંચ જળવિદ્યુત મથકો બનાવવામાં આવશે. અરુણાચલ પ્રદેશથી થોડા અંતરે આવેલા ચીનના નિંગચી શહેરમાં આયોજિત એક કાર્યક્રમ પછી બંધનું બાંધકામ શરૂ થયું હતું. આ બંધ તિબેટમાં વીજળીની જરૂરિયાતો પૂરી કરવામાં અને ચીનને કાર્બન તટસ્થતાનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. ચીને આંતરરાષ્ટ્રીય જળવહેંચણી સંધિ પર સહી કરી નથી અને તેથી ભારત પાસે આ બાંધકામને અટકાવવા માટે ઘણા ઓછા વિકલ્પ ઉપલબ્ધ છે.

આ મુદ્દે અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુએ આ પ્રોજેક્ટ દ્વારા ઊભાં થયેલાં જોખમો વિશે ચેતવણી આપતાં કહ્યું હતું કે 'એ આપણા આદિવાસીઓ અને આપણી આજીવિકા માટે અસ્તિત્વનો ખતરો ઊભો કરશે. આ ખૂબ ગંભીર બાબત છે, કારણ કે ચીન એનો ઉપયોગ વૉટરબૉમ્બ તરીકે પણ કરી શકે છે. યાર્લુંગ ત્સાંગપો ફક્ત તિબેટિયન નદી નથી. એ ભારતમાં પ્રવેશ કરે છે ત્યારે અરુણાચલ પ્રદેશમાં સિયાંગ બની જાય છે અને આસામમાં આગળ નીકળે છે ત્યારે દિબાંગ અને લોહિત જેવી ઉપનદીઓ સાથે ભળી જાય છે અને છેવટે બ્રહ્મપુત્ર બની જાય છે. ચીન ડેમ બાંધે અને પાણી છોડે નહીં તો આપણી નદીઓ સુકાઈ શકે છે. જો એ એકાએક પાણી છોડે તો આપણો સિયાંગ પટ્ટો નાશ પામી શકે છે.'(૨૩.૮)

પાકિસ્તાન દેવાળું ફુંકશે ? : ટૂંક સમયમાં ૬.૫૦ લાખ કરોડ રૂપિયાનો નાદારીનો બોમ્બ ફૂટશે?

માર્ચ ૨૦૨૫ ના અંત સુધીમાં, દેશનું કુલ જાહેર દેવું ૭૬.૦૧ ટ્રિલિયન રૂપિયા હતું : આમાં ૫૧.૫૨ ટ્રિલિયન રૂપિયા (લગભગ $૧૮૦ બિલિયન)નું સ્થાનિક ઉધાર અને ૨૪.૪૯ ટ્રિલિયન રૂપિયા (લગભગ $૮૭.૪ બિલિયન)ની બાહ્ય લોનનો સમાવેશ થાય છે

ઈસ્લામાબાદ, તા.૨૨: પાડોશી દેશ પાકિસ્તાન ચાલુ નાણાકીય વર્ષમાં નાદાર થઈ શકે છે. જો પાકિસ્તાન ચાલુ નાણાકીય વર્ષમાં ૬.૫૦ લાખ કરોડ રૂપિયા અથવા $૨૩ બિલિયનનું દેવું ચૂકવશે નહીં, તો આ શક્ય છે. ધ ન્યૂઝે પાકિસ્તાનના આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪-૨૫ને ટાંકીને અહેવાલ આપ્યો છે કે સરકારે ૨૦૨૫-૨૬ દરમિયાન $૨૩ બિલિયનનું દેવું ચૂકવવું પડશે, અને આમ કરવામાં નિષ્ફળતા દેશને ડિફોલ્ટની અણી પર ધકેલી શકે છે.



માર્ચ ૨૦૨૫ ના અંત સુધીમાં, દેશનું કુલ જાહેર દેવું ૭૬.૦૧ ટ્રિલિયન રૂપિયા હતું. આમાં ૫૧.૫૨ ટ્રિલિયન રૂપિયા (લગભગ ૧૮૦ બિલિયન)નું સ્થાનિક ઉધાર અને ૨૪.૪૯ ટ્રિલિયન રૂપિયા (લગભગ $૮૭.૪ બિલિયન)ની બાહ્ય લોનનો સમાવેશ થાય છે. બાહ્ય લોન બે ભાગમાં વહેંચાયેલી છે: સરકાર દ્વારા ઉછીના લીધેલા પૈસા અને IMF પાસેથી મળેલા પૈસા. આ દેવું વર્ષોના આર્થિક ગેરવહીવટ, કામચલાઉ ભંડોળ અને વારંવારના બેઈલઆઉટને કારણે એકઠું થયું છે. પરંતુ આ વર્ષની ચુકવણીની માંગણીએ ખુલાસા કર્યો છે કે સરકારે કેટલી ઓછી તક છોડી છે.

$૧૨ બિલિયનની કામચલાઉ ડિપોઝિટ : પાકિસ્તાને ચાલુ વર્ષમાં ૨૩ બિલિયન ચૂકવવાના છે. જેના માટે ચાર કહેવાતા મિત્ર દેશો તરફથી કામચલાઉ ડિપોઝિટ રકમ તરીકે $૧૨ બિલિયન પ્રાપ્ત થશે. જેમાંથી ૫ અબજ ડોલર સાઉદી અરેબિયા, ૪ અબજ ડોલર ચીન, ૨ અબજ ડોલર સંયુક્ત આરબ અમીરાત અને ૧ અબજ ડોલર કતાર તરફથી મળશે.

આ રકમ કાયમી નથી અને જો તેને આગળ વધારવામાં આવે તો જ ઉપયોગી થાય છે. જો આમાંથી કોઈ પણ દેશ બહાર નીકળવાનો નિર્ણય લે છે, તો પાકિસ્તાને આ વર્ષે સંપૂર્ણપણે તેમાં પાછા ફરવું પડશે. ધ ન્યૂઝે ચેતવણી આપી છે કે જો મિત્ર દેશો તેમની થાપણો પર રોલઓવર આપવાનો ઇનકાર કરે તો પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.

આ ઉપરાંત, પાકિસ્તાન ચીન પાસેથી ૪૦ J-35A સ્ટીલ્થ ફાઇટર જેટ ખરીદી રહ્યું હોવાના અહેવાલ છે, જે ડિસ્કાઉન્ટ દરે છે.(૨૩.૭)

આવકવેરા બિલ ૨૦૨૫:

સંસદીય સમિતિએ ગુપ્તદાન પર TDS રિફંડ અને કર મુક્તિની ભલામણ કરી

નિયત તારીખ પછી TDS રિફંડ દાવા અને ધાર્મિક - ચેરિટેબલ ટ્રસ્ટોને અનામી દાન પર કર મુક્તિ માટેની ભલામણ: મુખ્ય સૂચનો શું છે ?



નવી દિલ્હી, તા.૨૨: આવકવેરા બિલ-૨૦૨૫ની સમીક્ષા કરતી સંસદીય સમિતિએ સોમવારે લોકસભામાં પોતાનો અહેવાલ રજૂ કર્યો. રિપોર્ટમાં એક મહત્વપૂર્ણ સૂચન કરવામાં આવ્યું છે કે વ્યક્તિગત કરદાતાઓ નિયત તારીખ પછી પણ આવકવેરા રિટર્ન ફાઇલ કરીને સ્રોત પર કર કપાત (ટીડીએસ) રિફંડનો દાવો કરી શકે. આ ઉપરાંત, સમિતિએ એવી પણ ભલામણ કરી છે કે ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટો દ્વારા પ્રાપ્ત થતા અનામી અથવા ગુપ્ત દાનને કરમાંથી મુક્તિ આપવી જોઈએ.

ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વ હેઠળની લોકસભા પસંદગી સમિતિએ સોમવારે ગૃહમાં તેનો ૪,૫૩૫ પાનાનો અહેવાલ રજૂ કર્યો. સમિતિ આવકવેરા બિલ, ૨૦૨૫ માં ફેરફારોની ભલામણ કરી રહી છે, જે છ દાયકા જૂના આવકવેરા કાયદા, ૧૯૬૧ ને બદલશે.

બિન-લાભકારી સંસ્થાઓ (NPOs) અને અનામી દાન અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે.

૩૧ સભ્યોની સંસદીય સમિતિએ તેના સૂચનોમાં બિન-લાભકારી સંસ્થાઓ (NPOs), ખાસ કરીને સખાવતી અને પરોપકારી હેતુઓ ધરાવતા લોકોને અનામી દાન પર કર લાદવા સંબંધિત અસ્પષ્ટતાને દૂર કરવા પર ભાર મૂક્યો છે. સમિતિએ બિન-લાભકારી સંસ્થાઓની 'રસીદો' પર કર લાદવાનો વિરોધ કર્યો, દલીલ કરી કે તે આવકવેરા કાયદા હેઠળ વાસ્તવિક આવકવેરાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. સૂચનોમાં 'આવક' શબ્દ ફરીથી રજૂ કરવાની ભલામણ કરવામાં આવી છે જેથી ખાતરી કરી શકાય કે ફક્ત NPO ની ચોખ્ખી આવક પર જ કર લાદવામાં આવે.

સમિતિએ ભલામણ કરી હતી કે રજિસ્ટર્ડ NPO દ્વારા પ્રાપ્ત 'અનામી દાનના સંદર્ભમાં નોંધપાત્ર તફાવત' ને ધ્યાનમાં રાખીને, ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટ બંનેને આવા દાનમાંથી મુક્તિ આપવી જોઈએ.

જ્યારે બિલનો ઉદ્દેશ્ય તેને સરળ બનાવવાનો છે, ત્યારે સમિતિને લાગે છે કે ધાર્મિક હેતુઓ માટે સ્થાપિત NPO માટે મર્યાદિત મુક્તિ છે. આ જોગવાઈ આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ની વર્તમાન કલમ ૧૧પબીબીસીથી તદ્દન અલગ છે. હાલના કાયદામાં એક વ્યાપક મુક્તિ આપવામાં આવી છે જેના હેઠળ ગુપ્ત દાન પર કર લાદવામાં આવતો નથી જો ટ્રસ્ટ અથવા સંસ્થા ફક્ત ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે બનાવવામાં આવી હોય. આવી સંસ્થાઓ ઘણીવાર પરંપરાગત માધ્યમો (જેમ કે દાન પેટીઓ) દ્વારા ફાળો મેળવે છે, જ્યાં દાતાની ઓળખ કરવી અશક્ય હોય છે.

સમિતિ ૧૯૬૧ના કાયદાની કલમ ૧૧પબીબીસીમાં સમાવિષ્ટ સ્પષ્ટતા અનુસાર જોગવાઈ ફરીથી રજૂ કરવાનો ભારપૂર્વક આગ્રહ રાખે છે, સંસદીય સમિતિના અહેવાલમાં જણાવાયું છે.

ટીડીએસ રિફંડ દાવાઓ પર પણ મહત્વપૂર્ણ ટિપ્પ્સ: સામાન્ય રીતે ટેક્સ રિટર્ન ફાઇલ કરવાની જરૂર ન હોય તેવા વ્યક્તિઓના ડ્યુલ રિફંડ દાવા પાછા ખેંચવા અંગે, સમિતિએ ભલામણ કરી છે કે કરદાતા માટે નિયત તારીખમાં આવકવેરા રિટર્ન ફાઇલ કરવાનું ફરજિયાત બનાવતી જોગવાઈને આવકવેરા બિલમાંથી કાઢી નાખવી જોઈએ. આ સૂચન લાખો નાના કરદાતાઓને મોટી રાહત આપી શકે છે.

ગાંધીનગરમાં બંગલો લેવા માટે
રિટાયરમેન્ટ તો ગિફ્ટ સિટીમાં જ. શું ગિફ્ટ સિટી ગાંધીનગરમાં લકઝરિયાસ ફલેટ લેવો છે? (ટિકિટ સાઈઝ ૨ કરોડ કે તેથી વધુ) તો આજે જ સંપર્ક કરો.
70416 01221

શ્રીજી ફરાળી લોટ
મોરબીમાં ઉપલબ્ધ છે
ડિલર : અંબિકા એજન્સી
શોપ નં.૬૫ શ્લોક આર્કેડ, નકલંક હોસ્પીટલ નીચે, શનાળા રોડ, મોરબી. ફોન : 98791 87161

ઓફીસ બોય જોઈએ છે ૧૦ પાસ
Mo. 9824234144

વેચવાની છે ઓફિસ
119-ઓફિસ, 1st floor (90 sq. ft.) રોયલ કોમ્પ્લેકસ-પમ્પની બાજુમાં ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
70484 20002

જન્માષ્ટમી સ્લીપર બસ પ્રવાસો
રાજસ્થાન જેસલમેર જોધપુર રામદેવળા ટિ:રૂ 6500/-
નાથદ્વારા આબુ અંબાજી ટિ:રૂ 5500/-
મુંબઈ એસેલવર્લ્ડ નાસિક, શિરડી ગંગાકેન્વર ટિ:રૂ 6500/-
૬૨૯ દ્વારકા દ્વારકા, ભુજ, અંબેમા આશાપુરા, સફેદરણ, ધોળાવીરા ટિ:રૂ/4500/- ઉ.તા.૧૪ ઓગ.
ઉજ્જૈન ઓમકારેશ્વર, નાસિક શનિદેવ, શિરડી, ગંગાકેન્વર ટિ:રૂ/6500/- ઉ.તા.૧૩ ઓગ.
મનપસંદ સીટ, વહેલા તે પહેલાના ધોરણે ૨ વ્યક્તિ દિઠ રૂમ, બ્રેકફાસ્ટ-લંચ-ડીનર બાળકો FREE 10% ડીસ્કાઉન્ટ
પૂંદાવન યાત્રા સંઘ સરકાર માન્ય । પ્રવાસન ક્ષેત્રે ૧૯૫૬ થી M: 98983 50096

મંગળા મેઈન રોડ લોંગ લીઝ/વેચાણથી
- હોસ્પીટલ / કોમર્શિયલ - કોર્પોરેટ / વેરહાઉસ
- પાંચ માળ - દરેક 1600'
- ગ્રાઉન્ડ 800'
- સેલર 1600' + પાર્કિંગ
98242 89132

ફાયદાથી પેન્ટ પીસ ₹ 415 થી ₹ 2000
રેમન્ડ - રીડ & ટેલર - દિજ્જામ • શુટ - સફારી માટે કાપડ
મોહિત સ્વામી વિવેકાનંદના પૂતળા પાછળ, ડૉ. થાફિક રોડ, રાજકોટ.
જાન્યે : મોહિત - Nx રામકૃષ્ણ ડેરીની બાજુમાં, ડૉ. થાફિક રોડ, રાજકોટ.
MANISH

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કૈલાસિક કુંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 112
ધો. ૧૦ પુરક પરિક્ષા પાસને ધો. ૧૧ આર્ટસ - કોમર્સ - સાયંસ પ્રવેશ મળશે
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
★ સાયંસ – ગુ.મી. & ઈ.મી. – A&B ગ્રુપ – JEE NEET - GUJCET એડીશનલ ક્લાસ
★ કોમર્સ – ગુજ. & Eng મિડીયમ – એકાઉન્ટ – સ્ટેટ – SPCC - BA – અર્થશાસ્ત્ર
★ સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ - Since 1997
★ સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ


The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટના વ્યાજના દરમાં આકર્ષક વધારો (તા.૦૧.૦૭.૨૦૨૪ થી અમલમાં)
7.50% જનરલ ડિપોઝીટર માટે
8.00% વરીષ્ઠ નાગરીકો માટે
૧૦ લાખ સુધીના તમામ ધિરાણ 7.95% વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

Walk-In Interview
Date : 25-07-2025 to 28-07-2025 • Time : 2:00 pm to 6:00 pm

POSITION	QUALIFICATION	EXP.	POST
Electrical Engineer	BE Electrical	5 Years	2
Wireman	ITI Wireman	5 Years	2
Mechanical Engineer	BE Mechanical	5 Years	2
Foreman (Welder & Fitter)	Skilled	10 Years	2
Turner	Skilled	5 Years	2
Weight Man (Scrap)	12th Pass / B.Com. / BA / CCC	2 Years	2
Accountant (GST & Legal Norms)	B.Com.	5 Years	2
QC Manager	Mechanical Engineer	5 Years	2
Physical Lab Incharge	B.Sc. Physics / Mechanical Engineer	2 Years	2
Draughtsman Mechanical	AutoCAD & Diploma Mechanical / Mechanical Engineer	3 Years	2
Overall Supervisor	12th Pass / Diploma	2 to 5	4
Spectro Operator	B.Sc. Chemistry	10 Years	2
Furnace Operator	Skilled	5 Years	2
Mistry	Skilled	5 to 10	2
Finish Weight Man	12th pass	0 to 02	2
Store	Diploma / ITI Copa	2 to 5	2
Press Operator	Skilled	5 Years	2

Remuneration will be commensurate with qualification and experience.
We offer a dynamic work environment with opportunities for professional growth and development.
please bring your updated resume and relevant certificates th the interview.
SPEEDWELL TECHNOLOGY PVT. LTD.
Plot No. G-1343, Kishan Gate, Lodhika G.I.D.C. Metoda, Rajkot-360021
Mo. +91 82001 23847 | hr@speedwellindia.com

"In the USD 212.1 billion global market" of used & refurbished electronics, meet "India's largest refurbisher of laptops and desktops and among the largest refurbishers of ICT Devices overall, both globally and in India with significant presence across India, USA, Europe, Africa and UAE, in terms of value, as of March 31, 2025 (Source: 1Lattice Report). Value Added Reseller network, with our refurbished ICT Devices being sold in 38 countries.*



- Among the largest refurbishers of ICT Devices overall, both globally and in India**
- Significant presence across India, USA, Europe, Africa and UAE, in terms of value*
- India's largest Microsoft authorised refurbisher, in terms of refurbishing capability**
- Presence across the full refurbishment value chain (from sourcing to refurbishment to sales, to after-sale services and providing warranty)
- Sales network comprising of 4,154 touchpoints, in India and globally.*
- Multi-channel global procurement network of 557 suppliers*
- Five refurbishing facilities; one in India, three in Sharjah and one in Texas, USA*

electronics bazaar.com
GNG ELECTRONICS LIMITED
*As of March 31, 2025 **As of Fiscal 2025 (Source: 1Lattice Report)

GNG ELECTRONICS LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its equity shares and has filed a RHP with Registrar of Companies, Maharashtra at Mumbai ("RoC"). SEBI and the Stock Exchanges. The RHP is available on the website of the Company at www.electronicsbazaar.com, website of SEBI at www.sebi.gov.in, as well as on the websites the book running lead managers, i.e. Motilal Oswal Investment Advisors Limited, IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited) and JM Financial Limited at www.motilaloswalgroup.com, www.iiflcap.com and www.jmfl.com, respectively and the websites of the stock exchanges at www.bseindia.com and www.nseindia.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" of the RHP. Potential Investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

Adfactors/275/25

ઉના-ગીર ગઢડા ગ્રામ્યના વિદ્યાર્થીઓ માટે શાળાએ જવા એસટી બસ મંજુર

કાળુભાઇ રાઠોડ અને ભાજપના આગેવાનોની સફળ રજુઆત

(નવીન જોષી દ્વારા) ઉના, તા., ૨૨: ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને શાળાએ જવા સમયે એસટી બસ સુવિધા મંજુર કરવામાં આવી છે.

ગીર ગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા વિધાર્થીઓને શાળાએ આવવા અને ઘરે જવા માટે એક પણ બસ મળતી ના હોય તેથી ઊનાના એસ.ટી. ડેપો મેનેજર એલ ડી.રાઠોડ રજૂઆત કરતા અમરેલી એસ.ટી. ડિવિઝન ના અધિકારીઓ એ રૂટ મંજૂર કરતા આજરોજ ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, ગીર ગઢડા તાલુકાના બી.જે.પી.પ્રમુખ ધર્મેશ ભાઈ રાખોલીયા, ચેમ્બર પ્રમુખ ગાંધી તથા ગામના સરપંચોની હાજરીમાં ઊના ખિલાવડ ઊના રૂટને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ બસ ઉનાથી સાંજે છ વાગે ઊપડી ગીર ગઢડા આવશે રાત્રે ૮, કલાકે પહોંચી રાત્રિ રોકાણ કરશે સવારે ૬, ૦૦ કલાકે ખિલાવડથી ઉપાડી વાયા ઇટાવાયા, દ્રોણ, કોદીયા થઈ સવારે ૭,૧૫ ગીર ગઢડા પહોંચી જશે. તેમજ આઝાદીના ૭૫ વરસથી જે ગામમાં એસ.ટી. બસ સેવા મળતી ના હતી તે વાવરડા ગામે ઊનાથી જવા આવવા નવો બસ રૂટ શરૂ કરવામાં આવ્યો છે. (૪.૨૪)

ગોંડલમાં આ વખતે ૧૪ ઓગસ્ટથી ૭ દિવસ જન્માષ્ટમી લોકમેળો

સંગ્રામસિંહ હાઈસ્કૂલના મેદાનની અપસેટ પ્રાઈઝ ૫૧ લાખ મુકાઈ

(જીતેન્દ્ર આચાર્ય દ્વારા) ગોંડલ, તા.૨૨: ગોંડલ નગરપાલિકા દ્વારા સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં પ્રતિવર્ષ ભાતીગળ લોકમેળો યોજાય છે. ગોંડલ શહેર ઉપરાંત તાલુકાનાં ગામડા અને કોટડા સાંગાણી, વિંછીયા સહિત વિસ્તારનાં લોકો મેળાનો આનંદ માણતા હોય છે. ત્યારે ચાલુ વર્ષે પણ જન્માષ્ટમીનાં તહેવારમાં નગરપાલિકા દ્વારા લોકમેળાનું આયોજન મેળાકમીટી દ્વારા નક્કી કરાયુ છે.

નગરપાલિકા કચેરીમાં કારોબારી ચેરમેન ક્રિપાલસિંહ જાડેજાનાં અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, ચીફ ઓફિસર અશ્વીનભાઈ વ્યાસ, મેળાકમીટીનાં સદસ્યો ચંદુભાઈ ડાભી, અર્પણાબેન આચાર્ય, કૌશિકભાઈ પડારીયા, રુષિરાજસિંહ જાડેજા, આસીફભાઈ ઝકરીયા, અશ્રીનભાઈ પાંચાણી, નિલેશભાઈ કાપડીયા અને હંસાબેન માધડ ઉપસ્થિત રહી લોકમેળો તા.૧૪/૮ થી તા.૨૦/૮ દરમ્યાન સાત દિવસ યોજવાનું નક્કી કરાયુ હતું. જેમાં હાઈસ્કૂલનાં ગ્રાઉન્ડની અપસેટ પ્રાઈઝ રુ.૫૧ લાખ રખાઈ છે. ઓનલાઈન ટેન્ડર પધ્ધતિ દ્વારા ટેન્ડર ભરી શકાશે.

ઉપરાંત સાત દિવસનાં લોકમેળામાં મેઈન સ્ટેજ પરથી ભજન, ડાયરો, મ્યુઝિકલ શો સહિત રંગારંગ કાર્યક્રમોનું આયોજન નક્કી કરાયુ છે. લોકમેળા અંગે તમામ જવાબદારી મેળાકમીટીની રહેશે તેવુ ઠરાવાયું છે. (૨૨.૬)

વાંકાનેર પાલિકા દ્વારા એક રસ્તા ઉપરના ખાડા બુરીને કામગીરી બંધ?

(મહમદ રાઠોડ દ્વારા) વાંકાનેર, તા.૨૨:શહેરના રસ્તાઓ બનાવવા,ખાડા બુરવા સહિત નગરજનો જે બાબતોથી ત્રસ્ત હતા તેને વાચા આપવા આંદોલન-ચકકાજામનો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં પોલીસે પાંચથી સાત કોર્પોરેટર અને માજી કોર્પોરેટરોની અટકાયત કરી હતી. બાદમાં કોંગ્રેસ અગ્રણીઓ અને ડીસી તથા મામલતદારશ્રીની હાજરીમાં આ રોડ રસ્તાના ખાડાઓ હાલમાં બુરી દેવાશે અને ચોમાસા બદા રસ્તાના કામો શરૂ કરાશે તેવી ખાત્રી અપાઈ હતી.

ખાડાઓ બુરવાની કામગીરી પણ આરંભાઈ પણ માત્ર એક રસ્તાના ખાડો બુરીને કામગીરી બંધ કરી દેવાઈ છે. એથી વિપરીત લોકોનું ધ્યાન અન્યત્ર કેન્દ્રિત કરવા દબાણો હટાવવા અંગેની ભરચોમાસે પાલીકા દ્વારા નોટીસી પાઠવવામાં આવી રહી છે. (૩.૭)

સુત્રાપાડામાં ડો. ભરત બારડની પુણ્યતિથીએ પુષ્પાંજલિ અર્પણ

ગીતાજીના પાઠનું પઠન સર્વરોગ નિદાન કેમ્પ સહિતના સેવા કાર્યો



(રામસિંહ મોરી દ્વારા) : સુત્રાપાડા, તા.૨૨: પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડના નાના સુપુત્ર તેમજ ગીરસોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ બારડના અનુજ એવા સ્વ ડો ભરતભાઈ બારડ જેઓનું ગોવા ખાતે અકસ્માતે અવસાન થયેલ હતું તેઓની ૧૭ મી પુણ્યતિથિ નિમિત્તે તા-૧૯/૦૭/૨૦૨૫ ને શનિવારના રોજ ડો ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકૂલ સુત્રાપાડા ખાતે પુષ્પાંજલી નું આયોજન કરવામાં આવેલ.

ડો ભરત બારડ શૈક્ષણિક સંકુલમાં ખુબ જ બોહળી સંખ્યા માં વિધ્યાર્થીઓ સુત્રાપાડા તેમજ આજુબાજુના ગામોમાંથી અભ્યાસ અર્થે આવે છે. આ સંકૂલ માં અભ્યાસ કરતાં તમામ બાળકોમાં પિતા જશાભાઈ બારડ પોતાના પુત્રની ઝાંખી કરે છે. પોતાના પુત્ર ડો ભરતભાઈ ના સપનાને સાકાર કરવા તેમના પરિવાર દ્વારા વિવિધ મેડિકલ કેમ્પો જેવા કે નેત્ર યજ્ઞ કેમ્પ, હૃદય રોગ કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરે છે પરંતુ આ વખતે સ્વ ડો ભરતભાઈ બારડના જન્મદિવસે મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ જેથી તેઓની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અને શ્રદ્ધાંજલી અને પ્રાર્થના સભા કાર્યક્રમ કરવામાં આવેલ.

આ તકે ગીતાજી ના ૧૮ માં અધ્યાન નું પઠન બહેનો દ્વારા કરવામાં આવેલ ,તથા જશાભાઈ બારડ ના નિવાસ સ્થાને ગાયત્રી હવન (યજ્ઞ) રાખવામા આવેલ તેમજ વેરાવળ (ડારી)આવેલ નિરાધાર, અનાથ, અને દિવ્યાંગ આશ્રમ રહેતા દેવો માટે ભોજન ની વ્યવસ્થા કરવા માં આવી છે,

ગુજરાત સરકાર ના પૂર્વ મંત્રી જશાભાઈ બારડ સાથે પૂર્વ મંત્રી લક્ષ્મણભાઈ પરમાર, ભાજપ જિલ્લા મહામંત્રી દિલીપભાઈ બારડ, ભાજપ ઈન્ડિયન રેડકોસ સોસાયટી પ્રમુખ અજયભાઈ બારડ , દિલીપભાઈ ઝાલા, સુત્રાપાડા શહેર પ્રમુખ સુરેશભાઈ મોરી, મહામંત્રી સિધ્ધરાજસિંહ રાઠોડ હરેશભાઈ કામલિયા, સુત્રાપાડા નગરપાલિકાપ્રમુખ મનહરસિંહ બારડ, ઉપપ્રમુખ નરેશભાઈ કામલિયા, બાબુભાઈ ડોડીયા, હરેશભાઈ મોરી, મસરીભાઈ પટેલ, ભગતભાઈ ઝાલા, , અરસીભાઈ બારડ, નિલેશભાઈ મોરી, ભુપતભાઈ ઝાલા, કાળાભાઈ બારડ, કાનાભાઈ બારડ, દીપુભાઈ ડોડીયા, મનોજભાઈ વાળા, જેસીંગભાઈ કામલિયા, નથુભાઈ કમલિયા , રામભાઈ કામલિયા, અરજણભાઈ કામલિયા,રામભાઈ પટેલ મસરીભાઈ મેર મેરુભાઈ મેર, નારણભાઈ જાદવ, અલ્લારખાભાઈ, ઈબુભાઈ, દિનેશભાઈ ભજગોતર, રામસિહભાઈ વાણવી, ભીખુભા રાઠોડ, દાનાભાઈ પટેલ, કાળુભાઈ અભાણી ખીમજીભાઈ પટેલ, નથુભાઈ મોરી,રાહુલ વા ણવી કિરીટભાઈ જાની બાલુભાઈ વાજા,લખમણભાઈ. રામસિંહભાઈ ડોડીયા, યોગાનંદી બાપુ ઉપરાંત ડો. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલના આચાર્ય જોશી સાહેબ, કોલેજ વિભાગના આચાર્ય પાઠક સાહેબ, અશ્વિનભાઈ બારડ, દિનેશભાઈ બારડ, તેમજ પ્રાથમિક માધ્યમિક અને કોલેજ વિભાગના તમામ સ્ટાફ ગણ તેમજ વિધાર્થી ભાઈઓ અને બહેનો તેમજ સુત્રાપાડા ગામના આગેવાનો હાજર રહી ડાહ્ન ભરતભાઈ બારડને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી. (૩.૪)

વર્ષોથી બિષ્માર બગસરા અમરેલી રોડનું ખાતમુહર્ત કરાયું....



(સમીર વિરાણી દ્વારા) બગસરા તા.૨૨:અમરેલી જવાનો એકમાત્ર રોડની હાલત ભયંકર પરિસ્થિતિમાં મુકાઈ ગઈ હતી જ્યારે આ રોડ પહેલા પણ બે કે ત્રણ વાર બનાવ્યો હતો પરંતુ પાણીનો પ્રવાહ વધારે પડતો રહેવાથી આ રોડ અતિ બિષ્માર થઈ ગયેલો હતો. જ્યારે લોકોની અનેક વખત રજૂઆત કરવાથી અંતે આ રોડનું ખાતમુહૂર્ત કરાયું હતું.જ્યારે આ રોડ ૨. ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે સીસી રોડ બનાવવાનું અને તેમાં પણ વચ્ચે ડિવાઈડર વાળો રસ્તો બનાવવાનું બજેટ મંજુર થયું હતું. ત્યારે ધારાસભ્ય જે.વી. કાકડીયા તેમજ આપાગીગાના મહંત જેરામ બાપુ અને સ્વામિનારાયણ મંદિરના મહંત અને અન્ય રાજકીય નેતાઓને ઉપસ્થિતિમાં આ રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રોડ શહેરના અન્ય રોડની જેમ લોટ પાણી અને લાકડા જેવો ના બનાવે તો સારું તેવી ચર્ચાઓ પણ લોકોમાં ઉઠી હતી. આ રસ્તો સારો અને ટકાઉદાર બનાવે તેવી લોકોમાં માંગ પણ ઉઠી છે.

આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી નગરપાલિકાના પ્રમુખ પતિ એવી રીબડીયા ધીરુભાઈ કોટડીયા મનોજભાઈ મહિડા અનિલભાઈ વેકરીયા અશોકભાઈ પંડ્યા રાજુભાઈ ગીડા નગરપાલિકાના હેડ કલાર્ક બી એસ ખીમસુરીયા તાલુકા ભાજપ પ્રમુખપ્રદીપભાઈ ભાખર સહિતના ભાજપના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ખાતમુરત કરવામાં આવ્યું હતું આ ખાતમુરતમાં ત્રણ માસમાં આ રોડ પૂરું કરવા ધારાસભ્ય જેવી કાકડીયાએ ખાતરી આપી હતી.(૩૮.૧૫)



મીઠાપુરમાં ટાટા કેમ ડી.એ.વી. પબ્લીક સ્કુલમાં બેડમિન્ટન સ્પર્ધા

મીઠાપુર : વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ થાય તથા અભ્યાસ સાથે સાથે શારીરિક તેમજ માનસિક વિકાસ થાય તેવા ઉત્તમ હેતુ મીઠાપુર ટાટા કેમ ડી એ વી પબ્લીક સ્કૂલ ના આચાર્ય આર.કે. શર્મા સાહેબ તથા તેમના સ્પોર્ટ્સ ટીચર નો રહ્યો છે.આ હેતુ માટે જ આ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગત તારીખ ૧૯/૭/૨૦૨૫ ને શનિવાર ના રોજ સવારે ૯.૩૦ કલાકે આ ટુર્નામેન્ટ નું ઉદ્ઘાટન મીઠાપુર ના પ્લેટિનમ ક્લબ ખાતે મીઠાપુર ટાટા કેમિકલ્સ ના વી. પી. રીનો રાજ ના શુભ હસ્તે કરાયું હતું. આ તકે મીઠાપુર હાઈસ્કૂલ ના આચાર્ય નીરવ જોશી સાહેબ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર સહોદય ની સી બી એસ સી સ્કૂલ ને આવરી લેતી આ બેડમિન્ટન ચેમ્પિયનશીપ માં કુલ ૧૨ જેટલી ટીમો એ ભાગ લીધો હતો. જેમાં અંડર ૧૪ અને અંડર ૧૭ ના કુલ ૧૫૦ થી વધુ વિધાર્થી ભાઈ બહેનો એ ભાગ લીધો હતો. સાંજે મીઠાપુર ટાટા કેમ ડી એ વી પબ્લીક સ્કૂલ ના હોલ માં જીતેલી તેમજ રનર્સ અપ ટીમો ને મેડલ તેમજ સર્ટિફિકેટ ટાટા કંપની ના અધિકારીગણ દ્વારા આપી સન્માનિત કરી તેમને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.આ સમગ્ર આયોજન માં શાળા ના આચાર્ય આર કે શર્મા તેમજ તેમના સ્ટાફ દ્વારા ભારે મેહનત ઉઠાવવામાં આવી હતી. (તસ્વીર અહેવાલ દિવ્યેશ જટણીયા મીઠાપુર) (૫-૯)

કચ્છના યુવાનોને રોજગારી માટે અદાણી ગ્રુપની પહેલ

કચ્છ યુનિવર્સિટી સાથે મળી અદાણી પોર્ટ ખાતે ઉદ્યોગ-એકેડેમિયા વર્કશોપ: પ્રાદેશિક ક્ષેત્રમાં વિકાસ વિસ્તારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું




(વિનોદ ગાલા દ્વારા) ભુજ, તા.૨૨: અદાણી બિઝનેસ યુનિટસ અદાણી સ્કીલ્સ એન્ડ એજ્યુકેશન અને કચ્છ યુનિવર્સિટી સાથે ભાગીદારીમાં મુન્દ્રા ખાતે પરિવર્તનશીલ ઉદ્યોગ-એકેડેમિયા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના સૌથી મોટા વાણિજ્યિક બંદર મુન્દ્રા ખાતે પરિવર્તનશીલ ઉદ્યોગ-એકેડેમિયા વર્કશોપમાં કચ્છ યુનિવર્સિટીના માનનીય કુલપતિ, સંલગ્ન કોલેજોના આચાર્યો અને અદાણી સમૂહ ની વિવિધ કંપનીના વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ અદાણી ગ્રુપ દ્વારા કચ્છમાં રોજગારી અને પ્રાદેશિક વિકાસ વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું હતું. જેમાં ઉદ્યોગ-એકેડેમિયા સિનર્જીને પ્રોત્સાહન, માનવ મૂડી એકત્રીકરણ દ્વારા પ્રાદેશિક વિકાસ અને કચ્છને આત્મનિર્ભર બનાવવાની સાથે રાષ્ટ્રનિર્માણ સહિતના મહત્વના બિંદુઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપીને અદાણી કુશળ, સશક્ત કાર્યબળ માટે માર્ગ મોકળો કરી રહ્યા છે જે કચ્છના આર્થિક અને સામાજિક વિકાસને આગળ ધપાવશે.

શૈક્ષણિક અભ્યાસક્રમ અને ઉદ્યોગની જરૂરિયાતો વચ્ચેના અંતરને દૂર કરવાનો આ વર્કશોપનો ઉદ્દેશ્ય હતો, કચ્છના યુવાનોને બંદરો, વીજળી, સૌર, ઉત્પાદન અને લોજિસ્ટિક્સ સહિત અદાણીના વિવિધ ક્ષેત્રોમાં ટકાઉ કારકિર્દી માટે તૈયાર કરાયેલા કૌશલ્યો સાથે સશક્ત બનાવવાનો હતો. રાષ્ટ્રીય વેપાર માટે મહત્વપૂર્ણ કેન્દ્ર - મુન્દ્રા બંદરની પૃષ્ઠભૂમિ સામે આ કાર્યક્રમ ઉદ્યોગના નેતાઓ અને શૈક્ષણિક હિસ્સેદારો વચ્ચે ખુલ્લા સંવાદને સરળ બનાવતો હતો. (૬.૫)

સોમનાથ ટ્રસ્ટના સીકયોરીટી ગાર્ડે ઘૂવડ પક્ષીનું રેસ્કયુ કર્યુ

(ભાસ્કર વૈદ્ય દ્વારા)પ્રભાસ-પાટણ, તા.૨૨: સોમનાથ મંદિરના વોક-વે સમુદ્રી ગેટ પાસે આજે સવારે એક ઘૂવડ પક્ષી ઉપર કાગડાઓનું ઝૂંડ તૂટી પડી ચાંચથી ઈજાઓ કરી રહ્યું હતું તે દ્રશ્ય જોતા જ સીકયોરીટી ગાર્ડ અભય મનુભાઈ ચુડાસમાએ હિંમત કરી તે પક્ષીનું રેસ્કયુ કરી વન વિભાગને જાણ કરાઈ હતી. ચુડાસમા કે જેઓ હોમગાર્ડે કમાન્ડર પણ છે તેને રેસ્કયુ કર્યું અને સલામત રીતે રાખી વનવિભાગને સોંપવા જતન કર્યુ. (૩.૭)



જસદણ નિઃસ્વાર્થ સેવા ચેરી. ટ્રસ્ટના પ્રમુખ મેહુલભાઈ સંઘવીનો આજે જન્મદિવસ



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ, તા. ૨૨: કોરોના કાળથી અવિરત સેવાકાર્ય કરતી જસદણ શહેરની બિન રાજકીય સંસ્થા નિઃસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણના પ્રમુખ અને યુવા વેપારી અગ્રણી મેહુલભાઈ શરદભાઈ સંઘવીનો આજે ૫૧મો જન્મદિવસ છે. મેહુલભાઈનો જન્મ ૨૨ જુલાઈ ૧૯૭૪ના રોજ થયેલ હતો. મેહુલભાઈ આજે તેમના યશસ્વી જીવનના ૫૧માં વર્ષે પ્રવેશી રહ્યા છે.

બહોળો મિત્ર વર્તુળ ધરાવતા મેહુલભાઈએ ૧૯૯૨થી રાજકીય ક્ષેત્રે જાહેર જીવનની શરૂઆત કરી યુવા લડાયક નેતા તરીકે અગ્રેસર રહી શહેરના વેપારીઓ અને શહેરીજનો તેમજ ગરીબ દર્દીઓ અને જરૂરિયાત મંદ પરિવારોને મદદરૂપ થવા માટેના સેવાકાર્ય ક્ષેત્રે સક્રિયતા દાખવી સારી એવી લોક ચાહના હાંસીલ કરી છે. કોરોના મહામારીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને તેમજ જરૂરીયાત મંદ પરિવારોને નિંસ્વાર્થ ભાવે મદદરૂપ થવાના દ્રઢ સંકલ્પ સાથે પાંચ વર્ષ પૂર્વે નિંસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ જસદણ (નિઃસ્વાર્થ સેવા સમિતિ) ની સ્થાપના કરી લોકડાઉન એકના પ્રથમ દિવસથી પ્રગટાવેલી સેવાયજ્ઞની ઝળહળતી જ્યોત આજે પણ અવિરતપણે પ્રજવલિત રહી છે જસદણ સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલા દર્દીઓને મદદરૂપ થવા માટે સતત પ્રયત્નશીલ રહી સેવાકીય સત્કાર્યો માટે વ્યક્તિગત રીતે કયારેય હાથ લંબાવ્યા વગર સામે ચાલીને આર્થિક સહયોગ આપનાર દાતાઓના સહયોગથી દરરોજ નાસ્તો આપવાની સાથે દર્દીઓના હિતને ધ્યાનમાં રાખીને મહત્વની અને જરૂરી અનેકવિધ સુવિધા વધારવામાં મેહુલભાઈ સંઘવી ને અણધારી સફળતા મળી છે.

મેહુલભાઈ સંઘવી ને માનવાધિકાર નિગરાની સમિતિ દ્વારા અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાના 'માનવ પ્રતિભા એવોર્ડ' અને પાંચાળ વિકાસ બોર્ડ એવમ પાંચાળ વિકાસ સમિતિ દ્વારા ચોટીલા તાલુકાના પ્રસિદ્ધ લોમેવધામ ધજાળા ખાતે 'પાંચાળ ગૌરવ એવોર્ડ' તેમજ ઈન્ટર નેશનલ જૈન પેગામ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા 'સ્ટાર ઓફ સૌરાષ્ટ્ર એવોર્ડ' અને સમસ્ત મહાજન રાજકોટ દ્વારા 'જીવદયા એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ સ્થાનિક વહીવટી તંત્ર અને વિવિધ રાજકીય અને સામાજિક સંસ્થાઓ દ્વારા પણ વિશિષ્ટ સેવા સન્માન પત્રો અર્પી નિડર યોદ્ધા તરીકે મેહુલભાઈ સંઘવીના નિંસ્વાર્થ સેવાકાર્યને બિરદાવ્યા હતા. મેહુલભાઈ સંઘવીના જન્મદિવસ નિમિત્તે નંબર ૮૦૦૦૦૯૮૯૦૦ અને ૯૪૨૭૨ ૩૮૮૮૦ ઉપર શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે.(૬.૨)

જામજોધપુરનાં પૂજાબેન નાનવડાની શાળામાં પ્રિન્સીપાલ તરીકે નિમણુંક



(સનદ વ્યાસ દ્વારા) જામજોધપુર તા.૨૨ :.. કાલાવડના સાવલી ગામની પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ તરીકે જામજોધપુરના પુજાબેન મનસુખભાઈ નાનવડાની નિમણુંક થતા નાનવડા પરિવારનું ગૌરવ વધાર્યું છે. (૫-૬)

ઉના-ગીરગઢડા તાલુકામાં નવા પુલ બનાવવા માટે સરકારની મંજુરીઃ કાળુભાઈ રાઠોડની સફળ રજૂઆત

(વિનોદ જોષી દ્વારા) ઉના, તા.૨૨: ઉના ગીર ગઢડા તાલુકામાં ૧૦ કરોડથી વધુના ખર્ચે નવા પુલ બનાવવા માટે સરકારની મંજૂરી મળી છે. નવા પુલ બનાવા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની રજૂઆતને સફળતા મળી છે.

ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ અઢી વર્ષના ટૂંકા સમયમાં ઉના ગીર ગઢડા તાલુકાના સર્વાંગી વિકાસ કામોને મંજૂર કરાવી કાર્યરત કરાવ્યા છે. જે કામો શ્રી કાળુભાઈ એ મંજૂર કરાવ્યા છે. ખાતમુહૂર્ત પણ તેમના હસ્તે થયું છે અને લોકાર્પણ પણ તેઓ જ કરતા આવ્યા છે. વિકાસ કામોને જેટ ગતિએ શરૂ કરાવીને નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરાવીને લોક ઉપયોગ માટે ખુલ્લા મૂક્યા છે એ વણથંભી વિકાસયાત્રાને આગળ ધપાવતા ઉના તથા ગીર ગઢડા તાલુકાના પંચાયત હસ્તક હયાત રસ્તાઓ પર આવેલ કોઝવે તથા સાંકડા નાળા પર પૂર્ણ કક્ષાના પુલ બનાવવા માટે ધારાસભ્ય શ્રીની અસરકારક રજૂઆતને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા રૂ.૧૦ કરોડથી વધુના કામો મંજૂર કર્યા છે.

જેમાં ઉના તાલુકાના (૧)લામધાર-શા.ડેસર-ગુપ્ત પ્રયાગ-દેલવાડા રોડ (૨)લામધાર-શા.ડેસર-ગુપ્ત પ્રયાગ-દેલવાડા રોડ પર અન્ય એક પુલ તથા ગીર ગઢડા તાલુકાના (૧)વડવીયાળા-જુડવડલી રોડ પર પુલ તથા (૨) ડમાસા-ઉંદરી-ફુલકા-ધાબાવડ-વેળાકોટ રોડ પર પુલ તથા (૩) આંબાવડ અ-ોચ રોડ પર પુલ (૪) હરમડિયાથી એભલવડ રોડ પર પુલ સહિત કુલ છ નવા પુલ રૂ.૧૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થશે. ટૂંક સમયમાં આ તમામ પુલ નવા બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિર્માણ કામ હાથ ધરવામાં આવશે. તેમ ધારાસભ્ય કે.સી. રાઠોડની યાદીમાં જણાવાયું છે. (૨૨.૫)

હસુમતીબેન ધોળકીયા ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

વિંછીયામાં નવજાગૃતિ સેવા મંડળ દ્વારા વિનામૂલ્યે દાંતનો મહાનિદાન કેમ્પ યોજાશે

(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ, તા.૨૨: પૂજય ધીરગુરુદેવ મહારાજ સાહેબની પાવન પ્રેરણા તથા શ્રી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટના માર્ગદર્શનથી વિંછીયાના મૂળ વતનીશ્રી પોપટલાલ કાળીદાસ ધોળકીયા પરિવાર તરફથી શ્રી ધોળકીયા હસુમતીબેન પોપટલાલ કાળીદાસ ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદના સંપૂર્ણ આર્થિક સહયોગથી વિંછીયાના આંગણે દાંતના દર્દોનો તદન મફત દંતયજ્ઞ કેમ્પ રાખવામાં આવેલ છે. આ નિદાન કેમ્પમાં દાંતના દર્દીઓને દુઃખતા, હલતા, સડી ગયેલ દાંત, દાઢ આયુર્વેદિક પધ્ધતિ જલંધરબંધ યોગ દ્વારા કોઈપણ જાતના ઈન્જેકશન વગર કાઢી આપવામાં આવશે તેમજ દાંત-દાઢમાં પાયોરિયા, સડો, રસી તેમજ દાંતના પેઢાના રોગોની સારવાર અને શકય તેટલી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે.અત્યાર સુધીમાં આ પધ્ધતિથી ૧,૨૫૦૦૦ દર્દીઓના દાંત-દાઢ પાડવામાં આવેલ છે.ગરીબ/મધ્યમ આર્થિક સ્થિતિ ધરાવતા વયોવૃધ્ધ વ્યક્તિઓને દાંતના ચોકઠા (બત્રીશી) ની જરૂરિયાત હશે તેને વિનામૂલ્યે દાંતાના ચોકઠા (બત્રીશી) બનાવી આપવામાં આવશે. દાંતના રોગથી પીડાતા દર્દીઓએ આ દંતયજ્ઞનો લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો છે. આ દંતયજ્ઞમાં દાંતના રોગોની તપાસ અંગે ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટની ટીમના દંત વિશેષજ્ઞ અને સ્વર્ગસ્થ શ્રી લાભશંકરભાઈ શુકલના શિષ્ય ડો. શ્રી જયસુખભાઈ મકવાણા તથા તેમની ટીમ સેવા આપશે. હૃદયરોગના દર્દીઓ કે જેઓ લોહી પાતળુ થવાની દવા લેતા હોય તેઓએ ડોકટરની સલાહ મુજબ અને પોતાની તબીબી વિષયક જવાબદારીએ બે દિવસ અગાઉ દવા બંધ કરવી. દાંત કઢાવનાર દર્દીને ડાયાબીટીશ હોય તો ડૉકટરને જાણ કરવા આયોજકોએ અનુરોધ કર્યો છે. વધુ માહિતી માટે મો. ૯૪૨૯૧ ૬૮૪૫૫ ઉપર સંપર્ક કરી શકાય છે. (૩.૩)



જામજોધપુરના ધુનડા સતપુરણધામ આશ્રમની મુલાકાત લેતા આઇશ્રી રૂપલમાં

જુનાગઢ: વિસાવદર તાલુકા રામપરા (પ્રેમપરા) ગામે આવેલ આઈશ્રી રૂપલધામના પૂ. રૂપલમાં ધનુડાના સતપુરણ ધામ આશ્રમની મુલાકાતે આવેલ હતા દરમ્યાન પૂ. રૂપલમાંનું સાલ ઓઢાડી ચાંદલો કરી આશ્રમના વ્યવસ્થાપક હસમુખભાઈ શીલુએ સ્વાગત કર્યુ હતુ અને પૂ. જેન્તિરામબાપાએ ગુરૂગીતા અર્પણ કર્યા હતા અને આ મુલાકાત દરમ્યાન આઈશ્રી રૂપલમાંએ પૂ. બાપાને જણાવેલ કે કેટલા દિવસોથી અહી આવવાની ઈચ્છા હતી આજ આવવાનું થતા ખુબ રાજીપો વ્યકત કરૂ છું અને આશ્રમ દ્વારા સેવાકીય પ્રવૃતિની સરાહના કરી હતી. આ તકે કિરીટભાઈ શીલુ, હિતેષ શીલુ, જયવીન ભાવેશભાઈ શીલુ અને સેવક પરિવાર ઉપસ્થિત રહેલ. (અહેવાલ: વિનુ જોષી, તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ)(૬.૩)

બાંધકામની ગતિ દર્શાવે છે કે શિફાને મળતો કચ્છનો સંગઠિત સહકાર

મરકઝ નોલેજ સિટીના મેનેજિંગ ડાયરેક્ટર ડો. અઝહરીએ શિફાના ભાવિ આયોજન માટે ટ્રસ્ટીઓ સાથે વિચાર-વિમર્શ કર્યો



(વિનોદ ગાલા દ્વારા) ભુજ, તા. ૨૨: ભારતના વરિષ્ઠ મુકતી શેખ અબૂબકર અહમદના પુત્ર અને કેરળમાં કેલિકટ થી ૪૦કિ.મી.ના અંતરે ૧૨૫ એકર જમીનમાં પથરાયેલ મરકઝ નોલેજ સેન્ટરના મેનેજિંગ ડાયરેકટર ડો. મુહમ્મદ અબ્દુલહકીમ અઝહરી તા. ૧૫-૭ ના મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ સંચાલિત કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ભાવિ આયોજન અંગે ટ્રસ્ટીઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી.

ડો. અઝહરીએ કહ્યું હતું કે માત્ર ૨૦ માસના ટુંકા ગાળામાં આટલો વિશાળ બાંધકામ પૂર્ણતાના આરે પહોંચ્યો છે તે દર્શાવે છે કે સમગ્ર કચ્છનો સંગઠિત સાથ-સહકાર શિફા હોસ્પિટલને મળી રહ્યો છે, તેમણે શિફા હોસ્પિટલનું વૈભવ કચ્છને છાજે એવું છે અને ઈન્શાઅલ્લાહ તેનું સંચાલન પણ કચ્છને છાજે તેવું રહેશે. ગરીબ દર્દીને પોસાય તેવી તબીબી સુવિધા અને અમીર વ્યક્તિને જોઈતી લકઝીરીયસ સુવિધા વચ્ચે સંતુલન જાળવવાની ભલામણ ડો. અઝહરીએ કરી હતી.

ટ્રસ્ટી સૈયદ હાજીકાસમશા હાજીઅહમદશાએ તિલાવતે કુઆન કરી હતી. ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકીએ મેડિકલ પ્લાનિંગ કન્સલટન્ટ અને માનદ્ આર્કિટેક્ટ દ્વારા થયેલ મેનેજમેન્ટ પ્રેઝેન્ટેશન રજૂ કર્યો હતો. ઉપપ્રમુખ હાજીયુસુફ ખત્રીએ મોબાઈલ કિક્લનિકની સેવાઓ અંગે વિગતો આપી હતી. મંત્રી યુસુફ એ. જતે ઉપસ્થિત ટ્રસ્ટીઓ-સલાહકાર સદસ્યોનો પરિચય આપ્યો હતો.

આ પ્રસંગે મંત્રી ઈસ્માઈલ એ. સોનેજી, ટ્રસ્ટીઓ સોનારા હાજીયાકુબ, એડવોકેટ સાજિદ માણેક, મૌલાના ઈલ્યાસ ફલાહી, ત્રાયા હાજીસિદીક હાજીસુલેમાન, ખત્રી હાજીઅબ્દુલરશીદ, સલાહકારો સીએ ઝહીર મેમણ, આર્કિટેક્ટ ફૈસલ ખત્રી, કાનૂની સલાહકાર એડવોકેટ હનીફ ચાકી, મોબાઈલ ક્લિનિક ઈન્ચાર્જ હાજીઈશાક હિંગોરા, માનદ્ મેનેજર હાજીઈબ્રાહીમ જત, સોશ્યલ મીડિયા ઈન્ચાર્જ હાજીસિકંદર ચાકી, રોશન ચાકી, ઝાહિદ કાનિયા, ઓફિસ મેનેજર મજીદખાન પઠાણ, ફવાઝ નૂરાની (ડો. અઝહરીના સચિવ), ડો. ઉર્વસ (ઈમ્તિબિશ ફાર્મા. યુનિટના વડા), સાજિદભાઈ (મરકઝ સ્કૂલ નેટવર્કના રાષ્ટ્રીય સંયોજક), બશીર નિઝામી (ડાયરેકટર- AILT ગ્લોબલ એકેડેમી-રાજકોટ) ઉપસ્થિત રહ્યા હતા.(૬.૬)

વાંકાનેર-ચોટીલા તાલુકાને લાગુ મચ્છુ-૧ ત્રિવેણી ઠાંગા સિંચાઈ માટે રૂા.૨૫૪ કરોડની યોજના મંજુર

પછાત ગણાતા ઠાંગા પંથકમાં યોજના થકી વાંકાનેર-ચોટીલા તાલુકાના ૨૦ ગામોની ૧૩૪૫૦ એકર જમીન અને ૧૭૦૦ ખેડતોને સિંચાઈના પાણીની સુવિધાનો લાભ મળશેઃ કુંવરજીભાઈ બાવળીયા યોજના માટે ત્રણ પંપીંગ સ્ટેશનો બનાવાશે જે પૈકી પ્રથમ પંપીંગ સ્ટેશન વાકાનેરના ધીયાવાડ, બીજુ વાંકાનેરના ભલગામ અને ત્રીજૂ પંપીંગ સ્ટેશન ચોટીલાના કાળાસર ખાતે તૈયાર થશે

(વિજય વસાણી દ્વારા) ગાંધીનગર, તા.૨૨ઃપછાત ગણાતા ઠાંગા પંથક માટે મચ્છુ-૧ ત્રીવેણી ઠાંગા સિંચાઈ યોજના અંતર્ગત વાંકાનેર અને ચોટીલા તાલુકાના વિવિધ ગામોને સૌની યોજના લીકપ્ર૩ માંથી નર્મદા આધારીત પાણીનો લાભ આગામી દિવસોમાં મળતો થશે તેવુ પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુ હતુ.

ઠાંગા વિસ્તારનો આ સૌ પ્રથમ ડેમોને જોડી સિંચાઈ માટે પાણી ભરવાનો માસ્ટર પ્લાન હશે જેનાથી ડેમોને નવીનીકરણ સાથે જોડવાની આ યોજના મહત્વની બની રહેશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દરેક ગામને પાણી પહોંચાડવાના સંકલ્પને પરિપૂર્ણ કરવા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સિંચાઈ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આ માસ્ટર પ્લાન તૈયાર કરાવી અમલમાં મૂકી આ યોજના અંતગત પાઈપલાઈન નેટવર્કમાં મેઈન તથા ફિડર પાઈપલાઈન થકી ૨૦ ગામોને લાભકર્તા કુલ ૧૧ જળસ્ત્રોતોને સાંકળવા માટેના કામને વહીવટી મંજૂરી આપેલ છે.

કુંવરજીભાઈએ આ યોજના અંગે જણાવ્યુ હતુ કે આ પાઈપલાઈન નેટવર્કમાં મેઈન તથા ફિડર પાઈપલાઈન થકી કુલ



૨૦ જળસ્ત્રોતોને સાંકળવા માટેના કામને સિંચાઈ વિભાગ તરફથી રૂા.૨૫૪.૦૦ કરોડના કામોને વહીવટી મંજુરી આપવામાં આવી છે.


આ યોજનાની વિગતવાર માહીતી આપતા કુંવરજીભાઈએ જણાવ્યુ હતુ કે આ યોજના થકી કુલ ૨૦ જળસ્ત્રોત પૈકી ૧૧ જેટલી નાની સિંચાઈ યોજના થકી વાંકાનેરના જાલીડા, મેસરીયા, ઠીકરીયાળી ચોટીલા તાલુકાના મોલડી, ઝીંઝુડા, ચાણપા, ભીમગઢ, કુંઢડા, પાંચવડા, ત્રિવેણી ઠાંગા, ગુંદા ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આ યોજનામાં મચ્છુપ્ર૧ થી ત્રિવેણીઠાંગા જળાશયને જોડવા માટે વાંકાનેર તાલુકાના ત્રણ ગામો અને ચોટીલા તાલુકાના ૧૭ તળાવો, સિમતળાવ અને ચેકડેમને ભરવા માટે નર્મદાના દશ લાખ ઘન ફુટ પાણીના જથ્થાને મંજુર કરવામાં આવ્યો છે.

યોજના માટે તૈયાર થનાર ત્રણ પંપ્પીંગ સ્ટેશનોમાં મોરબીના વાંકાનેર તાલુકાના ધીયાવડ ગામે આવેલ હયાત લીંક ૩ પેકેજ ૪ અને પેકેજ-૬ ના પંપ્પીંગ સ્ટેશનની હયાત જમીનમાં બનવવામાં આવશે જેનો એક પંપનો ડીસ્ચાર્જ અંદાજે ૪૨૪૮૩ હજાર લીટર પ્રતિ મિનિટ તથા પંમ્પીંગ હેડ ૧૨૩ મીટર છે, બીજા પમ્પીંગ સ્ટેશન વાંકાનેરના ભલગામ ગામના સરકારી ખરાબામાં બનાવવામાં આવશે જેનો એક પંમ્પનો ડિસ્ચાર્જ ૪૧૬૩૩ લીટર પ્રતિ મિનિટ તથા પમ્પીંગ હેડ ૮૧ મીટર અને ત્રીજુ પમ્પીંગ સ્ટેશન ચોટીલા તાલુકાના કાળાસર ખાતે તૈયાર થશે જેનો એક પંપનો ડિસ્ચાર્જ ૧૮૨૬૬ લીટર પ્રતિ મિનિટ તથા પંપ્પીંગ હેડ ૪૮ મીટરનો છે અને આ યોજનામાં અલગ અલગ કેપેસીટીના કુલ ૧૩ પંપ મુકવામાં આવશે.

આ યોજના હેઠળ વાંકાનેર તાલુકાના જાલીડા, મેસરીયા, ઠીકરીયાળા અને ચોટીલા તાલુકાના ચાણપા, ભીમીગઢ, મોલડી, જીંજુડા, કાળાસર ખેરડી, લાખચોકીયા, કુંઢડા, રેશમીયા, પાંચવડા, ત્રંબોડા, રાજપરા, ચીરોડા, કાબરણ, ત્રિવેણીઠાંગા, ગુંદા, ફુલઝર, સાલખડા નાની સિંચાઈ યોજનાનો લાભછેવાડાના પછાત ગામોના ખાતેદાર ખેડુતોને આગામી સમયમાં મળશે.

આ યોજનામાં કુલ ૭૮૮૫૦ મીટરની લંબાઈમાં પાઈપલાઈન નાખવામાં આવશે જેનાથી ૧૩૪૪૫ એકર જમીન અને ૧૭૦૦ જેટલા ખેડુતોને સિંચાઈ યોજનાના પાણીની સુવિધા સુદ્રઢ થશે આ યોજના પરિપુર્ણ કરવામાં રૂા.૨૫૪ કરોડના ખર્ચ નિર્માણ પામશે.(૨૩.૧૪)

ગોંડલના 'અકિલા'ના ફોટોગ્રાફર ભાવેશ ભોજાણીના પુત્ર માનવ ભોજાણીનો જન્મદિવસ



ગોંડલઃતા.૨૨, ગોંડલના ''અકિલા'' ફોટોગ્રાફર ભાવેશ ભોજાણીના પુત્ર માનવ ભોજાણીનો આજે જન્મદિવસછે. માનવ ભોજાણી નાનપણથી જ ફોટોગ્રાફીનો શોખ ધરાવે છે. તેનો આજે ૨૨ માં વર્ષમાં પ્રવેશ થયો છે. ૨૦૨૪ માં મતદાન જાગૃતિ અભિયાનની શોર્ટ ફિલ્મ બનાવવા બદલ માનવ ભોજાણીનું સન્માન પણ કરવામાં આવેલ હતું માનવ ભોજાણીનો આજે જન્મ દિવસ હોવાથી તેમના (મો.નં. ૯૫૧૨૦ ૯૫૧૯૯) ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે. (૩૫-૫)

વરરાજો પણ ખુશ અને દુલ્હન પણ ખુશ

પ્રેમિકાને મળવા ગયો હતો યુવક, પરિવારે બંનેને પકડી લીધાઃ લગ્ન કરાવી દીધા

પટના, તા.૨૨ઃ બિહારમાં પટના જિલ્લામાં એક પ્રેમી પોતાની પ્રેમિકાને મળવા ગયો હતો. આ દરમ્યાન પ્રેમી અને પ્રેમિકાને તેના પરિવારના લોકો જોઈ ગયા. જે બાદ પરિવારે નિર્ણય લીધો, જે બાદ છોકરી અને છોકરાની જિંદગી બદલાઈ



ગઈ. હકીકતમાં જોઈએ તો, આ મામલો બિહારના પટના જિલ્લાનો છે. લખીસરાયના રહેવાસી બીપીએસસી શિક્ષક પ્રવીણ કુમાર અને પ્રેમિકા સુષમા કુમારી વચ્ચે છેલ્લા એક વર્ષથી પ્રેમ પ્રસંગ ચાલી રહ્યો હતો. શનિવારે જ્યારે સુષમા કોલેજ ગઈ તો પ્રવીણ તેને મળવા આવ્યો. આ દરમ્યાન છોકરીના પરિવારને તેના વિશે જાણ થઈ ગઈ. બસ પછી તો શું, ઘરના સભ્યોએ તરત નિર્ણય લીધો. તેમણે બંનેને કહ્યું કે, તમે બંને લગ્ન કરી લો. ત્યાર બાદ પરિવારે બાબા અલખનાથ મંદિરમાં બંનેના હિન્દુ રીતિ રિવાજથી લગ્ન કરાવી દીધા. આ લગ્ન દહેજ વિના થયા હતા.

લગ્ન બાદ પ્રવીણ કુમારે કહ્યું કે, તે હંમેશા દહેજ વિના લગ્ન કરવાના પક્ષમાં હતો.

જાસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ મહાભિયોગની તૈયારીઃ ૧૪૫ સાંસદોએ સ્પીકરને પત્ર સુપરત કર્યો



નવી દિલ્હી, તા.૨૨ઃ રોકડ કૌભાંડમાં ફસાયેલા જસ્ટિસ યશવંત વર્માની મુશ્કેલીઓ કદાચ ખૂબ જ ટૂંક સમયમાં વધવાની છે. ભલે તેમણે સુપ્રીમ કોર્ટમાં તેમની સામે રજૂ કરાયેલા તપાસ અહેવાલને પડકાર્યો હોય, પરંતુ સરકારે તેમની સામે મહાભિયોગ લાવવાની તૈયારીઓ તેજ કરી દીધી છે. સંસદનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થયું હતું અને પહેલા જ દિવસે ૧૪૫ લોકસભા સાંસદોએ જાસ્ટિસ વર્મા વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા હતા.

આ સાથે, ૫૪ રાજ્યસભા સાંસદોએ પણ હાઈકોર્ટના જજ વર્મા વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. સાંસદ દ્વારા હસ્તાક્ષર કરાયેલ આ મેમોરેન્ડમ લોકસભા સ્પીકર ઓમ બિરલા અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરને સુપરત કર્યા પછી, જસ્ટિસ વર્મા સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સાંસદોએ બંધારણના અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૧૮ હેઠળ આ પગલું ભર્યું છે.(૪૦.૬)

કચ્છના નાનકડા એવા ગજોડ ગામનો યુવાન ભારતીય સૈન્યમાં પેરાશુટ કમાન્ડો બનતા ગામ લોકોએ સામૈયા દ્વારા કર્યો સત્કાર

સમસ્ત કચ્છનું ગૌરવ, ગામમાં છવાયો રાષ્ટ્ર ભાવનાનો માહોલ : ૨૦૨૦ થી સૈન્યમાં સામાન્ય સૈનિક તરીકે નિયમિત જયેંદ્રસિંહ રાણુભા જાડેજાને કઠીન તાલીમ બાદ પેરાશુટ કમાન્ડો તરીકે નિયુક્તિ મળી

(વિનોદ ગાલા દ્વારા) ભુજ, તા.૨૨ઃ ભારતીય લશ્કરના વિવિધ હોદ્દે નિયુક્તિ મેળવી હવે કચ્છી યુવાનો વતન પરસ્તી દાખવી રહ્યા છે. ત્યારે ૨૦૨૦થી સૈન્યમાં સામાન્ય સૈનિક તરિકે નિયમિત જયેંદ્રસિંહ રાણુભા જાડેજાને કઠીન તાલીમ બાદ પેરાશુટ કમાન્ડો તરીકે નિયુક્તિ મળી છે. આ પ્રસંગે આ યુવાનના મૂળ વતન એવા ગજોડ ગામના ગામ લોકો દ્વારા અદકેરા સ્વાગત-સન્માન સાથે સત્કાર કરાયો હતો. ભારત માતાના આ લાલને સત્કારવા માટે ગજોડ ગામનો માહોલ નિહાળીએ તો... આ છે તાદ્રશ્ય ચિતાર...



'ભારત માતા કી જય' વંદે માતરમના નારા, ત્રિરંગો માહોલ, માથે કળશધારી બહેનો, ખુલ્લી કાર, વિરત્વ ભર્યા ઢોલ-શરણાઈ, અબલવૃધ્ધ સૌ ગામના ઝાંપે ઉભા છે. ત્યાં મૂછે વાંકળો યુવાન સૈન્યની વર્દીમાં લાલ કેપ ઉપર શોભતી પેરાશૂટ કમાન્ડોની ખાસ મુદ્રા સાથે આવે છે રાષ્ટ્રભાવથી તરબતર ગ્રામજનો બહોળી સંખ્યામાં પહેલેથી જ રાહ જોઈ ઊભા છે, ત્રિરંગા ઝંડા માહોલને વધુ નિખારી રહ્યા છે. નવ માસના પુત્ર સાથે ફ્રંવેશેલો આ યુવાન ગજોડ ગામનું ગૌરવ બન્યો છે કેરા, બેરાજા, ટપ્પર, નાના-મોટા રેહા, તુંબડી ચુનડી, બેરાજા, બાબીયા, નારણપર સહિતના ગામોના આગેવાનો ઉપસ્થિત છે. ગામ ઝાંપાથી ક્ષત્રિય કુળ ગૌરવ લાખીયાહજી દાદાના સ્થાનકે સામૈયું છે. સભામાં આ ગામો જવાનનું અદકેરૂ સન્માન કરે છે. જયેન્દ્ર જાડેજા ગજોડ નો પ્રથમ જ્યારે ઝરપરા ગામના બે યુવાનો બાદ કચ્છનો આ ત્રીજો કમાન્ડો હોવાનું ત્યાં ઉપસ્થિત લોકો કહી રહ્યા છે.

વિરત્વ પોરસતા માહોલમાં જયેન્દ્રસિંહ ના માતા ઈન્દ્રાબા, પત્ની કિરણબા, પિતા રાણુભા તલવાર અર્પણ કરી પુત્રના ઓવારણા લે છે. આ ફ્રસંગે લાગણી વ્યક્ત કરતા પરિવાર જણાવે છે કે અમારો લાલ અમે ભારતમાતાની સેવામાં મોકલ્યો છે. સુલતાનજી જાડેજા, પ્રેમસંગજી જાડેજા, મુળુભા જાડેજા, કેરાના નવીનભાઈ પાંચાણી, કુંદનપરના રવજીભાઈ કેરાઈ, સુમિટોમોના નિખિલ જોશી, મહેન્દ્રભાઈ, બાબીયાના નવલસિંહ વાઘેલા, કેરા સરપંચ મદનગીરી ગોસ્વામી, ગિરિરાજસિંહ જાડેજા, લાલુભા (બેરાજા) મયુરસિંહ(ટપ્પર), સરૂપાજી (નાના રેહા) નવુભા (મોટી ટુંબડી), ચનુભા (ચુનડી), જાડેજા ભુરુભા, ગજોડ સરપંચ સોમુભા, સરૂપાજી રામસંગજી (ગજોડ) લાલજી પટેલ નારણપર, ગજોડ પ્રાથમિક શાળા અને માતૃ સંસ્થા કેરાકુંદનપર લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ વતી ડોક્ટર દિનેશ પાંચાણી, મંત્રી વસંત પટેલ, ધીરજભાઈ લાધાણી, ગોવિંદ વેકરીયા, યુવરાજસિંહ, માનવ જ્યોત વતી સહદેવસિંહ જાડેજા(કેરા), વિજયરાજ સિંહ તિલાટ, માણેક ગઢવી(ભુજપુર), ચતુરસિંહ સોઢા, મહીસાજી, ચંદુભા, જમાદાર બહાદુરસિંહ, દાતા રવજી રાધેશ્યામ, યુવા અગ્રણી રસિકભાઈ પાંચાણી સાહિતના અનેક આમંત્રિતો અને ગજોડ ઉપરાંત આજુબાજુના ગામો જોડાયા હતા.

મુંબઈમાં દુકાનમાં કામ કરતા રાણુભાએ પુત્રને નાનપણથી રાષ્ટ્રવાદી વિચારો આપ્યા હતા તે આજે ફળીભૂત થયા છે અને વધુ યુવાનો લશ્કરમાં દેશ કાજ જોડાઈ તે માટે પ્રસંગપ્રેરક બન્યો હતો. કમાન્ડોના ભાઈઓ અજીતસિંહ, બહાદુરસિંહે સૌનો આભાર માન્યો હતો. જવાનના આગમને ગજોડમાં ક્ષત્રિય પાઘ, તલવાર, ભવાનીના ચિન્હો છવાયા હતા નાનું ગામ રાષ્ટ્રહિત સાથે દેશપ્રેમના હિલોળે ચડ્યું હતું.(૨૩.૧૫)

'સૈયારા' જેવી લવસ્ટોરીએ લોકોના દિલ જીત્યા, તો આગામી મહિનાઓમાં આવી રહી છે આવી જ લવ સ્ટોરીઝ, જે તમને ફરીથી પ્રેમમાં પાડી દેશે!

'સૈયારા' તો માત્ર ટ્રેલર હતુંઃ પ્રેમી પંખીડાઓ માટે બોલીવુડ લઈને આવી રહ્યું છે ૧૦ રોમેન્ટિક ફિલ્મો

મુંબઈ, તા.૨૨ઃરોમેન્ટિક ફિલ્મો દરેક યુગમાં લોકોને પસંદ આવતી હોય છે. ૯૦ના દાયકાથી લઈને આજની નવી જનરેશન સુધી, લવસ્ટોરી, બ્રેકઅપ જેવી ફિલ્મો લોકો હંમેશા પસંદ કરે છે. તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'સૈયારા' એ દર્શકોના દિલમાં ખાસ જગ્યા બનાવી છે. આજના યુવાનોમાં પણ ક્લાસિક-સ્ટાઈલ લવ સ્ટોરીઝ માટે ક્રેઝ વધી ગયો છે. હવે એવી ઘણી ફિલ્મો આવી રહી છે જે રોમાંસથી ભરપૂર હશે.

ભારતીય દર્શકો હંમેશાથી ઊંડી પ્રેમકથાની ભૂખ ધરાવતા રહ્યા છે. 'સૈયારા' ની સફળતા સાબિત કરે છે કે હૃદયભંગ, સંબંધોની મુશ્કેલીઓ, પ્રેમ ત્રિકોણ અને રોમેન્ટિક ગીતોથી ભરેલી ક્લાસિક ફિલ્મો હજુ પણ દર્શકોની યાદીમાં ટોચ પર છે. આગામી મહિનાઓમાં બોલિવૂડમાં ઘણી રોમેન્ટિક ફિલ્મો રિલીઝ થવાની છે.

ધડક ૨

સિદ્ધાર્થ ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીની જોડી રૂપેરી પડદે જોવા મળશે. આ ફિલ્મમાં, ચાહકોને નીલેશ અને વિધિશાની પ્રેમકથાનો પરિચય કરાવવામાં આવશે. આંતર-જાતિય પ્રેમકથા જેવા મુશ્કેલ વિષય પર આધારિત આ ફિલ્મનું દિગ્દર્શન શાઝિયા ઈકબાલ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૧ ઓગસ્ટના રોજ મોટા પડદા પર રિલીઝ થવા જઈ રહી છે.

પરમ સુંદરીતા

જાહ્નવી કપૂર અને સિદ્ધાર્થ મલ્હોત્રાની 'પરમ સુંદરી' આ વર્ષની બહુપ્રતિક્ષિત ફિલ્મોમાંની એક છે. આંતરસાંસ્કૃતિક સંબંધો પર આધારિત આ રોમાંસ ડ્રામા ૨૫ જુલાઈ ૨૦૨૫ ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ હવે આ ફિલ્મ ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં રિલીઝ થશે. દિગ્દર્શકે થોડા દિવસો પહેલા ફિલ્મનો પહેલો લુક રિલીઝ કર્યો હતો અને તેને જબરદસ્ત પ્રતિક્રિયાઓ મળી હતી.

સન્ની સંસ્કારી તુલસી કુમારી


જાહ્નવી કપૂરની બીજી રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી' ૨ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મોટા પડદા પર રિલીઝ થવા જઈ રહી છે. જોકે, ફિલ્મ વિશે હજુ સુધી વધુ માહિતી પ્રાપ્ત થઈ નથી. પરંતુ આ ફિલ્મ બદ્રીનાથ કી દુલ્હનિયા અને હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા જેવી જ હોવાનું કહેવાય છે.

દે દે પ્યાર દે ૨

અજય દેવગન અને રકુલ પ્રીત સિહ ફિલ્મ 'દે દે પ્યાર દે ૨' સાથે વાપસી કરવા માટે તૈયાર છે. આ ફ્રેન્ચાઈઝીની બીજી સિક્વલમાં આર માધવન પણ છે. તે ૨૦૨૫ ના અંતમાં રિલીઝ થવાની શક્યતા છે.

કાર્તિક અને શ્રીલીલાની શીર્ષક વિનાની ફિલ્મ

અનુરાગ બાસુના દિગ્દર્શનમાં બનેલી



કાર્તિક આર્યન અને શ્રીલીલાની આગામી રોમેન્ટિક ડ્રામા ફિલ્મ આશિકી ૩ સૈય્યારા જેવી બીજી એક ઊંડી પ્રેમકથા જેવી લાગે છે. હાલમાં, આ ફિલ્મ ૨૦૨૫ માં દિવાળી પર રિલીઝ થવાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ આ ફિલ્મનું શીર્ષક હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી.

તેરે ઇશ્ક મેં

આ વર્ષનો અંત આનંદ એલ. રાય દ્વારા દિગ્દર્શિત એક ઊંડી પ્રેમકથા સાથે થવાની શક્યતા છે. કૃતિ સેનન અને ધનુષની આ ફિલ્મ રાંઝણાની સિક્વલ હોવાનું કહેવાય છે. ફિલ્મના ફર્સ્ટ લુકને સોશિયલ મીડિયા યુઝર્સ તરફથી જબરદસ્ત પ્રતિક્રિયાઓ મળી. તેરે ઈશ્ક મેં નવેમ્બર ૨૦૨૫માં રિલીઝ થશે.

આવારાપન ૨

ઈમરાન હાશ્મીની 'આવારાપન ૨'ની પણ જાહેરાત કરવામાં આવી છે. જે ૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મ ૨૦૦૭ માં આવેલી ફિલ્મ 'આવારાપન' ની સિક્વલ છે. ઈમરાન હાશ્મીએ તેમના જન્મદિવસ પર ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું.

યે જવાની કો ઈશ્ક હોના હૈ!

આ ક્લાસિક રોમાન્સ કોમેડી ફિલ્મમાં વરુણ ધવન, પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર જોવા મળશે. ડેવિડ ધવનના દિગ્દર્શન હેઠળ બની રહેલી આ ફિલ્મ ૧૦ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મ રમેશ તૌરાની બનાવી રહ્યા છે.

તુ મેરી મૈં તેરા, મૈં તેરા તુ મેરી

અનન્યા પાંડે અને કાર્તિક આર્યનની ફિલ્મ 'તુ મેરી મેં તેરા, મેં તેરા તુ મેરી' વેલેન્ટાઈન ડે ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની તૈયારીમાં છે. આ એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ છે. જેનું દિગ્દર્શન સમીર વિધ્વંસ કરશે.

લવ એન્ડ વોર

રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'લવ એન્ડ વોર'ની દરેક વ્યક્તિ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મનું દિગ્દર્શન સંજય લીલા ભણસાલી કરી રહ્યા છે. ભણસાલીની આ ફિલ્મ તેમના કરિયરની સૌથી મોંઘી અને સૌથી મોટી ફિલ્મ હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં રણબીર અને વિકી બંને ભારતીય સેનાનો ભાગ હશે. તે ૨૦ માર્ચ ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાનું છે.(૪૦.૧૬)

ગોંડલઃ બળાત્કારના ગુનામાં પકડાયેલ આરોપીને ૧૦ વર્ષની સજા ફરમાવતી કોર્ટ

ગોંડલ તા. ૨૨ઃ શાપર વેરાવળ વિસ્તારમાં રહેતી ભોગબનનાર યુવતિ ઉ.વ.૨૦ વાળી સાથે બળાત્કારના ગુનામાં પકડાયેલ આરોપીને અદાલતે ૧૦ વર્ષની સજા ફટકારી હતી.

આ અંગે ભોગબનનારે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં આરોપી સામે પોલીસ ફરીયાદ કરેલ ત્યારબાદ પોલીસે આઈ.પી.સી.કલમ-૩૭૬ વિગેરે કલમનો ગુન્હો દાખલ કરી આ ગુન્હાની તપાસ નાયબ પો.અધિ. કે.જી.ઝાલાએ કરેલ અને આરોપીની ધરપકડ કરેલ અને કોર્ટમાં



ઘનશ્યામ ડોબરીયા
સરકારી વકીલ-ગોંડલ

પોલીસ તપાસના અંતે ચાર્જશીટ કરેલ હતું. ત્યારબાદ સરકારી વકીલ ઘનશ્યામ કે. ડોબરીયા દ્વારા દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ થયેલ અને કોર્ટમાં ભોગબનનારની જુબાની તથા દસ્તાવેજી પુરાવા તથા માતાની જુબાની ધ્યાને લઈ તથા સરકારી વકીલશ્રી ઘનશ્યામ ડોબરીયાની દલીલો ધ્યાને રાખી આરોપીને ગોંડલના સેશન્સ જજશ્રી એમ.એ.ભટ્ટીએ ૧૦ વર્ષની કેદની સજા ફરમાવેલ છે. આ કામમાં સરકાર તરફે સરાકારી વકીલ શ્રી ઘનશ્યામ કે.ડોબરીયા રોકાયેલ હતા. (૭.૧૯)

સિવિલ કોર્ટ નોટીસ

ગોંડલના મહે.બીજા એડિશ્નલ.સીની. સીવીલ જજ સાહેબ શ્રી યુ.બી.દેવડા સાહેબની કોર્ટમાં...
દિ.પર.અ.નં.૧૬/૨૦૨૫ ના કામમાં અરજદાર (૧)લીલાવંતીબેન માધાભાઈ ઝાલા (૨) શ્રી શક્તિલાલ માધાભાઈ ઝાલા (3) શ્રી બળવંતભાઈ માધાભાઈ ઝાલા (૪) શ્રી સંજયકુમાર માધાભાઈ ઝાલા બધા ઉ.વ. પુખ્ત, ધંધો-ખેતી, ધર્મે હિન્દુ રહે. મહિકા નાના તા.ગોંડલ, જી.રાજકોટ. રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના મહિકા નાના ગામના ખાતાનં.૯૫ રેવન્યુ સર્વે નં. ૧૦૬ પૈકી ૨૧/પૈકી ૧ હે.૦-૪૦-૪૭ વાળી ખેતીની જમીન જે મુજબ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વિધાઉટ વિલ અગર વારસા સર્ટી મળવવાની અરજીનો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. તે બાબતની અરજી ઉપરોક્ત અરજદારોના એડવોકેટ પી.એન.પરમાર મારફતે ઉપરોક્ત દિવાની પરચુરણ અરજી નં.૧૬/૨૦૨૫ થી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહું અરજી સબંધે જે કોઈ શખ્સ, વ્યકિત કે લાગતા વળગતાઓને વાંધા તકરાર હોય તેમણે તા.૨૧/૦૮/૨૦૨૫ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ લેખિત વાંધા રજુ કરવા ગેરહાજર રહેથી યોગ્ય(એક તરફી)હુકમ કરવામાં આવશે જેની લાગતા વળગતાઓ એ સ્પષ્ટ નોંધ લેવી. આજ તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર ડી.વી. બોરીયા | કોર્ટનો સિક્કો | હુકમથી જે.જી.શુક્લા મહે.બીજા એડિશ્નલ.સીની. સીવીલ જજ

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટ ના મહે. અધિક સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી. પી.એમ.શાહ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૫૭૧/૨૦૨૫

ના કામમાં અરજદાર **ઈકબાલભાઈ અબ્બાસભાઈ સરવદીફકીર** ઠે. રાજકોટનાએ મરહુમ.**ફરીદાબેન ઈકબાલભાઈ સદવરી** ની સ્થાવર મિલકત કે જે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ હડાળા ના **રેવન્યુ સર્વે નં.૧૪૫**ની રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ થયેલ **''ગોવર્ધન પાર્ક-૨''** તરીકે ઓળખાતા **પ્લોટ. ૪૯** પૈકી ઉતર-દક્ષીણ તરફના વચ્ચગાળા ની જમીન **ચો. મી. ૪૯-૧૦૫** ઉપરના રહેણાંક મકાન આવેલ છે.જેના ગામ **નમૂના નં.૨ ના અનુ. નં. બી/૨૯૫૭** છે. જેનુ હેઅરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલ શ્રી ધર્મેશ યુ. વકીલ તથા શ્રી મનોજ એન.ભટ્ટ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબર થી દિ.પ.અ.દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને જાહેર નોટીસના અનુસંધાને વાંધા-જવાબ રજુ કરવા **મુદત તા. ૨૨/૦૮/૨૦૨૫** ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા ૨૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (પી. બી. ગોહેલ) આસી. | કોર્ટનો સિક્કો | હુકમથી (અવાચ્ય) રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટનાં મહે. **બીજા એડી. સીની. સીવીલ જજ શ્રી વી.ડી.મોઢ** સાહેબની કોર્ટ માં, **દિ.પ.અ. નં.૧૫૨૯/૨૦૨૫** ના કામમાં અરજદાર વૈભવ ભાનુશંકર ધરાદેવ એ **ગુજરનાર ભાનુશંકર વલ્લભદાસ ઘરાદેવ** ની ૧/૩ હિસ્સાવાળી સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરનાં રૈયાના રેવન્યુ સર્વે **નં.૧૮૭** પૈકી ટી.પી.નં.**૬** તથા એફ.પી.નં.**૨૪૬** પૈકી નાં રહેણાંકના હેતુ માટે થયેલ બીનખેડવાણ તથા ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.**૧૫** નાં સબ પ્લોટ **નં.૧૫/૧૭** ની જમીન **ચો.મી.આ.૫૯-૮૬** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતાનાં મકાન જે વેચાણ દસ્તાવેજ ૧-નંબરની બુકના **નં.૨૪૦**, નોંધ્યા **તા.૧૭-૦૧-૨૦૧૩** થી **શ્રી રજનીકાંત છગનલાલ કતીરા** પાસેથી ખરીદ કરેલ છે. સદરહું સ્થાવર મિલ્કતનું **"હેરશીપ સર્ટીફીકેટ" (વારસા સર્ટીફીકેટ)** મેળવવા માટે તેમનાં એડવોકેટ **શ્રી રાજેશ ડી.દવે તથા શ્રી હાર્દિક આર.દવે** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે. તે સંબધે જે કોઈ વ્યકિતને વાંધો-તકરાર હોય તેમને મુદત **તા.૨૯/૦૮ /૨૦૨૫** નાં રોજ સવારે **૧૧ઃ૦૦** કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ **તા ૨૧/૦૭/૨૦૨૫** નાં રોજ મારી સહી તથા કોર્ટના સિકકો કરી આપ્યુ...

તૈયાર કરનાર (યુ.એમ.મહેતા) આસિસ્ટન્ટ બીજા એડી.સીની. સીવીલ જજ સાહેબની કોર્ટ, રાજકોટ | કોર્ટનો સિક્કો | હુકમથી I/C રજીસ્ટ્રાર સીવીલ જજ (સી.ડી.)કોર્ટ, રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કેઃ- અમરેલી જીલ્લાના કુંકાવાવ વડીયા તાલુકાના **ખજુરી-પીપલીયા** ગામના રેવન્યુ રેકર્ડના **ખાતા નં. ૬૩૨** માં લખી વિગતે **ખજુરી-પીપલીયા** ગામની પીયત પ્રકારની સીમની જમીનના **સર્વે નં. ૧૩૫/૧ ની જમીન હે.આરે.ચો.મી. ૦-૪૮-૫૬** વાળો નંબર **શ્રી ગોરધનભાઈ રાણાભાઈ હરખાણી, તથા ખાતા નં. ૬૩૩** માં લખી વિગતે **ખજુરી-પીપલીયા** ગામની સીમની જમીનના **સર્વે નં. ૧૩૫/3 ની જમીન હે.આરે.ચો.મી. ૦-૪૮-૫૬** વાળો નંબર **શ્રી ચીમનભાઈ ગોરધનભાઈ હરખાણી, તથા ખાતા નં. ૬૩૧** માં લખી વિગતે **ખજુરી-પીપલીયા** ગામની સીમની જમીનના **સર્વે નં. ૧૩૫/3 ની જમીન હે.આરે.ચો.મી. ૦-૮૨-૯૭** વાળો નંબર **શ્રી ધનજીભાઈ ગોરધનભાઈ હરખાણી**ના સ્વતંત્ર કબજા ભોગવટાના તેમની માલીકી હકકનો આવેલ છે. તે ત્રણેય સર્વે નંબરની કુલ જમીન **હે.આરે.ચો.મી. ૧-૮૦-૦૯** તેઓની પાસેથી અમારા અસીલ અવેજ ચુકવી ખરીદ કરવા માંગે છે. જેથી તે નંબર પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો, પ્રાઈવેટ ફાઈનાન્સ કે ગાડા મારગ બાબતે કે અન્ય કોઈ રીતે વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ ૧૦(દસ)** માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહિ તો આ સર્વે નંબરમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલ તે નંબરનો પાકો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો અમારા અસીલ ને બંધનકર્તા રહેશે નહિ. જેની તમામએ નોંધ લેવી. તારીખ. ૨૨/૦૭/૨૦૨૫

અર્જુન કે. સંપટ બી.કોમ.એલએલ.બી. (એડવોકેટ)
ઓફિસઃ- ''વિશાલ કોમ્પલેક્ષ'', પ્રમુખ હાર્ડવેર ઉપર, વેરાવળ મેઈન રોડ, વેરાવળ (શાપર) તા. કોટડા સાંગાણી, મો. ૯૯૧૩૫ ૦૮૪૮૪

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર વકીલ ગૌતમ એ. શેખડા એડવોકેટ - ગોંડલ વાળા આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, **ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના મોવીયા ગામના રેવન્યુ સર્વે નં. ૯૪૩ પૈકી ૭ ની ખેતીની સીમ જમીન જેના હે. ૨-૦૨-૩૪ ખેતર નામે ''ડોરાની ધાર'' જેનાં રેવન્યુ ખાતા નં. ૪૩૬૧** વાળી ખેતીની સીમ જમીન **મનસુખભાઇ બાવનજીભાઇ કમાણી તથા મુકતાબેન મનસુખભાઇ કમાણી તથા રામજીભાઇ મનસુખભાઇ કમાણી તથા લક્ષ્મણભાઇ મનસુખભાઇ કમાણી**ના સંયુકત ખાતે તથા નામે આવેલ છે. સદરહું ખેતીની જમીન તેઓની પાસેથી મારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીન અંગેના માલીકી ટાઈટલ કબજા પરત્વે તથા અસલ દસ્તાવેજો તથા વેચાણ સબંધે કે રસ્તા બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો લાગ-ભાગ દરદાવો વરસાઈ હકક, ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણું કરજ, બોજો, ગીરો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હિત, હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોય તો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ અવેજની બાકી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી. કરાવી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની આથી સર્વે સ્પષ્ટ નોંધ લેશો. **સ્થળઃ ગોંડલ તા.**

ગૌતમ એ. શેખડા બી.કોમ.એલએલ.બી. એડવોકેટ-ગોંડલ
એડ્રેસઃ કનૈયા ઝેરોક્ષ, કોર્ટની સામે, ડોકટર રાદડિયા હોસ્પિટલની બાજુમાં, ગોંડલ, તા. ગોંડલ જી. રાજકોટ, મોબાઈલ નં. ૮૧૪૧૯ ૨૦૧૧૧

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૬ ઠ્ઠાં એડી. સિવિલ જજ **શ્રી એલ. આઈ. સીંધ(ભાટી)** સાહેબની કોર્ટમાં **દિ. ૫. અ. નં. ૧૫૬૭/૨૦૨૫** ના અરજદાર **શ્રી પરાગભાઈ મહેન્દ્રભાઈ વોરા**, રહે.ઃ–હરસિધ્ધિ કૃપા, શે.નં. ૩/૮, ગાયત્રીનગર, સ્કુલ નં. ૫૯ પાસે, રાજકોટવાળાએ તેમના પિતા**શ્રી ગુજ. સ્વ. મહેન્દ્રભાઈ કાન્તીલાલ વોરા**ના નામની સ્થાવર મિલ્કત કે જે મિલ્કતઃ- ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરના ઢોલરીયાનગર તરીકે ઓળખાતા વિસ્તારના સર્વે નં. નં. ૩૩૬ ના પ્લોટ નં. ૬૨ પૈકીની જમીન ચો.મી. ૫૭-૯૧ જેના ચો.વા. ૬૯-૨-૭૨ ઉપર આવેલ ઉભા ઈમલાના મકાન **ગુજરનાર સ્વ. મહેન્દ્રભાઈ કાન્તીલાલ વોરા**એ રાજકોટની સબ-રજીસ્ટ્રાર કચેરીના અનુક્રમનં. ૧૩૬૯, તા. ૧૪-૦૫-૧૯૭૪ ના રોજ **શ્રી પ્રવિણચંદ્ર ઓધવજીભાઈ ટાંક** વિગેરે પાસેથી ખરીદ કરી કબજો, ભોગવટો સંભાળેલ છે. અને ત્યારથી સદરહું મિલ્કત **ગુજ. સ્વ. મહેન્દ્રભાઈ કાન્તીલાલ વોરા**ની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ નં. ૮/૧, સીટી સર્વે નં. ૧૭૨૦, શીટ નં. ૨૫૮ છે. તેનું હેરશીપ સર્ટીફીકેટ મળવા અંગે તેમના **એડવોકેટ શ્રી હસમુખ પી. તરપદા તથા મુકેશ જી. ગોંડલીયા** મારફતે ઉપરોકત દિ. ૫. અ. અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સદરહું અરજી સંબંધે જેને વાંધો તકરાર હોય તેમણે **મુદત તા. ૨૬/૦૮/૨૦૨૫** ના સવારના ૧૧-૦૦ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ રોજ તા. ૨૧/૦૭/૨૦૨૫ ના મારી સહી તથા સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એમ. કે. પરમાર) સીની. ક્લાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (અવાચ્ય) રજીસ્ટ્રાર

રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ-મોટામવાના રેવન્યુ સર્વેનં.૧૮૦ ની સગીયારી તરીકે ઓળખાતી જમીન અંગે

જાહેર નોટીસ કમ ચેતવણી

આથી આ જાહેર નોટીસ ક્રમ ચેતવણી આપીને સૌને જણાવવાનું કે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ-મોટામવાના રેવન્યુ સર્વે નં.૧૮૦ ની ખેડવાણ જમીન કે જેના ખેતરનું નામ સગીયારી તરીકે ઓળખાય છે તે ખેડવાણ જમીન તેમના માલીક રાજાભાઈ ભાણાભાઈ રાઠોડ વિગેરેની આવેલ છે. રાજાભાઈ ભાણાભાઈ રાઠોડ વિગેરેએ આ જમીનનો વહીવટ કરવા માટે તેમના કુલમુખત્યાર દરજજે નવિનભાઈ ચકુભાઈ ચાંડપા ને તા.૨-૮-૨૦૨૨ ના રોજ કુલમુખત્યારનામું આપેલ છે જે કુલમુખત્યારનામાના આધારે નવિનભાઈ ચકુભાઈ ચાંડપાએ મારા અસીલ વિરલ રાજેન્દ્રભાઈ જોષી સાથે આ જમીન અંગે સંમતી કરાર તા. ૭-૧૧-૨૦૨૩ ના રોજ કરેલ છે તથા સહીઓ કરી શાખો નંખાવી આપેલ છે અને તેમાં જણાવેલ વિગત મુજબ અવેજની રકમ સ્વીકારેલ છે. ત્યારબાદ તા.૨૪-૨-૨૦૨૪ ના રોજ મારા અસીલ પાસેથી બાકી રહેતા અવેજ માંહેથી અવેજ પેટેની રકમ સ્વીકારેલ છે. આમ મારા અસીલ તથા આ જમીનના માલીક અને તેના કુલમુખત્યાર વચ્ચે થયેલ સંમતી કરાર મુજબ આ જમીન અંગે મારા અસીલ સિવાય અન્ય કોઈપણ સાથે કોઈપણ પ્રકારનો કાયદાકીય કે અન્ય કોઈપણ કરાર કે વ્યવહાર કરવાનો નથી અને મારા અસીલ જોગ વેચાણ કરવા સંમતી કરાર કરેલ છે. આમ છતાં મારા અસીલને જાણવા મળેલ છે કે મારા અસીલ અને જમીન માલીકો વચ્ચેના કરારો અમલમાં હોવાછતાં અને અવેજની રકમ સ્વીકારેલ હોવાછતાં ઉપર જણાવેલ જમીનના માલીકો આ જમીન અન્ય કોઈ ત્રાહીત વ્યકિતને વેચાણ કરવા કે અન્ય કોઈ ત્રાહીત વ્યકિતનું હિત ઉત્પન્ન કરવા પ્રયત્ન કરી રહેલ છે તેમ કરવાનો જમીનના માલીકોને કોઈ અધિકાર નથી. જેથી તમામ લાગ-વળગતાઓને જણાવવાનુ કે ઉપરોકત મિલ્કત સંબંધે કોઈએ કોઈપણ જાતનો વેચાણ-ગીરો -બક્ષીસ કે વેચાણ-વ્યવહાર કે અન્ય કોઈપણ પ્રકારના કરાર કે ટ્રાન્સફરને લગતી કોઈપણ કાર્યવાહી કરવી નહી. જો કરવામાં આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને મારા અસીલો આ મીલ્કતના ખરીદનાર અને વેચનારની સામે કાયદેસરની કડક કાર્યવાહી સીવીલ તથા ફોજદારી રાહે કરશે જેની આથી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવે છે. જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

રાજકોટ. તા. ૨૨-૭-૨૦૨૫
''એકોસ હાઉસ'', ચોથો માળ,
૧-સૂર્યોદય સોસાયટી,
વોકહાર્ટ હોસ્પિટલ સામે,
કાલાવડ રોડ, રાજકોટ.
મારી સુચના મુજબ
વિરલ રાજેન્દ્રભાઇ જોષી-રાજકોટ

અમારા મારફતઃ
દિનેશ આર. વારોતરિયા
એડવોકેટ
મો. ૯૯૯૮૦ ૦૮૫૩૯

રાજકોટની ૧૬ વર્ષની બાળાને ગોંડલ રહેતા મુળ જંગલેશ્વરના અરમાને ઇન્સ્ટાગ્રામથી ફસાવીઃ રાજકોટ-ગોવામાં બળાત્કાર

એકાદ મહિના પહેલા અપહરણ કરી ગયો હતોઃ રાજકોટ પરત આવ્યા ત્યારે બાળાને ફસાઇ ગયાનો અહેસાસ થયોઃ ગાંધીગ્રામ પીઆઇ એસ. આર. મેઘાણી અને ટીમે આરોપીને સકંજામાં લઇ તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૨૨: આજના સમયમાં બાળકોથી માંડી મોટેરા એમ બધા મોબાઇલ ફોન અને સોશિયલ મિડીયાનો ભરપૂર ઉપયોગ કરે છે. અભ્યાસ માટે પણ ઘણીવાર મોબાઇલ ફોનની ફરજીયાત જરૂર પડતી હોય છે. સોશિયલ મિડીયા પર અલગ અલગ રીલ્સ ફોટા વિડીયો અપલોડ કરવાના ચલણ છે. તો બીજી તરફ સોશિયલ મિડીયા થકી ફ્રેન્ડશીપ કરવાનું પણ ટીનેજર્સ, સગીરો, યુવાનોમાં ચલણ છે. ઘણીવાર અમુક લેભાગુઓ સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો દુરૂપયોગ કરી કુમળી વયની બાળાઓ સગીરાઓને ફ્રેન્ડશીપની જાળમાં ફસાવી બાદમાં પ્રેમજાળમાં લપેટી લગ્નની લાલચ આપી દૂષ્કર્મ આચરતાં હોય છે. આવા કિસ્સા અગાઉ પણ સામે આવી ચુક્યા છે. દરમિયાન રાજકોટની ૧૬ વર્ષની એક હિન્દુ પરિવારની બાળાને મુળ રાજકોટ જંગલેશ્વરના અને હાલ ગોંડલ રહેતાં મુસ્લિમ શખ્સે ઈન્સ્ટાગ્રામ થકી ફ્રેન્ડશીપ કરી ફસાવી તેણીનું અણહરણ કરી લીધુ હતું. રાજકોટ, ગોવામાં તેણે બાળા સાથે અવાર-નવાર દૂષ્કર્મ આચરી લેતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની પ્રાપ્ત માહિતી મુજબ રાજકોટ રહેતાં એક પરિવારની ૧૬ વર્ષની દિકરી મોબાઈલ ફોનમાં સોશિયલ મિડીયાનો ઉપયોગ કરતી હોઈ એકાદ વર્ષ પહેલા તેણીને તેની ઈન્સ્ટાગ્રામ આઈડી પર એક શખ્સની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. અરમાન નામથી આવેલી આ ફ્રેન્ડ રિક્વેસ્ટ તેણીએ સ્વીકાર લીધી હતી. એ પછી બંને વચ્ચે મેસેજ મારફત વાતચીત શરૂ થઇ હતી. ત્યારબાદ આ શખ્સે બાળાનો વધુ પરિચય કેળવી તેણીને પોતે ખુબ જ પ્રેમ કરે છે તેમ કહી આંબા આંબલી દેખાડ્યા હતાં. બાળા પણ આ શખ્સની મોહજાળમાં આવી ગઇ હતી અને તેની પ્રેમજાળમાં ફસાઇ ગઇ હતી.

આ પછી આ અરમાન નામના શખ્સે બાળાને પોતે તેને ખુબ પ્રેમ કરે છે અને લગ્ન કરવા માંગે છે તેમ કહી જાળ બીછાવી હતી. એ પછી બંને એક બીજાને રૂબરૂ પણ મળવા માંડ્યા હતાં. દરમિયાન એકાદ મહિના પહેલા આ શખ્સ તેણીને લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. રાજકોટ સહિત અલગ અલગ જગ્યાએ ફેરવી હતી અને તેની સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધી લીધા હતાં. ગોવા ખાતે વોટેલ કલગૂટ હોટેલમાં પણ તે આ સગીરાને લઇ ગયો હતો અને ત્યાં પણ દૂષ્કર્મ આચરી લીધુ હતું. થોડા દિવસ પહેલા તે બાળાને પરત રાજકોટ લઈને આવ્યો હતો. પરત આવ્યા પછી બાળાને સમજાયું હતું કે પોતે ખોટી જગ્યાએ ફસાઇ ગઇ છે. આ પછી તેણે વાલીને જાણ કરી હતી અને ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવી હતી

ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઈની સુચના અંતર્ગત ગાંધીગ્રામ પીઆઇ એસ. આર. મેઘાણી અને સ્ટાફે બાળાની ફરિયાદ પરથી ગોંડલ ફુલવાડી સામા કાંઠે રહેતાં અરમાન સલીમભાઇ ગોદાણી વિરૂધ્ધ અપહરણ, બળાત્કાર, પોક્સો હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે આરોપીને સકંજામાં લઈ વિશેષ પુછતાછ હાથ ધરી છે. આ શખ્સ મુળ રાજકોટ જંગલેશ્વર વિસ્તારનો વતની છે અને છુટક કામ કરે છે. તે એકાદ વર્ષથી ગોંડલ રહેવા જતો રહ્યો છે. ઈન્સ્ટાગ્રામ મારફત તેણીએ બાળાને ફસાવી હતી અને દૂષ્કર્મનો ભોગ બનાવી હતી. આ રીતે ગમે તેની સાથે મિત્રતા કરી લેતી બાળાઓ, યુવતિઓ માટે આ વધુ એક કિસ્સો લાલબત્તી સમાન બની રહ્યો છે. (૧૪.૬)



ધોરાજી ના મનહરભાઈ માવાણીનું અવસાન ચક્ષુદાન

માનવ સેવા પુવક મંડળ અને સરકારી હોસ્પિટલ ધોરાજીને ૩૬૮મુ ચક્ષુદાન

ધોરાજીઃ રત્ના બાપાની જગ્યા પાસે રહેતા મનહરભાઈ માવાણી ને ઘર પાસે પડી જતાં હોસ્પિટલ ખાતે સારવાર મા આવતાં ડોક્ટરે મરણ જાહેર કરતા બાદમાં પરીવાર જનો ને ચક્ષુદાન કરવા જાણ કરાતા સહમતી આપતા સરકારી હોસ્પિટલના અધીક્ષક ડો. જયેશ વેસેટીયન અને ડો, અર્પિતાબેન મિસ્ત્રી અને મેડિકલ ટીમ ના સચિન ભાઈ સહીત નાઓ પોતાની સેવાઓ બજાવી હતી સમીરભાઈ માવાણી ગુજંનભાઈ માવાણી, અરવિંદભાઈ માવાણી, હિરેનભાઈ માવાણી, અરુણભાઈ સાવલિયા સેવાભાવી ફુલ્લભાઈ વઘાસીયા અને વિનોદભાઈ હિરપરા સહિત ના હાજર રહ્યા હતા આતકે માનવ સેવા યુવક મંડળ ના ધર્મેન્દ્ર બાબરીયા અને ભોલાભાઈ સોલંકી દ્વારા માવાણી પરીવાર ની સેવાઓ ને બીરદાવી સ્વ મનહરભાઈ ને શ્રદ્ધાસુમન અર્પણ કરેલ ધોરાજી અને આજુબાજુના વિસ્તારમાં દેહદાન ચક્ષુદાન સ્કીન ડોનેશન માટે ૯૮૯૮૭૦૧૭૭૪ / ૯૮૯૮૭૧૫૭૭૫ અને સરકારી હોસ્પિટલ ૦૨૮૨૪-૨૨૦૧૩૯ પર સંપર્ક કરવો માનવસેવા યુવક મંડળ અને સરકારી હોસ્પિટલ ધોરાજી ને ૩૬૮મુ ચક્ષુદાન મળેલ છે.(૩૮.૧૬)

સાવરકુંડલામાં સસ્તા ભાવે ટ્રેકટરમાં માટીના ફેરા મામલે કમલેશ પર હુમલો

ગામના જ વિપુલ અને રાકેશે પાઇપથી ફટકાર્યો



રાજકોટ તા. ૨૨: સાવરકુંડલામાં ફ્રેન્ડસ સોસાયટીમાં રહેતો યુવાન રોડનું કામ ચાલુ હોઈ ત્યાંથી ટ્રેકટરમાં માટી ભરવા ગયો ત્યારે ગામના જ અન્ય બે ટ્રેકટરવાળાએ લોખંડના પાઈપથી માર મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

સાવરકુંડલા રહેતો કમલેશ ધીરૂભાઈ રાણાવડીયા (ઉ.વ.૨૫) ગામના રોડ પર હતો ત્યારે રાકેશ અને વિપુલે પાઈપથી હુમલો કરી આડેધડ માર મારતાં ઈજા થતાં સાવરકુંડલા સારવાર અપાવી રાજકોટ ખસેડાયો છે. કમલેશના કહેવા મુજબ પોતે ટ્રેકટરના ફેરા કરે છે. હાલ રોડનું કામ ચાલુ હોઈ ત્યાંથી માટી ભરી ફેરા કરવાનું કામ અલગ અલગ ટ્રેકટરવાળા કરે છે. પોતે પણ ટ્રેકટર લઈને માટી ભરવા ગયો ત્યારે ગામના જ અન્ય બે ટ્રેકટરવાળા વિપુલ અને રાકેશે તું કેમ સસ્તા ભાવે ફેરા કરે છે? કહી ગાળો દઇ હુમલો કર્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (૧૪.૫)

વાગુદળ-ધ્રોલ રોડ ઉપર કારમાં દારૂની હેરાફેરીઃ ૨.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત

૩ શખ્સોને ઝડપી લેતી ધ્રોલ પોલીસ




(સંજય ડાંગર દ્વારા) ધ્રોલ, તા.૨૨: ધ્રોલ પો.સ્ટેના પો.ઈન્સ. શ્રી એચ.વી. રાઠોડની સુચના મુજબ ધોલ પો.સ્ટે.ના માણસો પો.સ્ટે વિસ્તારમાં પ્રોહિ જુગાર ડ્રાઈવ અનુસંધાને પેટ્રોલીંગમા હતા. દરમ્યાન ધોલ પો.સ્ટે.ના પો.હેડ કોન્સ જે.કે. દલસાણીયા તથા જે.ડી.ગોગરા તથા પો.કોન્સ.ભગીરથસિંહ કિરીટસિંહ જાડેજા તથા રાજેન્દ્રસિંહ સહદેવસિંહ જાડેજાનાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે, ધોલ તાલુકાના વાગુદડગામથી ધ્રોલ તરફ જવાના રસ્તે અમુક ઈસમો પોતાની ઈક્કોગાડીમા વિદેશી દારૂની હેરાફેરી કરે છે. જેથી સદર બાતમી વાળી જગ્યાએ વોચ તપાસમા રહી સદરહુ બાતમીવાળી ઈકકોગાડી આવતા તેને કોર્ડન કરી આરોપીઓને સાથે રાખી ચેક કરતા ઈકકો ગાડીમાં અલગ અલગ જગ્યાએ છુપાવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના ચપલા તથા વાહન મળી આવતા આરોપીઓ વિરૂધ્ધ કાર્યદેસરની કાર્યવાહિ કરેલ છે.

આરોપીનુ લીલેશ રણસિંહ બામનીયા ઉ.વ.૨૫, રહે.હાલ કુજન્નડ ગામ પ્રેમજીભાઈ વાડીએ તા.જોડીયા જી.જામનગર મુળ. કોરીયાપાન તડવી ફળીયુ તા.ભાભરા જી.અલીરજપુર રાજ્ય મધ્ય પ્રદેશ, (૨) મેરૂ નરશીંગભાઈ બામનીયા ઉ.વ.૩૦, રહે. હાલ કુન્નડ ગામ પ્રેમજીભાઈની વાડીએ તા.જોડીયા જી.જામનગર મુળ.છોટા ભાવરા ગામ તા.ભાભરા જી.અલીરાજપુર રાજ્ય મધ્યપ્રદેશ, (૩) અરવીંદ રૂપસિંહ પસાયા ઉ.વ.૨૮, રહે.હાલ રામપર ગામ દિપકભાઈ દેવાભાઈ આહીરની વાડીએ તા.જી.જામનગર મુળ.બડા ખુતાજા ગામ ઉમરીના પાની ફળીયુ તા.ભાભરા જી.અલીરાજપુર રાજ્ય એમ.પી.ની ધરપકડ.

આરોપીઓ. પાસેથી મળી આવેલ મુદામાલ-(૧) ભારતીય બનાવટની વિદેશી દારૂના કાચના નાના ચપલા કુલ નંગ ૨૨૦ કિં.રૂ.૫૮,૦૮૦/ (૨) એક ઈકો ગાડી રજી. નં. GJ-10-CG-3529 કિ.રૂ.૨,૦૦,૦૦૦/ આ કામગીરી ધ્રોલ પો.સ્ટે.ના પો.ઈન્સ. શ્રી એચ.વી.રાઠોડ પો.હેડ કોન્સ જે.કે.દલસાણીયા તથા જે.ડી.ગોગરા તથા પો. કોન્સ.ભગીરથસિંહ કિરીટસિંહ જાડેજા તથા રાજેન્દ્રસિંહ સહદેવસિંહ જાડેજાનાઓ દ્વારા કરવામાં આવેલ છે. (૨૨.૭)

ગાંધીધામ અપહરણ કેસમાં વધુ બે ઝડપાયાઃ મોરબીના હિતુભા ઝાલા અને સસ્પેન્ડ પોલીસ કર્મીએ જેલમાં ષડયંત્ર ઘડયું

સોપારી કાંડમાં સસ્પેન્ડ પોલીસ કર્મી કિરીટસિંહ ઝાલા પણ આંગડિયા પેઢીના માલિક કેતન કાંકરેચાના ચકચારી અપહરણ કેસમાં માસ્ટર માઇન્ડ




(વિનોદ ગાલા દ્વારા) ભુજ, તા.૨૨: ગાંધીધામમાં આંગડિયા પેઢીના માલિકના અપહરણ કેસમાં પૂર્વ કચ્છ પોલીસે વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. ગત ૧૬ મી તારીખે ગાંધીધામના વોર્ડ નં-૧૨ બી માં આવેલી સંકેતનિધી આંગડિયા પેઢીના માલિક કેતનભાઈ કાકરેચાનું અપહરણ થયું હતું. ચાર અજાણ્યા શખ્સોએ હથિયાર બતાવી કારમાં બળજબરીથી બેસાડી પૈસા પડાવવાના ઈરાદે અપહરણ કર્યું હતું. કચ્છ સહિત ગુજરાતભરમાં ચકચાર સર્જનાર અપહરણના આ બનાવમાં મોરબીના હિતુભા ઉર્ફે હિતેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ કર્યા બાદ આ ગુનામાં પોલીસે કિરીટસિંહ બળદેવસિંહ ઝાલા (ગાંધીધામ) અને મયુરભાઈ શંભુભાઈ હેઠવાડીયા (અંજાર)ને પકડ્યા છે. કિરીટસિંહ ઝાલા આયાતી સોપારી કેસમાં કરોડથી વધુ રૂપિયાની તોડમાં સસ્પેન્ડ કરાયેલ પોલીસ કર્મી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે કિરીટસિંહ અને હિતુભા બંને ગાંધીધામની ગળપાદર જેલમાં કેદી હતા ત્યારે મળ્યા હતા. જેલમાં તેમણે આ યોજના બનાવી હતી. અપહરણ કરવામાં રાજસ્થાની ગેંગની મદદ લેવાઈ હતી.(૬.૨)

જસદણમાં સહિયર સોસાયટીની મિટીંગમાં ડખ્ખોઃ દંપતિ પર અન્ય રહેવાસીઓનો હુમલો

કિશોરભાઇએ મેઇન્ટેનન્સનો પ્રશ્ન ઉઠાવતાં તેને ઉમેશ અને હિરેન તૂટી પડ્યાઃ વચ્ચે પડેલા પત્નિને પણ ઇજા

રાજકોટ તા.૨૨: જસદણમાં સહિયર સીટી સોસાયટીમાં રહેતાં દંપતિ પર સોસાયટીની મિટીંગમાં અન્ય રહેવાસીઓએ માથાકુટ કરી પાઇપથી માર મારતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા છે.

જસદણ સહિયર સોસાયટીમાં રહેતાં કિશોરભાઈ ભરતભાઈ વસંતસ્વામી (ઉ.વ.૪૫) રાતે અગિયારેક વાગ્યે સોસાયટીના સભ્યોની મિટીંગમાં હતાં ત્યારે મેઈન્ટેનન્સ બાબતે તેણે સવાલ ઉઠાવતાં અન્ય રહેવાસી ઉમેશ અને હિરેને તેને ઢીકાપાટુ મારતાં તેમના પત્નિ કૈલાસબેન વસંતસ્વામી (ઉ.વ.૪૨) વચ્ચે પડતાં બંનેએ તેણીને પાઈપથી માર મારતાં લોહીલુહાણ થઈ ગયા હતાં. જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જસદણ પોલીસને જાણ કરી હતી.



કિશોરભાઈના કહેવા મુજબ સોસાયટીમાં હાલમાં કોઈ પ્રમુખ નથી. વિવિધ પ્રશ્નો, મેઈન્ટેનન્સ અંગે મિટીંગ યોજાઈ હોઈ તેમાં પોતે પ્રશ્ન ઉઠાવતાં માથાકુટ થઈ હતી. પોતે દરજી કામ કરી ગુજરાન ચલાવે છે. (૧૪.૫)

■ છેલ્લા પાનાથી ચાલુ

સુરેન્દ્રનગરમાં ૨૩ કિન્નરોની ધરપકડ

રાઠોડ ઉર્ફે રૂપાદે નીતાદે કિન્નર ઘરે એકલા હતા તે દરમ્યાન અંદાજે ૨૦થી વધુ કિન્નરોએ આવી ફરિયાદીના ઘરના દરવાજા પર પથ્થરના ઘા ઝીંકી તેમજ દરવાજાને પાટા મારી તોડફોડ કરી હતી અને ફરિયાદીને ઘરની બહાર નીકળવા માટે ગાળો આપી હતી આથી ફરિયાદીએ આ મામલે મોબાઈલ દ્વારા પોતાના બહેનને અને અન્ય કુટુંબના માણસોને તેમજ પોલીસને જાણ કરતા પોલીસ કાફલો અને કુટુંમ્બના માણસો આવી જતા કિન્નરો નાસી છુટ્યા હતા.ત્યારબાદ ફરિયાદીએ ઘરની બહાર નીકળી તપાસ કરતા ઘરના દરવાજાને તેમજ ઘરની બહાર પડેલ પરિવારજનના ટુ વ્હીલર અને રીક્ષાને નુકશાન પહોંચાડયું હતું અને ઘરની બહાર લગાવેલ સીસીટીવી સામેના ભાગે દુકાનોના સીસીટીવીને તોડી નાંખ્યા હતા અને અંદાજે રૂા.૧.૨૫ લાખનું નુકશાન પહોંચાડયું હોવાનું સામે આવ્યું હતું.

સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા હતા. જ્યારે આ બનાવને પગલે એ-ડિવીઝન પોલીસે નુકશાન તેમજ તોડફોડ કરનાર કિન્નરને રાત્રે જ ઝડપી પાડી કાર્યવાહી હાથધરી હતી અને એ-ડિવીઝન સહિત બી-ડિવીઝન પોલીસ મથકે કિન્નરોને લઈ જવામાં આવ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ અંદાજે ૧૦ વર્ષ પહેલા તેમના ગુરૂ નિતાદેનું અવસાન થઈ ગયા બાદ સુરેન્દ્રનગર જીલ્લાની ગુરૂ ગાદી તેમની પાસેછે અને ચેલા તરીકે આ ગાદી સંભાળી રહ્યાં છે. જે કિન્નર સમાજના અમદાવાદના મેઈન ગુરૂ ભાવનાદે શારદાદેને ગમતું ન હોવાથી ફરિયાદીને અનુ.જાતિનો હોવાનું જણાવી આ ગાદી મળે નહિં તે બાબતે અવાર-નવાર કિન્નર સમાજના લોકોને હેરાન પરેશાન કરી ફરિયાદીને પણ જાતિ અપમાનીત કર્યા હતા.(૬.૭)

■ છેલ્લા પાનાથી ચાલુ

કોડીનારના પીપળી ગામે વિજ ચેકિંગ ટીમ ઉપર હૂમલોઃ ત્રણ કર્મચારી ઘાયલ

નીકળીને માનસિંગભાઈ તેમજ તેની સાથે બીજા કર્મચારી અજીતભાઈ રણછોડભાઈ મકવાણા રહેવાસી રાજુલા અને વિડીયોગ્રાફર હસમુખભાઈ સોલંકી રહેવાસી ઉના સહિતના ત્રણે ઉપર લાકડીથી હુમલો કરેલ.

દરમિયાન એસઆરપીનો જવાન વચ્ચે આવિજતા ઉપરોક્ત કર્મચારીઓ ને વધુ મારથી બચાવેલ અને વિડિઓ ગ્રાફરના કેમેરા ઉપર પણ લાકડી મારેલ આ દરમિયાન કર્મચારી ના મોબાઈલ ઝૂંટવી તેમાં થી ફોટા ડિલીટ કરેલ ત્યાંથી આ ત્રણેય કર્મચારી કોડીનારની સરકારી હોસ્પિટલે સારવાર માટે લાવેલ આ ઘટનાની જાણ સમગ્ર વિજ ટીમોનાં અધિકારીઓને થતા તમામ ટિમો કોડીનારની હોસ્પિટલે દોડી આવેલ અને પોલીસ ફરિયાદ ની તજવીજ હાથ ધરવામાં આવેલ.(૬.૧૦)

■ છેલ્લા પાનાથી ચાલુ

પાટડી પાસે અઢી લાખનો દારૂ ભરેલ કાર સાથે ઝડપાયો

કાર ચલાવનાર રાજુભાઈ તસાજી દેગામા (૨૧ વર્ષ) પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના તારાનગર ગામનો રહેવાસી છે. દારૂની બોટલોની કિંમત રૂ. ૨,૫૪,૪૦૦ છે. આ ઉપરાંત ૩ લાખની કાર અને રૂ. ૧૦,૦૦૦નો મોબાઈલ મળીને કુલ રૂ. ૫,૬૪,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ કામગીરીમાં પાટડી ઈન્ચાર્જ પીઆઈ ડી.કે.સોલંકી, ભારતસિંહ જાડેજા, દીપકભાઈ જયંતિભાઈ અને અનિલદાન ગઢવી સહિતનો પોલીસ સ્ટાફ સામેલ હતો. (૪.૨૫)

■ પ્રથમ પાનાથી ચાલુ

યુરોપ-મધ્ય પૂર્વ તીવ્ર ગરમીની લપેટમાંઃ તાપમાન ૫૦ ડિગ્રી

સ્થિત છે. રાષ્ટ્રીય વેધશાળા અનુસાર, ઉત્તર આફ્રિકાથી આવતા ગરમ પવનોએ આ પ્રદેશમાં ગરમીનું વાતાવરણ બનાવ્યું છે. આ કારણે તાપમાન સામાન્ય સરેરાશ કરતા ૧૦ ડિગ્રી વધુ નોંધાઈ રહ્યું છે. આ અઠવાડિયે સરેરાશ મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચવાની ધારણા છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં તે ૪૪ ડિગ્રી સુધી જઈ શકે છે. ગ્રીક અખબાર ધ નેશનલ હેરાલ્ડે તેને નરક કરતાં પણ ગરમ ગણાવ્યું.

આ ભારે ગરમી અને ભારે પવનને કારણે ગ્રીસમાં જંગલોમાં ભારે આગ લાગી છે. ક્રેટ ટાપુ પર લાગેલી આગને કારણે જંગલો અને ઓલિવના બગીચા બળીને રાખ થઈ ગયા, જેના કારણે હજારો લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી. તે જ સમયે, એથેન્સ નજીક બીજી આગ રહેણાંક વિસ્તારોમાં પહોંચી ગઈ છે.

તુર્કીમાં પણ પરિસ્થિતિ ગંભીર છે, જ્યાં ૨૬ જૂન પછીના ૧૦ દિવસમાં કુલ ૭૬૧ જંગલોમાં આગ લાગી હતી. પશ્ચિમ ઇઝમીર પ્રાંતમાં આગ લાગવાથી એક વૃદ્ધ વ્યક્તિ અને એક વન કર્મચારીનું મોત થયું હતું. સ્પેન અને ઈટાલી સહિત યુરોપના વિવિધ ભાગોમાં ગરમીને કારણે અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે.

આપણે હાલમાં એક શક્તિશાળી ઉચ્ચ-દબાણ પ્રણાલીના પ્રભાવ હેઠળ છીએ જે ઉત્તર આફ્રિકાથી આ પ્રદેશમાં આવતી ગરમ હવાને અવરોધી રહી છે. આની આપણા જીવન પર ઊંડી અસર પડી રહી છે, વિશ્વ હવામાન સંગઠનના પ્રવક્તા ક્લેર નુલિસે જણાવ્યું હતું.(૩૮.૯)

સરકારી કચેરીના નામે મોબાઈલ ઉપર apk ફાઈલ આવે તો સાવધાનઃ આરટીઓ apk ફાઇલ મોકલાવી ૧૦.૮૧ લાખ ઉપાડી લીધા

ઓન લાઈન ચીટરો સામે કડક સજાનો કાયદો જરૂરી, ડિજિટલ ઇન્ડિયામાં નિર્દોષ લોકો ભોગ બની મહેનતના રૂપિયા ગુમાવે છે

(વિનોદ ગાલા દ્વારા)ભુજ, તા.૨૨: સરકાર ડિજિટલ ઈન્ડિયાને જે રીતે પ્રોત્સાહન આપે છે એ રીતે ડિજિટલ ચીટરો સામે કડક સજાનો કાયદો કરી સખ્તાઈ દર્શાવે એ જરૂરી છે. કચ્છના અંજારમાં રહેતા અને ગાંધીધામમાં દુકાન ધરાવતા ભાર્ગવ જીતેન્દ્ર રાવલ સરકારી કચેરીના નામે આવેલ મેસેજથી ઓન લાઈન સાઈબર ક્રાઈમનો શિકાર બન્યા હતા. ગત ૧૨/૭ ના ભાર્ગવને અજાણ્યા નંબર ઉપરથી વ્હોટ્સ એપ ઉપર આરટીઓ ટ્રાફિક ચલણ ૫૦૦ **apk** લખેલી ફાઈલ આવી હતી. આ **apk** લખેલી ફાઈલ ફ્રોડ હોય છે પણ મોટાભાગના લોકો સરકારી કચેરીના નામના કારણે અને સરકારી લોગોના છેતરાય છે. આ ફાઈલ ભાર્ગવે ડાઉનલોડ કરતા ફાઈલ દ્વારા આધારકાર્ડ, મોબાઈલ નંબર, બેંક ડિટેઈલ્સ, બેંક ખાતાના પાસવર્ડ માંગવામાં આવ્યા હોઈ ભાર્ગવે મોબાઈલમાં જ આ માહિતી ભરી દીધી હતી. બસ તરત જ તેનો મોબાઈલ હેક થઈ ગયો અને બે બેંક ખાતામાંથી ૧૦ લાખ ૮૧ હજાર રૂપિયા ઉપડી ગયા. સાઈબર ઠગોએ સરકારી કચેરીના નામે ઓન લાઈન લૂંટ ચલાવી.આ યુવાને આ અંગે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે **apk** લખેલી ફાઈલથી સાવધ રહેવા અજાણ્યા શખ્સો ને ઓન લાઈન બેંકની વિગતો કે પાસવર્ડ નહીં આપવા અપીલ કરી છે.(૨૩.૩)

■ પ્રથમ પાનાથી ચાલુ

નાના કરદાતાને મળશે રાહત નહિ ભરવું પડે રિટર્ન

આ સમિતિમાં લોકસભાના કુલ ૩૧ સભ્યોનો સમાવેશ થાય છે, જેનો ઉદ્દેશ્ય બિલની સમીક્ષા કરવાનો અને તેને સુધારવા માટે સૂચનો આપવાનો હતો. સમિતિએ બિલ સંબંધિત ૩૨ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ભલામણો કરી છે. આમાં સામાન્ય કરદાતાઓ, મકાનમાલિકો, સ્ટાર્ટઅપ્સ, બિન-લાભકારી સંસ્થાઓ, નાના અને મધ્યમ ઉદ્યોગો, ધાર્મિક સંસ્થાઓ અને વિદેશી રોકાણકારો માટે મહત્વપૂર્ણ સૂચનોનો સમાવેશ થાય છે.

જો તમે મોડા **ITR** ફાઈલ કરશો તો પણ તમને રિફંડ મળશેઃ વર્તમાન ડ્રાફ્ટમાં નિયત તારીખ પછી રિટર્ન ફાઈલ કરવા પર **TDS** રિફંડ માટેની કોઈ જોગવાઈ નહોતી. જો કોઈ વ્યક્તિની કુલ આવક કરપાત્ર ન હોય, તો તેણે મોડી રકમ રિટર્ન ફાઈલ કરવા છતાં પણ તેને **TDS** રિફંડ મળવું જોઈએ.

પેન્શન કપાતમાં સ્પષ્ટતાં કલમ ૧૨૪(૩) માં આવી વ્યક્તિ દ્વારા એક મહત્વપૂર્ણ વાક્ય છોડી દેવામાં આવ્યું છે. આ નાની ભૂલ ભવિષ્યમાં મૂંઝવણ અને કર વિવાદનું કારણ બની શકે છે. આ ભલામણ સુનિશ્ચિત કરશે કે કપાત ફક્ત વ્યક્તિ દ્વારા પોતે કરેલા યોગદાન પર જ ઉપલબ્ધ છે અને અન્ય કોઈ સ્રોતમાંથી કરવામાં આવેલી ચુકવણી પર નહીં. આનાથી જોગવાઈઓમાં સ્પષ્ટતા અને પાલનમાં પારદર્શિતા વધશે.

સમિતિએ સરકારને ભલામણ કરી છે કે આવા કરદાતાઓ, જેમના પર કર ચૂકવવાનો અધિકાર નથી, પરંતુ તેમના પર **TDS** વસૂલવામાં આવ્યો છે, તેમને ફક્ત રિફંડનો દાવો કરવા માટે **ITR** ફાઈલ કરવાથી મુક્તિ આપવી જોઈએ. આવા કિસ્સાઓમાં કરદાતાને રાહત આપવા માટે, ફક્ત એક જ સરળ ફોર્મ ભરવાની જોગવાઈ હોવી જોઈએ.

સીબીડીટીને એવા લોકો માટે એક સરળ પ્રક્રિયા અથવા ફોર્મ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે જેઓ કર મર્યાદાથી નીચે છે અને ફક્ત ટીડીએસ રિફંડનો દાવો કરવાની જરૂર છે. ઘણી વખત બેંક અથવા નોકરીદાતા તેમનો **TDS** કાપી લે છે અને તેમની આવક ઓછી હોવા છતાં, તેમને રિફંડ માટે **ITR** ફાઈલ કરવું પડે છે.

હવે **ITR**ની જગ્યાએ એક સરળ ફોર્મ રજૂ કરવામાં આવશે. આ ફોર્મ-૨૬**AS** માં દેખાતા **TDS** આંકડાઓના આધારે તૈયાર કરવામાં આવશે. કરદાતા ફોર્મ-૨૬**AS** ના આધારે નવું ક્લેમ ફોર્મ ભરીને જ પોતાનું રિફંડ મેળવી શકે છે.

ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન આપવુઃ કલમ ૧૮૭ હાલમાં એવા વ્યવસાયિક એકમોને લાગુ પડે છે જેમની વાર્ષિક આવક ૫૦ કરોડ રૂપિયાથી વધુ હોય. આ એકમો માટે ડિજિટલ માધ્યમથી ગ્રાહકો પાસેથી ચુકવણી સ્વીકારવી ફરજિયાત છે. આ કલમમાં વ્યવસાયની સાથે વ્યવસાય શબ્દ ઉમેરવાનું સૂચન છે. આ સાથે, ડિજિટલ ચુકવણીની જરૂરિયાત ડોકટરો, વકીલો, સીએ, સલાહકારો જેવા વ્યાવસાયિકોને પણ લાગુ પડશે.(૨૩.૫)

■ પ્રથમ પાનાથી ચાલુ

રક્ષાબંધન પહેલા કેન્દ્રીય કર્મચારીઓને મળશે ડીએના ગુડ ન્યૂઝ

DR આપવામાં આવે છે.

કામદારો માટે મોંઘવારી ભથ્થું ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ ફોર ઈન્ડસ્ટ્રિયલ વર્કર્સના આધારે ગણવામાં આવે છે. AICPI-IW ઈન્ડેક્સ દેશના ૮૮ ઔદ્યોગિક કેન્દ્રોમાં ૩૧૭ બજારોમાંથી એકત્રિત કરાયેલા છૂટક ભાવોના આધારે બહાર પાડવામાં આવે છે. દર મહિને શ્રમ અને રોજગાર મંત્રાલય સાથે જોડાયેલ લેબર બ્યુરો કામદારો માટે ફુગાવો કેટલો વધ્યો છે કે ઘટ્યો છે તેની માહિતી આપે છે અને પછી તેના આધારે મોંઘવારી ભથ્થું કેટલું વધારવું જોઈએ તે નક્કી કરવામાં આવે છે.

વિગતો મુજબ માર્ચ ૨૦૨૫માં ફુગાવાનો મીટર AICPI-IW ૧૪૩ પર હતો જે મે સુધીમાં વધીને ૧૪૪ થઈ ગયો. આ મુજબ મોંઘવારી ભથ્થું ત્રણથી ચાર ટકા વધી શકે છે. સરકાર છેલ્લા ૧૨ મહિનાના CPI-IW ડેટાના સરેરાશ અને ૭મા પગાર પંચ હેઠળ આપેલા ફોર્મ્યુલાના આધારે DA ની ગણતરી કરે છે.

મોંઘવારી ભથ્થું (%) = [(૧૨-મહિનાનો સરેરાશ CPI-IW – 261.42) ÷ 261.42] × 100

અહીં ૨૬૧.૪૨ એ ૭મા પગાર પંચ હેઠળ ધ્યાનમાં લેવાયેલ સમય આધાર છે.

આ તરફ મે ૨૦૨૫ માટે CPI-IW ડેટા હજુ સુધી સંપૂર્ણ રીતે બહાર પાડવામાં આવ્યો નથી પરંતુ ફુગાવાના નવા વલણ પરથી એક અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. શ્રમ મંત્રાલય અનુસાર કૃષિ અને ગ્રામીણ કામદારો માટે છૂટક ફુગાવો મે ૨૦૨૫ માં અનુક્રમે ૨.૮૪ ટકા અને ૨.૯૭ ટકા થયો, જે એપ્રિલમાં ૩.૫ ટકા હતો. CPI-AL અને CPI-RL બંને નજીવા ઘટાડા સાથે ૧૩૦૫ અને ૧૩૧૯ પોઈન્ટ પર પહોંચ્યા, જે ગ્રામીણ ફુગાવામાં ઘટાડો દર્શાવે છે.

અહીં એ પણ ખાસ નોંધનીય છે કે, મોંઘવારી ભથ્થાની ગણતરી માટે CPI-AL અને CPI-RLનો સીધો ઉપયોગ થતો નથી પરંતુ તે વ્યાપક ફુગાવાના વલણો દર્શાવે છે જે CPI-IW માં પણ પ્રતિબિંબિત થઈ શકે છે. જો આગામી મહિનાઓમાં CPI-IW સ્થિર રહે છે અથવા થોડો વધે છે તો સરકાર મોંઘવારી ભથ્થામાં ૩-૪ ટકાનો વધારો મંજૂર કરી શકે છે. જેનાથી મોંઘવારી ભથ્થું ૫૮ ટકા અથવા ૫૯ ટકા થઈ જશે. જૂન ૨૦૨૫ માટે CPI-IW ડેટા જાહેર થયા પછી જ અંતિમ વધારો જાણી શકાશે. (૨૨.૪)

■ પ્રથમ પાનાથી ચાલુ

રાજકીય વાવાઝોડુ ઉભુ કરતું ઉપરાષ્ટ્રપતિનું રાજીનામું

પહેલા દિવસના સમાપનના થોડા કલાકો પછી જગદીપ ધનખડના રાજીનામાથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. વિપક્ષ તેમનું રાજીનામું પચાવી શકતું નથી. જગદીપ ધનખરના આ નિર્ણયના સમય અંગે ઘણા પ્રશ્ને ઉભા થઈ રહ્યા છે. પ્રશ્ન એ છે કે પહેલા દિવસના સત્ર પછી તેમણે રાજીનામું કેમ આપ્યું? જો તેમને પોતાના સ્વાસ્થ્યની ચિંતા હોત, તો શું તેઓ સંસદના ચોમાસુ સત્ર પહેલાં આપી શક્યા હોત? જો તેમણે રાજીનામું આપવાનું મન બનાવી લીધું હોય, તો પણ તેમણે ચોમાસુ સત્રનો પહેલો દિવસ કેમ પસંદ કર્યો? શું આ રાજીનામા પાછળ ખરેખર સ્વાસ્થ્ય કારણ છે કે કોઈ રાજકારણ?

રાજીનામા પર વિપક્ષ કેમ સવાલો ઉઠાવી રહ્યો છે? : કોંગ્રેસ માને છે કે ઉપરાષ્ટ્રપતિ ધનખર સ્વસ્થ છે. કોંગ્રેસના અખિલેશ પ્રસાદ સિંહ, પ્રમોદ તિવારી અને જયરામ રમેશે સોમવારે સાંજે ૫.૪૫ કલાકે જગદીપ ધનખડ દ્વારા ઉપરાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. તેમના મતે ઉપરાષ્ટ્રપતિ સ્વસ્થ હતા. વિપક્ષના આ દાવા પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ઘણા નિષ્ણાતો અને વિપક્ષી નેતાઓ જગદીપ ધનખરના સ્વાસ્થ્યના દાવાઓ પર શંકા વ્યક્ત કરી રહ્યા છે. હકીકતમાં, જગદીપ ધનખડે રાજીનામું આપ્યાના થોડા કલાકો પહેલા વિપક્ષી સાંસદોને મળ્યા હતા અને સંસદની કાર્યવાહી ચલાવી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ફરિયાદ વ્યક્ત કરી ન હતી.

રાજીનામા પર શંકા કેમ કરવામાં આવી રહી છે? : આ ઉપરાંત, ૨૩ જુલાઈના રોજ જગદીપ ધનખરની જયપુર મુલાકાત પણ પ્રસ્તાવિત હતી, જે રદ કરવામાં આવી ન હતી. એક યોગ્ય પ્રેસ રિલીઝ બહાર પાડવામાં આવી હતી. કોંગ્રેસના નેતા જયરામ રમેશ કહે છે કે તેઓ સાંજે ૫ વાગ્યા સુધી તેમની સાથે હતા અને સાંજે ૭:૩૦ વાગ્યે ફોન પર વાત કરી હતી. તેમનું અચાનક રાજીનામું ફક્ત સ્વાસ્થ્યના કારણોસર મર્યાદિત હોય તેવું લાગતું નથી. તે જ સમયે, કેટલાક નેતાઓએ અનુમાન લગાવ્યું હતું કે આ ટોચના નેતૃત્વ સાથેના કેટલાક સંઘર્ષનું પરિણામ હોઈ શકે છે. સોમવારે સાંજે ૬-૭ વાગ્યા સુધી જગદીપ ધનખર સંપૂર્ણપણે સક્રિય હતા તે અંગે પ્રશ્ને ઉભા થઈ રહ્યા છે. પણ ત્રણ કલાકમાં અચાનક એવું શું થયું કે તેમને રાજીનામું આપવું પડ્યું?

જગદીપ ધનખડનું અચાનક રાજીનામું પચાવી ન શકાય તેવા ઘણા કારણો છે.

પ્રજો ખરું કારણ સ્વાસ્થ્ય હતું, તો તેમણે સંસદ સત્ર પહેલાં રાજીનામું કેમ ન આપ્યું? જગદીપ ધનખડે પોતાના રાજીનામા માટે સ્વાસ્થ્ય કારણો આપ્યા હતા, પરંતુ તે દિવસે તેઓ સંસદમાં સક્રિય હતા અને તેમણે કોઈ સ્વાસ્થ્ય સમસ્યા વ્યક્ત કરી ન હતી.

ચોમાસુ સત્રના પહેલા દિવસ પછી જગદીપ ધનખડનું રાજીનામું આવ્યું. જો તેની તબિયત ખરેખર એટલી ખરાબ હતી તો તે આખો દિવસ આટલો સક્રિય કેવી રીતે દેખાતો હતો? જો તેમનો નિર્ણય પૂર્વઆયોજિત હતો તો તેમણે સંસદ સત્રમાં કોઈ સંકેત કેમ ન આપ્યો?

પ્રજગદીપ ધનખરની મુલાકાત ૨૩ જુલાઈના રોજ પ્રસ્તાવિત હતી. શું આનો અર્થ એ છે કે આ બધું અચાનક બન્યું નથી?

- શું કોઈ મુદ્દા પર સરકાર સાથે સંઘર્ષનું કારણ હતું? શું ધનખર ખેડૂતોના મુદ્દા પર સરકારથી નારાજ હતા?

કેટલો કાર્યકાળ બાકી હતો?

જોકે, ધનખડના રાજીનામા બાદ આજે સંસદ સત્ર કેવું રહેશે તેના પર બધાની નજર રહેશે. જગદીપ ધનખર ૭૪ વર્ષના છે. ધનખડે ઓગસ્ટ ૨૦૨૨ માં ઉપરાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો અને તેમનો કાર્યકાળ ૨૦૨૭ સુધીનો હતો. આ પહેલા તેઓ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ હતા. તેમના કાર્યકાળ દરમિયાન, તેમના સ્પષ્ટવક્તા નિવેદનો અને વિપક્ષ સાથેના તણાવ ઘણીવાર હેડલાઈન્સ બનાવતા હતા. રાજ્યસભામાં વિપક્ષે તેમના પર પક્ષપાતનો આરોપ પણ લગાવ્યો હતો. હાલમાં, તેમણે તેમના કાર્યકાળના બે વર્ષ બાકી હોવાથી રાજીનામું આપી દીધું છે.

હવે કામ કોણ સંભાળશે? : હવે બધાની નજર આગામી ઉપરાષ્ટ્રપતિ કોણ બનશે તેના પર છે. ભારતીય બંધારણ મુજબ, ૬૦ દિવસની અંદર નવા ઉપરાષ્ટ્રપતિની પસંદગી કરવી ફરજિયાત છે. ત્યાં સુધી, રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહ કાર્યકારી અધ્યક્ષની જવાબદારી સંભાળશે. જગદીપ ધનખરના રાજીનામાથી માત્ર રાજકીય ચર્ચાઓ જ નહીં, પણ સંસદ સત્રના સંચાલન પર પણ પ્રશ્નો ઉભા થયા છે.(૨૩.૧૨)

તળાજા-૩, ઘોઘા-મોટા વડાળામાં દોઢ, સુરેન્દ્રનગરમાં ૧ ઇંચ વરસાદ

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળછાંયુ વાતાવરણ યથાવત: ૩ કયાંક હળવો તો કયાંક ભારે વરસતો વરસાદ

રાજકોટ તા. ૨૨ :.. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવો ભારે વરસાદ વરસી રહ્યો છે. ભાવનગરના તળાજામાં ૩, ઘોઘામાં દોઢ, જામનગરના મોટા વડાળામાં દોઢ, સુરેન્દ્રનગરમાં ૧ ઈંચ વરસાદ વરસ્યો છે.

ભાવનગર

(મેઘના વિપુલ હીરાણી) ભાવનગર :.. ભાવનગર જિલ્લામાં વરસાદી માહોલ ઊભો થયો છે. છેલ્લા કેટલા દિવસના વિરામ બાદ ફરી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. આજે તળાજામાં બપોરે ધોધમાર ત્રણ ઈંચ વરસાદ ખાબકયો હતો. ઘોઘામાં દોઢ જ વરસાદ પડયો છે. જ્યારે અન્ય તાલુકામાં પણ અડધાથી પોણો ઈંચ વરસાદ પડયો છે .

ગોહિલવાડ પંથકમાં આજે તળાજામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. ત્રણ ઈંચ વરસાદથી ઠેર ઠેર માર્ગો માં પાણી વહેતા થયા હતા.

આજે સાંજના ૬ વાગ્યા સુધીમાં ભાવનગર જિલ્લામાં વલભીપુરમાં ૧૨ , ઉમરાળા ૧૩,ભાવનગર શહેર ૨, ઘોઘા ૩૨,સિહોર ૧૬, ગારીયાધાર ૩, પાલીતાણા ૫ અને સિહોર માં ૭૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

આજે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૨.૭ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે લઘુતમ તાપમાન ૨૭.૪ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

જામનગર

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર : જામનગર જીલ્લાનાં કાલાવડ તાલુકાના મોટા વડાળામાં દોઢ ઈંચ, ખરેડીમાં સવા ઈંચ તથા નિકાવા, નવાગામમાં પોણો અને ભલસાણ બેરાજામાં અડધો ઈંચ વરસાદ પડયો છે. જયારે પરડવામાં પોણો ઈંચ વરસાદ થયો છે.

આ ઉપરાંત કાલાવડ અને લાલપુરમાં અડધો ઈંચ તથા જામનગર અને જામજોધપુરમાં ઝાપટા પડયા છે.

ઉપલેટા

(કૃષ્ણકાંત ચોટાઈ દ્વારા) ઉપલેટા :.. ઉપલેટા ગ્રામ્યમાં બે થી ત્રણ જોરદાર વરસાદ ઉપલેટા તાલુકાની ના ભાયાવદર નવા કલારીયા ભાખ તથા ખીરસરા ચેટીયા ગામોમાં બે થી ત્રણ દિવસ વરસાદ પડેલ છે તાલુકાના મોજ ડેમ ઉપર ૫૦મી મી વરસાદ નોંધાયેલ છે ડેમની સપાટી ૩૭.૩૦ હતી જે વધીને ૩૮.૩૦ થયેલ છે જ્યારે તાલુકાના વેણુ ૨ ડેમ હાલ ઓવરફલો છે એક પાર્ટી એક ફૂટ ખોલવામાં આવેલ છે ઉપલેટા સિટીનો ત્રણ મીમી વરસાદ નોંધાયેલ હતો.

સુરેન્દ્રનગર

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ :.. સુરેન્દ્રનગર જિલ્લામાં દિવસની શરૂઆત આકરા તડકા બફારા અને વાદળછાયા વાતાવરણ વચ્ચે થઈ હતી. જેમાં મોડી સાંજે સુરેન્દ્રનગરમાં ૧ ઈંચ અને મૂળી, સાયલામાં ઝરમર વરસાદ થયો હતો. જ્યારે અન્ય તાલુકા કોરા રહ્યા હતા. સોમવારે લઘુતમ તાપમાન ૨૭અને મહત્તમ ૩૪.૩ ડિગ્રી નોંધાયું હતું. સોમવારે પણ સવારથી શરૂઆત વાદળછાયા વાતાવરણ વચ્ચે થઈ પરંતુ વરસાદ થયો ન હતો.

પરંત સમી સાંજે વાતાવરણમાં પલટા સાથે ૧ કલાકમાં ૧ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. રાત્રી ૮ સુધીમાં વઢવાણમાં ૨૩, મૂળીમાં ૫, સાયલામા ૬ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે અન્ય તાલુકા કોરા રહ્યા હતા. સોમવારે લઘુતમ તાપમાન લઘુતમ તાપમાન ૨૭ અને મહત્તમ ૩૪.૩ ડિગ્રી નોંધાયું જ્યારે ૮ કિમી અને હવામાં ભેજ ૮૯ ટકા નોંધાયો હતો. જેમાં લોકોએ સવારથી સાંજ સુધીમાં ૭.૩ ડિગ્રી તાપમાન ફેરફાર અનુભવ્યો હતો. (૫-૧૧

રાજ્યભરમાં મેઘરાજાની અવિરત મહેર..પૂર્વ અને મધ્ય ગુજરાતમાં ૫ ઇંચ ઉત્તર ગુજરાતમાં ૨.૫ ઇંચ દક્ષિણ ગુજરાતમાં ૨ ઇંચ તો કચ્છ પંથકમાં ઝાપટા

આજે સવારથી દક્ષિણ ગુજરાત પંથકમાં મેઘો ઓળઘોળ: ઉકાઇ ડેમની જળસપાટી ૩૨૫.૭૫ ફૂટે મધુવન ડેમના ૨ દરવાજા ખુલ્લા

(જીતેન્દ્ર રૂપારેલિયા)વાપી: ચોમાસાની આ સીઝનમાં મેઘરાજા વનડે બેટિંગ કરી રહ્યા છે ગુજરાતના તમામ વિસ્તારોમાં વારા ફરતી વારા ન્યાય કરતા હોય તેમ જણાય છે.

દક્ષિણ ગુજરાત હોય કે હોય સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત હોય કે હોય મધ્ય ગુજરાતમાં કે પછી કચ્છ પંથક હોય મેઘરાજા જાણે કોઈને અન્યાય ના થાય તેવા ટાર્ગેટ સાથે શરૂવાત થી જ વરસી રહ્યા છે, છેલ્લા ૨૪ કલાકમાં પૂર્વ અને મધ્ય ગુજરાતમાં ૫ ઈંચ, ઉત્તર ગુજરાતમાં ૨.૫ ઈંચ, દક્ષિણ ગુજરાતમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે તો કરછ પંથકમાં માત્ર ઝાપટા નોંધાયા છે.

સુરત પંથકના ઉકાઈ ડેમની જળસપાટી આજે સવારે ૮ કલાકે ૩૨૫.૭૩ ફૂટે પહોંચી છે જ્યારે દક્ષિણ ગુજરાતના છેવાડા ના દમણગંગા નદીના મધુવન ડેમની જળસપાટી આજે સવારે ૮ કલાકે ૭૧.૬૫ મીટરે પહોંચી છે, ડેમના ૨ દરવાજા ૦.૪૦ મીટર ખુલ્લા છે ડેમમાં ૪૧૮૪ ક્યુસેક પાણીના ઈન્ફ્લો સામે ૩૮૧૪ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે, આજે સવાર થી મેઘરાજા દક્ષિણ ગુજરાત પંથક માં હેત વરસાવી રહ્યા છે.

ફલડ કંટ્રોલ પાસે થી મળતી માહિતી અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ વરસાદના મુખ્યત્વે આંકડાને જોઈએ તો ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં ૧૨૧ મીમી, સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં ૬૮ મીમી, નવસારી અને વિસનગર ૫૨ મીમી, દાંતીવાડા ૪૫ ૨૫ મીમી વરસાદ નોંધાયો છે. આ મીમી, અંકલેશ્વર ૪૪ મીમી, ઉમરગામ ૪૨ મીમી, જલાલપોર ૩૭ મીમી, શિનોર ૩૬ મીમી, બાલાસિનોર ૩૩ મીમી, પ્રાંતિજ ૩૧ મીમી વરસાદ નોંધાયો છે. મેઘરાજા દક્ષિણ ગુજરાતના નવસારી, પલસાણા ૨૯ મીમી, ડીસા ૨૭ મીમી, ભિલોડા ૨૬ મીમી, અને ઝઘડિયા ૨૩, મૂળીમાં ૫, સાયલામા ૬ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે અન્ય તાલુકા કોરા રહ્યા હતા. સોમવારે લઘુતમ તાપમાન લઘુતમ તાપમાન ૨૭ અને મહત્તમ ૩૪.૩ ડિગ્રી નોંધાયું જ્યારે ૮ કિમી અને હવામાં ભેજ ૮૯ ટકા નોંધાયો હતો. જેમાં લોકોએ સવારથી સાંજ સુધીમાં ૭.૩ ડિગ્રી તાપમાન ફેરફાર અનુભવ્યો હતો. (૫-૧૧

ચોટીલામાં પાણી વેંચતા યુવાન મનોજ પર ત્રણ શખ્સોનો ધારીયાથી હુમલો

સાથેના મિત્ર પાસે ત્રણ શખ્સ અજય, વિજય અને આકાશે દારૂ પીવા પૈસા માંગી ડખ્ખો કરતાં મનોજ વચ્ચે પડતાં તેના ઘર ઘા



રાજકોટ તા. ૨૨: ચોટીલામાં રહેતાં યુવાન પર સાંજે બે શખ્સે લાકડી, ધારીયાથી હુમલો કરતાં લોહીલુહાણ થઈ જતાં ચોટીલા સારવાર અપાર્વી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ચોટીલા મફતીયાપરા શેરી નં. ૩માં રહેતો મનોજ બહાદુરભાઈ ભોજવીયા (ઉ.વ.૨૫) સાંજે સાતેક વાગ્યે ઘર નજીક મિત્ર વિજય સોલંકી સાથે ચાલીને જઈ રહ્યો હતો ત્યાર ત્રણ શખ્સો અજય, વિજય તથા આકાશે મનોજના મિત્ર વિજયને આંતરી તેની પાસે દારૂ પીવા પૈસા માંગતા તેણે ના પાડતાં આ ત્રણેયએ તેને ઢીકાપાટુ મારવાનું ચાલુ કર્યુ હતું. જેથી મનોજ મિત્રને છોડાવવા વચ્ચે પડતાં તેના પર ધારીયા લાકડીના ઘા થયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરતાં આક્ષેપો અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. (૧૪.૫)

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૨ તાલુકાઓમાં મેઘરાજાની જમાવટ: ખેડાના કપડવંજમાં સૌથી વધુ પાંચ ઇંચ

તળાજા ૩.૧, તલોદ ૨.૭, તાલાલા ૩.૧૧, તલોદ ૨.૭, વઢવાણ ૨.૯, નવસારીમાં ૨.૫ ઇંચ

અમદાવાદ: ગુજરાતમાં ફરી એકવાર મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૩૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો છે. છેલ્લા બે દિવસથી રાજ્યના મોટાભાગના તાલુકાઓમાં મધ્યમથી ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે અને જનજીવન પણ પ્રભાવિત થયું છે. ખેડાના કપડવંજમાં સૌથી વધુ ૪.૮ ઈંચ વરસાદ નોંધાયો છે. તો તળાજામાં ૩.૧ ઈંચ અને તલોદમાં ૨.૭ ઈંચ વરસાદ પડ્યો છે.

જ્યારે અન્ય તાલુકાની વાત કરવામાં આવે તો તાલાલામાં ૩.૧૧ ઈંચ, તલોદમાં ૨.૭ ઈંચ, વઢવાણમાં ૨.૦૯ ઈંચ, નવસારીમાં ૨.૦૫ ઈંચ, વિસનગરમાં ૨.૦૫ ઈંચ, દાંતીવાડામાં ૧.૭૭ ઈંચ, અંકલેશ્વરમાં ૧.૭૩ ઈંચ, ઉમરગામમાં ૧.૬૫ ઈંચ, ગઢડામાં ૧.૬૫ ઈંચ, જલાલપોરમાં ૧.૪૬ ઈંચ, સિનોરમાં ૧.૪૨ ઈંચ, બાલાસિનોરમાં ૧.૩૦ ઈંચ અને ઘોઘામાં ૧.૩૦ ઈંચ વરસાદ સરકારી ચોપડે નોંધાયો છે.

હવામાન વિભાગે ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. મોન્સૂન ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે રાજ્યભરમાં વરસાદી માહોલ જામશે.

આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી: બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, ખેડા, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, વલસાડ, નવસારી, તાપી, અમરેલી અને બોટાદ જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે.

મધ્યમ વરસાદની આગાહી: અમદાવાદ અને ગાંધીનગર જેવા શહેરોમાં મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગાજવીજ સાથે વરસાદની શક્યતા: કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની પણ સંભાવના છે, જેને ધ્યાનમાં રાખીને લોકોને સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

માછીમારોને સૂચના: વરસાદી માહોલ અને દરિયામાં પ્રવર્તતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને આગામી સમય માટે દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ છે, કારણ કે આ વરસાદ ખરીફ પાક માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે. જોકે, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સંભાવના હોવાથી સ્થાનિક તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.(૪૦.૧૮)

શાપર-વેરાવળ અને ભાયાવદરના મોટી પાનેલી ગામે જૂગારના દરોડા: ૧૧ પકડાયા



તસ્વીરમાં શાપર-વેરાવળમાં જૂગાર રમતા પકડાયેલ શખ્સો નજરે પડે છે.

રાજકોટ તા. ૨૨ :.. શાપર-વેરાવળ અને ભાયાવદરના મોટી પાનેલી ગામે જૂગાર રમતા ૧૧ શખ્સોને પોલીસે ઝડપી લીધા હતાં.

પ્રથમ દરોડામાં શાપર (વે.) પોલીસ સ્ટેશનના પો. ઈ. આર. બી. રાણાની રાહબરી હેઠળ સર્વેલન્સ સ્કોડના માણસો પો. સ્ટે. વિસ્તારમાં પ્રોહી-જૂગાર ડ્રાઈવ અનુસભાને પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન વેરાવળ શાપર હાઉસિંગ બોર્ડની સોસાયટી અંદર જાહેરમાં જૂગાર રમતા (૧) વલીમામદ હાસમભાઈ નોઠડા રહે. રાજકોટ, (૨) યુસુફ હુસેનભાઈ ઠેબા રહે. વેરાવળ(શા.) સર્વોદય સોસાયટી શેરી નં. ૭, (૩) અલારખા હુસેનભાઈ હાલા રહે. રાજકોટ કોઠારીયા સોલવંટ રસુલપરા મસ્જીદની પાછળ, રાજકોટ, (૪)રફીક હુસેનભાઈ દલ રહે. રાજકોટ ૧૫૦ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ રાજકોટ તથા (૫) ફીરોજ ઈસ્માઈલભાઈ ઠેબા રે. વેરાવળ (શાપર) ગામે સર્વોદય સોસાયટી તથા ગંજીપતા સાથે ઝડપી લીધા હતાં.

આ કામગીરી શાપર-વેરાવળ પો. સ્ટે. ના એ. એસ. આઈ. દિવ્યરાજસિંહ સરવૈયા, પો. હે. કો. રાજેશભાઈ બાયલ, દિનેશભાઈ ખાટરીયા, તો. કો. જગશીભાઈ ઝાલા, વિમલભાઈ વેકરીયા, મનસુખભાઈ ચૌહાણ તથા દિવ્યેશભાઈ શામળાનાઓ દ્વારા કરવામાં આવેલ છે.

બીજા દરોડામાં ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર વી. સી. પરમારના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે, મોટી પાનેલી ગામે ટાવર વાળી શેરીમાં નરશી રૂખડભાઈ વરાણીયાના મકાનના આંગણામાં ખુલ્લામાં અમુક ઈસમો જાહેરમાં ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમે છે જે બાતમી અન્વયે રેઈડ કરી જુગાર રમતા (૧) નરસિંહ રૂખડભાઈ વરાણીયા, રહે. મોટી પાનેલી જુનો કોળીવાસ, (૨) અનીલ મગનભાઈ બારૈયા, રહે. મોટી પાનેલી ગામ મસ્જીદ પાસે, (૩) વિજય વિઠ્ઠલભાઈ સોલંકી, રહે. મોટી પાનેલી ગામ કોળીવાસ, (૪) જયેશ પોપટભાઈ ચોટાઈ, લોહાણા રહે. મોટી પાનેલી ગામ જલારામ મંદિર પાસે, (૫) હીરજી દેવાભાઈ વધેરા, રહે. સીદસર ગામ મંદીર રોડ, તા. જામ જોધપુર તથા (૬) ભાવેશ બાબુભાઈ પાટડીયા, રહે. મોટી પાનેલી ગામ કોળી વિસ્તારને રોકડા રૂપિયા ૧૧,૮૭૦/- તથા ગંજીપતા સાથે ઝડપી લીધા હતા.

આ કામગીરી ભાયાવદર પો. સ્ટે.ના એએસઆઈ રોહીતભાઈ વાઢેળ, પો.કોન્સ. શકિતસિંહ વિક્રમસિંહ જાડેજા, પો.કોન્સ. હીમાંશુભાઈ દેવાભાઈ હુણ તથા (૫) પો.કોન્સ. મહેશભાઈ મખાભાઈ ગમારા સહિતના સ્ટાફે કરી હતી. (૫-૧૨)

ઉપલેટાના વેપારી સાથે ૭૯.૭૧ લાખની છેતરપીંડી

હાર્ડ વર્ક ના કરો સ્માર્ટ વર્ક કરો તેમ કહી વેપારી સંજયભાઇ દદાણીયાને રોકાણના બહાને દહેરાદુનની પ્રીતી ગુપ્તાએ શિશામાં ઉતારી દીધા

પહેલા ૩૮ લાખ ટ્રાન્સફર કરાવી લીધા બાદમાં નફા માટે ટેક્ષના ૪૧.૭૧ લાખ જમા કરાવી ફેસબુક અને વોટસએપમાં બ્લોક કરી દીધા

રાજકોટ તા. ૨૨: ઉપલેટાના યાર્ડના વેપારી સાથે રોકાણના બહાને દહેરાદુનની મહિલાએ ૭૯.૭૧ લાખની છેતરપીંડી કરતા પોલીસમાં ફરીયાદ થઈ છે.

મળતી વિગતો મુજબ ઉપલેટા આદર્શ શેરી વલ્લભ ટાવર બ્લોક નં. ૩૦૧માં રહેતા અને ઉપલેટા યાર્ડમાં કમીશન એજન્ટની પેઢી ધરાવતા સંજયભાઈ રમણીકભાઈ દદાણીયાએ પ્રીતી ગુપ્તા રે. દહેરાદુન સામે ઉપલેટા પોલીસ મથકમાં ફરીયાદ કરી છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ મહિલા આરોપીએ ફરિયાદીને ફેસબુકમાં ફ્રેંડ રીકવેસ્ટ મોકલી વોટ્સએપમાં નુબર આપી પોતે **AARAV BOUTIQUE & COSMETIC** નામનો મોલ ચલાવે છે તેવી ખોટી વાત કરી **BGC BRRICK** નામની એપ્લીકેશનમાં પૈસા રોકાણ કરવાનું કહી આરોપીએ પોતાના **BGC BRRICK** એપ્લીકેશનના યુજરનેમ પાસવર્ડ આપી અલગ અલગ તારીખે અલગ અલગ એકાઉન્ટમાં રૂ. ૩૮,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી તેમાંથી થયેલ નફાની રકમ વિડ્રોલ કરવા ટેક્ષ તથા કંવર્જેશન ચાર્જના બાને બીજા રૂ. ૪૧,૭૧,૦૬૮/- અલગ અલગ એકાઉન્ટમાં આર.ટી.જી.એસ. તથા એન.ઈ.એફ.ટી.થી ટ્રાન્સફર કરાવી વધુ પૈસા કમાવવાની લાલચ આપી કુલ રૂા. ૭૯,૭૧,૦૬૮/-ની ફરીયાદી સાથે વોટસએપ તથા ફેસબુકથી સાયબર ફોડ કર્યો હતો.

દહેરાદુનની મહિલાએ ૭૯.૭૧ લાખ ટ્રાન્સફર કરાવી લીધા બાદ મુદલ રકમ તથા નફાની રકમ પરત ન આવતા વેપારીએ મહિલાને જાણ કરતા મહિલાએ તેના ફોનમાં વેપારીને ફેસબુકમાં તથા વોટસએપમાં બ્લોક કરી દીધેલ. વેપારીએ મુદલ રકમ તથા નફા માટે પોતાના ઘરેણા ઉપર લોન લઈ મહિલાને રૂપિયા આપ્યા હતા.

આ ફરીયાદ અન્વયે ઉપલેટા પોલીસે મહિલા આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૩૧૮(૪) તથા આઈટી એકટ કલમ મુજબ ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે. (૭.૨૨)

જલ હૈ તો કલ હૈ: ગુજરાતમાં ૫૪.૧૪ ટકા વરસાદ: ૫૯.૩૯ ટકા જળસંગ્રહ

રાજયના ૨૮ ડેમો આખા ભરાયા: સૌરાષ્ટ્રમાં સરેરાશ ૫૩.૪૮ ટકા વરસાદ : ખેતીની દ્રષ્ટિએ ૧૬ આની વરસની આશા



રાજકોટ, તા., ૨૨ : ગુજરાતમાં ચોમાસુ મોસમના અડધા પંથે પહોંચ્યું છે. રાજયમાં આજે સવાર સુધીમાં સરેરાશ ૪૭૭.૪૭ એમ.એમ. (૧૯ ઈંચ) વરસાદ પડી ગયો છે. તે ટકાવારીની દ્રષ્ટિએ ૫૪.૧૪ ટકા થાય છે. વરસાદના કારણે તળાવો , ડેમોમાં નવા નીરની આવક થઈ છે. નર્મદા સહિતના ડેમોમાં મળી કુલ ૫૯.૩૯ ટકા જળભંડાર એકત્ર થયો છે.

ગુજરાતના બધા જ (૨૫૧) તાલુકાઓમાં વરસાદ થઈ ગયો છે. ૧૮ તાલુકાઓમાં અત્યાર સુધીમાં ૪૦ ટકાથી વધુ વરસાદ પડયો છે. ૧૩૮ તાલુકાઓમાં ૧૦ થી ૨૦ ઈંચ વરસાદ પડયો છે. ૩૫ તાલુકાઓમાં ૫ થી ૧૦ ઈંચ વરસાદ પડયો છે. જુનના સરેરાશ ૩૦૩ એમ.એમ. વરસાદ પડેલ. જુલાઈની તા. ૨૨ ની સવાર સુધીમાં ૧૭૪ એમ.એમ. વરસાદ નોંધાયો છે. હજુ અનેક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ છે.

કચ્છમાં ૬૩.૮૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૩.૩ ટકા, મધ્યમાં ૫૦.૭૩, દક્ષિણમાં ૫૬.૮૨ અને સૌરાષ્ટ્રમાં ૫૩.૪૮ ટકા વરસાદ નોંધાયો છે. આખા ગુજરાતનો ૫૪.૧૪ ટકા વરસાદ થયો છે. ૫૭.૩૬ ટકા જળસંગ્રહ થયો છે. નર્મદામાં ૪૯.૬૭ ટકા પાણી ભરાયું છે. આ આંકડા લાઈવ જથ્થાના છે. રાજયના ૨૦૭ માંથી ૨૮ ડેમો સૌરાષ્ટ્રના છે. હજુ ચોમાસાનો દોઢ-બે મહિના જેટલો સમયગાળો બાકી છે. આગામી દિવસોમાં વધુ વરસાદ વરસવાનો વર્તારો છે. ખેતીની દ્રષ્ટિએ પણ વરસાદ આશાસ્પદ છે. (૪.૨૬)

મવડી-પાળ-રાવકી-માખાવડ રોડના પુલનું નિરીક્ષણ કરતા ભાનુબેન બાબરીયા

લોધીકા તાલુકામાં નિર્માણધીન બ્રિજની કામગીરી નિયત માપદંડો મુજબ કરવા તાકીદ



રાજકોટ, તા.૨૨: કેબિનેટ મંત્રી ભાનુબહેન બાબરીયાએ રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન (સ્ટેટ) દ્વારા લોધિકા તાલુકા ખાતે મવડી-પાળ-રાવકી-માખાવડ રોડ પરના નિર્માણાધિન બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું.

આ તકે કેબિનેટ મંત્રીશ્રીએ અંદાજે રૂપિયા ૮ કરોડથી વધુના ખર્ચે બનનારા મેજર બ્રિજની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. તેમજ બ્રિજનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ થશે તેની પણ વિગતવાર માહિતી મેળવી હતી. તેમજ બ્રિજની કામગીરી નિયત થયેલા માપદંડો અનુસાર થાય તે સુનિશ્ચિત કરવા તાકીદ કરવામાં આવી હતી.

આ તકે જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબહેન રંગાણી, સંબંધિત વિભાગના અધિકારીશ્રી - કર્મચારીશ્રીઓ અને સ્થાનિક અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા ગોવિંદભાઈ પટેલ રાજકોટ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન અલ્પાબેન તોગડિયા જીલ્લા ભાજપ અગ્રણી મુકેશભાઈ તોગડિયા તાલુકા ભાજપ પ્રમુખ ડો. પ્રકાશભાઈ વિરડા મહામંત્રી મયુરસિંહ જાડેજા સુરેશભાઈ વસોયા તાલુકા પંચાયત પ્રમુખ વિલશબેન વિપુલભાઈ મોરડ તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ કમાણી, તાલુકા પંચાયત સદસ્ય ઉમેશભાઈ દેસાઈ, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ભુપેન્દ્રસિંહ જાડેજા, રાવકી સરપંચ પૂર્વ મહામંત્રી દિલીપભાઈ કુગશીયા, મોહનભાઈ ખુટ તેમજ તાલુકા ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહેલ.(૬.૧૧)

સુત્રાપાડા: પોલીસ કોન્સ્ટેબલનું સન્માન



(રામસિંહ મોરી દ્વારા) સુત્રાપાડા, તા.૨૨: ગીર સોમનાથ SOG શાખામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ કૈલાસસિંહ બારડને ગીર સોમનાથ જિલ્લામા પ્રશંસનીય અને શ્રેષ્ઠ ગુન્હાશોધક કામગીરી કરવામાં બદલ જિલ્લા પોલીસ અધીક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા પ્રસંશાપત્ર આપી સન્માનીત કરવામા આવેલ. સાથે આપના કાર્યક્ષેત્રમાં નિષ્ઠા, કુનેહ જવાબદારી પૂર્વક ફરજ બજાવતા રહો એવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવવામાં આવેલ હતી. (૨૨.૧૦)

Owned, Printed and published by **AJITKUMAR GUNVANTRAI GANATRA** printed at **JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT** editor **AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com**

વાંકાનેર, મોરબી વચ્ચેની કાલથી તમામ ડેમુ ટ્રેનો રદ

મોરબી, તા.૨૨ઃ ટેકનિકલ કારણોસર, ૨૩ જુલાઈના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

રેલ યાત્રીઓને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે વેબસાઈટ પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય. (૨૨.૯)

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર વકીલ ગૌતમ એ. શેખડા એડવોકેટ - ગોંડલ વાળા આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, **ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના શીલાણા ગામના રેવન્યુ સર્વે નં. ૧૬/૧ પૈકી ૪ ની ખેતીની સીમ જમીન જેના હે. ૧-૦૭-૨૪ ખેતર નામે ''સરંભડાના સીમાડે'' જેના રેવન્યુ ખાતા નં. ૧૫૯** વાળી ખેતીની સીમ જમીન **રામુબેન ભીમજીભાઇ તળાવીયા**ના સ્વતંત્ર ખાતે તથા નામે આવેલ છે. સદરહું ખેતીની જમીન તેઓની પાસેથી મારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીન અંગેના માલીકી ટાઈટલ કબજા પરત્વે તથા અસલ દસ્તાવેજો તથા વેચાણ સબંધે કે રસ્તા બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો લાગ-ભાગ દરદાવો વરસાઈ હકક, ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણું કરજ, બોજો, ગીરો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હિત, હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોય તો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ અવેજની બાકી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી. કરાવી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની આથી સર્વે સ્પષ્ટ નોંધ લેશો.

સ્થળઃ ગોંડલ તા. ૨૨-૭-૨૦૨૫

ગૌતમ એ. શેખડા બી.કોમ.એલએલ.બી. એડવોકેટ-ગોંડલ

એડ્રેસઃ કનૈયા ઝેરોક્ષ, કોર્ટની સામે, ડોકટર રાદડિયા હોસ્પિટલની બાજુમાં, ગોંડલ, તા. ગોંડલ જી. રાજકોટ, મોબાઈલ નં. ૮૧૪૧૯ ૨૦૧૧૧

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના **અમરેલી** જીલ્લાના **કુંકાવાવ વડિયા** તાલુકાના ગામ **મેઘા પીપલીયા**ની નીચે જણાવેલ ખેડવાણ જમીન તેમના માલીકની માલીકી તથા કબ્જા ભોગવટાની આવેલ છે, સદરહું ખેતીની ખેડવાણ જમીન બોજા રહિત હોવાનુ જણાવતા તેઓ પાસેથી ખાલી કબ્જે મારા અસીલે સુથી આપી સંભવિત રીતે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ક્રમ	સર્વે નં.	હે.આરે.ચો.મી.	માલીકનું નામ	ખાતા નં.
૧.	૭૯૫	૦-૮૦-૯૪	છગનભાઈ ગોવિંદભાઈ ડુંમર	૮૮૯
૨.	૭૯૬	૦-૮૦-૯૪		૮૮૮

સદરહું ઉપરોકત ખેડવાણ જમીન કે તેના વેચાણ સંબધે કોઈનો કોઈપણ પ્રકારનો માલિકી, રસ્તા બાબત, લેણું, કરજ, બોજો, ગીરો, ભરણપોષણ કે વારસાઈ હકક, હિત, હિસ્સો, દાવા-દુવી, સાટાખત કે વેચાણ સંબધીત કોઈપણ કરાર, ચુકતે અવેજની પહોંચ કે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો **દિવસ-૧૦(દસ)** માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી, જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વૈચ્છાએ જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું ખેડવાણ જમીન ખરીદ કરવા અંગેની કાર્યવાહી પુર્ણ કરશે, ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ગોંડલ તા. ૨૨-૦૭-૨૦૨૫

રાહુલ વી. વેકરીયા એડવોકેટ

એફ-૧૦૭, કૈલાશ કોમ્પલેક્ષ, બસ-સ્ટેશન રોડ, ગોંડલ મો. નં. ૮૫૧૧૧ ૩૧૪૨૧
તે મારા અસીલની સુચના તથા ફરમાઈશથી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ આસામીઓને જાણ કરવાની કે, ગુજરાત રાજયના **રાજકોટ** જીલ્લાના **જસદણ** તાલુકાના ગામઃ **રામલિયાના રે.સ.નં. ૧૫/પૈકી ૨** ની જુની શરતની ખેતીની જમીન **હે.આરે.ચો.મી. ૨-૯૫-૮૧** માહેથી ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી. ૦-૮૦-૯૪ તથા રે.સ.નં. ૭/પૈકી ૨** ની જુની શરતની ખેતીની જમીન **હે.આરે.ચો.મી. ૦-૫૮-૬૮** કે જે **''ખાટલા ધારપાસે''** તરીકે ઓળખાય છે જેના ખેડ **ખાતા નં.૪૪૯** થી **લખમણભાઈ સોમાભાઈ કળોતરા** ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું મિલ્કત તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. સબબ, આથી લાગતા વળગતા તમામ આસામીઓને જાણ કરવાની કે,

-સદરહું મિલ્કત પરત્વે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈના કોઈપણ પ્રકારનાં વાંધા કે તકરાર હોય કે કોઈના કોઈપણ પ્રકારનાં હક્કો હોઈ કે સાટાખાતની રૂએ કે કુલમુખત્યારનામાની રૂએના હક્કો હોઈ કે અગ્રહક્ક હોઈ કે ખોરાકી પોષાકીના કે વારસાઈ હક્કો હોઈ કે સદરહું મિલ્કત ઉપર કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો કે બોજો હોઈ કે સદરહું મિલ્કતના વેંચાણના વ્યવહારો સંબંધે કોઈને કાંઈપણ વાંધો કે તકરાર હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૦૮** ની અંદર નીચે લખ્યા સરનામે અમોને લેખિત આધાર પુરાવા સહિત જણાવવું, મુદત વિત્યે સદરહું મિલ્કત ખરીદ કરવા અંગેની આગળની કાયદેસરની કાર્યવાહી અમારા અસીલ કરશે, તે બાદ કોઈના વાંધા તકરાર હશે તો તેવા વાંધા જતા (WAIVE) થયા ગણાશે અને તે અમારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં. જેની આથી લાગતા વળગતા તમામ આસામીઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા.૨૨/૦૭/૨૦૨૫ — **તે ખરીદનારના એડવોકેટ**

વિમલ આર. વઘાસીયા (એડવોકેટ) મો. ૯૩૭૪૫ ૯૯૭૯૯

ઠે. ૩૦૭-ગોકુલ કોમ્પલેક્ષ, કોર્ટની સામે, રાજકોટ-૧.

ગીર સોમનાથ જીલ્લાના તાલાલા તાલુકાના ગામ બોરવાવ ના રેવન્યુ સર્વે નં. ૧૧૩/૧અ/પૈકી ૧/પૈકી ૨/પૈકી ૮ ની ખેતીની જમીન ખરીદ કરવા સબંધે

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપીને સૌને જણાવવાનું કે, **ગીર સોમનાથ** જીલ્લાના **તાલાલા તાલુકા**ના ગામ-**બોરવાવ** ના **ખાતા નં. ૫૩૬, રેવન્યુ સર્વે નં. ૧૧૩/૧અ/પૈકી ૧/પૈકી ૨/પૈકી ૮** ની ની જુની શરતની ખેતીની ખેડવાણ જમીન **હે. આરે. ચો.મી. ૦-૮૦-૯૪** તેમના **માલીક ચંદુભાઈ રાઘવભાઈ લાડાણી** ની માલીકીની તથા કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત મીલ્કત મારા અસીલ તેમના ઉપર દર્શાવેલ માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે. આ વેંચાણ, વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર, હકક, હીત, હીસ્સો, લાગભાગ કે અન્ય કોઈ વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૮** માં લેખીત આધાર પુરાવા સાથે અમારી સમક્ષ રજુ કરવા આ સમય દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહીં આવે તો કોઈને આ મીલ્કત પરત્વે વાંધો, તકરાર નથી અને હશે તો તે જતો કરેલ છે. તેમ ગણી મારા અસીલ આ મીલ્કતનો વેંચાણ દસ્તાવેજ તેમની પાસેથી કરાવી લેશે ત્યાર બાદ આવેલ કોઈ વાંધો, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ, લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૨૨/૦૭/૨૦૨૫ — **અમારા મારફતઃ**

પ્રવિણ વી. મેતા એડવોકેટ મો.૮૩૨૦૧ ૬૩૮૦૯

૬૧૩ વિરલ હાઈટસ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

માધાપરના રેવન્યુ સર્વે નં.૩૫/૩ તથા ૩૯/૧ પૈકીના ઔધોગીકના હેતુ માટેના પ્લોટ નં.૩૫/૩ ની જમીન ચો.મી.આ.૨૦૧-૨૯ ઉપર આવેલ મીલ્કત અંગે

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરી જણાવવાનું કે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ **માધાપર રેવન્યુ સર્વે નં.૩૫/૩ તથા ૩૬/૧** પૈકીના બીનખેડવાણ અને ઈમારત બોપવાની મંજુરીવાળી જમીન જે ઔધોગીકના હેતુ માટે હેતુ ફેર કરી આપવામાં આવેલ જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૩૫/૩** ની જમીન **ચો.મી.આ.૨૦૧-૨૯ બરાબર ચો.વા.આ.૨૪૦-૭૫** સહીત તેના ઉપર આવેલ મીલ્કત **શ્રી જય મેસુરભાઈ ખાંડેખા**ની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની આવેલ છે. સદરહું મીલ્કત તેઓએ તેમના જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૭૯૨૦ તા.૨૦-૦૮-૨૦૨૪ નારોજ **શ્રી અંકિત વિનુભાઈ કુવાડિયા** પાસેથી ખરીદ કરેલ છે. આમ સદરહું મીલ્કત **શ્રી જય મેસુરભાઈ ખાંડેખા** પાસેથી મારા અસીલ ચુકતે અવેજ ચુકવીને વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા માંગે છે.

સબબ સદરહું મિલ્કત સામે કોઈપણ વાંધો તકરાર હોય કે આ મિલ્કતમાં કોઈનો કોઈપણ સ્વરૂપે હકક,હિત,હિસ્સો,ગીરો,બોજો, અગ્રહકક, કબજો વિગેરે હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ(૮) આઠ**માં સંપુર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલ સરનામે અમોને લેખિત જાણ કરશો જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હકક,હિત, હિસ્સો, કબજો, બોજો,અગ્ર હકક,કે કોઈ પણ પ્રકારે વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (**વેવ**) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે.ત્યાર બાદ મારા અસીલને શુદ્ધ બુદ્ધિના ખરીદનાર તરીકે કોઈ વાંધો તકરાર બંધન કર્તા રહેશે નહી. આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ,તા.૨૨/૦૭/૨૦૨૫

હિતેષ એ. ગઢવી (એડવોકેટ) મો. ૯૮૨૫૭૦૬૪૪૬

૨૦૮, યુનિકોન પ્લાઝા, ૭, પંચનાથ પ્લોટ મેઈનરોડ, પંચનાથ મહાદેવ મંદિરની પાછળ, રાજકોટ-૩૬૦૦૦૧

જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના **રાજકોટ** શહેરના **રે. સર્વે નં.૫૮૩ ની જમીન એકર ૭-૩૦** ગુંઠા ના રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ પ્લોટસ ઉપર આવેલ **''શ્રી સાંઈબાબા કો.ઓપ.હા.સોસા.લી.''** ના **પ્લોટ નં.૩૪-બી** ની જમીન **ચો.મી.૨૦૯-૦૨** ઉપર આવેલ મકાન **(૧)મુક્તાબેન કિશનચંદ્ર મકવાણા (૨) મેઘલબેન ચેતનકુમાર પરમાર ડો/ઓ ક્રિષ્નચંદ્ર મકવાણા (૩) રીકિતા ધવલ મકવાણા ડો/ઓ ક્રિષ્નચંદ્ર મકવાણા** ની સંયુકત કુલમાલિકી તથા કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત મીલ્કત મારા અસીલે મીલ્કત માલિકોને સુથી આપી ખરીદ કરવા નકકી કરેલ છે, સદરહ મીલ્કતની માલિકી, કબજા ટાઈટલ, મુખત્યાર કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, વારસાઈ, બક્ષીસ, ગીરો, બોજો, દર દાવો, ભરણપોષણ કે અન્ય કોઈપણ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે **દિવસ-૦૭(સાત)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ મીલ્કત સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક, હીત કે હીસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહુ મીલ્કત ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ, તા. ૨૨-૦૭-૨૦૨૫

જે. કે. મોલીયા (એડવોકેટ)

૧૦૧, મેઘાણી રંગ ભવન, ભકતીનગર સર્કલ પાસે,૮૦ ફુટ રોડ, રાજકોટ. મો. ૭૮૭૮૯ ૭૨૩૭૨

પડધરી તાલુકાના મોજેગામ કોટડા નાયાણીની ખેડવાણ જમીન અંગે

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામ ને જાણ કરવાની કે **ગુજરાત** રાજયના **રાજકોટ** જીલ્લાના **પડધરી** તાલુકાના મોજેગામ **રામપર પાટીના રેવન્યુ સર્વે નં.૨૧૯ (જુના રે.સ.નં.૩૬/૧ પૈકી ૮)** ની જુની શરતની **''તળાવીયુ''** તરીકે ઓળખાતી જરાયત પ્રકારની ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી. ૧-૬૮-૯૯** કે જે **(૧) શ્રી ભારતીબેન અરવિંદભાઈ મેંદપરા, (૨) શ્રી જીજ્ઞેશ અરવિંદભાઈ મેંદપરા, (૩) શ્રી ધવલ અરવિંદભાઈ મેંદપરા, (૪) શ્રી ઉર્વીશા અરવિંદભાઈ મેંદપરા**ને વારસાઈ દરજજે પ્રાપ્ત થયેલ છે.જે અંગેની નોંધ રામપર મોટી ગ્રામ પંચાયતના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬ (હકકપત્રક) ના નોંધ નં.૧૦૬૫ થી પ્રમાણીત થયેલ છે. જે ગામ નમુના નં. ૮-અ ના **ખાતા નં. ૧૧૧** થી અમો **(૧) શ્રી ભારતીબેન અરવિંદભાઈ મેંદપરા, (૨) શ્રી જીજ્ઞેશ અરવિંદભાઈ મેંદપરા(૩) શ્રી ધવલ અરવિંદભાઈ મેંદપરા, (૪) શ્રી ઉર્વીશા અરવિંદભાઈ મેંદપરા**ની સંયુક્ત માલીકી, કબ્જા,અને ભોગવટાની આવેલ છે. સદરહુ ઉપરોકત ખેડવાણ જમીન અમારા અસીલ અવેજ ચુકવી ખાલી કબજે ખરીદ કરવા ઈચ્છા ધરાવે છે.

ઉપરોકત વિગત વાળી ખેડવાણ જમીન અંગેના માલીકી, ટાઈટલ,વારસાઈ, ભરણપોષણ, કબ્જા, હલાણનો રસ્તો,ગાડા મારગ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક, દાવો, કરજ, ગીરો,બોજો, ભરણપોષણ હકક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦(દસ)** માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. મુદત વિત્યે કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો જે કોઈનો હકક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યાર બાદ કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દાવો, વાંધો, તકરાર અમારા અસીલ ને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ- રાજકોટ તારીખઃ-૨૨/૦૭/૨૦૨૫

સતિષ પી. મુંગરા એડવોકેટ મો. ૯૮૭૯૧ ૯૯૦૩૨ — **રોહિત પી. મુંગરા** એડવોકેટ મો. ૭૦૧૬૧ ૮૪૭૦૪/૯૯૨૪૦ ૨૬૫૫૬

એ.એલ.ડાંગર, એમ.આર.બગડા એડવોકેટસ

૧૦૨-બી, નક્ષત્ર-૨ કોમ્પલેક્ષ, કે.કે.વી. હોલની સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

મારા અસીલે રાજકોટ જીલ્લાના તાલુકા રાજકોટના હાલ રાજકોટ મ્યુનિ. કોર્પો. માં સમાવેશ થયેલ ગામ **કોઠારીયા**ના સર્વે નં.૨૨૯ ની જમીન ઉપર આવેલ **''આઈ.ટી.આઈ. કર્મચારી કો-ઓપ.હા.સોસાયટી.લી.''**-રાજકોટ તરીકે ઓળખાતા વિસ્તારના નીચે મુજબના પ્લોટ નંબરોની જમીન નીચે મુજબના માલિકો પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે.

ક્રમ	પ્લોટ નં.	ચો.મી.આ	માલિકનું નામ
૧.	૨+૩/એ	૮૨-૨૨	શ્રી વિઠ્ઠલ નાગજી હિરપરા
૨.	૨+૩/એ/૧	૮૨-૨૨	શ્રી દિપકકુમાર ચંદુલાલ જોષી
૩.	૩ પૈકી બી	૮૩-૩૧	શ્રી જીતેન્દ્ર કાંતિલાલ મકવાણા
૪.	૩ પૈકી સી	૮૨-૪૦	શ્રી નવિનચંદ્ર હંસરાજ ભોજાણી
૫.	૩ પૈકી ડી	૮૨-૪૦	શ્રી ધીરજલાલ લખમશી અનડકટ
૬.	૩ પૈકી ઈ/૧	૭૮-૩૬	શ્રી વાય. ટી. દક્ષિણી
૭.	૩ પૈકી ઈ	૭૮-૩૬	શ્રી ધર્મેશ બીપીનચંદ્ર જોષી

ઉપરોકત વિગતેની જમીન અંગેના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણના હકક કે કોઈનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા-વળ ગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ. તા. ૨૨-૭-૨૦૨૫

અમારા મારફત :-

ઓમ એસોસીએટ

૩૦૯, નોવાસ કોમ્પલેક્ષ, નેક્ષાના શો-રૂમની બાજુમાં બોમ્બે હોટલ ચોક, ગોંડલ રોડ, રાજકોટ.

હરેશ જે. સોરઠીયા એડવોકેટ મો. ૯૯૦૯૮ ૯૧૯૪૩

ધનરાજ જી.સાવલિયા એડવોકેટ મો. ૯૭૩૭૫ ૩૨૬૫૩

''રાધીકા રેસિડેન્સી'', રાજકોટના રેવન્યુ સર્વે નં.-૬૧૧/૩ પૈકી ૮, પ્લોટ નં. ૧૦ પૈકીની જમીન ઉપર આવેલ મકાનની મિલકત ખરીદ કરવા સંબંધેની જાહેર નોટીસ

રાજકોટ શહેરમાં રા.મ્યુ.કોર્પો.ની હદમાં આવેલ સાધુ વાસવાણીકુંજ રોડ, રેલનગર તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ રાજકોટના રેવન્યુ સર્વે નં. ૬૧૧/૩ પૈકી ૮, સીટી સર્વે વોર્ડ નં.-૧૮, સીટી સર્વે નં.-૧૯૦૭/૧૦, ટી.પી.સ્કીમ નં. - ૨૪, એફ.પી. નં. - ૨/૪ ની જમીનમાં આવેલ ''રાધીકા રેસિડેન્સી'' તરીકે ઓળખાતા પ્લોટસ પૈકી પ્લોટ નં. -૧૦ ની જમીન માંહેથી દક્ષિણ તરફની જમીન ચો.મી.આ. ૬૦-૮૪૫ તથા તે ઉપર આવેલ ઉભા ઈમલાની ઈમારત સહિતનુ મકાન શ્રીમતી ધરતી રોહિતભાઈ રાણપરાએ રજી. વેંચાણ દસ્તા. અનુ. નં. - ૮૧૭૩ તા.૦૯/૦૬/૨૦૨૨ ના રોજ શ્રીમતી જાગૃતિબેન રાજેશભાઈ મકવાણા પાસેથી કાયદેસરનો અવેજ ચુકવીને ખરીદ કરેલ છે અને ત્યારથી સદરહુ મકાનની મિલકત તેઓના સ્વતંત્ર કબ્જા - ભોગવટા અને માલીકીએ નોંધાયેલ આવેલ છે તે મકાનની મિલકત અમારા અસીલ ખરીદ કરવા ઈચ્છે છે.

સદરહુ મકાનની મિલકત ઉપર કોટક મહિન્દ્રા બેંક લી. માંથી લોન લીધેલ છે તે સિવાય આ મકાનની માલીકી, કબ્જા - ભોગવટા, ટાઈટલ કે વેંચાણ સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ, લેણુ, બોજો, ભરણપોષણનો હકક,સાટાખતનો હકક, અવેજની પહોંચ, કુલ મુખત્યારનામુ હોય કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો તેઓએ આજથી દિવસ - ૭ (સાત) માં લેખીત માન્ય રહે તેવા આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી જે મુદતમાં કોઈનો હકક, દાવો, વાંધો, તકરાર નહી આવેતો કોઈને કોઈપણ જાતનો વાંધો, તકરાર નથી અને હોયતો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ ચુકતે અવેજ આપી વેંચાણ, ખરીદીની કાર્યવાહી પૂર્ણ કરશે. મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર અમારા અસીલ કે સદરહુ મિલકતને બંધનકર્તા રહેશે નહી જેની તમામ લાગતા -વળગતાએ સ્પષ્ટપણે નોંધ લેવી.

પ્રશાંત પી. લાઠીગ્રા ખરીદનારના એડવોકેટ

રાજકોટ તા. ૨૨-૭-૨૦૨૫

અમારા મારફતે — **અમારી સુચના અનુસાર**

પ્રશાંત પી. લાઠીગ્રા

ચિરાગ એસ. ખોખર (એડવોકેટસ), ''શુભમ કોર્મો.કોમ્પ.''

ઓ.નં.૨૦૮ બીજા માળે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.

જાહેર નોટીસ કમ ચેતવણી

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ લોધીડાના રેવન્યુ સર્વે નં. ૧૫૨ પૈકી ૩ ના ખાતા નં. ૮૮ ની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૨-૩૨-૭૦ તથા રેવન્યુ સર્વે નં. ૧૬૧ પૈકી ૩ ની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧-૪૫-૬૯ તથા રેવન્યુ સર્વે નં. ૧૬૨ પૈકી ૧ ની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧-૨૦-૩૯ મળી કુલ ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૪-૯૮-૭૮ બરાબર એકર ૧૨-૩૨ ગુંઠા સંબંધે જાહેર નોટીસ ક્રમ ચેતવણી

મારા અસીલ **શ્રી પ્રકાશભાઈ પ્રભાતભાઈ આહીર** રહે. રાજકોટની વતી અને સૂચના અનુસાર આ જાહેર નોટીસ કમ ચેતવણી આપી લાગતા-વળગતાને જણાવું છું કે,

મારા અસીલ જોગ **વિસા દાના**એ ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ **લોધીડાના રેવન્યુ સર્વે નં. ૧૫૨ પૈકી ૩** ના ખાતા નં. ૮૮ ની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૨-૩૨-૭૦ તથા **રેવન્યુ સર્વે નં. ૧૬૧ પૈકી ૩** ની ખેતીની જમીન હે. આરે.ચો.મી. ૧-૪૫-૬૯ તથા **રેવન્યુ સર્વે નં. ૧૬૨ પૈકી ૧** ની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧-૨૦-૩૯ મળી **કુલ ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૪-૯૮-૭૮** બરાબર એકર ૧૨-૩૨ ગુંઠાનો રાજકોટ સબ-રજીસ્ટ્રાર કચેરી, ઝોન-૮ સમક્ષ અનુ. નં. ૨૩૪૧, તા. ૧૮-૦૯-૨૦૧૪ ના રોજ રજી. સાટાખત કરી આપેલ છે. મારા અસીલ સાટાખત યાને વેંચાણ કરારનું પાલન કરવા હરહંમેશ તૈયાર અને ખુશી હતા અને છે. **વીસા દાના**ને સાટાખત યાને વેંચાણ કરારનું પાલન કરવા વારંવાર કહેવા છતાં નહિં કરતા મારા અસીલે રાજકોટ **સીવીલ કોર્ટમાં રે. દિ. કેસ નં. ૨૪૦/૨૦૧૬** થી કરારના વિશિષ્ટ પાલનનો દાવો કરેલ. જે દાવામાં નામદાર કોર્ટે ઓર્ડર આપેલ છે. તે ઓર્ડર વિરૂદ્ધ મારા અસીલે **રાજકોટના મહે. ડિસ્ટ્રીકટ જજ સાહેબ સમક્ષ રે. દિ. અપીલ નં. ૧૫/૨૦૨૩ થી** અપીલ કરેલ છે જે પેન્ડીંગ છે.

મારા અસીલ જોગનું સાટાખત ચાલું હોવા છતાં અપીલ ન્યાય નિર્ણિત માટે પેન્ડીંગ હોય તે જાણતા હોવા છતા જાણીબુઝીને ઈરાદાપુર્વક મારા અસીલનો કાયદેસરનો હક્ક, હિત, હિસ્સો ડુબાડવાના આશયથી **વીસા દાના તેમજ તેમના પુત્ર જગા વિસા**એ અન્ય માથાભારે શખ્સો તથા અમુક લેભાગુ જમીન ભૂ-માફિયાઓ તથા રાજકીય વગ ધરાવતા વ્યક્તિઓ સાથે કુસંયોજન કરીને **નરેશ મગન સુદાણી રહે. ''રૂદ્ર'', ભક્તિનગર સોસાયટી શેરી નં. ૧, રાજકોટ તથા રાજેશ ચંદુ સુદાણી રહે. મધુરમ પાર્ક-૧,** કોઠારીયા રોડ, સરદાર વલ્લભભાઈ પટેલ સ્વીમીંગ પુલ પાછળ, રાજકોટને ગેરકાયદેસર રીતે **વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૯૮૧૦, તા.૨૯-૧૨-૨૦૨૩** ના રોજ ગેરકાયદેસર વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જે પ્રથમથી નલ એન્ડ વોઈડ હોય મારા અસીલને બંધનકર્તા નથી. ઉપરોકત ખરીદનારાઓને ઉપરોકત અપીલમાં પક્ષકાર તરીકે જોડવા માટે નામદાર કોર્ટમાં અરજી કરેલ છે જે ન્યાય નિર્ણિત માટે પેન્ડીંગ છે. આ માથાભારે તથા રાજકીય વગ ધરાવતા વ્યક્તિઓ ઉપરોકત જમીન અન્ય કોઈને વેંચાણ વ્યવહાર કરવાની પેરવી કરતાં હોય, પરંતુ ઉપરોકત જમીનમાં મારા અસીલનો કાયદેસરનો હક્ક, હિત, હિસ્સો રહેલો હોય, જેથી આ જાહેર નોટીસ કમ ચેતવણીથી સર્વેને લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, સદરહું ખેતીની જમીન સંબંધે મારા અસીલની લેખિત સંમતિ સિવાય અન્ય કોઈ વ્યકિત સાથે કોઈપણ પ્રકારનો વેંચાણ વ્યવહાર, લેવડ-દેવડ કરવી નહિં. આમ છતાં આ ખેતીની જમીન સંબંધે કોઈપણ વ્યવહાર કોઈપણ વ્યક્તિ દ્વારા કરવામાં આવશે તો મારા અસીલ કાયદેસરની કડક કાર્યવાહી દિવાની તથા ફોજદારી રાહે કરશે. તે વ્યવહાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. મારા અસીલનું આ જમીન સંબંધે સાટાખત યાને વેંચાણ કરાર ચાલું છે. મેટર સબજ્યુડિશ હોય, જેથી આ જમીન સંબંધે કોઈપણ જાતનો વેંચાણ વ્યવહાર કે અન્ય વ્યવહાર કરવો નહિં તેવી તાકિદ કરવામાં આવે છે.

રાજકોટ. તા. ૨૨-૦૭-૨૦૨૫.
૨૧૪ ઉમેશ કોમર્શીયલ કોમ્પલેક્ષ
ચૌધરી હાઈસ્કુલ પાસે રાજકોટ
મારા વતી અને સૂચના અનુસાર
પ્રકાશભાઇ પ્રભાતભાઇ આહિર

જયદિપ ડી. પરમાર
એડવોકેટ મો.૯૭૨૫૨ ૨૯૫૫૪

વાંકાનેરમાં પરશુરામધામ મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા-મહોત્સવ યોજાશે

૨૯ થી ૩૧ જુલાઇ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોની હારમાળા: સંતો-મહંતો આર્શિવાદ પાઠવશે



(લિતેશ ચંદારાણા દ્વારા) વાંકાનેર તા. ૨૨ :.. વાંકાનેર-રાજકોટ રોડ પર આવેલ બ્રહ્મ સમાજ સોસાયટી ખાતે સમસ્ત બ્રહ્મસમાજના આરાધ્યદેવ શ્રી ભગવાન પરશુરામદાદાના નિર્માણાધીન શ્રી પરશુરામધામ ખાતે આગામી ૨૯-૩૦-૩૧ જુલાઈના રોજ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યજ્ઞ ધામધુમથી વાજતે ગાજતે યોજાશે.

જયારે પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે તા. ૨૯ ના રોજ કર્મ, દેહશુધ્ધિ, ગજાનન પુજન, સ્થાપીત દેવતાની પુજા, અગ્ની સ્થાપના, જલયાત્રા મહાઆરતી સહિત ઉપસ્થિત તમામ કર્મકાંડી ભુદેવો તથા આમંત્રીત મહેમાનો માટે પ્રસાદ (ફરાળ) સહિતની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૮-૭-૨૫ ને સોમવારના રોજ બપોરે ત્રણ કલાકે વાંકાનેરનું પ્રસિધ્ધ પુરાણુ શ્રી ચત્રભુજ રાયજી મંદિર દરબારગઢ પાસેથી ભવ્યથી ભવ્ય અદ્‌ભુત પુ. દાદાની નગરયાત્રા (શોભાયાત્રા) પ્રસ્થાન થશે જે શહેરના રાજમાર્ગો જે દરબારગઢ રોડ, ચાવડી ચોક, રામચોક, માર્કેટ ચોક, પુલ દરવાજા, દિવાનપરા, આરોગ્યનગર થઈને શ્રી નિર્માણધીન (શ્રી પરશુરામધામ) બ્રહ્મ સોસાયટી ખાતે પહોંચશે.

આ શોભાયાત્રામાં શણગારેલ રથમાં પૂજય શ્રી પરશુરામ દાદાની પ્રતિમા તથા અન્ય રથમાં સંતો-મહંતો બિરાજમાન થશે. આ શોભાયાત્રા રૂટ પર વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા-પીણા સહિતની વ્યવસ્થા ઉભી કરાશે. તેમજ રથ ઉપરાંત ૧૦૦ થી વધુ કારનો કાફલો જોડાશે. તેમજ નાના-નાના ભુલકાઓ પણ વેશભુષા બનીને જોડાશે સાથે લેન્ડ પાર્ટી, મ્યુઝીકલ પાર્ટી તથા ડી. જે. ના સથવારે અભૂતપૂર્વ યાદગાર શોભાયાત્રા યોજાશે. તેમ મોરબી જીલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખશ્રી ભરતભાઈ ઓઝાએ જણાવ્યું હતું.

જયારે પ્રાણ પ્રતિષ્ઠાના અંતિમ દિવસે તા. ૩૧ જુલાઈના રોજ પૂજય પરશુરામ દાદાના નિજ મંદિરના ગર્ભ ખંડમાં સ્થાપિત દેવી-દેવતાની મહાપુજા, સ્થાપન વિધી, વાસ્તુ, મુર્તિ ન્યાસ, પ્રતિષ્ઠા કર્મ, અભિષેક, મહાપુજા, બાદ મૂર્તિ સ્થાપના, પ્રતિષ્ઠાન તથા સ્થાપિત દેવી-દેવતાની હોમ ક્રિયા, ઉતર કર્મ બાદ પુર્ણાહૂતિ બાદ ઉપસ્થિત મહાનુભાવોની વિષેશ ઉપસ્થીતીમાં મહાઆરતી યોજાશે.

મહાઆરતી બાદ પ્રતિષ્ઠા સ્થાનની પાવનધરા પર સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાત-કચ્છ થી પધારેલ હજારો ભુદેવો માટે બ્રહ્મ ચોર્યાસી તેમજ રાજકીય અગ્રણીઓ, આગેવાનો તથા આમંત્રીત મહેમાનો, આયોજકો, કાર્યકરો સહીતના માટે મહાપ્રસાદનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઉપરાંત મહાપ્રસાદ માટે સમગ્ર વાંકાનેરની ધર્મપ્રિય જનતાને જાહેર આમંત્રણ સાથે વાંકાનેર બ્રહ્મ સમાજના પ્રમુખ જયેશભાઈ ઓઝાએ યાદી આપતા જણાવેલ છે.આ કાર્યક્રમનું પ્રમુખ સ્થાન મનીષભાઈ ડી. માડેકા (રોલેક્ષ રીંગસ લી. રાજકોટ) સંભાળશે. મુખ્ય મહેમાન પદે સાંસદ રામભાઈ મોકરીયા, કેશરીદેવસિંહજી ઝાલા, કેતનભાઈ જોષી (એમ.ડી. પીજીવીસીએલ-સૌરાષ્ટ્ર ઝોન), ગિરીશભાઈ પંડયા (આઈપીએસ સુરેન્દ્રનગર), રાહુલભાઈ ત્રિપાઠી (જીલ્લા પોલીસવડા-મોરબી), અનિલભાઈ મહેતા (બ્રહ્મસમાજ પ્રમુખ સૌરાષ્ટ્ર-કચ્છ), અશ્વિનભાઈ ત્રિવેદી (સમગ્ર ગુજરાત બ્રહ્મસમાજ પ્રમુખ) તથા વિજયભાઈ બુજડ તથા અનેક મહાનુભાવો, પ્રતિષ્ઠ ઉદ્યોગપતિઓ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થીત રહી કાર્યક્રમની શોભામાં વધારો કરી આયોજકોને શુભેચ્છા સાથે બિરદાવવામાં આવશે. આ દિવ્ય અવસરે દ્વારકા શારદાપીઠા ધીશ્વરના જગદગુરૂ શકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદચાર્ય સરસ્વતીજી સ્વામી, શંકરાચાર્યજી ના પ્રિય શિષ્ય બ્રહ્મચારી શ્રી નારાયણનંદજી સ્વામી, મુંજકાના આર્ય વિદ્યા મંદિરના પ.પૂ. પરમાત્માનંદજી, ભુવનેશ્વરી પીઠ-ગોંડલના આચાર્ય પ.પૂ. શ્રી ઘનશ્યામ મહારાજ મોટા જડેશ્વર-કોઠારીયાના મહંતશ્રી પૂજય રતીલાલજી મહારાજ તથા વાંકાનેર ગાયત્રી શકિતપીઠના મહંત શ્રી અશ્વિનબાપુ રાવલ સહીતના અનેક સંતો મહંત આશિવર્ચન આપશે ત્યારે આ ધર્મસભાના રૂપમાં સંપુર્ણ કાર્યક્રમ ફેરવાઈ જશે.



અનંત શ્રીવિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનન્દ સરસ્વતીજી મહારાજશ્રી

ઉપરોકત તમામ કાર્યક્રમોને સફળ બનાવવા મોરબી જીલ્લા બ્રહ્મસમાજના પ્રમુખ ભરતભાઈ ઓઝા, બાબુભાઈ રાજગોર, અમિતભાઈ ભટ્ટ, રાજુભાઈ રાવલ, દુષ્યંતભાઈ ઠાકર, મોહનભાઈ રાજગોર, અમિતભાઈ ઠાકર, નિતીષભાઈ જોષી, વાંકાનેર બ્રહ્મસમાજના પ્રમુખ જયેશભાઈ ઓઝા ઉપરાંત યુવાનો, કાર્યકર્તા કાર્યક્રમને સફળ બનાવવા કમરકસી રહયા ભાઈઓ-બહેનો રાત દિવસ એક કરી છે.(૬.૯)

વાંકાનેરમાં જીતુભાઇ સોમાણીના અધ્યક્ષ સ્થાને જન્માષ્ટમી-ગણેશ ઉત્સવના આયોજન અંગે બેઠક યોજાઇ

મોટી સંખ્યમાં ભાવિક ભકતજનો ઉપસ્થિત રહ્યા: ટુંક સમયમાં તાલુકાભરના કૃષ્ણ ભકતોની મીટીંગ યોજાશે: જીતુભાઇ સોમાણી:આગામી મીટીંગમાં સંતો-મહંતો તેમજ માલધારીભાઇઓ ઉપસ્થીત રહેશે: તૈયરીઓનો ધમધમાટ

(મિતેશ ચંદારાણા દ્વારા) વાંકાનેર, તા.૨૨: વાંકાનેર શ્રીરામ કોમ્પલેક્ષ માર્કેટ ચોક ખાતે જન્માષ્ટમીની રથયાત્રા અને ગણપતિ ઉત્સવની શોભાયાત્રા નિમિતે હિન્દુ હૃદય સમ્રાટ અને લોક પ્રિય ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની અધ્યક્ષતામાં પ્રાથમિક મિટિંગનું આયોજન થયેલ હતું.જેમાં વાંકોનર તાલુકાના દરેક ગામથી અને વાંકાનેર શહેર માંથી ધર્મપ્રેમી લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જુદા જુદા સમાજના આગેવાનોએ આ આહ્વાન કર્યુ હતું. અને જન્માષ્ટમી રથયાત્રા અને ગણપતિ શોભાયાત્રાના આયોજન માટેની હવે પછીની ધર્મસભામાં બહોળી સંખ્યામાં હાજર રહેવા માટે જીતુભાઈ સોમાણીએ પોતાની આગવી શૈલીમાં આહ્વાન કર્યુ હતું. અને આ મિટીંગ પુર્ણ થયે દરેક ધર્મપ્રેમી લોકોને જીતુભાઈ સોમાણી દ્વારા ભોજન કરાવવામાં આવ્યું હતું. (૩.૮)



સોમનાથ દાદાના મંદિરે પરપ્રાંતના કાવડધારી શિવભકતોનો પ્રવાહ અવિરત

કલકત્તાથી આઠ કાવડધારી ભકતોએ જૂનાગઢથી સોમનાથ પદયાત્રા કરી ભગવાન ભોલાનાથને ગંગાજળ અભિષેક કર્યો



(ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા. ૨૨: વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે પરપ્રાંત શ્રાવણ માસ અન્વયે દિન-પ્રતિદિન કાવડધારી શિવભકત વૃંન્દો આવી રહ્યા છે.

કલકત્તાથી આઠ કાવડધારી શિવભકતો આજે સોમનાથ આવ્યા જેમાંના સોનું નંદીએ જણાવ્યું તેઓ કલકત્તાથી ટ્રેનમાં જુનાગઢ અને જૂનાગઢ ખાતે પવિત્ર દામોદર કુંડનું જળ લઈ પદયાત્રા સાથે સોમનાથ મહાદેવને જળાભિષેક કર્યો. કાવડને ત્રિશુલ, નટરાજ, શિવ-પાર્વતી મૂર્તિ શિવજી પ્રિય ડમરૂ, ઘશ્રંટી, ધૂદારા અને ધજાઓથી શણગારાયેલ છે.

અહીંથી તેઓ દ્વારકા નાગેશ્વર પદયાત્રાથી જળાભિષેક અર્થે પ્રસ્થાન કર્યું. અમો દર વરસે બે કે ત્રણ જયોર્તિલિંગો પદયાત્રા જળાભિષેક કરીયે છીએ અમારો આ રીતે બાર જયોર્તિલિંગ યાત્રાનો સંકલ્પ છે. (૭.૧૫)

લીંબડી પાસે સુપર કેરીવાન પલ્ટી મારી જતા એકનું મોત

વઢવાણ તા.૨૨: વઢવાણ શિયાણીપોળ સતવારાપરામાં રહેતા કિરણભાઈ હિરાભાઈ પરમારે વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું કે, લીંબડી સેટિંગ કામનો સામાન લેવા જવાનું હોવાથી હિરેનભાઈની સુપર કેરી ગાડીમાં કિરણભાઈ, સંજયભાઈ, અલ્કેશભાઈ, હિરેનભાઈ, મુકેશભાઈ બેસીને જતા હતા.

ત્યારે લીંબડી રોડ ઉપર સીએનજી પંપથી એકાદ કિમી આગળ ઉપર ગાડીના ચાલક મુકેશભાઈ રાજાભાઈ ડાભીએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી ગાડી ક્લિનર સાઈડ રોડ ઉપર પલટી ખવડાવી અકસ્માત કરતા કિરણભાઈ હિરાભાઈ પરમાર, હિરેનભાઈ પ્રતાપભાઈ લકુમ અને અલ્કેશભાઈને ઈજાઓ પહોંચી હતી. જેમાં ગંભીર ઈજાઓના કારણે અલ્કેશભાઈ લાલજીભાઈ મકવાણાનું મોત થયું હતું.(૩૮.૧૮)

જસદણ શ્રીનાથજી હવેલીમાં યોજાતા ભવ્ય હિંડોળા દર્શન



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ, તા., ૨૨ : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રીનાથજી હવેલી જસદણના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદીમાં જણાવ્યા મુજબ તારીખ ૧૨-૭-૨૦૨૫ થી એક માસ માટે જસદણની હવેલીમાં હિંડોળા મહોત્સવ શરૂ થયો છે. દરરોજ સાંજે ૭ થી ૮ દરમિયાન હિંડોળાના દર્શન યોજાય છે. શાકભાજીના, ફુટના, ગુલાબના, સૂકામેવાના, ઝરીના વસ્ત્રોના, મોરપીંછ ગુલાબના વગેરે અવનવા સજાવટ કરેલા હિંડોળા દર્શન યોજાય છે. મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ બહેનો હિંડોળા દર્શનનો લાભ લેવા ઉમટી પડે છે. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશી ઠાકોરજીને હિંડોળે ઝુલાવે છે. હિંડોળાના દર્શન દરમિયાન કીર્તાનીયાઓ ચંદ્રકાંતભાઈ બાબરીયા, અશોકભાઈ પરમાર, જેન્તીભાઈ ભુવા, ભુપેન્દ્રભાઈ ધારૈયા, પંકજભાઈ વણપરીયા, સંજયભાઈ ગોંડલીયા, રમેશભાઈ ખેરડીયા, બટુભાઈ તન્ના, દિલીપભાઈ કલ્યાણી, ભરતભાઈ ધારૈયા, તબલચી રમણીકભાઈ પટોળીયા સહિતના કીર્તાનીયાઓ કીર્તનની રમઝટ બોલાવી રહ્યા છે. તા.૧૧-૦૮-૨૦૨૫ સુધી દરરોજ સાંજે ૭ થી ૮ હિંડોળા દર્શન યોજાશે. વૈષ્ણવને હિંડોળા દર્શનનો લાભ લેવા જસદણ હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલે અનુરોધ કર્યો છે.(૪.૨૪)



ઉપલેટા ના મોજ નદીના પુલ ના દિવાલના ઢીંગલા જોખમી: (કૃષ્ણકાંત ચોટાઈ દ્વારા) ઉપલેટા: નાગનાથ ચોકથી મોજ નદીના પુલ ઉપર રાજાશાહી વખતની પુલની બંને સાઈડમાં દિવાલના ઢીંગલા આવેલ છે જે જોખમી હાલતમાં થયેલ છે પુલ ની એક બાજુ માં જડેશ્વરનો ખાડા તરીકે આવેલ જગ્યા ઉપર રેણાક મકાન આવેલ છે આ આ પુલનો કાટમાળ ગમે ત્યારે મકાન ઉપર પડવાની સંભાવના હોય જો કોઈ ગંભીર ઘટના બને તો જવાબદારી કોની આવી ઘટના બને તે પહેલા આ પુલનું બંને દિવાલનું જરૂરી રીપેરીંગ તાત્કાલિક કરવા લોકોની માંગણી ઉઠેલ છે.(૩૮.૧૮)

વેણુ ડેમના નવા નીરના કોંગ્રેસના વધામણાં :

ઉપલેટા : શહેરને પીવાનું પાણી પુરૂ પાડતો વેણુ ડેમ ભરાઈ જતા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા શહેર કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઈ તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભુપતભાઈ કનૈયા અને નગરપાલિકા વિરોધ પક્ષના નેતા લખમણભાઈ ભોપાળાએ આજે ડેમની મુલાકાત લીધી હતી અને



નવા નીરના વધામણા કર્યા હતા ત્યારની તસ્વીર. (૯.૭)

પ્રભાસ પાટણ- કેશોદમાં બે વાહન ચોરનાર ઝડપાયો



પ્રભાસપાટણ તા.૨૨: પ્રભાસ પાટણ પો.સ્ટે. E-FIR તપાસમાં મળતા અશ્વીનભાઈ અરજણભાઈ ખુંટડ રહે.કદવાર ગામ તા.સુત્રાપાડા વાળાએ સોમનાથ દરિયાઈ પટ્ટી વિસ્તારમાંથી પોતાનું કાળા કલરનું મોટર સાયકલ હોન્ડા કંપનીની સીડી-૧૧૦જી નં.જીજે-૩૨-ઈ-૧૬૪૭ ચોરી થવા બાબતે ગુન્હો રજી. થયેલ.

જે અનુસંધાને પ્રભાસ પાટણ ઈસ્પેક્ટર એન.બી.ચૌહાણની સુચના દરમિયાન કેમેરા ચેક કરી તથા હ્યુમન ચોર્સીસના આધારે આરોપીને ઉપરોકત ગુન્હામાં ચોરીમાં ગયેલ અસલ મુદ્દામાલ સાથે પકડી પાડી વધુ પુછપરછ કરતા થોડા સમય અગાઉ કેશોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પણ એક સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઈકલ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા બન્ને મો.સા. કબ્જે કરી બન્ને અનડિટેકટ ગુનાઓ ડિટેકટ કરી આરોપી હુસેન ઉર્ફે શબ્બીર દાદાભાઈ કાલવાણીયા ઉ.વ.૪૧ ધંધો.મચ્છીનો રહે.પ્ર પાટણ બાયપાસ સામે કાર્યવાહી કરી છે.

આ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી પ્ર.પાટણ પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર એન.બી.ચૌહાણ ની સુચના મુજબ એ.એસ.આઈ. હિતેષભાઈ નોંધણભાઈ, પો.હેડ.કોન્સ.કુલદિપસિંહ જયસિંહ , કૃષ્ણકુમારસિંહ કર્ણસિંહ, અરજણભાઈ મેસુરભાઈ, દિનેશભાઈ કાનાભાઈ, પો.કોન્સ. કરણસિંહ બાબુભાઈ, પિયુષભાઈ કાનાભાઈ, રાજેસ જોધાભાઈ, મહેશભાઈ ગીનાભાઈ, રાજદિપસિંહ હમીરભાઈ, સુભાષભાઈ મોડાભાઈ, મનુભાઈ જેઠાભાઈ તથા કંચનબેન દેવાભાઈ હતા. (તસ્વીર: દેવાભાઈ રાઠોડ)(૨.૧૦)

ગોંડલમાં ૨૦૦ વિદ્યાર્થી સન્માનિત



ગોંડલ, તા.૨૨: ગોંડલ તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે સેવા આપતા શિક્ષકોના સંતાનોને સત્કારવા અને ગોંડલ તાલુકામાંથી સેવા નિવૃત થયેલ શિક્ષકોને ગૌરવંત વિદાય આપવા માટે ગોંડલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અનુક્રમે "વિદ્યારત્ન સન્માન સમારોહ" અને વિદ્યાગૌરવ નિવૃત સન્માન સમારોહ" નું આયોજન હેરીટેજ પાર્ટી પ્લોટ ગોંડલ ખાતે કરવામાં આવેલ હતું . જેમાં જિલ્લાના રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અશોકભાઈ વાણવી, રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિવ્યેશભાઈ રાખોલીયા, મહામંત્રી કિરીટસિંહ વાળા તેમજ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ શાંતુભાઈ વાળા રાજકોટ કોર્પોરેશનના પ્રમુખ દિનેશભાઈ સદાદિયા, મહામંત્રી પિયુષભાઈ ભુવા, સંજયભાઈ કતબા ઉપસ્થિત રહ્યા હતા ધોરણ-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તેમજ ઉચ્ચ અભ્યાસમાં ડોકટર તેમજ પીએચડી થયેલ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગોંડલ તાલુકા ના વર્ષ ૨૦૨૫માં નિવૃત્ત થયેલ ૨૮ જેટલા શિક્ષકોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગોંડલ તાલુકાના ગોંડલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના કારોબારી મિત્રો તેમજ એચ ટાટ આચાર્યશ્રીઓએ જહેમત ઉઠાવેલ હતી

આ કાર્યક્રમનું સંચાલન મીનલબેન ઉનડકટ તેમજ આશિષભાઈ પાનસરા અને નરેન્દ્રભાઈ વિરડીયા એ કરેલ હતું આ કાર્યક્રમના અંતે સ્વરૂચિ ભોજન ની વ્યવસ્થા પણ ગોંડલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવેલ હતી આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ ગોંડલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ જયપાલસિંહ જાડેજા તેમજ મહામંત્રી ભાવેશભાઈ ભૂતે ગોંડલ તાલુકાના સમગ્ર શિક્ષકોનો આભાર વ્યક્ત કરેલ છે. (૩.૬)

ફિલ્મી કહાની લોકોની જીવનની ક્રુર હકીકત બની રહી છે: કોઇનું ધ્યાન ના જાય તે માટે મૃતદેહ દાટી, ટાઇલ્સથી ચણાવી દીધું

દ્રશ્યમ સ્ટાઇલ મર્ડર: પત્નિએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી



મુંબઈ, તા.૨૨: મહારાષ્ટ્રના નાલાસોપારાથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, અહિ એક મહિલાએ તેના બોયફ્રેન્ડની મદદથી તેના પતિની ક્રૂરતાથી હત્યા કરી અને તેના મૃતદેહને ઘરમાં દાટી દીધો હોવાનું સામે આવ્યું છે. નાલાસોપારા પૂર્વના ગંગાદીપડા વિસ્તારમાં આવેલી સાઈ વેલ્ફેર સોસાયટીની એક ચાલીમાં હત્યા પછી મહિલાએ તેના સાળાને ટાઈલ્સ લગાવવાનું કહીને લાશ છુપાવી દીધી હતી. મૃતક વ્યક્તિનું નામ વિજય ચૌહાણ છે. હત્યાના આરોપી મહિલાનું નામ ગુડિયા ચૌહાણ અને તેના પ્રેમીનું નામ મોનુ વિશ્વકર્મા હોવાનું કહેવાય છે. આ દંપતીને ૮ વર્ષનો એક પુત્ર પણ છે.

એવું કહેવાય છે કે, મૃતક વિજયની પત્ની ગુડિયાનું મોનુ સાથે અફેર હતું. વિજય તેમના સંબંધોમાં અવરોધ બની રહ્યો હતો, તેથી બંનેએ એક યોજના બનાવી અને વિજયની નિર્દયતાથી હત્યા કરી નાંખી હતી. એટલું જ નહીં, ગુનો છુપાવવા માટે આરોપીએ મૃતદેહને ઘરમાં જ દાટી દીધો હતો.આ ઘટના પછી જ્યારે પરિવારના સભ્યોએ વિજય વિશે પૂછ્યું, ત્યારે ગુડિયાએ સતત તેઓને પતિ વિશે ગેરમાર્ગે દોર્યા કરતી હતી. ઘણા દિવસો પછી,જ્યારે પરિવારના સભ્યોએ વિજયના ઘરનો દરવાજો તોડ્યો, ત્યારે તેમને ઘરમાંથી દુર્ગંધ આવવા લાગી હતી. આ પછી તેઓએ જમીન ખોદી, ત્યારે તેમાંથી વિજયનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટના ૧૫ દિવસ પહેલા બની હતી. પરંતુ બે દિવસ પહેલા મહિલાના મોબાઈલ પર કેટલાક શંકાસ્પદ સંદેશા મળ્યા બાદ પોલીસને શંકા ગઈ હતી. પૂછપરછ દરમિયાન આ કમકમાટીભરી હત્યાનો ખુલાસો થયો હતો. હાલમાં આરોપી મહિલા અને તેનો પ્રેમી ફરાર છે.(૪૦.૮)

સુરેન્દ્રનગરમાં જુગાર રમતા શખ્શ ઝડપાયા



વઢવાણ તા.૨૨: પેરોલ ફર્લો સ્કોડ ટીમના પીઆઈ, પીએસઆઈ, પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ પો.કો.કપીલભાઈ સુમેરા, ભગીરથસિંહ ઝાલા, નિર્મળસિંહ પરમાર, અજય સિંહ ઝાલા, વિજયસિંહ, અશ્વિનભાઈ માથુકિયા સહિત સમગ્ર ટીમ દ્વારા સુરેન્દ્રનગર ટાઉન વિસ્તારમાં હકીકત આધારે સીટી બી ડીવી. વિસ્તારમાં મનસુખભાઈ ઉર્ફે ચકો રણછોડભાઈ પરમાર રહે, રાજ હોટલ પાસે આંબેડકરનગર શેરી નં.૦૧ વાળાના મકાનમાં ગુડદી પાસા વડે પૈસાની હાર જીતનો જુગાર રમી રમતા મનસુખભાઈ તથા રમેશભાઈ ઉર્ફે થાપો લાલાભાઈ ડાભી રહે, વડનગર પાવર હાઉસ પાસે રામાભાઈ ઉર્ફે કાનાભાઈ રાણાભાઈ ગમારા રહે, કુંભાર પરા શેરી નં-૧ રાજ હોટલ પાસે મેહુલભાઈ રણછોડભાઈ સિંધવ રહે, દાળમીલ રોડ ખોડીયાર પરાને રોકડા રૂા.૨,૮૨,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૫ કી.રૂ .૧,૪૦,૦૦૦ તથા એકટીવા સ્કુટર નંગ.૧ કી.રૂ.૫૦,૦૦૦ કુલ કી.રૂ.૪,૭૨,૦૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી તપાસ હાથ ધરી છે.(૩૮.૧૫)

જામજોધપુરના મહીકા ગામે આલેશધામમાં શ્રાવણ મહિનાની ઉજવણી કરાશે

દર શનિવારે ધુન, ભજન સહિતના કાર્યક્રમો યોજાશે



(સનદ વ્યાસ દ્વારા) જામજોધપુર તા. ૨૨ :.. જામજોધપુરથી માત્ર નવ કિલો મીટર દુર મહીકી ગામે લીલીછમ હરિયાળી વચ્ચે આલેશધામ આવેલ છે. જેમાં ડુંગરની ટોચ ઉપર ખોડીયાર માતાજીનું મંદિર આવેલ છે. તેમજ નીચે શિવ ગુફા આવેલી છે.

જયાં મંદિરના મહંત અરવિંદબાપુ (ડાભી) દ્વારા પૂજન અર્ચન થાય છે. તેમજ દર શનિવારે ધુન-ભજન સહિતના કાર્યક્રમો યોજાય છે.

પવિત્ર શ્રાવણ મહિનો આવી રહ્યો હોય જામજોધપુર શહેર તેમજ તાલુકાની ધર્મપ્રેમી જનતાને આ પવિત્ર શિવગુફાના દર્શનનો લ્હાવો લેવા ભાવ ભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. (૫-૬)



વેરાવળ પાટણ ભાજપ મહિલા મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને રાખડીઓ મોકલાઇ

(રામસિંહ મોરી દ્વારા) સુત્રાપાડા: વેરાવળ પાટણ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ ઉષાબેન કુસકીયા તથા તેમની ટીમ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રાખડી મોકલેલ તે પહેલા ડો. આંબેડકરની પ્રતિમાને ફુલ હાર પહેરાવી અને રાખડી અર્પણ કરેલ. તેઓ મહિલાઓના મુક્તિ દાતા છે. આવીજ રીતે વડાપ્રધાન એ બાળકીના જન્મથી મરણ સુધીની અનેક યોજનાઓ લાવી અને બહેનોને સશક્ત બનાવેલ છે અને મોદીનું દિર્ઘાયુષ્ય બક્ષે એવા આશિષો સાથે રાખડીઓ મોકલેલ જેમાં મહામંત્રી સવિતાબેન મહેતા, ભાનુબેન તોતીયા, મમતાબેન મિશ્રા, વિજાયાબેન ડોડીયા,આરતીબેન વણિક, ચંદ્રિકાબેન નિમાવત, કિરણબેન વઢવાણ, પાર્વતીબેન મહતો, નાથીમાં છેલાણા, જ્યોત્સનાબેન ટાંક, રેખાબેન કવા, શાંતાબેન પંડીયા, ચંદ્રિકાબેન માવદીયા, જનકબા, ધનકુવરબેન, રેવંતીદેવી વિગેરે બહેનો ઉપસ્થિત રહેલ ત્યારની તસવીર (૩.૬)

જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરનાં **રેવન્યુ સર્વે નં.૫૮૯ પૈકી ૩** ના ટી.પી.સ્કીમ નં.૧૯ (રાજકોટ) ના મુળ ખંડ નં.૧૫ માં ફાળવેલ અંતીમ ખંડ નં. ૧૫/૪ ના રહેણાંકનાં હેતુ માટેનાં બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.૧ ની જમીન ચો.મી.આ.૪૪૭-૧૮ તથા પ્લોટ નં.૨ ની જમીન ચો.મી.૨૫૪-૮૬ તથા રેવન્યુ સર્વે નં.૫૮૯ પૈકી ૪ ના ટી.પી.સ્કીમ નં.૧૯ (રાજકોટ) ના મુળ ખંડ નં.૧૫ માં ફાળવેલ અંતીમ ખંડ નં.૧૫/૫ ના રહેણાંકનાં હેતુ માટેનાં બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.૧ ની જમીન ચો.મી.આ. ૬૭૯-૮૨ તથા પ્લોટ નં.૨ ની જમીન ચો.મી.આ.૫૮૪-૬૩ ની મળી કુલ જમીન ચો.મી.આ.૧૯૬૬-૪૯ ઉપર આવેલ **''માઁ કોમ્પલેક્ષ''** ના નામથી ઓળખાતા રહેણાંક તથા કોમર્શીયલ હેતુ માટેની લો-રાઈઝ બિલ્ડીંગ માંહેના **ફર્સ્ટ ફલોર** ઉપર આવેલ **દુકાન નં.૧૧૪** કે જેનો **કારપેટ એરિયા ચો.મી.આ.૧૩-૬૪ તથા બિલ્ટઅપ એરિયા ચો.મી.૧૪-૯૫ વાળી દુકાન અમૃતધારા બિલ્ડકોન પ્રા.લી.** ની કુલમાલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત મિલ્કત મારા અસીલએ ખરીદ કરવા નકકી કરેલ છે, સદરહુ મીલ્કતની માલીકી, કબજા ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હીસ્સો, વારસાઈ, બક્ષીસ, ગીરો, દર દાવો, ભરણપોષણ કે અન્ય કોઈપણ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે **દિવસ-૭ (સાત)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ મીલકત સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક, હીત કે હીસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહુ મીલ્કત ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ, તા. ૨૨-૦૭-૨૦૨૫

જે. કે. મોલીયા (એડવોકેટ)

૧૦૧, મેઘાણી રંગ ભવન, ભકતીનગર સર્કલ પાસે, ૮૦ ફુટ રોડ, રાજકોટ. મો. ૭૮૭૮૯ ૭૨૩૭૨

જામકંડોરણા તાલુકાના ગામ જામદાદરના રેવન્યુ સર્વે નં.૩૧૪ પૈકી ૨ ની ખેતીની જમીન અંગે

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી સૌને જણાવવાનું કે રાજકોટ જીલ્લા ના જામકંડોરણા તાલુકાના મોજે ગામ **જામદાદરના રેવન્યુ સર્વે નં.૩૧૪ પૈકી ૨** ની જમીન **''ટીબીવાળુ''** તરીકે ઓળખાતી ખેડવાણ જમીન **હે.આરે.ચો. મી.૨-૧૦-૪૪** વાળી જમીન **સંજયભાઈ ધીરજલાલ વઘાસીયા** ની સ્વતંત્ર માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ છે.

સદરહુ ખેતીની જમીન **સંજયભાઈ ધીરજલાલ વઘાસીયા** ની સ્વતંત્ર માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ છે. તેઓની પાસેથી અમારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે. સબબ આ જાહેર નોટીસથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, સદરહુ મિલ્કત સબંધે કે તેના વેચાણ, વ્યવહાર, કબજા અંગે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો, ગીરો, કરજ, બોજો, લેણુ, વારસાઈ હકક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૭ (સાત)** ની અંદર અમોને નીચેના સરનામે લેખીતમાં આધાર પુરાવા સાથે જાણ કરવા આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે. સદરહુ સમયમર્યાદા દરમ્યાન કોઈના ધ્વારા કોઈપણ પ્રકારના વાંધો તકરાર આવશે નહી તો સદરહુ ખેતીની જમીન પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો, ગીરો, કરજ, બોજો, લેણુ, વારસાઈ હકક કે અન્ય કોઈ હિત સંકળાયેલ નથી અને હોય તો તેઓએ તે સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહુ મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે તથા સદરહુ સમય મર્યાદા વીત્યે કોઈના ધ્વારા કોઈપણ પ્રકારનો વાંધો તકરાર આપવામાં આવશે તો તેવા વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની લાગતા વળગતા સૌ કોઈએ જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ:- ૨૨/૦૭/૨૦૨૫

જગદીશ એમ. ડાંગર એડવોકેટ મો. ૯૭૨૬૫ ૦૦૨૯૭

અંકિત વી. ફુવાડીયા

૬૦૪-બી, આલ્ફા પ્લસ, રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે, ૧૫૦-ફુટ રીંગ રોડ, રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, :-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ જેતપુરના મોજે ગામ **ઉમરાળીના રેવન્યુ સર્વે નં.૬૬ પૈકી ૧/ પૈકી ૧** ની **''લાંબી ધારવાળુ''** તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન **હે. આરે. ચો. મી. ૦-૯૧-૦૫** જેની **શ્રીમાન નાનજીભાઈ ખીમજીભાઈ ઢોલરીયા** ના નામની રેવન્યુ રેકર્ડ ઉતારામાં ગામ નમુના નં.૬ હકક પત્રકમાં નોંધ નં.૨૫૩૪ તથા ગામ નમુના નં.૮-અ માં **ખાતા નં.૧૨૭** થી તેઓની સ્વતંત્ર, માલીકી, તથા કબજા ભોગવટાની આવેલી છે. સદરહું ખેતીની ખેડવાણ જમીન **શ્રીમાન નાનજીભાઈ ખીમજીભાઈ ઢોલરીયા** પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત વર્ણનવાળી જમીન સબંધે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકતી, પેઢી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, લેણુ, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, ટાઈટલ ડીડઝ, સદરહું જમીન પરત્વે કોઈનો દરદાવો, લાગભાગ, કબજા હકક કે કોઈપણ અન્ય હકક જો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં લેખીત આધાર પૂરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વિત્યે આ જમીન પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું જમીન ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈપણ જાતના લેખીત કે મૌખીક આધાર, પુરાવા સાથેના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ
તા. ૨૨-૦૭-૨૦૨૫

અમારા મારફત-એડવોકેટસ

રવિ જી. ભાલિયા, જયોતિ એચ. ભુવા,

બજરંગ ઈન્ડ. એરીયા, લીલાવંતી પાર્ટી પ્લોટની પાછળ, કોઠારીયા રીંગ રોડ, રાજકોટ. મો. નં. ૯૧૦૬૩ ૨૪૦૨૨

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના **લોધિકા** તાલુકાના ગામ **મેટોડા** ના **રેવન્યુ સર્વે નં. ૬૩** પૈકીની જમીન **એકર ૧૪-૩૯** ગુંઠા ઉપર આવેલ **''શ્રીનાથજી પાર્ક''** ના નામથી ઓળખાતી રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટ્સ પૈકી **પ્લોટ નં. ૨૩૧** ની જમીન **ચો.મી.આ. ૧૬૮-૩૧ જે ચો.વા.આ. ૨૦૧-૩-૦** વાળી મિલ્કત આવેલ છે. જે **રસિકભાઈ પાંચાભાઈ સોનારા** એ રજી. વેચાણ દસ્તાવેજ **અનુ. નં. ૫૦૭૪, તા. ૨૪/૦૫/૨૦૦૭** ના રોજથી **ભાવનાબેન પરેશકુમાર મકવાણા** પાસેથી ખરીદ કરેલ છે. જે મિલ્કતના માલિકી હક્ક અંગે અમારી પાસેથી અભિપ્રાય માંગેલ છે.

આ મિલ્કતની ઉતરોતર દસ્તાવેજો વાળી ફાઈલ જોતા તેમાં નીચે મુજબના અસલ દસ્તાવેજ ઉપલબ્ધ નથી. જે ખુબ શોધવા છતાં મળી આવતા નથી. અને ગુમ થયેલ છે. તેવી અમારી પાસે રજુઆત થયેલ છે.

(૧) રજી. દસ્તાવેજ અનુ. નં ૧૮૮૦, તારીખ ૦૬/૦૬/૨૦૦૨ ના રોજથી **શ્રી હસમુખભાઈ ગીરધરભાઈ પટેલ જોગ શ્રી વાસુ દેવ પરસોતમદાસ ભાટિયા**ના કુ.મુ. **શ્રી સુભાષભાઈ હરીલાલ કાનાબાર**એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ. તથા તેની રજીસ્ટ્રેશન પહોંચ (નોંધણી ફી) અસલ.

આથી જાહેર જનતાને જાણ કરવાની કે ગુમ થયેલ ઉપરોક્ત અસલ દસ્તાવેજ અંગે કે ઉપરોક્ત મિલ્કતના સબંધે હાલના કે પુરોગામી માલિકી કે કબજા હક્ક કે ટાઈટલડીડઝ સંબંધે કોઈપણ વ્યક્તિ, પેઢી, મંડળી, એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે દરદાવો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાથી **દિવસ - ૧૫ (પંદર)** માં નીચે જણાવેલ સરનામાં ઉપર લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઈના વાંધા તકરાર નહિ આવે તો કોઈને કોઈપણ પ્રકારે વાંધો- તકરાર નથી અને હોઈ તો પણ તે તમામ જતા (WAIVE) કર્યા છે. તેમ માની મિલ્કત ધારકને યોગ્ય પ્રમાણપત્ર આપવામાં આવશે. અને ત્યારબાદ ઉઠાવવામાં આવેલ કોઈપણ પ્રકારના વાંધા તકરાર શુદ્ધ - બુદ્ધિનાં મિલ્કત ધારકને બંધનકર્તા રહેશે નહિ. જેની આથી નોંધ લેવી.

રાજકોટ, તા.૨૨/૦૭/૨૦૨૫ — **રસિકભાઈ પાંચાભાઈ સોનારા**

અમારા મારફત:- — મિલ્કતના માલિકની સંમતીથી

"MINT LAW ATTORNEYS PVT.LTD.

(એડવોકેટ)

મોહિત ડી. લીંબાસીયા- ચિરાગ એચ. પરમાર તથા હિમાંશુ એમ પરમાર - કુલદીપ બી. કુંભરવાડીયા

એડ્રેસ - ૭-ઢોલરીયા નગર, ગાયત્રીનગર મેઈન રોડ, રાજકોટ.
મો.૭૮૭૮૩૦૮૭૧૧/૯૨૨૮૭૬૫૫૫૭/૭૦૪૩૦૦૧૨૦૮/૯૭૨૫૮૯૫૦૫૫.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓ તમામ આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

રાજકોટ જીલ્લાના ગોંડલ નગરપાલિકા હદમાં સ્ટેશન પ્લોટ વિસ્તારમાં ગોંડલ સીટી સર્વે વોર્ડ નં. ૧ ના શીટ નં. ૬૭ના સીટી સર્વે નં. ૯૧૯ પૈકી ઉતર તરફના ભાગની ચો.મી. ૨૪૯-૩૪ સે.મી.ની મિલકત હાલ ખુલ્લી જમીન જેની સીટી સર્વે દ્વારા વિભાગ માપણી થતા સીટી સર્વે નં. ૯૧૯/૧ વાળી ગુજરનાર વિનોદરાય અંબાલાલ દવેના વારસ દરજજે (૧) શોભનાબેન વિનોદરાય દવે (૨) ભાવેશભાઈ વિનોદરાય દવે (૩) શ્રદ્ધાબેન વિનોદરાય દવે (૪) દિપક વિનોદરાય દવે (૫) ભાવિકાબેન વિનોદરાય દવે (૬) અભય વિનોદરાય દવેની સંયુકત માલીકી કબજા ભોગવટા હકક વ્યવસ્થા અધિકારની આવેલ છે.

તે સદરહું મિલકતના ટાઈટલ ડીડઝમાં ગોંડલ સીટી સર્વે વોર્ડ નં. ૧ ના શીટ નં. ૬૭ના સીટી સર્વે ૯૧૯ની સનંદ અસલ ખોવાઈ ગયેલ છે ગુમ થયેલ છે અને શોધતા મળી આવતી નથી.

સબબ, ઉપરોકત મિલકત પરત્વે કે તેના ખોવાઈ ગયેલ ડોકયુમેન્ટસ પરત્વે કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, મંડળી, બેંક, પ્રાઈવેટ ફાયનાન્સ કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દરદાવો કે લેણું, કરજ, બોજો, ગીરો હકક કે કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭ (સાત) ની અંદર લેખીત આધાર પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર નથી અને હોય તો તે વેવ (WAIVE) જતો કરેલ છે અને ખરેખર ડોકયુમેન્ટસ કાગળો ગુમ થયેલ ખોવાય ગયેલ છે તેમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે અને સદરહું મિલકત ટાઈટલ કલીયર સમજી મિલકત ખરીદનારને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં તેની સર્વે નોંધ લેશો.

ગોંડલ. તા. ૨૨-૭-૨૦૨૫
મો. ૯૬૨૪૫ ૯૯૮૮૮

પિયુષ એન. છાટબાર એડવોકેટ

અમારા મારફત:
પિયુષ એન. છાટબાર
કલ્પેશ એન. છાટબાર, એડવોકેટસ
ઓફીસ: તાલુકા સ્કુલ સામે, ગુલમહોર રોડ, ગોંડલ. જીલ્લો: રાજકોટ

જાહેર નોટીસ

રૈયા ના રે.સ.નં.૧૨૬ પૈકી માધવ રેસિડેન્સી ના સબ-પ્લોટ નં. ૧ થી ૯૮/૨૦ ની જમીન ચો.વા.આ.૯૪-૫૧ સહીતના મકાન અંગે

આથી જાહેર જનતા તથા સબંધકર્તા તમામને જાણ કરવામા આવે છે કે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં.૧૨૬ પૈકીની ટી.પી.નં.૧(રૈયા) એફ.પી.નં.૭૨૬ તથા ૭૨૭ ની કુલ જમીન ચો.મી.આ.૧૩૫૯૮-૦૦ ની બીનખેતી થયેલ જમીનના પ્લોટસ કે જે ''માધવ રેસીડેન્સી'' ના નામથી ઓળખાય છે તે માંહેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧ થી ૯૮ ના સબ પ્લોટ(બ્લોક) નં.૧ થી ૯૮/૨૦ ની જમીન ચો.મી.આ.૭૯-૦૨ ચો.વા.આ.૯૪-૫૧ સહીતના સમગ્ર મકાનની માલીકી શ્રી જમનભાઈ અરજણભાઈ અજુડીયાની આવેલ છે, અને આ મકાનનો ૫૦% અવિભાજય હિસ્સો તેઓએ અનુ. નં.૬૦૭૩ તા.૦૯-૦૫-૨૦૨૩ ના રજી. વેચાણ દસ્તાવેજથી શ્રી અરૂણાબેન જમનભાઈ અજુડીયા પાસેથી ખરીદ કરેલ છે, તેમજ અગાઉ આ મકાનનો ૫૦% અવિભાજય હિસ્સો તેઓએ અનું. નં. ૧૮૩૩ તા. ૧૪-૦૨-૨૦૦૭ થી નોંધાયેલ રજી. વેચાણ દસ્તાવેજથી રામક્રિષ્ના સ્થાપત્ય ના નામની ભાગીદારી પેઢીના ભાગીદારો તથા અન્ય ભાગીદારના કુ.મુ. દરજજે ગીરીશકુમાર માધવજીભાઈ માકડીયા વિ. પાસેથી ખરીદ કરેલ છે. એ રીતે આ સમગ્ર મકાનની માલીકી શ્રી જમનભાઈ અરજણભાઈ અજુડીયાની આવેલ છે અને તેઓ પાસેથી મારા અસીલે આ મકાન ખરીદ કરવા નકકી કરેલ છે. તો ઉપરોકત મકાન અંગે કે તેના ટાઈટલ કે માલીકી હકક અંગે કે તેના વેચાણ સબંધે કોઈ પણ વ્યકિત, પેઢી, મંડળી, બેંક કે એસાઈનીઓનો કે અન્ય કોઈ ઈસમ કે ઈસમોનો કોઈ પણ જાતનો હકક, હીત, હીસ્સો, લાગભાગ, દરદાવો, ભરણપોષણનો હકક, વારસાઈ હક, ભાડુતી હકક, કરજ, બોજો, ગીરો, લીયન કે કોઈ પણ જાતની જવાબદારી સદરહુ ઉપરોકત વર્ણવેલ મકાન પરત્વે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ આઠમાં તે અંગેના લેખીત વાંધા, આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી, મુદત વિત્યે આ મકાન પરત્વે કોઈને કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે, તેમ માની મારા અસીલ સદરહુ મકાનનો વેચાણ દસ્તાવેજ તેઓના નામે રજીસ્ટર કરાવી લેશે અને પાછળથી કોઈના વાંધા તકરાર મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર દરજજે બંધનકર્તા રહેશે નહી જેની આથી સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ
તા. ૨૨-૦૭-૨૦૨૫

જયેશ જી. જાની એડવોકેટ એન્ડ નોટરી

જયેશ જી.જાની
એડવોકેટ એન્ડ નોટરી
'રૂષિકેશ', ગ્રાઉન્ડ ફલોર, ૧૭, સરદારનગરનાં છેડે
પુજારા ટેલીકોમવાળી શેરી, રાજકોટ

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતા ને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ-સાલપીપળીયા ના ખાતા નં. ૧૨૬૫ ની રેવન્યુ સર્વે નં.-૪૫૮ (જુના સર્વે નં. ૧૬૧/૧૦) ની જુની શરતની જીરાયત પ્રકારની ખેડવાણ જમીન ક્ષેત્રફળ જમીન હે.આરે.ચો.મી.આ. ૨-૪૬-૮૩ થાય છે. સદરહું વિનોદભાઈ હીરાભાઈ ડાંગર તથા ભરતભાઈ હીરાભાઈ ડાંગર એ રજી.વેચાણ દસ્તાવેજ અનું નં. ૨૪૯૫ તા. ૦૩/૦૮/૨૦૨૩ થી શ્રી મધુબેન ઉગાભાઈ રાખસીયા વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. સદરહું ખરીદ કરેલ ખેડવાણ જમીનની મારા નામે હક્કપત્રક-૬ માં નોંધ નં ૫૬૮૦ તા. ૦૩/૦૮/૨૦૨૩ થી નોંધ પડેલ છે. અને તે રીતે ઉપરોકત ખેડવાણ જમીન વિનોદભાઈ હીરાભાઈ ડાંગર તથા ભરતભાઈ હીરાભાઈ ડાંગરની સંયુકત માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે, સદરહુ માલીક પાસેથી આ ખેડવાણ જમીન મારા અસીલો કોઈપણ જાતના ગીરા-બોજા વગર ટાઈટલો પુરા કરી આપવાની શરતે બીન તકરારી ખરીદ કરવા માંગે છે તો આ ખેડવાણ જમીન પરત્વે કોઈનું લેણુ, કરજ, ગીરો, બોજો, જામીનગીરી કે ભરણ પોષણનો કે વારસાઈ હકક કે કોઈપણ પ્રકારનો હકક કે દર દાવો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ માં નીચે જણાવેલ સરનામે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. મુદત વિત્યે કોઈપણ વ્યકિત નો કે સંસ્થા, મંડળી, બેંક કે કોઈપણનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો કે તકરાર નથી અથવા હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત ખેડવાણ જમીનનો કબજો સંભાળી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના હકક દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં, જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોધ લેવી.

રાજકોટ
તા. ૨૨-૭-૨૦૨૫

(પંકજ આર. દોંગા) (એડવોકેટ & નોટરી)

અમારા મારફત:
પંકજ આર. દોંગા એડવોકેટ & નોટરી, મો. ૯૭૨૬૪ ૪૭૪૮૦
સાવન આર. ટીંબડીયા મો. ૭૯૯૦૨ ૧૩૭૨૮
રવિ સી. કરાસરીયા મો. ૮૦૦૦૯ ૭૯૯૪૪
ઓફીસ: 'નોટરી હાઉસ' બી-૨૧૪ હુડકો કવાર્ટર, ફાયર બ્રિગેડની સામે, કોઠારીયા રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

અમરેલી જીલ્લાનાં **કુંકાવાવ વડિયા** તાલુકાનાં મોજે ગામ **દેવળકી** નાં નીચે જણાવેલ ખાતા નંબર તથા સર્વે નંબરવાળી જીરાયત પ્રકારની જુની શરતની ખેડવાણ જમીન નીચે જણાવેલ જમીન માલીકની માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે.

ક્રમ	ખાતા નં.	રેવન્યુ સર્વે નં.	હે.આરે.ચો.મી.	જમીન માલીકનું નામ
૧	૫૮૪	૩૪૫ ૩૫૦ ૩૫૧ પૈકી ૨	૧-૮૬-૧૬ ૧-૦૧-૧૭ ૧-૨૮-૪૯	શ્રી વિરેન્દ્રકુમાર મનહરલાલ જોગી
૨	૫૭૬	૩૪૭ ૩૫૧ પૈકી ૧	૧-૮૧-૧૦ ૧-૭૫-૦૩	શ્રી હિરેનકુમાર મનહરલાલ જોગી
૩	૫૬૪	૩૪૪ પૈકી ૨ ૩૪૮ પૈકી ૧ ૩૪૮ પૈકી ૨ ૩૪૯/પૈકી ૧	૧-૦૧-૧૭ ૦-૮૦-૯૪ ૧-૨૧-૪૧ ૧-૩૪-૫૬	શ્રી મનહરલાલ રતીલાલ જોગી
૪	૫૮૩	૩૪૩/પૈકી ૧/પૈકી૧ ૩૪૪ પૈકી ૧/પૈકી ૧ ૩૪૪ પૈકી ૧/પૈકી ૨ ૩૪૬ ૩૪૬/પૈકી ૧	૦-૬૭-૪૫ ૦-૬૦-૭૦ ૦-૪૦-૪૭ ૦-૯૨-૦૭ ૦-૯૨-૦૭	શ્રી જીજ્ઞેશભાઈ મનહરલાલ જોગી

સદરહું ખેડવાણ જમીન મારા અસીલે ઉપરોકત ખેડવાણ જમીનના માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે. તો ઉપરોકત ખેડવાણ જમીનનાં વેચાણ સંબંધે કે સદરહું જમીનની માલીકી, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો, લાગભાગ, હકક, હીત, હીસ્સો, બક્ષીસ, ગીરો, દર- દાવો વારસાઈ હકક કે અન્ય કોઈપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે **દિવસ-૧૦ (દસ)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહું મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત કે હીસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે અને સદરહું મિલ્કત ટાઈટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ આગળના વ્યવહાર કરશે ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ/તા.૨૨-૦૭-૨૦૨૫ — અમારા મારફત

એસ.જી. પટેલ -એડવોકેટ — **જે.એન.પટેલ** -એડવોકેટ

ઓફીસ નં. ૯૦૭, આલ્ફા પ્લસ, રૈયા ટેલી.એક્ષચેન્જ સામે, ૧૫૦ ફટ રીંગ રોડ, રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ આસામીઓને જાણ કરવાની કે,

રાજકોટ શહેરની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૪૪ પૈકીની (ટી.પી. સ્કીમ નં. ૨૦, ઓ.પી. નં. ૨૦ તથા ફાઈનલ પ્લોટ નં. ૨૦) બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫+૬+૭ના સબપ્લોટ નં. ૫+૬+૭/૨ ની જમીન ચો.મી.આ. ૮૮-૫૮ **શ્રી પ્રશાંતભાઈ શિવલાલ લાખાણી તથા શ્રી શાંતિલાલ અમરશીભાઈ મનાણીની** સંયુક્ત માલીકીની અને કબ્જા ભોગવટાની આવેલ છે સદરહું જમીન તેઓને તેઓ જોગના વહેંચણી દસ્તાવેજ અનુ. નં. ૨૫૯, તા. ૨૨/૦૧/૨૦૨૦ થી પ્રાપ્ત થયેલ છે સબબ, આથી લાગતા વળગતા તમામ આસામીઓને જાણ કરવાની કે,

સદરહુ જમીન પરત્વે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈના કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર હોય કે કોઈના કોઈપણ પ્રકારનાં હક્કો હોઈ કે સાટાખાતની રૂએ કે કુલમુખ્ત્યારનામાની રૂએના હક્કો હોઈ કે અગ્રહક્ક હોઈ કે ખોરાકી પોષાકીના કે વારસાઈ હક્કો હોઈ કે સદરહુ જમીન ઉપર કોઈ આસામીનું કે બેંકનું તેમજ અન્ય કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો કે બોજો હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૮ (આઠ)** ની અંદર નીચે લખ્યા સરનામે અમોને લેખિત આધાર પુરાવા સહિત જણાવવું. મુદત વિત્યા બાદ કોઈના વાંધા તકરાર હશે તો તેવા વાંધા (WAIVE) થયા ગણાશે. જેની આથી લાગતા વળગતા તમામ આસામીઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તારીખ :- ૨૧/૦૭/૨૦૨૫

દિલીપ એમ. ધનાણી (એડવોકેટ) તે અસીની સુચનાથી

ઓફીસ : વિશાખા સિલ્વર એપાર્ટમેન્ટ, પહેલો માળ, રાજ બેંકની બાજુમા, ગાયત્રી નગર મેઈન રોડ, રાજકોટ. મો.૯૩૭૬૧ ૭૭૭૭૭

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજ્યનાં રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ઝીલરીયા ગામ માં આવેલ જુની શરતની ખેતીની ખેડવાણ જમીન.

ક્રમ	નામ	રે.સ.નં.	હે.આરે.ચો.મી.
૧.	શ્રી વિક્રમસિંહ મોટુભા ગોહીલ	૨૭૯/પૈકી ૧/પૈકી ૪	૦-૭૪-૯૪

ઉપરોકત ખાતેદારોની માલીકીની અને કબજા ભોગવટાની જમીન અમોના અસીલ શ્રી અરવિંદભાઈ છગનભાઈ લીંબાસીયા ખરીદ કરવા માંગે છે

ઉપરોક્ત જમીન બાબતે કે તેના માલીકી હકક બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, બોજો, દર-દાવો, લેણું, કરજ બોજો કે ગીરો કે ભરણપોષણનો હકક હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ) મા નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો આ સમય મર્યાદામા કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે હકક, હિસ્સો આવશે નહી અને જો હોય તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદરહું જમીન ખરીદવા અંગેની કાર્યવાહી કરશે અને સદરહું જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યાબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : પડધરી, તા. ૨૨/૦૭/૨૦૨૫
પત્ર વ્યવહારનું સરનામું :
રવિન્દ્રસિંહ એસ. જાડેજા (એડવોકેટ એન્ડ નોટરી) (૯૪૨૭૫ ૧૦૭૧૪)
જે. વિ. ઝાલા (એડવોકેટ એન્ડ નોટરી)
(૯૩૭૬૦ ૬૬૭૬૬)
હરદેવસિંહ ડી. જાડેજા (એડવોકેટ)
(૯૦૧૬૨ ૧૪૦૦૭)
બેંક ઓફ ઈન્ડીયા સામે,
પડધરી, તા. પડધરી. (જી. રાજકોટ)

(આર. એસ. જાડેજા) એડવોકેટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયનાં રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ કુવાડવા નાં **રેવન્યુ સર્વે નં. ૫૫૭ પૈકી** ની જમીનના આવેલ 'કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ' (જી.આઈ.ડી.સી.) ના ઔધોગીક હેતુ માટેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૬૨+૧૬૩ ની જમીન ચો.મી.આ. ૨૬૬૪-૯૦ ઉપર બાંધવામાં આવેલ શેડ કે જે શ્રી રાજેશભાઈ ડી. રાણપરીયા ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાના આવેલ છે. સદરહું મિલ્કત તેઓ પાસેથી મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે તો સદરહું મિલ્કતની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, લેણુ કરજ બોજો વારસાઈ હકક કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિવસ-૮ (આઠ) માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી, મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહી આવે તો સદરહું જમીન પરત્વે કોઈને કોઈપણ જાતનો વાંધો, તકરાર છે નહી હોય તો તે સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ, વહીવટની કાર્યવાહી પૂર્ણ કરશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ, તા. ૨૨/૦૭/૨૦૨૫ — અમારા મારફત

ધર્મેશ આર. મેઘાણી | રેનીસ પી. મેઘાણી એડવોકેટસ

૩૦૭, બીજો માળ, ટાઈમ્સ સ્કવેર, બાલાજી હોલ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો. ૯૬૨૪૨ ૮૦૮૮૮, મો. ૯૮૨૪૦ ૮૦૦૬૭

vision-9265724453

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને જાણ કરવાની કે રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના ગામ **ઉમરકોટ** ના **રેવન્યુ સર્વે નં. ૩૧/૭ પૈકી ૧** ની જરાયત પ્રકારની ખેતીની જમીન **હે-આરે-ચો.મી. (૦-૮૦-૯૪) શ્રી ઈભરામભાઈ કાસમભાઈ આમરોણીયા** ની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીન **હે.આરે.ચો.મી. (૦-૮૦-૯૪)** તેઓ પાસેથી મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે. તે અંગેના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે કોઈનો કોઈ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હકક, ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ, કરજ, બોજો, ગીરો હોય કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે **દિવસ-૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિતયે કોઈપણ વ્યકિતને કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોય તો જતો કરેલ છે. તેમ માની મારા અસીલો અવેજ ની બાકી રકમ ચૂકવી વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે ત્યાર બાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલોને બંધનકર્તા રહેશે નહી જેની આથી સર્વે એ સ્પષ્ટ નોંધ લેશો.

રાજકોટ, તા. ૨૨/૦૭/૨૦૨૫ — અસીલની સુચનાથી

મનસુખ એચ. ગઢીયા - એડવોકેટ

ઠે. દિવ્ય એપાર્ટમેન્ટ, અપર લેવલ, દુકાન નં. ૯, શેઠ હાઈસ્કુલ સામે, ૮૦ ફુટ રોડ, રાજકોટ મો. ૯૪૨૭૭ ૨૦૧૧૬

vision-9265724453

જાહેર નોટીસ

મારા અસીલે રાજકોટ જીલ્લાના તાલુકા કોટડા સાંગાણીના ગામ **રાજપરા**ના **રેવન્યુ સર્વે નં. ૩૬/૧** ની જુની શરતની **''વાડીનુ મોરવાણ''** તરીકે ઓળખાતી ખેતીની ખેડવાણ જમીન **હેકટર ૧ આરે ૧૮ ચો.મી. ૨૦** માંહેથી ખેતીની ખેડવાણ જમીન **હેકટર ૦ આરે ૭૭ ચો.મી. ૭૬** અમો **શ્રી નરશીભાઈ કલાભાઈ સરધારા,** રહે.ઠે.મું. રાજપરા, તા. કોટડા સાંગાણી, જી. રાજકોટ.વાળા પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે. જેની ગામ રાજપરાના રેવન્યુ રેકર્ડ ગામનમુનો નં. ૮-અ, ખાતા નં. ૬૬૯ તથા હકકપત્રક નં. ૬, નોંધ નં. ૨૮૪૫ થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીનના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબ્જા પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઈ હકક, કે ભરણપોષણના હકક કે કોઈનું લેણુ, કરજ, ગીરો, બોજો, કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૫ માં લેખીત આધાર, પુરાવા સાથે નીચેનાં સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદના કોઈના હકક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૨/૦૭/૨૦૨૫ — અમારા મારફત

વિક્રમ એસ. ગોંડલીયા (એડવોકેટ)

ગુરૂદેવ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, શોપ નં. ૪, શ્રી રામ પાર્ક શેરી નં. ૧, કોર્નર, બગીચાની સામે, હરીધવા રોડ, રાજકોટ. મો. ૯૪૨૮૨ ૫૪૩૬૩, ૯૯૦૯૧ ૭૮૧૯૩

vision-rjt.

:: સીવીલ કોર્ટ નોટીસ ::

રાજકોટના મહેરબાન ૯ મા અધિક સીનીયર સીવીલ જજ શ્રી જે.પી. ગોયલ મેડમની કોર્ટના દિવાની પરચુરણ અરજી નં.૧૫૭૦/૨૦૨૫ ના કામના અરજદારો (૧) વિજય રતિલાલ નથવાણી (૨) ઈન્દીરાબેન નવનીતભાઈ નથવાણીએ સ્વ. નવનીતભાઈ રતિલાલ નથવાણીના વારસદાર દરજજે સ્વ. શારદાબેન રતિલાલ નથવાણી કે જેઓ તા.૨૨/૧૦/૨૦૦૬ના રોજ રાજકોટ મુકામે અવસાન પામેલ છે તેમના હિસ્સાવાળી નીચે દર્શાવેલ મિલ્કતનુ વારસા સર્ટીફિકેટ મેળવવા માટે આ કોર્ટ સમક્ષ અરજી કરેલ છે:-

રાજકોટમા એરપોર્ટ રોડ ઉપરના મારૂતિનગર તરીકે ઓળખાતા વિસ્તારમા સીટી સર્વે વોર્ડ નંબર ૧૬/૧ ના સીટી સર્વે નં. ૨૧૧૬/ડ અને રાજકોટના રેવન્યુ સર્વે નં. ૪૮૧/૨ ના સબ પ્લોટ નં. ૫૩/A/૧ ની જમીન ઉપરના "ભારતી એપાર્ટમેન્ટ" ના ત્રીજા માળ ઉપરનો ચો. મી. ૪૬-૪૫ ના બીલ્ટ અપ એરિયાવાળો ફ્લેટ નં. ૭ (સાત)

ઉપર દર્શાવેલ મીલકતમા સ્વ. શારદાબેન રતીલાલ નથવાણીનો ૧/૩ અવિભાજય હિસ્સો છે તે સ્વર્ગસ્થના વારસદારો દરજજે અરજદારોને વારસાઈ હકક થી પ્રાપ્ત થયેલ છે તથા તે અંગેનુ વારસા સર્ટીફીકેટ મેળવવા માટેની અરજી અરજદારોએ અનીલ જે. જસાણી-એડવોકેટ મારફતે આ કોર્ટ સમક્ષ કરેલ છે જેથી તે સબંધે જો કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે મુદત તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે આ કોર્ટ સમક્ષ રૂબરૂ કે પ્રતિનીધિ કે વકીલ મારફતે હાજર રહેવુ, ગેરહાજર રહયેથી યોગ્ય હુકમ કરવામા આવશે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આજ તારીખ ૨૧ માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા કરી આપ્યા.

તૈયાર કરનાર (સોલંકી એ.કે.) આસિસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (સહી અવાચ્ય) I/C. રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ કોર્ટ- રાજકોટ

મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના મોજે ગામ તીથવા ના રેવન્યુ સર્વે નં. ૧૬૯ પૈકી ૧ ની જુની શરતની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧-૬૧-૮૮ ખરીદ કરવા અંગે

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા અને જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવાની કે **ગુજરાત** રાજયનાં **મોરબી** જીલ્લાનાં **વાંકાનેર** તાલુકાના મોજે ગામ **તીથવા** નાં **રેવન્યુ સર્વે નં. ૧૬૯ પૈકી ૧** ની જુની શરતની જરાયત પ્રકારની 'સરી' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી. ૧-૬૧-૮૮, શ્રીમાન જયંતિલાલ વિરાભાઈ હરીજન** નામે ગામ નમુના નં. ૮-અ ખાતા નં. ૮૨૨ થી આવેલ છે. સદરહું ખેડવાણ જમીનના સ્વતંત્ર માલીક તથા કબ્જેદાર **શ્રીમાન જયંતિલાલ વિરાભાઈ હરીજન** પાસેથી અમારા અસીલ સદરહું જમીન ખરીદ કરવા માંગે છે.

સદરહું જમીન અંગે કે જમીનનાં માલિકી, ટાઈટલ, કબજા, દસ્તાવેજ, જામીનગીરી, લેણા, કરજ કે બોજા કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક-દાવો, વાંધા કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૧૦ (દસ)** માં અમોને લેખિત પુરાવા સાથે વાંધો રજૂ કરવા, અન્યથા મુદત વિત્યા બાદ, કોઈનો વાંધો રજુ નહી થાય તો કોઈને કોઈપણ પ્રકારનો હક્ક-હિત-હિસ્સો હશે તો તેમણે તે જતો (Waive) કરેલ છે તેમ માનીને અમારા અસીલ સદરહું જમીન ટાઈટલ કલીયર સમજીને ખરીદ કરશે ત્યારબાદ કોઈના હક્ક-દાવા અમારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની દરેકે સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ
તારીખ : ૨૨.૦૭.૨૦૨૫

કે. ડી. ડોડીયા એડવોકેટ

અમારા મારફત : — તે અમારા અસીલની સૂચના મુજબ તેમના એડવોકેટ દરજજે

ડોડીયા એન્ડ ડોડીયા એસોસીએટસ

ઓફિસ નં. ૫૧૩, વિંગ-એ, પાંચમા માળે, ધ વન વર્લ્ડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, અયોધ્યા ચોક પાસે, રાજકોટ. મો. ૯૬૬૨૧ ૫૦૯૦૯

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના, જેતપુર તાલુકાના શહેર જેતપુર - નવાગઢ નગરપાલિકાની હદમાં આવેલ નવાગઢના રે.સર્વે નં. ૧૩૩ પૈકી એ. ૨-૩૪ ગુંઠા સાકી છાપકામના ઔધોગીક હેતુમાટે બીનખેતીના પ્લોટ નં. ૬, ચો.મી. ૧૦૩૮-૧૩ વાળી મિલ્કત રીતેશ પરસોતમભાઈ વેકરીયાની સ્વતંત્ર માલીકી અને કબ્જા ભોગવટાની આવેલ છે. તો સદરહું સ્થાવર મિલ્કતના ઉત્તરોતર ટાઈટલ ડીડ પૈકી (૧) રજી.વે.દ.અનુ.નં. ૯૩, તા.I ૨૫/૦૧/૧૯૯૯ વાળો પારેખ ફેમીલી ટ્રસ્ટ જેતપુરએ બેનીફીસરીઝના હીતાર્થે વેચાણ રાખેલ તથા પારેખ ફેમીલી ટ્રસ્ટ જેતપુર ના તા. ૨૧/૦૭/૧૯૭૮ ના ટ્રસ્ટ ડીડમાં લખ્યા મુજબ આ મિલ્કત તેના બેનીફીસરીઝ ને વેચાણ વિગેરેના અધીકારો આપેલા છે. (૨) પારેખ ફેમીલી ટ્રસ્ટ જેતપુરના બેનીફીસરીઝ એવા ૧. સરીતાબેન હરેશકુમાર પારેખે તા. ૧૮/૦૪/૨૦૦૪ ના રોજ અને ૨. શ્રી પરીતાબેન હરેશકુમાર પારેખે તા. ૦૭/૦૮/૨૦૦૪ ના રોજ હરેશકુમાર ચંપકલાલ પારેખને સદરહું મિલ્કત વેચાણ વિગેરે કરવાના તમામ કામે કુલમુખત્યારનામું આપેલ (૩) રજી.વે.દ.અનુ.નં. ૨૭૯૬, તા. ૧૩/૦૯/૨૦૦૪ વાળો મે. દ્વારકાધીશ કેમીકલ્સ રજી. ભાગીદારી પેઢી જેતપુર વતી પેઢીના ભાગીદારો ૧. શ્રીમતિ ભારતીબેન રમેશભાઈ પટેલ ૨. શ્રી ગોબરભાઈ કડવાભાઈ પટેલ ૩. શ્રી ધનજીભાઈ સ્વજીભાઈ પટેલ ૪. શ્રીમતિ હંસાબેન દિનેશભાઈ પટેલ જોગનો અસલ દસ્તાવેજ (૪) રજી.વે.દ.અનુ.નં. ૨૦૧૯, તા. ૨૩/૦૮/૨૦૦૫ વાળો રીતેશ પરસોતમભાઈ વેકરીયા જોગનો અસલ દસ્તાવેજો હાલના ધારણકર્તાઓને મળી આવતા નથી જે ઘણી શોધ કરવા છતા ગુમ થયેલ હોવાનું માલુમ થયેલ છે.જેથી સદરહું સ્થાવર મિલ્કતની માલીકીના સદરહું દસ્તાવેજો બાબતે. મિલ્કત ના કબજા બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈએ કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દર, દાવો, લેણું, કરજ, બોજો કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો તકાર હોય આ નોટીશ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દશ) માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહિં આવે તો સદરહું સ્થાવર મિલ્કત પરત્વે કોઈ વાંધા તકરાર છે નહીં અને હોય તે સ્વેચ્છાએ જતા (Waive) કરેલ છે, જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

અમારા મારફત — જેતપુર, તા. તા. ૨૨ - ૦૭ - ૨૦૨૫

હિરેન સી. વઘાસીયા - એડવોકેટ

C/O ઓમ ટાઈપીંગ, અંબિકા એવન્યુ કોમ્પ્લેક્ષ, જુનાગઢ રોડ, જેતપુર. મો. ૯૯૨૫૧ ૮૩૮૪૪

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા સર્વે જનતાને આ નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે,

રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના મોજે જમનાવડ ગામના રેવન્યુ સર્વે નં.૧૦૩ પૈકી-૩ ની કુલ ૧૮૬૧૫-૦૦ પૈકી ૪૦૪૭-૦૦ ચો.મી. જમીન જનરલ ઉદ્યોગના હેતુ માટે બીનખેતી થયેલ જમીનના પ્લોટો પૈકી પ્લોટ નં. ૧ ચો.મી. ૧૪૨૭-૧૨ તથા પ્લોટ નં.૨ ચો.મી.૧૨૦૫-૩૫ વાળી ખુલ્લા પ્લોટોની જમીન હસમુખભાઈ ભગવાનજીભાઈ વાઘમશીની માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું ખુલ્લા પ્લોટોની જમીન તેઓને ચુકતે અવેજ આપીને મારા અસીલો અલગ-અલગ દસ્તાવેજથી ખરીદ કરવા માંગે છે.

સદરહું ખુલ્લા પ્લોટોની જમીન અંગે કોઈનો કોઈપણનો જાતનો હકક, હીત, હીસ્સો, લાગ-ભાગ, દરદાવો, ભરણ પોષણના હક્ક, વારસાઈ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનું લેણુ કરજ બોજો કે કોઈપણ પ્રકારના વાંધા તકરાર હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત હરોળમાં કોઈના કોઈપણ વાંધા, તકરાર નહી આવે તો સદરહું ખુલ્લા પ્લોટની જમીન પરત્વે કોઈને કોઈપણ જાતનો હક્ક, અધિકાર નથી કે તે મીલ્કતનો વેચાણ સામે વાંધો તકરાર નથી. તેમજ જો હોય તો તેમને સ્વૈચ્છાએ જતો (Waive) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું ખુલ્લા પ્લોટની જમીનનો ચુકતે અવેજ આપી તે ખરીદ કરવા માટે પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરવાની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર અમારા અસીલને શુધ્ધબુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તેમજ સબંધકર્તા તમામ વ્યક્તિઓને નોંધ લેવી.

મું. ધોરાજી
તારીખ : ૨૨/૦૭/૨૦૨૫

દિપાબેન કે. ચૌહાણ
એડવોકેટ - જેતપુર
અસીલની સુચના મુજબ

ઠે. ઓફીસ નં. ૨, સવિતા કોમ્પ્લેક્ષ, જેતપુર. મો.નં. ૯૭૨૯૬ ૭૯૬૪૧

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે મારા અસીલની સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે, મોરબી જીલ્લાના મોરબી તાલુકાના ગામ શહેર મોરબીમાં સીટી સર્વે કચેરીના વોર્ડ નં. ૩, સીટ નં.૨૦૧, સી.સર્વે નં. ૨૧૯૬ પૈકીમાં આવેલ લેખ નાં. ૪૯૩ તા.૧૧-૭-૪૪ વાળી લતી પ્લોટ શેરી નં. ૨ માં આવેલ દુકાન ચો.મી. ૨૪-૧૩ નાં ક્ષેત્રફળવાળી મોરબી સબ રજી. કચેરીના બિન અવેજી ફારગતી દસ્તા. રજી. અનુ.ન નાં. ૮૮૮૭ તા.૧૬-૪-૨૦૨૫ મુજબ સૈફુદીનભાઈ આદમઅલી કોલંબોવારાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. જેથી મિલ્કતના દસ્તાવેજી પુરાવા ટાઈટલ ચેક કરવા સંબંધે ફાઈલ મારી પાસે ચકાસણી માટે આવતાં, સદરહું મિલ્કતના દસ્તાવેજોની ચકાસણી કરતાં ઉતરોતરના આધારો માંહેથી સકીનાબેન ઈબ્રાહીમભાઈ તથા અબ્બાસ સૈફુદીન વોરા વચ્ચે અદલા બદલાનો રજી. દસ્તાવેજ અનુ. નાં. ૪૯૬ તા.૩૧-૧-૧૯૮૯ વાળો અસલ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી ની પહોંચ અસલ ટાઈટલ ડીડસમાં સામેલ ન હોય અને હાલના માલીક એવું જાહેર કરે છે કે ઉપરોકત દર્શાવેલ દસ્તાવેજ ક્યાંક આડા-અવળો મુકાઈ ગયેલ હોય, ખુબજ શોધ-ખોળ કરવા છતાં મળી આવતો નથી. સદરહું દસ્તાવેજ કે સદરહું મિલ્કત કોઈપણ વ્યકિત, પેઢી કે સહકારી કે અર્ધસરકારી કચેરીમાં ગીરો મુકેલ નથી કે કોઈપણ પ્રકારની લોન સુવિધા મેળવેલ નથી.

તેમ છતાં ઉપરોકત મિલ્કતના અસલ દસ્તાવેજ પર કોઈપણ આસામીઓનું, પેઢી કે બેંક નું લેણું લેખું હોય તથા આ મિલ્કત અંગે જો કોઈના માલીકી રાઈટસ વેચાણ કે કબ્જા વિગેરે અંગે હકક, હીત, હિસ્સો લેણું, જામીનગીરી હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધી ના દિવસ-૭ (સાત) માં નીચેના સરનામે આધાર પુરાવા સાથે લેખીત રજુઆત કરવી. જો સમય મર્યાદામાં કોઈની રજુઆત નહી આવે તો આ મિલ્કતના હકક, હીસ્સા લેણું-લેખું કે જામીનગીરીમાં નથી અને હોઈ તો જતો (વેવ) કરેલ છે તેમ સમજી અને ઉપરોકત દસ્તાવેજની ખરીનકલને ટાઈટલમાં અસલના સ્વરૂપમાં ગણી 'બોનાફાઈડ પરચેઝર વીથ વેલ્યુ' તરીકે અસલ આ મિલ્કતના વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી પુર્ણ કરશે. જેથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મોરબી.
તા.૨૧-૦૭-૨૦૨૫
અસીલની સુચનાથી

મનિષભાઈ કે. પારેખ -એડવોકેટ

ઓફિસ નં.૭/૮, રજની પ્લાઝા, જી.આઈ.ડી.સી. સામે, શનાળા રોડ, મોરબી. મો.૯૮૭૯૦ ૭૫૭૧૫

બિપીન વ્યાસ(BMV)9825495303

EDITORIAL

તંત્રી સ્થાનેથી....

અકિલા

૨૨-૭-૨૦૨૫: મંગળવાર

સિંદૂરઃ રાજકીય નહિ, રાષ્ટ્રીય મુદ્દો

દરેક બાબતે રાજકીય ચશ્મા ન પહેરાયઃ ટ્રમ્પનું ચસ્કી ગયું છે, પણ ભારતના વિપક્ષનું...

લોકસભામાં ચોમાસુ સત્રમાં રાજકીય વાદળાં ગાજવા લાગ્યા છે. દેશ સામે અસંખ્ય સમસ્યાઓ જડબાફાડીને હાહાકાર મચાવે છે. આ રિયલ પ્રશ્ને સંસદ ધણધણવી જોઈએ. સરકાર માટે કઠીન સ્થિતિ વિપક્ષે સર્જવી જોઈએ. રિયલ મુદ્દા રાજકીય બનવા જરૂરી છે.

જો કે ભારતમાં રાજકીય સમજદારીનો સંપૂર્ણ અભાવ દેખાઈ રહ્યો છે. રાષ્ટ્રહિત અને રાજકીયહિત વચ્ચે કોઈને તફાવત દેખાતો નથી. સંસદમાં વિપક્ષ સાથે મળીને ઓપરેશન સિંદુર બાબતે અવાજ ઉઠાવે છે.

સિંદૂર પ્રકરણ દેશનું ગૌરવ છે. ત્રાસવાદી હુમલાનો બદલો લેવા ભારતે પ્રથમ વખત પાકિસ્તાન પર મિસાઈલમારો કર્યો હતો. આ અભિનંદનીય અને ગૌરવવંતુ પરાક્રમ જ ગણાય. તેની સામે પ્રશ્નો સર્જવા એ દેશના દુશ્મનોને સહાયક બનવા જેવું ગણાય.

મગજ વગરના અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ વારંવાર નિવેદનો બદલીને - નિવેદનો કરીને બકવાસ કરે છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે મેં યુધ્ધ વિરામ કરાવ્યું. ટ્રમ્પ ખુદ આ નિવેદન અંગે રદિયો આપે છે અને ફરી શાંતિ સ્થાપ્યાનો દાવો કરે છે. ટ્રમ્પના વિચિત્ર વલણથી અમેરિકાની આબરુ દાવ પર લાગી છે. ટ્રમ્પ આવું શા માટે કરે છે ? અમેરિકા સાથે ભારતની વ્યાપાર ડીલ મંત્રણા ચાલી રહી છે. ભારતે આ અંગે આક્રમક વલણ રાખ્યું છે. આ કારણે અમેરિકાને પેટમાં દુખે છે. ટ્રમ્પ મોદીજીને નીચા દેખાડવાના પ્રયાસ રૂપે આડેધડ દાવા કરે છે.

આ બાબતે રાજનીતિને દૂર રાખીને દરેક ભારતીયે અમેરિકા-ટ્રમ્પ સામે નિવેદનો કરીને દેશને મજબૂત સાબિત કરવો જોઈએ. આ રાષ્ટ્રનીતિનો મુદ્દો છે. જો કે ઓપરેશન સિંદૂર મામલે રાજનૈતિક ખેલ ચાલી રહ્યા છે.

વિપક્ષ એક બનીને ટ્રમ્પના દાવા અંગે સરકાર પાસેથી જવાબ માંગે છે. ટ્રમ્પના મિશનમાં વિપક્ષ સામેલ હોય તેવું ચિત્ર ઉપસતું નથી ? આ ઉપરાંત સરકાર વિરોધી લોકો પણ સોશિયલ મીડિયામાં ઓપરેશન સિંદૂર અંગે મજાક ઉડાવવા લાગ્યા છે. રાષ્ટ્રીય અને રાજકીય બાબતો અંગે દેશમાં સમજદારીનો પૂર્ણ અભાવ છે.

અહીં સરકારનું સમર્થન કરવાનો આશય નથી, દેશનું સમર્થન કરવું દરેક ભારતીય માટે જરૂરી જ હોય છે. સરકારનો વિરોધ કરવા માટે રિયલ મુદ્દાની અછત નથી. ભાંગેલા-તૂટેલા માર્ગો, અન્યાયકારી ટોલટેક્સ નીતિ, વિચિત્ર જીએસટી નીતિ, કરવેરાની આવકનો દુરુપયોગ, રાષ્ટ્રીય અંધાધુંધી વગેરે અંગે સરકારની ઊંઘ હરામ થવી જોઈએ.

વિપક્ષને અને સરકાર વિરોધી લોકોને રાષ્ટ્રહિતના મુદ્દા જ વિરોધ માટે દેખાય છે. આવા લોકોના કારણે ટ્રમ્પ. પાકિસ્તાન અને ભારતના દુશ્મનો ખુશ થાય છે. ત્રેવડ હોય તો રિયલ મુદ્દે મોદિત્વનો વિરોધ કરી દેખાડો. રિયલ મુદ્દા ઉકેલાશે તો દેશ મજબૂત બનશે. (૫-૨)

ઉપરાષ્ટ્રપતિ બનવા માટે કઈ લાયકાત હોવી જોઈએ? ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન કેવી રીતે થાય છે?

આગામી ઉપરાષ્ટ્રપતિ કોણ બનશે? શું છે ચૂંટણી પ્રક્રિયા ?



નવી દિલ્હી તા.૨૨ઃસોમવારે મોડી સાંજે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર પોતાના પદ પરથી રાજીનામું આપ્યું. ધનખડનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે. આવી સ્થિતિમાં, ઉપરાષ્ટ્રપતિની પસંદગી કેવી રીતે થાય છે તે જાણવું મહત્વપૂર્ણ છે.

ભારતમાં, ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ પણ હોય છે. જો કોઈ કારણોસર રાષ્ટ્રપતિનું પદ ખાલી પડે છે, તો ઉપરાષ્ટ્રપતિ તેની જવાબદારી સંભાળે છે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ફક્ત લોકસભા અને રાજ્યસભાના સાંસદો જ ભાગ લે છે. આ ચૂંટણીમાં કેન્દ્ર સરકાર નિયુકત સભ્યો પણ ભાગ લે છે. જ્યારે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં, તમામ રાજ્ય વિધાનસભાઓના લોકસભા સાંસદો અને ધારાસભ્યો મતદાન કરે છે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડવા માટે ભારતનો નાગરિક હોવો જરૂરી છે. તેમની ઉંમર ૩૫ વર્ષથી વધુ હોવી જોઈએ અને તેમણે રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાઈ આવવા માટે તમામ પાત્રતા માપદંડો પૂર્ણ કરવા જોઈએ. ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડી રહેલા ઉમેદવારે ૧૫,૦૦૦ રૂપિયા પણ જમા કરાવવા પડશે. આ સિક્યોરિટી ડિપોઝિટ જેવા છે. જો કોઈ ચૂંટણી હારી જાય અથવા તેને ૧/૬ મત ન મળે તો આ રકમ જમા થાય છે.

બંને ગૃહોના સાંસદો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લે છે. આમાં, ૨૪૫ રાજ્યસભા અને ૫૪૩ લોકસભા સાંસદો ભાગ લે છે. રાજ્યસભાના સભ્યોમાં, ૧૨ રાષ્ટ્રપતિ દ્વારા નિયુકત સાંસદોનો પણ તેમાં સમાવેશ થાય છે.

ઉપરાષ્ટ્રપતિની પસંદગી પ્રમાણસર પ્રતિનિધિત્વ પ્રણાલી દ્વારા થાય છે. આમાં, મતદાન એક ખાસ રીતે થાય છે, જેને સિંગલ ટ્રાન્સફરેબલ વોટ સિસ્ટમ્સ કહેવામાં આવે છે.

મતદાન દરમિયાન, મતદાતાએ ફક્ત એક જ મત આપવાનો હોય છે, પરંતુ તેણે પોતાની પસંદગીના આધારે પ્રાથમિકતા નક્કી કરવાની હોય છે. મતપત્ર પર, મતદાતાએ પોતાની પહેલી પસંદગીને ૧, બીજી પસંદગીને ૨, વગેરે તરીકે પ્રાથમિકતા આપવાની રહેશે.

આ રીતે સમજો, જો એ, બી અને સી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડી રહ્યા હોય, તો મતદાતાએ દરેકના નામની આગળ પોતાની પહેલી પસંદગીનો ઉલ્લેખ કરવો પડશે. ઉદાહરણ તરીકે, મતદાતાએ એ ની આગળ ૧, બી ની આગળ ૨ અને સી ની આગળ ૩ લખવાનું રહેશે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે એક ક્વોટા નક્કી કરવામાં આવ્યો છે. મતદાન કરનારા સભ્યોની સંખ્યાને બે વડે ભાગાકાર કરો અને પછી તેમાં ૧ ઉમેરો. ધારો કે ચૂંટણીમાં ૭૮૭ સભ્યોએ મતદાન કર્યું, તો તેને ૨ વડે ભાગવાથી ૩૯૩.૫૦ મળે છે. આમાં ૦.૫૦ ગણાતું નથી, તેથી સંખ્યા ૩૯૩ થાય છે. હવે જો આપણે આમાં ૧ ઉમેરીએ તો તે ૩૯૪ થાય છે. ચૂંટણી જીતવા માટે ૩૯૪ મત મેળવવા જરૂરી છે.

મતદાન પૂર્ણ થયા પછી, પ્રથમ રાઉન્ડની ગણતરી કરવામાં આવે છે. આમાં, સૌ પ્રથમ એ જોવામાં આવે છે કે બધા ઉમેદવારોને પ્રથમ પસંદગીના કેટલા મત મળ્યા છે. જો પ્રથમ મતગણતરીમાં જ કોઈ ઉમેદવારને જરૂરી ક્વોટા કરતાં બરાબર અથવા વધુ મત મળે તો તેને વિજેતા જાહેર કરવામાં આવે છે.

જો આવું ન થાય તો ગણતરી ફરીથી થાય છે. આ વખતે, જે ઉમેદવારને સૌથી ઓછા મત મળે છે તે બહાર થઈ જાય છે. પરંતુ તેમને પ્રથમ પ્રાથમિકતા તરીકે આપવામાં આવેલા મતોમાં, એ જોવામાં આવે છે કે કોને બીજી પ્રાથમિકતા આપવામાં આવી છે. પછી આ પ્રાથમિકતા મતો બીજા ઉમેદવારને ટ્રાન્સફર કરવામાં આવે છે.

આ બધા મતો ઉમેર્યા પછી, જો કોઈ ઉમેદવારને જરૂરી ક્વોટા અથવા વધુ મત મળે, તો તેને વિજેતા જાહેર કરવામાં આવે છે. પરંતુ જો બીજા રાઉન્ડમાં કોઈ વિજેતા ન બને, તો ફરીથી એ જ પ્રક્રિયાનું પુનરાવર્તન કરવામાં આવે છે. આ પ્રક્રિયા એક ઉમેદવાર જીતે ત્યાં સુધી ચાલુ રહે છે.(૩૮.૩)

તે અંધશ્રદ્ધાળુ છે તે હંમેશાં નકારાત્મક વિચારે છે : જોકે હવે આનું પ્રમાણ ઓછું થયું છે

કિરણના વિચિત્ર સવાલોને કારણે અમે બંને અલગ-અલગ રૂમમાં રહીએ છીએ

અનુપમ ખેરે સ્વીકાર્યું કે તેમનાં લગ્ન પરફેક્ટ નથી : પણ એ પરસ્પર આદર, સહાનુભૂતિ અને વર્ષોની મિત્રતાના પાયા પર ટકેલાં છે



મુંબઈ, તા.૨૨ઃચાર દાયકાથી લગ્નગ્રંથિથી જોડાયેલાં અનુપમ ખેર અને કિરણ ખેરની ગણતરી પ્રેમાળ દંપતી તરીકે થાય છે. હાલમાં એક ઈન્ટરવ્યુમાં અનુપમ ખેરે પોતાના લગ્નજીવન વિશે વિગતવાર વાત કરી છે અને સ્વીકાર્યું છે કે તેમનાં લગ્ન પરફેક્ટ નથી; એ પરસ્પર આદર, સહાનુભૂતિ અને વર્ષોની મિત્રતાના પાયા પર ટકેલાં છે.

અનુપમે ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે '૪૦ વર્ષનાં લગ્નમાં બધું સારુ જ હોય એ શક્ય નથી, એમાં ફસ્ટ્રેશનના તબક્કા પણ આવે છે. મારાં માતાપ્રપિતાનું લગ્નજીવન ૫૯ વર્ષનું હતું અને એ પણ શ્રેષ્ઠ નહોતું. શ્રેષ્ઠ લગ્ન એ છે જેમાં એકબીજા માટે પરસ્પર આદર હોય.'

કિરણના સ્વભાવ વિશે વાત કરતાં અનુપમે જણાવ્યું હતું કે 'તે અંધશ્રદ્ધાળુ છે. તે હંમેશાં નકારાત્મક વિચારે છે. જોકે હવે આનું પ્રમાણ ઓછું થયું છે પણ શરૂઆતમાં આવું બહુ થતું. હવે અમે અલગપ્રઅલગ રૂમમાં રહીએ છીએ, કારણ કે દરેકની પોતાની આદત હોય છે. જો હું વૉશરૂમમાં જાઉં તો તેને લાગે છે કે હું ટૉઈલેટપ્રસીટ બંધ નહીં કરું. તેને લાગે છે કે હું લાઈટ બંધ નહીં કરું. આને કારણે હું જેવો બેડ પરથી ઊઠું છું ત્યારે તે બૂમ પાડે છે 'લાઈટ બંધ કરી?' અને હું કહું છું 'કિરણજી, હજી અંદર ગયો નથી.' તેનો આગળનો સવાલ હોય છે 'ફ્લશ કર્યું?' શરૂઆતમાં આવો સવાલ સાંભળીને મને બહુ નવાઈ લાગતી હતી પણ પછી મને આ એકદમ કૉમેડી જેવું લાગવા માંડ્યું. હું વિચારતો કે તે ખૂબ રમૂજી છે.'

અનુપમે આ ઈન્ટરવ્યુમાં પત્ની કિરણના નિખાલસ સ્વભાવ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે 'તે ક્યારેક અત્યંત સ્પષ્ટવક્તા હોય છે, પરંતુ પછી મને ખ્યાલ આવે છે કે તે આ વાતમાં સાચી હતી. તે ફિલ્મ જુએ છે અને તેને ન ગમે તો સ્પષ્ટ કહે છે કે તેં બિલકુલ સારું કામ નથી કર્યું. શરૂઆતના સમયમાં તે મારી સાથે મારો હાથ પકડીને ટ્રાયલ શો માટે જતી અને પછી જો તેને ઍક્ટિંગ ન ગમે તો ધીમેપ્રધીમે પોતાનો હાથ છોડાવી લેતી, જાણે તેનો મારી સાથે કોઈ સંબંધ જ ન હોય. પછી તે મને ખરાબ ઍક્ટિંગ માટે કહેતી : 'યે ક્યા કર રહા હૈ તૂ, મુઝે બરબાદ કર રહા હૈ. પાગલ હો ગયા હૈ તૂ? સદ્નસીબે છેલ્લાં ૧૦-૧૫ વર્ષના લગ્નજીવનમાં આવું નથી થયું, કારણ કે મેં કેટલાંક સારાં કામ કર્યાં છે. અમે એકબીજાને 'તમે' નથી કહેતાં. અમે સમાન છીએ. અમારા ઘરમાં ફિલ્મી વાતાવરણ નથી. કિરણનો સ્વભાવ રમૂજી છે. તે ઈરાદાપૂર્વક એવું નહીં કરતી હોય પણ મને તે રમૂજી લાગે છે. મારાં લગ્નમાં ઉતારપ્રચડાવ આવ્યા છે પરંતુ અમારી સાથે જે રહ્યું છે એ છે અદ્ભુત સહાનુભૂતિ, પરસ્પર આદર, દયા અને મિત્રાતા. લગ્નજીવનમાં આ સૌથી મહત્ત્વની વસ્તુ છે.'(૨૩.૨)

આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥

વિક્રમ સંવત-૨૦૮૧
વીર સંવત ૨૫૫૧
શાલિવહન શક-૧૯૪૭
ઇસ્વીસન-૨૦૨૫
તા. ૨૩-૭-૨૦૨૫ બુધવાર
અષાઢ વદ-૧૪
શિવરાત્રી
ભદ્રા ૧૫-૩૨ સુધી
બુધવારી અમાસ સવારે ૮-૪૦થી
ભારતીય શ્રાવણ મહિનો શરૂ

આજના ગ્રહો
સૂર્ય-કર્ક
ચંદ્ર-મિથુન
મંગળ-સિંહ
બુધ-કર્ક
ગુરૂ-મિથુન
શુક્ર-વૃષભ
શનિ-મીન
રાહુ-કુંભ
કેતુ-સિંહ
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલ્ટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

સૂર્યોદય-૬-૧૬
સૂર્યાસ્ત-૭-૩૦
જૈન નવકારશી- ૭-૦૪
ચંદ્ર રાશિઃ- મિથુન (ક.છ.ઘ.)
નક્ષત્ર-આદ્રા
રાહુ કાળઃ

૧૨-૫૩ થી ૧૪-૩૩ સુધી
દિશાશૂળ- ઉત્તર

માંગલિક કાર્યોનો શુભ સમય

સાંજનો શુભ સમય ૧૯-૩૦ થી ૨૧-૩૫ સુધી, ૬-૧૬ થી લાભ-અમૃત ૯-૩૫ સુધી ૧૧-૧૪ થી શુભ ૧૨-૫૩ સુધી ૧૬-૧૨ થી ચલ-લાભ ૧૯-૩૦ સુધી ૨૦-૫૨ થી શુભ-અમૃત-ચલ ૨૪-૫૩ સુધી

શુભ હોરા

૬-૧૬ થી ૮-૨૯ સુધી,
૯-૩૫ થી ૧૦-૪૧ સુધી,
૧૨-૫૩ થી ૧૬-૧૨ સુધી
૧૭-૧૮ થી ૧૮-૨૪ સુધી

બ્રહ્માંડના સિતારા

જન્મ કુંડલીમાં જો શનિ યોગ કારક હશે તો તમો - ધાર્મિક વિચારો ધરાવતા હશો સતત કામ કરવાની ઈચ્છા રહેશે. કોઈની તકલીફો જોઈને મનમાં વ્યથા રહેશે તે વ્યકિતને મદદ કરવાની ઈચ્છા રહેશે જે વ્યકિતઓની ગ્રહોની સ્થિતિમાં શનિ પ્રધાન વ્યકિત હશે તો તેના શરીરમાં ચરબી નહી હોય મતલબ કે સીંગલ બોડી કહી શકાય શનિ - સુખ - સંપત્તિનો કારક છે. જેથી શનિ દુઃખ જ આપે તેવું પણ ન જ માનવું. આપણા બધા જ વડાપ્રધાનો શનિની પનોતી દરમ્યાન વડાપ્રધાન પદ સુધી પહોંચેલ છે. શનિની કૃપા મેળવવા - મહેનત-ઈમાનદારી રાખવી કોઈના હરામના પૈસા ન લેવા. વંચનો પૈસો ન ખાવો.


આજના શુભ દિવસે...



વિનુભાઈ જગડા ● ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

દુનિયાના લાખો-કરોડો માણસોમાં કોણ કોને અને કયારે મળે છે એ અકળ છે. મળવું કે છૂટા પડવું બેમાંથી એકેય ક્રિયા આપણાથી થતી નથી. આપણે તો માત્ર પ્યાદાં હોઈએ છીએ.

નદીમાં પડેલા ચંપલમાં જીવ એવો અટવાયો કે યંગસ્ટર લપસીને જીવ ગુમાવી બેઠો



સિવની તા.૨૨ઃ મધ્ય પ્રદેશના સિવનીમાં શનિવારે પિકનિક સ્પોટ પરેવા ખોહ પર ફરવા ગયેલો ૨૦ વર્ષનો આયુષ નામનો યુવાન નદીમાં પડેલાં ચંપલને કાઢતી વખતે તણાઈ ગયો હતો અને તેણે જીવ ગુમાવ્યો હતો. આયુષ તેના પાંચ મિત્રો સાથે ફરવા ગયો હતો. આ ઘટનાનો એક વિડિયો પણ સામે આવ્યો છે, જેમાં આયુષ લાકડીની મદદથી નદીમાં પડી ગયેલાં તેનાં ચંપલ કાઢવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. ચંપલ કાઢવામાં તેનો જીવ એવો અટવાયેલો હતો કે અચાનક તેનો પગ લપસી ગયો હતો જેને કારણે તે જોરદાર પ્રવાહમાં તણાઈ ગયો હતો.(૩૮.૭)

અક્ષયકુમાર અને અર્શદ વારસીની 'જોલી એલએલબી'નું ટીઝર 'વોર ટુ' સાથે લોંચ થશે

હાલ ફિલ્મની ટીમ પ્રમોશનલ સોંગનું મુંબઈમાં શૂટિંગ કરી રહી છે, જેમાં બંને જોલી છે



મુંબઈ તા.૨૨ઃઅક્ષય કુમાર માટે ૨૦૨૫નું વર્ષ સારું રહ્યું છે, તેની એક પછી એક અલગ અલગ વિષયની ફિલ્મ આવી રહી છે અને બોક્સ ઓફિસ પર સારી ચાલે છે. તેની 'સ્કાય ફોર્સ'થી લઈને 'કેસરી ચેપ્ટર ૨' અને 'હાઉસફુલ ૫' સુધીની ફિલ્મમાં તેણે અલગ પ્રકારના રોલ કર્યા છે. તેની 'જોલી એલએલબી ૩' આ વર્ષની તેની છેલ્લી ફિલ્મ હશે. સુભાષ કપૂરે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં અર્શદ વારસી પણ છે. પહેલી જોલી એલએલબીમાં અર્શદ વારસી હતો અને બીજી ફિલ્મમાં અક્ષય કુમાર જોલીના રોલમાં જોવા મળ્યો હતો. ત્યારે ત્રીજા ભાગમાં આ બંને જોલી વચ્ચે ટક્કર જોવા મળશે.

આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરે રિલીઝ થશે, ફિલ્મની ટીમ ઓગસ્ટ મહિનાથી ફિલ્મનું માર્કેટિંગ શરૂ કરવાનું આયોજન કરી રહ્યું છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સ્વતંત્રતા દિવસ પર સમગ્ર દેશના થિએટરમાં આ ફિલ્મનું ટીઝર લોંચ થશે. સુત્રએ જણાવ્યું,''જોલી એલએલબી ૩ની ટીમ આ કોર્ટરૂમ કોમેડીનાં ટીઝર ટ્રેલર પર કામ કરી રહી છે, જેમાં આ બંને જોલી સાથે મળીને કેવી અંધાધુંધી રચે છે, જે પહેલાં ક્યારેય જોવા મળી નથી, એ દર્શાવાશે. વિચાર તો ૧૦ ઓગસ્ટ આસપાસ આ ટીઝર લોંચ કરવાનો છે. વોટર ટુ સાથે સમગ્ર દેશના થિએટરમાં આ ટીઝર જોડાવામાં આવશે.''(૩૮.૪)

NSUI પ્રેસિડન્ટે ૧૯ વર્ષની સ્ટુડન્ટ સાથે દુષ્કર્મ આચર્યુંઃ ધરપકડ



ભુવનેશ્વર,તા.૨૨ઃ કોન્ગ્રેસ સ્ટુડન્ટ વિંગના અને ઓડિશાના નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ ઉદિત પ્રધાન મોટી મુશ્કેલીમાં મુકાયા છે. ઉદિત પ્રધાને એક ગર્લ સ્ટુડન્ટ સાથે દુષ્કર્મ આચર્યું છે તે મુદ્દે તેઓની ધરપકડ કરવામાં આવી છે. પીડિતાએ પોલીસમાં આ મામલે ફરિયાદ નોંધાવી હતી. એનએસયુઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હરું કે, વર્તમાન ઘટનાને ધ્યાનમાં રાખતાં એનએસયુઆઈ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઓડિશા રાજ્ય અધ્યક્ષને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એનએસયુઆઈ લિંગ આધારિત અન્યાય સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવે છે. બાલાસોર પીડિતાને ન્યાય અપાવવા માટે અમારી લડાઈ ચાલુ જ રહેશે.

રિપોર્ટ પ્રમાણે પીડિતા તેની બહેનપણી સાથે ભુવનેશ્વરમાં માસ્ટર કેન્ટીન સ્ક્વેર ખાતે ગઈ હતી. ત્યાં બહેનપણીએ પીડિતનો પરિચય ઉદિત પ્રધાન સાથે કરાવ્યો હતો. ત્યારબાદ તેઓ બધાં ઉદિત પ્રધાનના વાહનમાં બેસીને નયાપલ્લી વિસ્તારમાં આવેલ એક હોટલમાં પહોંચ્યાં હતાં. ઉદિત પ્રધાને પીડિતાને સોફ્ટ ડ્રિંક આપ્યું હતું. જેમાં તેઓએ ડ્રગ્સ ભેળવ્યું હતું. આ સોફ્ટ ડ્રિંક પીધાના થોડાક સમયમાં પીડિતાને ચક્કર આવ્યા હતા. પીડિતાએ તેઓને ઘરે મૂકી જવા કહ્યું હતું પણ. ઉદિત અને અન્ય લોકોએ તેની વાત સાંભળી નહીં. ત્યારબાદ પીડિતા બેહોશ થઈ ગઈ હતી. જ્યારે તે ભાનમાં આવી ત્યારે એને ભાન થયું કે પોતાની સાથે ઉદિત પ્રધાન દ્વારા બળાત્કાર થયો છે. ઉદિત પ્રધાને પીડિતાને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપીને મોઢું બંધ કરાવી દીધી હતું.

પીડિતા જણાવે છે કે, તે મારી બાજુમાં બેઠા અને મને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો. ત્યારબાદ તેઓ મને એક હોટલમાં લઈ ગયા, એક રૂમમાં તેઓ દારૂ પીવા લાગ્યા. હું દારૂ પીતી ન હોવાથી મેં ઈનકાર કર્યો. ત્યારે ઉદિત પ્રધાને મને એક ગ્લાસ સોફ્ટ ડ્રિંક આપ્યું હતું, તેં પીતાં જ મને ચક્કર આવવા માંડ્યા હતા. મેં તેઓને ઘરે મૂકી જવા કહ્યું. જ્યારે મને ભાન આવ્યું, ત્યારે મેં ઉદિત પ્રધાનને મારી બાજુમાં સૂતેલા જોયા. મને દર્દ થઈ રહ્યું હતું. હું સમજી ગઈ કે મારી સાથે કંઈક ખોટું કરવામાં આવ્યું છે. રવિવારે મોડી રાત્રે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.(૪૦.૫)

માથાદીઠ વાર્ષિક આવક ૧.૯૫ લાખ, દેશમાં ગુજરાત પાંચમા નંબરે

એક દાયકામાં ગુજરાતમાં સરેરાશ માથાદીઠ આવકમાં ૯૦.૭%નો વધારો

નવી દિલ્હી,તા.૨૨ઃ ગુજરાતમાં વર્ષ ૨૦૧૩-૧૪ની સરખામણીમાં વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ માથાદીઠ આવકમાં ૯૦.૭ ટકાનો વધારો થયો છે જે ટકાવારીની દ્રષ્ટિએ દેશમાં બીજા નંબરે છે. ગુજરાતની વાર્ષિક માથાદીઠ આવક ૧,૯૫,૬૧૭ રૂપિયા છે. જો કે ગુજરાત કરતા વધુ માથાદીઠ આવક ધરાવતા હોય તેવા ચાર રાજ્ય છે. જેમાં ગોવા ૩,૫૭,૬૧૧ રૂપિયા સાથે આ સમયગાળામાં પ્રથમ નંબરે છે.

ગુજરાત દેશભરમાં એકંદરે સમૃદ્ધ રાજ્ય ગણાય છે. એક દાયકા પૂર્વેની અને ૨૦૨૩-૨૪માં નાગરિકને થતી માથાદીઠ આવકની સરખામણીમાં ૯૩,૦૨૮ રૂપિયાનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં રાજ્યમાં માથાદીઠ સરેરાશ આવક ૧,૦૨,૫૮૯ રૂપિયાહતી તે ૨૦૨૩-૨૪માં ૧,૯૫,૬૧૭ રૂપિયા નોંધાઈ છે. લોકસભામાં નાણા મંત્રાલય દ્વારા ૨૧ જુલાઈએ એક સવાલના જવાબમાં અપાયેલી માહિતી મુજબ જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન) ના અનુમાન મુજબ વર્ષ ૨૦૨૪-૨૫માં સ્થિર મૂલ્યો પર દેશની સરેરાશ માથાદીઠ આવક ૧,૧૪,૭૧૦ રૂપિયા છે. જે ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૭૨,૮૦૫ રૂપિયાહતી.

ગોવામાં માથાદીઠ વાર્ષિક આવક ૩.૫૭ લાખ

વર્ષ ૨૦૨૩-૨૪માં ચાર રાજ્ય જેની વાર્ષિક માથાદીઠ આવક ગુજરાતથી વધુ છે. તેમાં ગોવામાં ૩,૫૭,૬૧૧ રૂપિયા, સિક્કિમમાં ૨,૯૨,૩૩૯, દિલ્હીમાં ૨૭૧,૪૯૦ અને ચંદીગઢમાં ૨,૫૬,૯૧૨નો સમાવેશ થાય છે. ગુજરાત પાંચમા નંબરે છે. વિવિધ રાજ્યની માથાદીઠ આવકની માહિતી પ્રમાણે અનેક રાજ્ય એવા છે જેમાં ગુજરાતની આવક કરતા મોટુ અંતર છે. ગુજરાતના લોકોની માથાદીઠ આવકમાં એક દાયકામાં ૯૦ ટકાનો વધારો થયો છે.

વાલીઓને મળશે રાહત

સીબીએસઇ સ્કુલમાં ક્લાસરૂમથી લઈને રમત-ગમત મેદાન સુધી કેમેરા ફરજિયાત



નવી દિલ્હી તા.૨૨ઃસેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન ની શાળાઓમાં બાળકોની સુરક્ષાને લઈને એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જેનાથી સીબીએસઈમાં જેમના બાળકો અભ્યાસ કરે છે તેમના વાલીઓને થોડી રાહત મળી રહેવાની છે. હવે તમામ સીબીએસઈ સાથે સંલગ્ન શાળાઓ માટે તેમના સમગ્ર કેમ્પસમાં હાઈ-રિઝોલ્યુશન સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત બનાવવામાં આવ્યા છે.

સીબીએસઈએ તેમના પોતાના નિયમોમાં સંશોધન કરીને હવે કહ્યું છે કે હવે દરેક શાળામાં દેખરેખ માટેની વ્યવસ્થા કરવી પડશે. જેનાથી દરેક બાળકોનો એક સુનિશ્ચિત રેકોર્ડ બની શકે. તેમજ આ કેમેરા માત્ર વિડિયો નહી પરંતુ ઓડિયોની સાથે રેકોર્ડીંગ કરશે. આ નિર્ણય શાળાઓમાં વધતી અમુક ઘટનાઓ અને વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને લઈને લેવામાં આવ્યો છે.

બોર્ડે કરેલા નવા દિશા નિર્દેશો અનુસાર, શાળાના મુખ્ય ગેટ, વર્ગખંડ, સ્ટાફ રૂમ, લેબ, લાઈબ્રેરી, કેન્ટીન, લોબી, સીડીઓ, રમતનું મેદાન તેમજ શૌચાલયની બહારના ભાગે મહત્વની જગ્યાઓ પર હાઈ ક્વોલીટી કેમેરા લગાવવાના રહેશે. જો કે ટોઈલેટ કે વોશરૂમની અંદરના ભાગમાં કેમેરા નહી લગાવવામાં આવે.

બોર્ડે એમ પણ કહ્યું છે કે કેમેરા એવી સ્ટોરેજ ડીવાઈસ સાથે જોડાયેલા હોય કે જેનાથી ૧૫ દિવસ સુધીનો રેકોર્ડ સાચવી શકાય. જેનો ઉદેશ્ય એ છે કે જો કોઈ ઘટના ઘટે છે તો ફૂટેજની મદદથી હકીકત સામે લાવી શકાય.

તાજી શાકભાજી જીએસટીના દાયરામાં આવતી નથીઃ જો શાકભાજી વેચનાર સીધા ખેડૂતો પાસેથી ખરીદીને કોઈ પણ પ્રકારની પ્રોસેસિંગ વિના વેચે છે તો એના પર જીએસટી લાગુ પડતો વેપાર તરીકે ગણાતો નથી

શાકભાજી વિક્રેતાને મળી રૂ. ૨૯ લાખની જીએસટીની નોટિસ



બેંગલુરુઃ ૨૨ઃ કર્ણાટકના હાવેરીમાં આવેલા એક શાકભાજી વિક્રેતા દુકાનદાર માટે એ સમયે અજીબ સ્થિતિ ઊભી થઈ જ્યારે તેને રૂ. ૨૯ લાખની GST નોટિસ મોકલવામાં આવી છે આ નોટિસ મળ્યા પછી હવે આ શાકભાજી વેચનારને સમજાતું નથી કે શું કરવું?

હાવેરીના મ્યુનિસિપલ હાઈ સ્કૂલ ગ્રાઉન્ડ નજીકના વિસ્તારમાં શંકરગૌડા છેલ્લાં ચાર વર્ષથી નાની શાકભાજીની દુકાન ચલાવી રહ્યા છે. તેના મોટા ભાગના ગ્રાહકો તેમને યુપીઆઈ અથવા અન્ય ડિજિટલ વોલેટ દ્વારા ચુકવણી કરે છે. પરંતુ શંકરગૌડા માટે મુશ્કેલીઓ ત્યારે શરૂ થઈ ગઈ જ્યારે GST અધિકારીઓએ તેમને ગયા ચાર વર્ષમાં કુલ રૂ. ૧.૬૩ કરોડની લેવડદેવડને આધારે રૂ. ૨૯ લાખની નોટિસ મોકલીને ચુકવણી માટે નિર્દેશ આપ્યો.

શંકરગૌડાનું કહેવું છે કે તેઓ સીધા ખેડૂતો પાસેથી તાજી શાકભાજી લાવે છે અને પોતાની નાની દુકાન પરથી વેચે છે. તેનું કહેવું છે કે મોટા ભાગે તેના ગ્રાહકો યુપીઆઈથી પેમેન્ટ કરે છે, તેઓ વધુમાં કહે છે કે તેઓ દર વર્ષે ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરે છે અને તમામ રેકોર્ડ્સ નિયમ મુજબ જ રાખે છે. તેમ છતાં આટલી અશક્ય રકમની જીએસટી નોટિસ મળતાં તેઓ આશ્ચર્યચકિત છે.

અહેવાલ અનુસાર તાજેતરમાં કર્ણાટકના જીએસટી વિભાગે જણાવ્યું હતું કે તેઓ યુપીઆઈ પેમેન્ટ લેવાવાળા વેપારીઓ પર ધ્યાન આપી રહ્યા છે. તેમ જ તેવું પણ જણાવવામાં આવ્યું કે જેમનો ટર્નઓવર નિર્ધારિત મર્યાદા કરતાં વધુ છે, તેમને જીએસટીરજિસ્ટ્રેશન માટે નોટિસ મોકલવામાં આવશે.(૩૮.૬)

બમ બમ ભોલે... ચાર સોમવાર સાથે થશે શિવની આરાધના, ૯ ઓગસ્ટે રક્ષાબંધન અને ૧૬મી ઓગષ્ટ જન્માષ્ટમી: શ્રાવણ માસની તૈયારી, અનેક ભક્તો અમાસથી શરૂ કરશે શિવપૂજા

શુક્રવારથી શ્રાવણ માસ: શિવભક્તોમાં ઉજવણીનો અનેરો થનગનાટ

મુંબઈ તા.૨૨: શિવ, ભોલેનાથ, નીલકંઠ, મહાદેવ સહિતના અનેક નામો સાથે ભક્તોના દિલમાં વસેલા ભગવાન શંકરની આરાધનાના પવિત્ર અવસર શ્રાવણ માસનો આગામી શુક્રવારે ૨૫ જુલાઈથી આરંભ થશે. જેને પગલે શિવભક્તોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે ચાર સોમવાર સાથે શિવની આરાધના થશે. ૯ ઓગસ્ટના રોજ રક્ષાબંધન પર્વ અને ૧૬ ઓગસ્ટે જન્માષ્ટમી પર્વ સહિત વિવિધ પર્વોની ઉજવણી થશે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના શિવમંદિરોમાં શ્રાવણ માસની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અનેક ભકતો અમાસથી શિવપૂજા સાથે શ્રાવણની ઉપાસના શરૂ કરશે.

ગત વર્ષે શ્રાવણ માસ વેળા પાંચ સોમવારનો સંયોગ જોવા મળ્યો હતો. ગત વર્ષે રક્ષાબંધન અને જન્માષ્ટમી પર્વ સોમવારના રોજ હોય ભકતોનો ઉત્સાહ ચરમસીમાએ દેખાયો હતો. ચાલુ વર્ષે પણ શિવ આરાધના માટેની હલચલ શરૂ થઈ ગઈ છે. જેમાં શુક્રવારે ૨૫ જુલાઈથી શ્રાવણ માસની શરૂઆત થશે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક જાણીતા શિવમંદિરોમાં ગુરુવારે અમાસની પૂજા સાથે ઉજવણીનો દોર શરૂ થશે. જ્યારે ૨૫ જુલાઈના રોજ શ્રાવદ સુદ એકમથી ભક્તોની ભીડ દેખાશે. ૨૩ ઓગસ્ટના શનિવારે અમાસ સાથે પૂર્ણાહુતિ થશે. મહારાજ કિરીટદત્ત શુક્લના જણાવ્યા મુજબ, ભગવાન શિવની આરાધના માટે સમગ્ર શ્રાવણ માસમાં પૂજા-અર્ચનાનો દોર જોવા મળે છે. શ્રાવણ માસ વેળાએ જ નાગ પાંચમ, રાંધણછઠ, શીતળાસાતમ, નોળી નોમ, પુત્રદા એકાદશી, પવિત્રા બારસ, રક્ષાબંધન, જન્માષ્ટમી પર્વની ઉજવણી થશે.(૩૮.૧૧)



શિવભક્તિ સાથે વિવિધ પર્વોની ઝાકમઝોળ

જ્યોતિષીના જણાવ્યા મુજબ, શુક્રવારે પુષ્યનક્ષત્રમાં શ્રાવણ માસની ઉજવણી શરૂ થશે. તેમાં ૨૫ જુલાઈએ મહાલક્ષ્મી-જીવંતિકા પુજન, ૨૭મીએ હરિયાળી ત્રીજ, ૨૮મીએ વિનાયક ચતુર્થી, ૨૯મીએ નાગ પંચમી, ૩૦મીએ રાંધણછઠ્ઠ ૩૧મીએ શીતળાસાતમ, ૧ ઓગસ્ટે દુર્ગાષ્ટમી, ૩ ઓગસ્ટે બગીચાનોમ, ૫ ઓગસ્ટે પવિત્ર એકાદશી, ૬ઠ્ઠીએ પવિત્રા બારસ, ૯મીએ શનિવારી પુનમ સાથે રક્ષાબંધન ૧૨મીએ બોળચોથ, ૧૪મીએ રાંધણછઠ્ઠ ૧૫મીએ શીતળાસાતમ, ૧૬મીએ જન્માષ્ટમી, ૧૭મીએ નંદ મહોત્સવ, ૧૯મીએ અજા એકાદશી, ૨૧મીએ શિવરાત્રી, ૨૩મીએ અમાસ વેળાએ શિવપાર્થેશ્વર પૂજાનું સમાપન.

નબીરાઓએ સર્જેલો અકસ્માત: મોડી રાત્રે બનેલી ઘટના: રફતાર ઉપર લગામ લગાવી જરૂરી: એક સપ્તાહમાં બીજો બનાવ

વઢવાણ પાસે ત્રણ વાહનોને ટક્કર મારી કાર મુકીને ફરાર: વિજપોલ પણ તોડી નાખ્યા!

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ તા.૨૨: રાજયમાં માર્ગ અકસ્માતની દુર્ઘટનાઓ અટકવાનું નામ જ નથી લેતી, આવી જ એક દુર્ઘટના સુરેન્દ્રનગરમાં સામે આવી છે. વઢવાણ હાઈવે પર નબીરાએ બેફામ કાર ચલાવીને ત્રણ વાહનોને ટક્કર મારી હતી. બી ડિવિઝન પોલીસ મથકથી માત્ર ૨૦૦ મીટરની ત્રિજયામાં જ આ નબીરાએ અકસ્માત સર્જયો છે અને વીજળીના થાંભલાઓ પણ પાડી દેવામાં આવ્યા છે ત્યારે અનેક વાહન ચાલકો આ અકસ્માત જોતા તેમના હૃદય પણ ધબકવા લાગ્યા હતા અને અકસ્માત સર્જી અને કાર નો ચાલક કાર ઉંધી પડી હોવા છતાં પણ બહાર નીકળી અને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો જ્યારે આગળની બંને કારના ચાલકોનો પણ બચાવ થયો હતો પરંતુ આ નબીરાએ ત્રણ વાહનોને હડફેટે લઈ નુકસાન પહોંચાડ્યું છે અને પોલ પણ પાડી દેવામાં આવ્યા છે.

આ ઘટના અંગેની જાણકારી મળતાની સાથે જ બી ડિવિઝન પોલીસ દોડી આવી હતી પરંતુ કારનો ચાલક જ કાર મૂકી અને ફરાર થઈ ગયો હતો. આ ઘટના મધ્યરાત્રીના બની છે જ્યારે એક જ સપ્તાહમાં આ રોડ ઉપર બીજી ઘટના બની છે. વાહનો બેફામ રીતે ચલાવવામાં આવે છે. એસઓજી પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને પીઆઈ અને પીએસઆઈ શીંગરીયિા સહિતના સ્ટાફ તપાસ અને કાર ચાલક કોણ છે ક્યાંનો છે? જ્યારે એવું પણ લોકોમાં ચર્ચા છે કે જ્યારે આવા નબીરાઓ અકસ્માત સર્જે છે ત્યારે નશાની હાલતમાં કાર ચલાવતા હોય છે. ક્યારેક આકસ્માત મોટી દુર્ઘટના પણ સાબિત થઈ શકે છે ત્યારે તંત્ર દ્વારા આવા નબીરાઓને જ્યાંથી પસાર થતા હોય ત્યાં જ રોકી અને તપાસ હાથ ધરવી જોઈએ ચર્ચાનો વિષય બન્યો છે.

બેફામ કાર ચાલકે વીજપોલને પણ તોડી પાડ્યો હતો. જોકે ગંભીર અકસ્માતમાં સદનસીબે જાનહાની ટળી હતી. ઉલ્લેખનીય છે કે અકસ્માત એટલો ગંભીર હતો કે જે કારે અકસ્માત સર્જયો હતો તે પલ્ટી ખાઈ ગઈ હતી. આ કાર ચાલક કોણ હતો તે હજું સામે આવ્યું નથી. અકસ્માતનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.(૨.૭)



ગુરૂગાદી સંભાળી રહેતા કિન્નરના ઘરમાં તોડફોડ કરવા સહિતની બે' દિ પહેલાની ઘટનામાં

સુરેન્દ્રનગરમાં ૨૩ કિન્નરોની ધરપકડ

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ, તા. ૨૨: સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં કિન્નરોની ગુરૂ ગાદી બાબતે અલગ-અલગ કિન્નરોના બે જુથો વચ્ચે બોલાચાલી અને મારામારીનો બનાવ બન્યો હતો જે બાબતનું મનદુઃખ રાખી અમદાવાદ, બોટાદ, બહુચરાજી અને સ્થાનીક કિન્નરોના એક જુથ દ્વારા રાત્રીના મુખ્ય સ્મશાન રોડ પર જુના પાવર હાઉસ પાસે રહેતા એક કિન્નરના ઘરે પથ્થરોના ઘા ઝીંકી તોડફોડ સહિત નુકશાન પહોંચાડયું હતું અને જાતિ અપમાનીત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનાર કિન્નરેએ-ડિવીઝન પોલીસ મથકે સામેના જુથના ૨૪ જેટલા કિન્નરો સામે એટ્રોસીટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માહિતી મુજબ પાવર હાઉસ પાસે રહેતા ફરિયાદી બાબુભાઈ અરજણભાઈ

Page NO.6



કોરીયોગ્રાફર (ગરબા માસ્ટર) જોઇએ છીએ

શાસ્ત્રીનગર ઓનર્સ સર્વીસ એસો. સંચાલીત શ્રી આશાપુરા ગરબી મંડળ માટે બાળાઓને ગરબા સ્ટેપની પ્રેકટીસ કરાવી શકે તેવા કોરીયોગ્રાફરની જરૂરીયાત હોય તો આ બાબતે નીચે જણાવેલ સરનામે અથવા મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવો.

શાસ્ત્રીનગર ઓનર્સ સર્વીસ એસો.
ઓફિસ નં. ૧, નાના મવા મેઈન રોડ
મો. નં. ૯૯૦૪૫ ૪૫૮૪૯, ૯૬૨૪૩ ૯૬૨૪૩

ફોર્જીંગ કંપની માટે
જોઈએ છે
ડ્રાફટમેન
ડાય ની ડિઝાઈન ઓટોકેડ માં બનાવી શકે તેવા
એ. બી. ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં. ૨૯૨-૯૩, GIDC, કુવાડવા, જી.રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૭૮૪૧૨૯
M. 81605 89820

ગોમટા સર્વેમાં આલીશાન ફાર્મ હાઉસ વેચવાનું છે

ગોંડલ પાસે (૧૨ કિલોમીટર દુર) ગોમટાના સર્વે નં.માં જગ્યા-૧ એકર-૪ ગુઠા અંદાજીત ૩૩ વિઘાના વિશાળ જગ્યામાં ફુલ સગવડતાવાળું ફાર્મ હાઉસ જેમાં ૨, પાણીના બોર, સ્વીમીંગ પુલ તથા (૪૫×૪૫) બંગલો રહેવા માટે ફુલ ફર્નિચર સાથે તથા ફળ-ફળાદી બાગાયતી ૭૦૦ ઝાડ સાથે અને ચોકીદાર માટે અલગ રહેવાનું મકાન. ફરતે 7 ફૂટ કમ્પાઉન્ડ હોલની દિવાલ સાથે.

નલીનભાઇ સોટા
મો. ૯૪૨૯૦ ૪૭૮૩૪

પાટડી પાસે અઢી લાખનો દારૂ ભરેલ કાર સાથે ઝડપાયો



વઢવાણ, તા., ૨૨ : પાટડી પોલીસે દસાડાથી પાટડી તરફ આવતી એક શંકાસ્પદ કારને રોકીને મોટી કામગીરી કરી છે. બાતમીના આધારે અમૃત હોટલ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસે સફેદ કલરની ફોક્સવેગન કારને રોકીને તપાસ કરતા તેના ચોરખાનામાંથી

Page NO.6

કોડીનારના પીપળી ગામે વિજ ચેકિંગ ટીમ ઉપર હૂમલો: ત્રણ કર્મચારી ઘાયલ



કોડીનાર: કોડીનારમાં આજે વહેલી સવારે પીજીવીસીએલ કોપરેટ દ્વારા કોડીનાર શહેર અને સમગ્ર તાલુકામાં ૪૫ થી વધુ ગાડીઓ એસઆરપીના બંદોબસ્ત સાથે ચેકિંગ હાથ ધરવામાં આવેલ આ પૈકી એક ટીમ કે જેના અધિકારી મનીષકુમાર માનસિંગભાઈ પરમાર રહેવાસી રાજુલા વાળા જે તાલુકાના પીપળી ગામે ૨૦ ચેકિંગ હાથ ધરેલ તે દરમિયાન એક ઘરમાં વીજ ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે એક શખ્સ ઘરમાંથી

Page NO.6

પ્લોટ ભાડે આપવાનો છે

નાના મવા મેઈન રોડ પર, મોકાજી સર્કલ પાસે, ડોમીનોઝ પિઝાવાળી શેરીમાં ૪૦૦ વારનો પ્લોટ ભાડે આપવાનો છે. તો ભાડે રાખવા માંગતી પાર્ટીએ નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવો.

મો. નં. ૯૬૨૪૩ ૯૬૨૪૩

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
કાર લોન
૭.૮૫% થી
પ્રિ-ક્લોઝર/પાર્ટ પેમેન્ટ ચાર્જ નહીં
લોનનો સમયગાળો મહત્તમ ૭ વર્ષ
૧૦૦% સુધી ધિરાણની સુવિધા
મોર્ગેજની જરૂર નહીં
૪૮ કલાકમાં જ ધિરાણ
નહિવત ડોક્યુમેન્ટ
ફિક્સ વ્યાજદર
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક PROUDLY CO-OPERATIVE સહકારથી સમૃદ્ધિ

ભાવનગર રેલવે ડીઆરએમ કચેરીના ક્લાસ ટુ એન્જિનિયર રૂા.૬૫ હજારની લાંચ લેતા ઝડપાયા



(મેઘના વિપુલ હિરાણી) ભાવનગર તા.૨૨:.. ભાવનગર રેલવે ડીઆરએમ કચેરીના આસિસ્ટન્ટ ઈલેકિટ્રક એન્જિનિયર ક્લાસ ટુ ને લાંચ-રુશ્વત ખાતા ના સ્ટાફે રૂા.૬૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા હતા.

ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટર ને રેલવે ડીવીઝન ભાવનગર માંથી મળેલા કોન્ટ્રાક્ટ ના કામો નાં આશરે રૂપીયા દસ લાખ ની રકમ નાં રનિંગ બીલો ની મંજુરી/એપ્રુવલ આપવા પેટે બીલ ની રકમ નાં ૪ ટકા લેખે એડવાન્સ તથા ફરીયાદી ને અન્ય એક 'વર્ક ઓર્ડર' આપેલ હોઈ તેના પોઈન્ટ પાંચ ટકા લેખે ભાવનગર રેલવે ડીવીઝન કચેરીના આસિસ્ટન્ટ ઈલેકિટ્રક એન્જિનિયર ક્લાસ ટુટિપ્પે સ્વામી લક્કામા દાસર એ રૂ. ૩.૬૫,૦૦૦/- ની લાંચ ની માંગણી કરેલ હતી .પરંતુ ફરીયાદી લાંચનાં નાણાં આપવા માંગતા ના હોઈ એસીબી નો સંપર્ક કરી ફરીયાદ આપતા , આજરોજ લાંચનાં છટકાનું આયોજન કરવામાં આવેલ, આ લાંચનાં છટકા દરમ્યાન રેલવેના ક્લાસ ટુ અધિક કરીએ એ ફરીયાદી પાસે લાંચ નાણાં માંગી સ્વીકારતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. (૫-૭)

શ્રદ્ધા સાથે
સ્વાસ્થ્ય માટે
હાથી રાજગરા લોટ અને સામો(મોરૈયો)
HATHI RAJAGRA FLOUR
HATHI સામો / મોરૈયો
ISO 22000
Order Online hathimasala.com
સ્વાદ અને સ્વાસ્થ્ય માટે આજે જ લાવો

પોરબંદરના મંદિરમાંથી ચાંદીનું છત્તર અને ૧૩૦૦ની રોકડ ચોરી જનાર ઝડપાયો

પોરબંદર, તા. ૨૨ : મંદિરમાંથી ચાંદીનું છત્તર અને ૧૩૦૦ ની રોકડ ચોરી જનાર મનીષ દિલીપભાઈને કમલાબાગ પોલીસ સ્ટેશનની પોલીસે પકડીને કાર્યવાહી કરી છે.

કમલાબાગ પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૦૫(ડી), ૩૩૧ (૪) મુજબના ગુન્હામાં ચોરી થયેલ મુદ્દામાલ તથા રોકડ રૂપિયા શોધી કાઢવા માટે કમલાબાગ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ પો. સબ. ઈન્સ. એ.એ. ડોડીયા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પો. સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સર્વેલન્સ સ્ટાફના પો. હેડ કોન્સ. બી.પી. માળીયા તથા પો. કોન્સ. દેવેન્દ્રસિંહ રણજીતસિંહને બાતમી મુજબ કે. ચોપાટી વડલાના ઝાડ પાસે મુદ્દામાલ સંતાડેલ તે લેવા માટે આરોપી મનીષ દિલીપભાઈ જતો હોય જેથી



વોચ તપાસમાં રાખી ગુન્હામાં ચોરીમાં ગયેલ ચાંદીનું છત્તર આશરે કિ. ૩૦ હજાર તથા રોકડા રૂપિયા ૧૩૦૦ સાથે આરોપીને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી છે.

મંદિરમાં ચાંદીના છત્તર અને રોકડા ચોરીનો ભેદ ઉકેલવાની આ કામગીરીમાં કમલાબાગ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર આર. સી. કાનમિયા તથા સર્વેલન્સના સ્ટાફના પો. સબ. ઈન્સ. એ.એ. ડોડીયા તથા સર્વેલન્સ એ.એસ.આઈ. એસ.એ. બકોત્રા તથા પો. હેડ કોન્સ. એન.ટી. ભટ્ટ તથા બી.પી. માળીયા તથા સી.જી. મોઢવાડીયા તથા એસ.એમ. જાંબુચા તથા પો.કોન્સ. સાજન રામશીભાઈ તથા સુરેશ કીશાભાઈ તથા વિજય ખીમાભાઈ તથા દેવેન્દ્રસિંહ રણજીતસિંહ તથા વુ. પો. કોન્સ. દક્ષાબેન ગીજુભાઈ વિગેરે પોલીસ સ્ટાફે કરી હતી. (૯.૧૮)

પોરબંદરના ભીમનાથ મંદીરે ગુરૂપુર્ણિમાની ઉજવણી: પુજન-સુંદરકાંડ પાઠ-મહાપ્રસાદ યોજાયો

પોરબંદર, તા., ૨૨: ભીમનાથ મહાદેવ મંદીર સેવા સમિતિ દ્વારા ગુરુ પૂર્ણિમાની ઉજવણીનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સંત શાઈ ચરિત્ર વચનામૃત કથા વાંચન, વિષ્ણુ સહસ્ત્ર પાઠ, અભિષેક બાબાની પૂજન વિધિ, સુંદર કાંડના પાઠ અને સાંજે ભોજન રૂપે હજારો ભક્ત સમૂહદાયયે મહા પ્રસાદ લઈ ધન્યતાની લાગણી અનુભવી હતી.

રેલવે સ્ટેશન પાસે શ્રી ભીમનાથ મહાદેવ મંદિરના પરિસર ખાતે ગુરુ પૂણિમાં મહોત્સવનુ આયોજન કરવામાં આવેલ હતું જે માસત શાઈ ચરિત્ર વચનામૃત કથા વાંચન, વિષ્ણુ સહસ્ત્ર પાઠ તથા અભિષેક અને બાબાની પૂજન વિધિ, વિદ્વાનશાસ્ત્રી શ્રી કિશોરભાઈ શાસ્ત્રી દ્વારા સુંદર કાંડના પાઠનું રસપાન કરાયું હતું

સેવા કર્મી શ્રી તુલસીભાઈ મકવાણાના માર્ગદર્સન હેઠળ પ્રતિ ગુરુવારે સાંજે સત્સંગ મંડળ દ્વારા સેવા કર્મી પ્રદીપભાઈ બામણીયા, પ્રેમજી ભાઈ બામણીયા, વિનુભાઈ પ્રશનાણી ગોવિંદભાઈ ગોહિલ, કાન્તાબેન ગોહિલ સાંજે ૪ થી ૬ સુધી ભજન સંકીર્તન ધૂન ગવડાવવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં ધર્મ પ્રેમી ભાઈ બહેનો જોડાય છે. કેટરર્સ ગંગા માંના દીકરા બિપિનભાઈ અને તેની ટિમ દ્વારા નિશુલ્ક રસોઈ બનાવવાની સેવાને ધર્મ પ્રેમી ભાઈ બહેનો બિરદાવી રહ્યા છે.

સાઈબાબાની મૂર્તિને પંચામૃત અભિષેક ભક્ત સમૂહ દાય દ્વારા કરવામાં આવેલ હતો. જેમાં તબીબ ડો. સુરેશભાઈ ગાંધી, પોરબંદરના ગોઢાણીયા બી. એડ કોલેજના ડાયરેક્ટર ડો. ઈશ્વરભાઈ ભરડા નારણભાઈ બામણીયા, રમેશભાઈ દવે, ભુપત ભાઈ ડાભી, પ્રદીપ ભાઈ બામણીયા, અશોકભાઈ ગરેજા પરેશ ભાઈ સિમરીયા, ભુપત ભાઈ ડાભી, મહેશભાઈ ભૂવા સહીતના ધન્ય બન્યા હતા. (૪.૨૭)

મોરબી મહાપાલિકા કચેરીમાં ટેક્સ કલેક્શન યુનિટ શરૂ: બેથી ત્રણ દિવસમાં ક્લસ્ટર ઓફિસે પણ વેરો ભરવાની સુવિધા શરૂ કરાશે

હવે સર્વરના ધાંધિયા નહી નડે: ટૂંક સમયમાં લોકો ઘરે બેઠા વેરો ભરી શકે તે માટે વેબસાઈટ અને એપ્લિકેશન પણ શરૂ કરાશે

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૨: મોરબી મહાપાલિકા કચેરીમાં આજથી ટેક્સ કલેક્શન યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બેથી ત્રણ દિવસમાં ક્લસ્ટર ઓફિસે પણ વેરો ભરવાની સુવિધા શરૂ કરાશે. સાથે ટૂંક સમયમાં લોકો ઘરે બેઠા વેરો ભરી શકે તે માટે વેબસાઈટ અને એપ્લિકેશન પણ શરૂ કરાશે તેવી મ્યુનિસિપલ કમિશનર દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

કમિશનર સ્વપ્રિલ ખરેએ આ અંગે જણાવ્યું કે અગાઉ વેરા વસુલાતની કામગીરીમાં સર્વરની સમસ્યા આવતી હતી. હવે આપણી પોતાની સિસ્ટમ હોવાથી આ સમસ્યા નહિ સર્જાય. ઈ-નગરની કામગીરી પૂર્ણ થતાં નવી ટેક્સ સીસ્ટમ અમલમાં મુકવામાં આવી છે.

મહાપાલિકામાં વેરો ભરનાર નાગરિકોને સુવિધા મળે તેના માટે ટેક્સ કલેક્શન યુનિટની સ્થાપના કરવામાં આવી છે. જેમાં સારી સીટીંગ વ્યવસ્થા છે. પીવાના પાણીની વ્યવસ્થા છે. કેશિયરને પણ સારી વ્યવસ્થા મળશે. વેરો ભરવાની સેવા મહાપાલિકાની



મુખ્ય કચેરી અને સિટી સિવિક સેન્ટરમાં શરૂ થઈ ગઈ છે. આગામી એક-બે દિવસમાં દરેક ક્લસ્ટરના ટેકસ રિકવરી ઓફિસરોને તાલીમ આપવામાં આવશે. બાદમાં બેથી ત્રણ દિવસ પછી ક્લસ્ટર ઓફિસમાં પણ નાગરિકો વેરો ભરી કાશે. આ ઉપરાંત ટૂંક સમયમાં એપ્લિકેશન અને સોફ્ટવેર શરૂ ગરિકો ઘરે બેઠા વેરો ભરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. (૨૨.૧૦)

મોરબીના ત્રાજપર ખારી વિસ્તારમાં મેઈન રોડ પર ગટરના પાણી



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૨: આ અંગે ત્રાજપર ખારી વિસ્તારના રહીશે જણાવ્યું હતું કે, છેલ્લા ૫ મહિનાથી રહીશો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

આ અંગે પાર્થભાઈને રજુઆત કરતા તેઓએ ઉચ્ચઅધિકારીઓને રજુઆત કરવા જણાવ્યું હતું. જ્યારથી મોરબી શહેરને મહાનગર પાલિકાનો દરજ્જો મળ્યો છે ત્યારથી આ વિસ્તારમાં ગટરના પાણી ઉભરાવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. મુસાફરોને આવવા જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગંદકીને કારણે આસપાસના વિસ્તારમાં લોકોના સ્વાસ્થ્યને લઈને ભીતિ પણ સેવાઈ રહી છે. ત્યારે જો કોઈ માંદગીનો ભોગ બને તો જવાબદાર કોણ? વગેરે જેવા પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

મહત્વનું છે કે, મોરબીમાં અવારનવાર અનેક વિસ્તારોમાં ગટરના પાણી ઉભરાતા લોકો હાલાકીનો સામનો કરી રહયા છે. ત્યારે તંત્ર ઘોર નિંદ્રામાં હોઈ તેમ આંખ આડા કાન કરીને બેસી રહ્યાનું દૃશ્ય જોવા મળી રહ્યું છે. (૨૨.૧૧)

ધોરાજી: વિદેશ રહેતા પતિની મિલ્કતની હરરાજી કરી પત્નિને ભરણપોષણ ચુકવવા કોર્ટનો આદેશ

પ્રિન્સીપાલ જજ શ્રી જી. ડી. યાદવ દ્વારા અપાયેલ મહત્વનો ચુકાદો

(ધર્મેન્દ્ર બાબરીયા દ્વારા) ધોરાજી તા. ૨૨: ધોરાજીના પ્રિન્સિપલ ફેમિલી જજ શ્રી જી.ડી.યાદવ સમક્ષ ઉપલેટાના અરજદાર સમીમબેન સરફરાજભાઈએ દાદ માંગેલી હતી કે, અગાઉ ઉપલેટા જ્યારે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના પાવર હતા ત્યારે સમીમબેન વાઈફ ઓફ સરફરાજ અને સગીર અદનાન સન ઓફ સરફરાજ માટે ભરણપોષણની દાદ માંગેલી હતી. અને વર્ષ ૨૦૨૨માં તેઓએ ભરણપોષણ માંગેલું હતું. જેનો હુકમ વર્ષ ૨૦૨૩માં ઉપલેટા ના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આનંદકુમાર અનિલભાઈ દવે એ કરેલો હતો અને પ્રતિ માસ રૂપિયા ૧૧૦૦૦ ભરણ પોષણના ચુકવવા નો હુકમ સરફરાઝભાઈ ઠેબાને હુકમ ફરમાવેલો હતો.

હુકમની બજવણી ટાળવા માટે સરફરાજ સત્તારભાઈ ઠેબા, રહેવાસી સ્ટાર ગોલ્ડ રેસીડેન્સી, અલફીઝા પાર્ક ઉપલેટા વાળા અદાલત સમક્ષ હાજર થતા ન હતા અને ધોરાજીના મહેરબાન પ્રિન્સિપલ ફેમિલી જજ સમક્ષ ચડત ખોરાકી વસુલ મળવા માટે સમીમબેન એ દાદ માંગેલી હતી. તે સમગ્ર રજૂઆત થતા પણ સરફરાજ સત્તારભાઈ ઠેબા નામદાર અદાલત સમક્ષ હાજર થયેલા નહીં. અને લોકમુખે એવી ચર્ચા થતી હતી કે સરફરાઝભાઈ વિદેશ ભાગી ગયા છે. કોઈપણ સંજોગોમાં કોઈ પત્ની કે બાળકને ભરણપોષણથી વંચિત રાખી શકાય નહીં. આવા સંજોગોમાં ધોરાજીના પ્રિન્સિપલ ફેમિલી જજ સાહેબ સમક્ષ એડવોકેટ ધવલભાઈ છતાણી મારફતે રજૂઆત અને દલીલ કરવામાં આવેલી હતી.

ત્યારબાદ દલીલોને ધ્યાને લઈ ધોરાજીના પ્રિન્સિપલ ફેમિલી જજ જી.ડી.યાદવે દલીલો ગ્રાહ્ય રાખી અરજદારની ચડત ખોરાકીના રૂપિયા વસુલ અપાવવા માટે સરફરાજભાઈ અબ્દુલ સતાર ઠેબા ની ઉપલેટા શહેરમાં નગરપાલિકાની હદમાં આવેલી માલિકીની મિલકત સબ પ્લોટ નંબર ૪ થી ૭/૩ રેવન્યુ સર્વે નંબર ૩૯/૨ પૈકી ૧વાળી મિલકત કલેક્ટરશ્રી-રાજકોટ એ સદર મિલકત ટાંચ માં લઈ મિલ્કતની હરરાજી મારફતે વેચાણ કરાવવાનો હુકમ કરવામાં આવેલો છે. ભરણપોષણ ન ચૂકવવા માટે અદાલતમાં હાજર ન થતા પક્ષકારો માટે આ સીમા ચિન્હરૂપ ચુકાદો છે. આ કામના અરજદાર સમીમબેન સરફરાજભાઈ વતી ધોરાજી કોર્ટમાં એડવોકેટ ધવલભાઈ છતાણી, એડવોકેટ રમેશભાઈ ચાવડા રોકાયેલા હતા.

રાણાવાવ નજીક બરડા ડુંગરમાં દેશી દારૂની ભઠ્ઠી બંધ કરાવતી પોલીસ : ૧૨૦૦ લીટર આથો ઝડપાયો

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા.૨૨ : રાણાવાવ નજીક બરડા ડુંગરમાં ધમમતા દેશી દારૂની ભઠ્ઠી પોલીસે બંધ કરાવીને સ્થળ ઉપરથી ૧૨૦૦ લીટર દારૂનો આથો ઝડપી લીધો હતો. દારૂની ભઠ્ઠી ચલાવનાર અને હાજર નહીં મળી આવેલ સુકા નાથાભાઈ સામે પોલીસે ગુન્હો નોંધ્યો છે.

રાણાવાવ પો. સ્ટે.ના પો. સબ. ઈન્સ. આર.વી. મોરી તથા સર્વેલન્સ સ્ટાફ બરડા ડુંગર/જંગલ વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પો.કોન્સ. સંજય વાલાભાઈ તથા સરમણ દેવાયતભાઈ તથા જયમલ સામતભાઈ નાઓને બાતમી હકિકત આધારે બરડા ડુંગર ફુલજરનેશથી ઉતરે રેઈડ કરતા સુકા નાથાભાઈ કોડીયાતર રહે. વિજકાફડીયાનેશ તા. રાણાવાવ વાળાની દેશીદારૂની ભઠ્ઠી મળી આવેલ અને આરોપી વિરૂધ્ધ કાયદેસરની



કાર્યવાહી કરી રાણાવાવ પો. સ્ટે.માં પ્રોહીબિશનનો ગુન્હો રજી. કરાવેલ છે.

હાજર નહીં મળેલ સુકા નાથાભાઈ કોડીયાતર રહે. વિજફાડીયાનેશ તા. રાણાવાવ વાળાની ભઠ્ઠીમાંથી દેશી દારૂ બનાવવાનો આથો લીટર ૧૨૦૦ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ કિ. રૂા. ૩૪૧૦૦ નો મુદ્દામાલ મળી આવેલ છે.

બરડામાં દેશીદારૂ બંધ રાવવાની આ કામગીરી રાણાવાવ પો. સ્ટે.ના પો. ઈન્સ. શ્રી એન.એન. તળાવીયા તથા પો. સબ. ઈન્સ. આર.વી. મોરી તથા પો. હેડ કોન્સ. બી.જે. દોસા તથા પો. કોન્સ. સંજય વાલાભાઈ, સમરણ દેવાયતભાઈ, જયમલ સામતભાઈ, ભરત કાનાભાઈ કુણાલસિંહ પ્રવિણસિંહ, દેવશી વરજાંગભાઈ દ્વારા કરવામાં આવેલ હતી.

મોરબીની મોલાઈરાજ દરગાહના કેમ્પસમાં ગટરના પાણી ઘુસ્યા

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા. ૨૨:.. વીસી ફાટક પાસે આવેલી મોલાઈરાજ સાહેબ દરગાહના કેમ્પસમાં ગટરના ગંદા પાણી અંદર આવતા હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

આ અંગે મુસ્તફાભાઈએ જણાવ્યું હતું કે, હેરિટેજ ગણાતી દરગાહના કેમ્પસની અંદર ગટરના ગંદા પાણી ઘુસી રહ્યા છે. ગટરની કુંડીમાં કચરો ફસાયો હોવાથી પાણી કુંડીમાંથી બહાર આવી રહ્યું છે અને આ ગંદુ પાણી દરગાહમાં આવી જાય છે. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ બે વખત મોરબી મહાનગરપાલિકાને રજૂઆત કરી હતી પરંતુ આજ દિવસ સુધી કોઈ કામગીરી કરાઈ નથી. તેથી ગટરની કુંડીની યોગ્ય સફાઈ કરવામાં આવે અને દરગાહમાં આવતું ગટરનું પાણી બંધ કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.



મોરબી મહેન્દ્રનગર ચોકડીએ બસ સ્ટોપ આપવા ધારાસભ્યની માંગ બાદ નિગમે સૂચના આપી પણ અમલવારી કોણ કરાવશે?

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૨: મહેન્દ્રનગર ચોકડી ખાતે વિદ્યાર્થીનીઓએ હંગામો મચાવ્યો હતો અને બસના સ્ટોપ નહિ હોવાથી એસટી બસો રોકી ચક્કાજામ આંદોલન કર્યું હતું અંદાજે ત્રણ કલાક કરતા વધુ ચક્કાજામના દ્રશ્યો જોવા મળ્યા હતા જે અંગે ધારાસભ્યએ અગાઉ કરેલ રજૂઆત અને એસટી નિગમે ડેપો મેનેજરને આપેલી સુચનાનો પત્ર મીડિયાને આપ્યો હતો જેમાં એસટી રાજકોટ વિભાગીય નિયામક દ્વારા સ્ટોપ આપવા અંગે સુચના આપવા છતાં તેની અમલવારી કરવામાં આવી નથી.

અગાઉ તેઓએ ૨૦૨૪ માં કરેલી રજૂઆત જેમાં એસટી નિગમના મુખ્ય પરિવહન અને વાણીજ્ય વ્યવસ્થાપક દ્વારા તા.૧૪-૦૮-૨૪ અને ૧૭-૦૯-૨૪ ના પત્રમાં જણાવ્યું હતુ ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલ રજૂઆત સંદર્ભે મહેન્દ્રનગર ગામથી



નીકળતી તમામ લોકલ બસોને મહેન્દ્રનગર ચોકડી ખાતે સ્ટોપ આપવા માંગ કરી હતી જેથી લોકલ બસ સર્વીસોને સ્ટોપેજ આપી અમલવારી કરવા સંલગ્ન વિભાગને સુચના આપવામાં આવી છે.

તેમજ તા. ૧૮-૦૯-૨૦૨૪ ના રોજ એસટી રાજકોટ વિભાગીય નિયામક દ્વારા રાજકોટ, ગોંડલ, જસદણ, સુરેન્દ્રનગર, લીંબડી, ધ્રાંગધ્રા, વાંકાનેર, મોરબી અને ચોટીલા ડેપો મેનેજરને પત્રથી મહેન્દ્રનગર ચોકડીનો તમામ લોકલ બસ સર્વિસમાં સમાવેશ કરવા સુચના આપી હતી અને આ સ્ટોપની અચૂક અમલવારી થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું જોકે પત્ર વ્યવહાર અને સુચના આપ્યાને ૧૦ માસનો સમય વીત્યા છતાં હજુ અમલવારીની રાહ જોવાઈ રહી છે તો ખરેખર પ્રશ્નો ઉકેલાયો છે કે નહિ તેની ચકાસણી કરી હોત તો આજે વિદ્યાર્થીઓને ચક્કાજામનો સહારો લેવાની જરૂર ના પડી હોત તેવી ચર્ચા પણ જોવા મળી રહી છે. (૨૨.૮)

મોરબી જીલ્લા સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ બિનહરીફ ચૂંટાયા

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૧: રાજ્ય શિક્ષણ સેવા વર્ગ-૩ (નો.ક.) કર્મચારી મંડળના મોરબી જિલ્લા ઘટકની સાધારણ સભા વી.સી. હાઈસ્કુલ ખાતે રાખવામાં આવી હતી. જેમાં મોરબી જીલ્લા સરકારી માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ પદે મેહુલભાઈ દેથરીયા ફરી બિનહરીફ ચૂંટાયા છે.

આ સભાનું સંચાલન પુનિતભાઈ મેરજાએ કર્યું હતું. આ દરમ્યાન સંઘ પ્રમુખ મેહુલભાઈ દ્વારા ૨ વર્ષ દરમિયાન સંઘે કરેલી કામગીરીની આછેરી ઝલક આપવામા



આવી. સભામાં હૈદર અલી સુમરા દ્વારા પ્રમુખ પદ માટે મેહુલભાઈ દેથરીયાની પ્રસ્તાવના મુકવામાં આવી, જેને તમામ હાજર શિક્ષક સંઘના સભ્યો દ્વારા સંપૂર્ણ સહમતિથી માન્ય રાખવામાં આવી. આમ મેહુલભાઈ દેથરિયા ફરીથી મોરબી જીલ્લા સરકારી માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તેમજ બીપીનભાઈ ચોપડા દ્વારા મહામંત્રી પદ માટે હર્ષદભાઈ બોડાની પ્રસ્તાવના મુકવામાં આવી જેને તમામ સભ્યો દ્વારા સહમતિથી પારિત કરવામાં આવી.(૨૩.૧૭)



મોરબીમાં માત્ર રોડ રસ્તા નહિ, એસટી બસના પણ ધાંધિયા, મહેન્દ્રનગર ગામે વિદ્યાર્થીઓનો ચક્કાજામ: મોરબી, અહીં રસ્તા રોકો આંદોલનનો ટ્રેન્ડ શરુ થયો હતો અને નાગરિકો રોડ પર ઉતરી આવતા નેતાઓ અને અધિકારીઓ દોડતા થયા બાદ રાતોરાત કામગીરી થવા લાગી છે રોડ રસ્તા રીપેરીંગ કામગીરી થઈ રહી છે ત્યારે હવે એસટીના ધાંધિયાથી કંટાળી વિદ્યાર્થીઓ રોડ પર ઉતરી ગયા છે. મહેન્દ્રનગર ગામે એસટી બસના ધાંધિયાથી વિદ્યાર્થીઓએ કંટાળી વહેલી સવારે સાતેક વાગ્યાના અરસામાં લગભગ ત્રણ કલાક જેટલા સમયથી ચક્કાજામ કરી વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે મહેન્દ્રનગર ગામે એસટી બસો આવતી નથી અને દરરોજ ૮૦ જેટલા વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. (૨૨.૯)

પોરબંદર જિલ્લામાં બીસ્માર રસ્તાઓની મરામત અને બ્રીજની ચકાસણી કામગીરી

રસ્તા તથા પુલની સલામતી સંબંધે પ્રભારી સચિવ રણજીતકુમારના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીએ સમીક્ષા બેઠક મળી

પોરબંદર.તા.૨૨: જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા પ્રભારી સચિવ શ્રી રણજીત કુમારની અધ્યક્ષતામાં માર્ગ, મકાન અને બ્રિજ નિરીક્ષણ અને લેવાયેલા પગલાં સાવચેતીના મુદ્દાઓ પર મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

આ બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવશ્રી દ્વારા સાર્વજનિક સલામતીને ધ્યાનમાં રાખીને જૂના અને જર્જરિત રસ્તાઓ, ઈમારતો તથા પુલોની સમયસર ચકાસણી તેમજ જરૂરી મરામત સહિત થયેલી કામગીરીની ચકાસણી કરી હતી. આગળની જરૂરી કાર્યવાહી કરવા વિભાગના અધિકારીઓ કડક સૂચના આપવામાં



આવી હતી. ખાસ કરીને શાળાઓ અને કોલેજોમાં ક્લાસરૂમની હાલત જો નબળી જણાય તો તાત્કાલિક મરામત સહિતની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

પ્રભારી સચિવ રણજીત કુમારે વધુમાં જણાવ્યું હતું કે પુલો અથવા રસ્તાઓ બંધ હોય તેવા સ્થળોએ લોકોને શક્ય તેટલી સ્પષ્ટ માહિતી મળે તે માટે યોગ્ય સાઈનબોર્ડ લગાવવામાં આવે. ખાસ કરીને મોટા વાહનો માટે અવરજવર પ્રતિબંધિત હોય તેવા સ્થળોએ એંગલ લગાડવામાં આવે તદુપરાંત, સામાન્ય જનતાને કોઈપણ પ્રકારની અસમંજસતા કે તકલીફ ન થાય તે માટે સ્થળ પર વૈકલ્પિક માર્ગોની વિગતવાળી જાણકારી પણ મુકવામાં આવે તે અંગે પણ સૂચન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર શ્રી એસ.ડી. ધાનાણીએ કન્સ્ટ્રકશન સાઈટ પર કોન્ટ્રાકટરો દ્વારા ઈજનેર ન રાખવામાં આવે તો દંડની રકમ વધારવા અંગે સૂચન કર્યું હતું. તેમજ દરેક વિભાગે પોતાની હદમાં આવતી જર્જરિત હાલતમાં હોય તેવી ઈમારતો કે રસ્તાઓ માટે સંબંધિત વિભાગોએ ઝડપી પગલાં લેવા સહિતની બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, મનપા કમિશનર હસમુખ પ્રજાપતિ, નિવાસી અધિક કલેકટર જે.બી. વદર, પ્રાંત અધિકારી સંદીપ જાદવ, જિલ્લા ગ્રામ એજન્સી નિયામક રેખાબા સરવૈયા તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એલ. વાઘાણી, આરએનબી સ્ટેટ અને પંચાયતના ઈજનેરશ્રીઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.(૯.૨૦)



મુસ્કાન વેલફેર સોસાયટી, મોરબી દ્વારા એમ.બી.એ. ના અભ્યાસ માટે વિદ્યાર્થીને ફી સહાય: મોરબી: સેવાના અનેક કાર્યો કરતી, મહિલાઓ દ્વારા સ્થાપીત અને સંચાલિત સંસ્થા મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા એક વિદ્યાદાન સમો અનુપમ સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં એક વિદ્યાર્થી જેને એમ.બી.એ. અભ્યાસ કરવા માટે લાયકાત સાથેની તૈયારી હતી પણ તેની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે અભ્યાસ આગળ કરવો મુશ્કેલ બન્યો હતો, એવા સમયે આ સંસ્થા વિદ્યાર્થીનો સહારો બની વિદ્યાર્થીની ફી ભરવાની જવાબદારી ઉપાડી લીધી. સમાજ માટે દાખલો બની શકે એવું આ કાર્ય સોસાયટીના સેવા ભાવના અને શૈક્ષણિક ક્ષેત્રે ગૌરવ સમાન છે.(૩૮.૧૯)

પોરબંદરમાં શંકાસ્પદ મિલકતો સંબંધે ગુંડાતત્વો ઉપર પોલીસની તવાઇ : કડક ચેકીંગ કામગીરી

શંકાસ્પદ મિલકતોની ચેકીંગ કામગીરીમાં પોલીસ સાથે મહાનગરપાલિકા ટી.પી. અધિકારીઓ અને વીજતંત્ર સ્ટાફ જોડાયો

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા.૨૨ : ગુંડાતત્વોની શંકાસ્પદ મિલકતો સંબંધે પોલીસે કડક ચેકીંગ અને સર્વે શરૂ કર્યો છે.

પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા અસમાજીક ગુંડા તત્વો સામે કડક કાર્યવાહી કરવા યાદી તૈયાર કરાવી જે યાદી મુજબના તમામ અસામાજીક ગુંડા તત્વો ઉપર અસરકારક શિક્ષાત્મક કાર્યવાહી કરવા સુચના આપેલ છે.

જે અન્વયે પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુરજીત મહેડુના માર્ગદર્શન હેઠળ ઉધોગનગર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. ડી.જી.ગોહીલ તથા ઉધોગનગર પોલીસ સ્ટાફના તથા મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગ સ્ટાફના તથા વીજતંત્ર સ્ટાફના સાથે જણાવેલ પોલીસ સ્ટેશન વિસ્તારના અસામાજીક ગુંડા તત્વોના રહેણાક મકાને જઈ શંકાસ્પદ મિલ્કત સબંધીત તેમજ વિજકનેકશન બાબતે ચેકીંગની કામગીરી હાથ ધરી અસામાજીક ગુંડા તત્વોની મિલ્કત તથા વિજ ચેકીંગ બાબતે સર્વે કરવાની કામગીરી કરવામાં આવેલ હતી.

શંકાસ્પદ મીલકત સર્વે અને ચેકીંગ કામગીરી ઈન્સપેકટર ડી.જી. ગોહીલ તથા પોલીસ સ્ટાફ તથા મહાનગરપાલિકા ટાઉન પ્લાનીંગ વિભાગના સ્ટાફ તથા વીજ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.





પોરબંદરમાં દીકરી વધામણા કીટ અર્પણ

પોરબંદર : પોરબંદર જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા ભારત સરકારના મિશન શક્તિ યોજના હેઠળ બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન અંતર્ગત લેડી હોસ્પીટલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. લેડી હોસ્પીટલના ગાયનેક સ્ટાફ સાથે સંકલન કરી ગત શનિવારના રોજ જન્મેલ ૧૨ દીકરીઓને દીકરી વધામણા કીટ અને વ્હાલી દીકરી યોજનાના ફોર્મ તેમજ માહિતી પેમ્પલેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ સાયનાથ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નિમિષાબેન જોષી, સંકલ્પ ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમેનના સંધ્યાબેન જોષી, સખી વન સ્ટોપ સેન્ટરના શાંતિબેન અને કિરણબેનના હસ્તે કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટ વિતરણની સાથે ધાત્રી માતાઓને વિવિધ દાતાઓના દ્વારા મળેલ ચોખ્ખા ઘીનો સિરો, પોષ્ટિક નાસ્તો અને દૂધ તમામને આપવામાં આવતો હતો.કાર્યક્રમનું આયોજન જિલ્લા મહિલા અને બાળ અધિકારી હંસાબેન ટાઢાણીના માર્ગદર્શન હેઠળ સુચારુ રીતે કરવામાં આવ્યું હતું. તે તસ્વીર. (૪.૨૮)

મોરબીમાં છેડતી-પોક્સોના ગુન્હામાં ઇરફાન માણેકને 'પાસા'માં ધકેલાયો



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૨: મોરબી સીટી વિસ્તારમાં અવારનવાર સગીર વયની દીકરીની પજવણી કરી છેડતી અને પોક્સો એક્ટના ગુનામાં પકડાયેલ ઈસમને પાસા હેઠળ અટકાયત કરી લાજપોર જેલ સુરત હવાલે કરવામાં આવ્યો છે.

મોરબી એ ડીવીઝન પોલીસ મથક હદ વિસ્તારમાં મહિલાઓની છેડતી અને પજવણી કરતા ઈસમોની અસામાજિક પ્રવૃતિને ડામવા એ ડીવીઝન પીઆઈ દ્વારા સગીર વયની દીકરીની પજવણી કરી છેડતી અને પોક્સો એક્ટના ગુનામાં પકડાયેલ ઈસમ ઈરફાન અલી માણેક (ઉ.વ.૨૦) રહે વિસીપરા મોરબી વાળા વિરૂધ્ધ પાસા પ્રપોઝલ તૈયાર કરવામાં આવી હતી અને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેકટર મોરબી દ્વારા પાસા પ્રપોઝલ મંજુર કરી પાસા વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું જે પાસા વોરંટની બજવણી કરતા આરોપીને ઝડપી લઈને લાજપોર જેલ સુરત હવાલે કરવામાં આવ્યો છે. (૩.૧૧)

મોરબી આર્ટસ કોલેજ-ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૨: સર્વોદય એજ્યુકેશન સોસાયટી સંચાલિત યુ.એન. મહેતા આર્ટ્સ કોલેજ તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે સર્વત્ર ઉમાશંકર અંતર્ગત કવિ ઉમાશંકર જોશીની ૧૧૪મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના સેમિનાર હોલ ખાતે કાર્યક્રમનો આરંભ વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ડો. નાજાભાઈ કોડીયાતરે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સંયોજક ડો.રામભાઈ વારોતરીયાએ અકાદમીના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી.



વક્તા ડો.સતીશભાઈ ડાંગરે ઉમાશંકર જોશીની એકાંકીઓ વિશે વક્તવ્ય આપેલ. કવિ લેખક સંજય બાપોદરીયાએ ઉમાશંકર જોશીની કાવ્ય સૃષ્ટિ અંતર્ગત ઉત્તમ કવિતાઓ રજૂ કરી હતી. કાર્યક્રમ પ્રિન્સિપાલ પ્રા. કે. આર. દંગીના અધ્યક્ષ સ્થાન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ પરિવાર તથા મોરબીના સાહિત્ય રસીકો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની આભાર વિધિ ડો.રેખાબેને કરી હતી. સંચાલન ડૉ.કવિતાબા ઝાલાએ કર્યું હતું. (૨૨.૧૨)

મોરબી શહેરમાં પાલિકા દ્વારા લોકમેળાનું આયોજન કરો: કોંગ્રેસ



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૨: મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં લોકમેળાનું આયોજન કરવામાં આવે તેવી માંગ કોંગ્રેસ પ્રમુખ દ્વારા કરવામાં આવી છે મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોર ચીખલીયાએ કમિશનરને પત્ર લખી રજૂઆત કરી છે.

રજુઆતમાં જણાવ્યું છે કે મોરબી શહેરમાં અગાઉ નગરપાલિકા કચેરી દ્વારા લોકમેળાનું આયોજન કરવામાં આવતું હતું જે લોકમેળાનો આનંદ મોરબી શહેર અને આસપાસના ગામડાંના લોકો લેતા હતા, પરંતુ ઘણા સમયથી કોઈ કારણોસર પાલિકા કચેરી દ્વારા લોકમેળાનું આયોજન કરવામાં આવતું ના હતું તહેવારના દિવસોમાં લોકમેળો લોકો માટે આનંદ અને મનોરંજનનું ઉત્તમ માધ્યમ છે મોરબીમાં પ્રાઈવેટ મેળા થતા હોવાથી વધુ પૈસા પડાવી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે જેથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો મેળાની મોજ માણી સકતા નથી.

મોરબી નગરપાલિકાને મહાનગર પાલિકાનો દરજ્જો મળ્યો છે અને શ્રાવણ માસની શુભ શરૂઆત થોડા દિવસોમાં થવાની છે ત્યારે મહાપાલિકા કચેરી દ્વારા લોકમેળાનું આયોજન કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળી જાય અને લોકો મેળાનો આનંદ માણી સકે માટે શ્રાવણ માસમાં લોકમેળાનું આયોજન કરવામાં આવે તેવી જનતા વતી માંગ કરી છે. (૨૨.૧૩)

પોરબંદરના અડવાણામાં દારૂનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો : સીલપેક ૭૦ બોટલો મળી

પોરબંદર, તા.૨૨: અડવાણામાં બાવળનો ઝાડીમાં સંતાડેલો ઈગ્લીશ દારૂ વેચવો દેસુર કારાભાઈને પોલીસે પકડી લીધો છે આરોપી દેસુર તથા આ દારૂ મોકલનાર રાયમલ બંને સામે ગુન્હો નોંધ્યો છે રાયમલ હજુ હાથ આવ્યો નથી.

બગવદર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ.એ.એસ.બારા તથા પોલીસ સ્ટાફના માણસો બગવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સંયુક્ત રાહે બાતમી મુજબ કે અડવાણા ગામ રબારીકેડા બાવળની ઝાડીમાં વિદેશી દારૂની પેક બોટલ નંગ-૭૦ની કી.રૂ.૭૭,૦૦૦/ મળી કુલ કિ.રૂ.૭૭૦૦૦/ નો મુદ્દામાલ સાથે આરોપી દેસુર કારાભાઈ કોડીતર ઉ.વ.૨૫ રહે.અડવાણા વાળો જાહેરમાંથી મળી આવ્યો હતો.

આ દારૂનો જથ્થો આરોપી નં.૨-રાયમલ એ આપી મદદગારી કરેલ.

દારૂ વેચતા શખ્સને પકડવાની કામગીરી પોલીસ સબ.ઈન્સ શ્રી એ.એસ. બારા તથા એ.એસ.આઈ. એચ.ડી. સીસોદીયા તથા પો.હેડ.કોન્સ ડી.આર. સીસોદીયા તથા પો.કોન્સ હીતેષ જસરાજભાઈ ધુધલીયા તથા લોકરક્ષક દીલાવરસિંહ કચરાભાઈ કાછેલા દ્વારા કરવામાં આવેલ હતી.(૨૩.૧૭)



અમરેલી કુંકાવાવ તાલુકાની પ્રાથમિક શાળાઓમા નવા ઓરડાના બાંધકામ, રિનોવેશન, કમ્પાઉન્ડ વોલ અને ટોયલેટ બ્લોકના કામ કરાશે



અમરેલી, તા.૨૨: અમરેલી કુકાવાવ ધારાસભ્ય કૌશિક વેકરીયા ના પ્રયત્નોથી અમરેલી અને કુકાવાવ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓના બાંધકામના કામો મંજૂર થતાં ઓરડાના બાંધકામના કામો હાથ ધરાશે. જે અંતર્ગત કુલ ૨૨ પ્રાથમિક શાળાઓમાં ૬૭ જેટલા નવા વર્ગખંડ સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

આ સાથે ૧૦૫ ક્લાસરૂમનું રીનોવેશનનું કામ પણ હાથ ધરાશે. ૧૫ શાળાઓમાં ગર્લ્સ ટોયલેટ બ્લોક અને ૧૮ શાળાઓમાં બોયઝ અને દિવ્યાંગો માટેના ટોયલેટ બ્લોકનું પણ કામ મંજૂર થતા, વધુમાં ૧૭ પ્રાથમિક શાળાઓમાં નવા મધ્યાન ભોજન શેડ અને ૧૪ પ્રાથમિક શાળાઓમાં કમ્પાઉન્ડ વોલના કામ પણ મંજૂર થવાથી આગામી દિવસોમાં કુલ ૧૮ કરોડ ૫૭ લાખ રૂપિયા જેવી માતબર રકમના ખર્ચે પ્રાથમિક શિક્ષણને લગતા વિકાસના આ વિવિધ કામો હાથ ધરાશે. (૩.૯)

લીલીયાની હોસ્પિટલનું ૭ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશે: મહેશ કસવાળા



(ઇકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા તા. ૨૨: સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા દ્વારા લીલીયા ખાતે આવેલી હોસ્પિટલના નવીનીકરણ માટે રૂા. ૭ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યા છે.

લીલીયા તાલુકાની જનતાને હવે વધુ સુવિધાયુક્ત આરોગ્ય સેવાઓનો લાભ મળશે. આ ભંડોળનો ઉપયોગ હોસ્પિટલના બિલ્ડિંગના નિર્માણ, ફર્નિચરની વ્યવસ્થા અને ઈન્ટરનલ રોડ નેટવર્કના સુધારણા માટે કરવામાં આવશે.આ પ્રોજેક્ટથી લીલીયાની આરોગ્ય સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે, જે સ્થાનિક નાગરિકોને વધુ સારી તબીબી સારવાર અને સંભાળ પૂરી પાડવામાં મદદરૂપ થશે.હાલ માં હોસ્પિટલ બિલ્ડીંગ ખૂબ જૂનું અને જર્જરિત છે , રાજ્ય સરકાર ના આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ને વધારે આધુનિક અને સુવિધા સભર બનાવવા ના અભિગમ હેઠળ લીલીયા તાલુકા વતી કરેલ રજૂઆતો ને ધ્યાન મા લઈ આ ઐતિહાસિક અને જનકલ્યાણકારી નિર્ણય લેવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલનો આભાર માન્યો છે. (૭.૨૩)

સાવરકુંડલામાં રખડતા પશુઓનો ત્રાસ: રાહદારીઓ વાહનચાલકો હેરાન



(ઇકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા, તા. ૨૨ : શહેર માં એસ ટી બસ સ્ટેન્ડ નાવલી નદી રજકાપીઠ વ્યાયમ મંદિરના પુલ પાસે વિગેરે જગ્યાઓમા રખડતાં ઢોર જોવા મળે છે આ રખડતાં ઢોરથી વાહન ચાલકો અને રાહદારી ઓ ઉપર ભારે જોખમ ઉભુ થતું હોય છે ત્યારે વર્ષો ની લોકો ની જોખમ દાયક સમસ્યા નો ઉકેલ નગર પાલિકા ક્યારે લાવશે તેવી શહેરીજનોમાં માગ ઉઠવા પામી છે

રખડતાં ઢોર આખલવો જ્યારે યુધ્ધે ચડ્યા હોય ત્યારે લોકોને હડફેટે લઈને ગંભીર ઈજાગ્રસ્ત પણ કરે છે વાહન ચાલકોના વાહન સાથે પણ અથડાય છે અને વાહનોને નુકશાન પહોચાડે છે એટલે રેઢિયાળ ઢોરની તકલીફ તાત્કાલિક યુધ્ધના ધોરણે હાલકરવામાં આવે તેવી ચોતરફ થી માગ ઉઠવા પામી છે

રેઢિયાળ પશુ ઢોરના યુધ્ધથી અને મુખ્ય મુખ્ય માર્ગ ઉપર રખડવાથી અનેક વાર લોકો ઘાયલ થયાના બનાવો બન્યા છે અને લોકો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે છતાં પણ પાલિકા તંત્ર નું પેટનું પાણી પણ હલતું નથી જે ખરે ખર અયોગ્ય કહેવાય તેવું લોકોનું કહેવું છે.

સાવરકુંડલા પાલિકાના ઉપપ્રમુખ સ્વ.જયસુખભાઇ નાકરાણીની સ્મૃતિમાં રોડનું નામકરણ થશે

સ્વ.નાકરાણી માર્ગને અમરેલી બાયપાસ સાથે જોડી દેવાતા બે કિ.મી. અંતર પણ ઘટશે

(દીપક પાંધી દ્વારા) સાવરકુંડલા,તા. ૨૨ : સાવરકુંડલા પાલિકામાં સતત ત્રણ ટર્મ થી ભા જ પ માથી નગરસેવક તરીકે ચૂંટાઈ આવતા અને ગત ટર્મ મા પાલીકા ના ઉપપ્રમુખ તરીકે સળતાપૂર્વક જવાબદારી સંભાળી રહેલા કર્મનિષ્ઠ અને પ્રમાણિક જયસુખભાઈ નાકરાણી બે વર્ષ પહેલા નગરપાલિકાના કામ અર્થે ગાંધીનગર ગયેલા ત્યારે અમદાવાદ પાસે માર્ગ અકસ્માતમાં દુ:ખદ અવસાન થયું હતું. સ્વર્ગસ્થ જયસુખભાઈ નાકરાણીની શહેરમાં સુધીર્થ અને ખૂબ સારી સેવાઓ રહેલી છે. નાકરાણી નગરપાલિકાના માધ્યમથી સાવરકુંડલાના શહેરીજનોની સુખાકારી માટે તમામ પ્રકારે મદદરૂપ બન્યા હતા અને શહેરભરમાં ભારે લોકપ્રિયતા હાંસલ કરી હતી તેમના આકસ્મિક નિધનથી સમગ્ર શહેર શોકમાં ગરકાવ થઈ ગયું હતું અને હજુ પણ જયસુખભાઈ નાકરાણી ની સેવાઓને શહેરીજનો યાદ કરી રહ્યા છે

નગરપાલિકાના વર્તમાન બોર્ડ અને સ્વ.જયસુખભાઈ નાકરાણી ના મિત્ર મંડળ દ્વારા સ્વ.ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી ની કાયમી સ્મૃતિ માટે સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૨ના પીપરવાડી માર્ગનુ સ્વ. જયસુખભાઈ નાકરાણી માર્ગ નામકરણ આ માટેનો એક કાર્યક્રમ આવતીકાલ તારીખ ૨૩/૭ ને બુધવારે પીપરવાડી વિસ્તાર ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ના અધ્યક્ષ સ્થાને સાંજે ચાર વાગ્યે યોજાઈ રહ્યો છે જેમાં સ્વ.જયસુખભાઈ નાકરાણી ની દ્વિતિય પુણ્ય તિથિ નિમિત્તે તેને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવશે અને શહેરીજનોની તેમની પ્રત્યેની લાગણી ને કાયમી જીવંત રાખવા માટે તેમની સ્મૃતિમાં સાવરકુંડલા ના પીપરવાડી માર્ગ નું જયસુખભાઈ નાકરાણી માર્ગ નામકરણ કરવામાં આવશે. પીપરવાડીથી આગળ જતા આ રોડને અમરેલી બાયપાસ રોડ સાથે જોડી દેવામાં આવશે જેથી શહેરી વિસ્તાર માથી બાયપાસ રોડ જવા માટે બે કી.મી. જેટલા અંતરના ઘટાડા બાયપાસ રોડની કનેક્ટિવિટી વધશે અને આ વિસ્તારના અને નીચોલ વિસ્તારના ખેડૂતોને પોતાના વાડી, ખેતર જવા માટે અને અન્ય વાહન ચાલકોને અમરેલી બાયપાસ તરફ જવા માટે શહેરમાંથી પસાર થવું નહીં પડે જેથી નગરપાલિકા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યા છે.



લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-જે, રીજીયન-૫ના પદાધિકારીઓ માટે 'સ્કૂલિંગ - અમૂલ્ય' કાર્યક્રમ અમરેલીમાં યોજાયો

અમરેલી તા.૨૨: લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-જે, રીજીયન- ૫ દ્વારા લાયનવાદમાં દરેક સ્તરના નવનિયુક્ત પદાધિકારીઓ માટે વિશિષ્ટ ''સ્કૂલિંગ - અમૂલ્ય'' કાર્યક્રમનું આયોજન તપોવન આશ્રમ અમરેલી મુકામ આયોજીત કરવામાં આવેલ હતું .

કાર્યક્રમની શરૂઆતમાં લાયન અશ્વિનભાઈ ડોડીયા દ્વારા ધ્વજવંદના બાદ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા સ્વાગત ઉદબોધન કરવામાં આવેલ હતું. પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરશ્રી વસંતભાઈ મોવલીયાએ દીપ પ્રાગટ્ય કરેલ હતું તેમજ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીએ પણ સારહિ તપોવન આશ્રમ અંગેની માહિતી આપેલ. રીજીયન ચેરપર્સન લાયન જયેશભાઈ પંડ્યાએ સ્કૂલિંગ કાર્યક્રમની ચર્ચા કરેલ હતી. લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ - જેના ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન અભયભાઈ શાહ દ્વારા ઓનલાઈન પદાધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.



લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ - જે રીજીયન - ૫ માં નવનિયુક્ત થયેલ પ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝર, ઉપપ્રમુખ અને ડિસ્ટ્રીક્ટના પદાધિકારીઓ માટે યોજાયેલ સ્કૂલિંગમાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરશ્રી લાયન કમલેશભાઈ શાહ, લાયન વિનોદભાઈ સરવૈયા, તેમજ ડિસ્ટ્રીક્ટ ચેરપર્સન લાયન પ્રા. એમ. એમ. પટેલ, લાયન દિનેશભાઈ સોરઠીયા, લાયન રાકેશભાઈ નાકરાણી, લાયન તુષારભાઈ પટેલ વગેરે દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં લાયન્સ વ્યવસ્થાપન, ફરજો, જવાબદારીઓ, લીડરશીપ, ક્લબ ફાયનાન્સ, રિર્પોટિંગ, બ્રાન્ડિંગ, ટીમ વર્ક, મૂલ્યો આધારિત કેળવણી, લીયો સાથે સંકલન, ક્લબની કામગીરી તથા સેવા પ્રોજેક્ટ વગેરે અંગેની માહિતી આપવામાં આવેલ હતી. સ્કૂલિંગ એ માત્ર તાલીમ નથી - તે એક શ્રેષ્ઠ નેતૃત્વના નિર્માણ માટેનું મોટું રોકાણ છે. તાલીમ મેળવેલા પદાધિકારીઓ લાયન્સ મૂલ્યોના સાચા પ્રતિનિધિ બને છે. પદાધિકારીઓને સમાજ માટે પ્રેરણાસ્ત્રોત તેમજ ઉત્કૃષ્ટ સ્તંભ બનવા અપીલ કરેલ હતી.

કાર્યક્રમ અંગેનો પ્રતિભાવ ઝોન ચેરપર્સન લાયન કૌશિકભાઈ હપાણીએ આપેલ હતો. અમરેલી, સિહોર, સાવરકુંડલા અને ભાવનગરમાંથી કુલ સાત લાયન્સ ક્લબના પદાધિકારીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ લાયન પરેશભાઈ કાનપરિયાએ કરી હતી અને સભાનું સંચાલન લાયન શરદભાઈ વ્યાસે સંભાળ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા લાયન પરેશભાઈ આચાર્ય, લાયન મનોજભાઈ કાનાણી, લાયન ભગવાનભાઈ કાબરીયા, લાયન રમેશભાઈ ગોલ, લાયન મહેશભાઈ પટેલ, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન અશ્વિનભાઈ સંપટ, લાયન મુસ્તુફા આફ્રિકાવાલા, લાયન નરેશભાઈ જાગાણી, લાયન નરોત્તમભાઈ સાકરીયા, લાયન રાજેશભાઈ માંગરોળીયા લાયન વિનુભાઈ આદ્રોજા, લાયન કૌશલ દવે વગેરેએ જેહમત ઉઠાવેલ હતી.(૨.૯)



બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા ૪૫૦ શિક્ષકોએ આંતરિક સશક્તિકરણકનાં સેમીનારમાં ભાગ લીધો

અમરેલી: બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન અમરેલીના વિશાળ સભા ખંડમાં જિલ્લાના તમામ આચાર્યો શિક્ષકો અને સંચાલકોએ શિક્ષણ ક્ષેત્રમા શિક્ષકોની આંતરિક સશક્તિકરણના સેમીનારમા ૬૫૦ થી વધારે હાજરી આપી ઈન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર બ.કુ.ડો. ઈ.વી.સ્વામીનાથન ભાઈએ જુદા જુદા ઉદાહરણો દ્વારા શિક્ષક ધ્વારા વિદ્યાર્થીઓમાં એકાગ્રતા કેવી રીતે લાવી શકાય અને એકાગ્રતા વધશે તો યાદ શક્તિ વધશે. જેથી બાળક પોતાના અભ્યાસમાં સફળતાના શિખરો સર કરશે. બાળક ના ઘડતરમાં પ્રાથમિક શિક્ષકનું મહત્વનું સ્થાન ધરાવે છે. બાળકોની યાદ શકિત વધારવા રોજ મેડીટેશન કરાવવા પર ભાર મુકતા જણાવેલ કે તેમની હેલ્થ સારી રહેશે.આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીના પ્રતિનિધિ તરીકે ગોયાણી સાહેબ, જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુન્દભાઈ મહેતા જિલ્લા માધ્યમિક સંઘનાપરમુખ પી.આર.રાઠોડ મંત્રી નિલેશભાલ મહેતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી નિલેશભાઈ ઠુંમ્મર વિદ્યાસભાના ડાયરેકટર પેથાણી નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વિછીયા રૂપાયતન ટ્રસ્ટના આર.એલ.કાચા દિપ પ્રાગ્ટય દ્વારા આ સેમીનારને ખુલ્લો મુકેલ. અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાબહેને બ્ર.કુ. ડો.ઈ.વી.સ્વામીનાથન ભાઈનો પરિચય તથા સંસ્થા ચાલતા કાર્યક્રમોની માહીતી અને પધારેલ મહેમાનોનું બાબા ઘરમાં સ્વાગત કરેલ. સંચાલન બ્ર.કુ. બીનાબેને કરેલ. આભાર રાજય અને રાષ્ટ્રિય શ્રેષ્ઠ શિક્ષક બ.કુ. આઈ.પી.બારડે કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્ર.કુ. કિજલદીદી બ.કુ. તૃમીદીદી બ.કુ.મિતાલીદીદી તથા બ.કુ. ચેતુભાઈએ જહેમત ઉઠાવેલ તેમ ફિલ્ડ રીપોટર બ.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે. (૩.૯)

અમૃતસરના સુવર્ણ મંદિર-શ્રી હરમંદિર સાહેબના હેડ ગ્રંથી જ્ઞાની રઘવીરસિંહજીનુ જામનગરમાં આગમન

જામનગર ગુરુદ્વારાના સભ્યો અને શીખ સમાજના આગેવાનો દ્વારા સ્વાગત: ગુરુમુખી ભાષા અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી અને દિલ્હી શિખ ગુરુદ્વારા પ્રબંધક કમિટી તરફથી પ્રમાણપત્ર અને આભારપત્ર એનાયત



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૨૨: અમૃતસર સ્થિત શીખ પંથના ખાસ પવિત્ર તીર્થ (સુવર્ણ મંદિર) શ્રી હરમંદિર સાહેબના હેડ ગ્રંથી જ્ઞાની રઘવીરસિંહજી જામનગર આગમન થયું હતું.

તેઓ રાજકોટથી બાયરોડ જામનગરના ખીજડીયા આવ્યા હતા અને ત્યાંથી જામનગર ગુરુદ્વારાના સભ્યો અને શીખ સમાજના આગેવાનોએ તેનું સ્વાગત કરી જામનગર ગુરુદ્વારા ખાતે પહોંચ્યા હતા.

જામનગર ગુરુદ્વારા સિંઘ સભામાં ભવ્ય ધાર્મિક સમારંભ, અમૃતસરના હેડ ગ્રંથિ અને દેશભરના શીખ આગેવાનો અને મોટી સંખ્યામાં શીખ સમાજના લોકો હાજર રહ્યા હતા.

જામનગર શહેર ફરી એક વખત ધાર્મિક ગૌરવનું ગવાખું બન્યું છે. ગઈકાલે ૨૧ જુલાઈ, સોમવારના રોજ રાત્રે ૮ વાગ્યાથી ૧૦:૩૦ વાગ્યા સુધી, શ્રી ગુરુ તેગ બહાદુરજીની ૩૫૦મી શહીદી નિમિત્તે, જામનગર ગુરુદ્વારા સિંઘ સભામાં ભવ્ય ગુરમત સમાગમ યોજવામાં આવ્યું હતું. આ પાવન અવસર પર અમૃતસર સ્થિત શીખ પંથના પવિત્ર તીર્થ શ્રી હરમંદિર સાહેબના હેડ ગ્રંથિ જ્ઞાની રઘવીર સિંઘજી અને હેડ ગ્રંથિ દિલ્હી ગુરુદ્વારા પ્રબંધક કમિટી, ગુરુદ્વારા શ્રી નાનક પ્યાઉના જ્ઞાની બચિતરસિંઘ જી, જ્ઞાની હરબંસ સિંઘ તરનતારન વાલે તથા સરદાર રામસિંઘ રાઠોડ (ઇન્ચાર્જ: શીખ મિશન ગુજરાત, કર્ણાટક, ગોવા) અને પરમજીત કૌર છાબડા ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ ના ડાયરેક્ટર પણ આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ગુરુમુખી ભાષા અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે ખાસ સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી અને દિલ્હી શિખ ગુરુદ્વારા પ્રબંધક કમિટી તરફથી પ્રમાણપત્ર અને આભારપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં શ્રી હરમંદિર સાહેબના હઝૂરી રાગી ભાઈ સુખજીતસિંઘ દ્વારા શબદ કીર્તન કરવામા આવ્યું અને જ્ઞાની બચીતર સિંઘ કથા અને ગુરમત વિચાર કર્યું. જેમાં મોટી સંખ્યામાં લોકાએ આ ધાર્મિક સભારંભ લાભ લીધો હતો. આ કાર્યક્રમ બાદ ગુરુદ્વારા ખાતે ગુરુકા લંગરનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર: કિંજલ કારસરીયા, જામનગર) (૨૨.૧૪)

૩૭.૫૬ લાખ નવા MSMEની ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં નોંધણી થઈ

રાજ્યકક્ષાના MSME મંત્રીનો રાજ્યસભાના સાંસદ પરિમલભાઇ નથવાણીને પ્રત્યુત્તર



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર: તા. ૨૨, છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૩૭,૫૬,૩૯૦ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની (MSME) નવી નોંધણી થઈ છે. ગત પાંચ વર્ષ દરમિયાન, રાજ્યમાં ૮,૭૭૯ MSME બંધ થયા છે. રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલ નથવાણીએ કરેલા પ્રશ્નના જવાબમાં રાજ્યકક્ષાના કેન્દ્રીય MSME મંત્રી સુશ્રી શોભા કરંદલા જેએ ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ આ માહિતી આપી હતી.

મંત્રીશ્રીના નિવેદન અનુસાર, વૈશ્વિક પડકારોને ધ્યાનમાં રાખીને MSME ક્ષેત્રને સુદૃઢ બનાવવા અને ટેકો આપવા ભારત સરકારે વિવિધ પગલાં લીધાં છે. આત્મનિર્ભર ભારત ફંડ દ્વારા રૂ. ૫૦,૦૦૦ કરોડનો મૂડી ઉમેરો કરાયો છે. MSMEની સ્થિતિમાં સુધારો થાય તો બિન-કરવેરા લાભો ૩ વર્ષ માટે લંબાવાયા છે. રૂ. ૨૦૦ કરોડ સુધીની ખરીદી માટે કોઈ વૈશ્વિક ટેન્ડરની જરૂર નથી. પ્રાધાન્યતા ક્ષેત્ર ધિરાણ હેઠળના લાભો પ્રાપ્ત કરવા અનૌપચારિક સૂક્ષ્મ સાહસોને ઔપચારિક દાયરામાં લાવવા ઉદ્યમ સહાય પ્લેટફોર્મ (UAP)નું લોન્ચિંગ કરાયું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પ્લેટ્ફ મંત્રાલયની સૂક્ષ્મ અને લઘુ સાહસો (MSEs) માટેની ક્રેડિટ ગેરંટી યોજના હેઠળ, જે સભ્ય ધિરાણ સંસ્થાઓ પ્લેટ્ફ્રમને શાખ પૂરી પાડે છે તેઓને કોઈપણ જામીનગીરી અથવા ત્રાહિત-પક્ષની ગેરન્ટી વિના માટે ગેરન્ટી પૂરી પાડવામાં આવે છે. શાખના ઘટાડેલા ખર્ચે રૂ. ૨ લાખ કરોડનું વધારાનું ધિરાણ મેળવી શકાય તે માટે કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪માં જાહેર કરાયા મુજબ, MSEs માટે ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટના ભંડોળમાં રૂ. ૯,૦૦૦ કરોડનું વધારાનું ભંડોળ ઉમેરવામાં આવ્યું હતું.

MSME ક્ષેત્રને સુદૃઢ બનાવવા, ભારત સરકારે ૨૦૨૪ના બજેટમાં ઉત્પાદન ક્ષેત્રના MSME માટે મ્યુચ્યુઅલ ક્રેડિટ ગેરંટી સ્કીમ (CGS) તેમજ સ્પેશિયલ મેન્શન એકાઉન્ટમાં (SMA) MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમની જાહેરાત કરી હતી. વધુમાં, સરકારે બજેટ ઘોષણા ૨૦૨૫ દ્વારા MSMEની વ્યાખ્યામાં સુધારો કરીને CGS હેઠળનું ગેરંટી કવરેજ રૂ. ૫ કરોડથી વધારીને રૂ. ૧૦ કરોડ રૂપિયા કર્યું હતું.

શ્રી નથવાણી જાણવા માગતા હતા કે, ભારતમાં MSME પર વૈશ્વિક આર્થિક મંદીની કેટલી અસર થઈ છે અને આ મુશ્કેલ સમયમાં આ ક્ષેત્રને ટેકો આપવા માટે સરકારે કયાં પગલાં લીધા છે. (૩૫-૬)

અમરેલી જીલ્લામાં 3 અપમૃત્યુ

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી, તા.૨૨: જીલ્લામાં વધુ ત્રણ અપમૃત્યુંના બનાવો પોલિસમાં જાહેર થયા હતા. લાઠી તાલુકાના કેરીયા ગામે પથુભાઈ અજીતભાઈ વાઘેલા ઉ.વ.૩૦ ના પત્નિ રીસામણે હોય. પોતાને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઘરે લાકડાના વાસા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું ગીતાબેન અજીતભાઈ વાઘેલાએ લાઠી પોલિસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં અમરેલી તાલુકાના માંગવાપાળ ગામે રહેતા ઉષાબેન પ્રવિણભાઈ રૂપારેલીયા ઉ.વ.૪૯ છેલ્લા ૧૪ વર્ષથી માનસિક બિમાર હોય. જેની દવા શરૂ હોય. તેથી બિમારીથી કંટાળી જઈ પોતાની મેળે ઉંદર મારવાની ઝેરી દવા પી જતા મોત નિપજયાનું પ્રવિણભાઈ અરજણભાઈ રૂપારેલીયાએ અમરેલી તાલુકા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. ત્રીજા બનાવમાં બાબરા તાલુકાના વાવડા ગામે રહેતી દક્ષાબેન વિનુભાઈ જમોડ ઉ.વ.૪૨ છેલ્લા ૨ વર્ષથી પેટમા દુ:ખાવાની બિમારી હોય. જે બિમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનુ વિનુભાઈ શામજીભાઈ જમોડે બાબરા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

ધમકી

ખાંભા તાલુકાના નીંગાળા ગામે મયુર પરષોતમભાઈ વણજારાના પત્નિએ અગાઉ ઝેરી દવા પોતાની મેળે પી ગયેલ હોય. જે ઝેરી દવા શાંતુબેન કનુભાઈ સોંદરવા ઉ.વ.૪૫ ને ખોટી સંભણામણી કરતા હોય.જે મનદુ:ખ રાખી પરષોતમ ગોવિંદભાઈ તથા મયુર પરષોતમભાઈ વણજારા કુહાડી અને પાઈપ લઈ શાંતુબેનના ઘરે આવી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મારમાર્યો

જાફરાબાદ મરીન પોલિસ મથકના શીયાળબેટ ગામે મગનભાઈ મેઘાભાઈ શીયાળ લગ્નની જાન રસ્તા ઉપર નીકળતા અને નાચતા નાચતા એકબીજાને ધકકો લાગતા ધનાભગાભાઈ શીયાળે ગાળો બોલી ઢીકાપાટું વડે મુંઢમાર મારી ગુનો કરવામાં ગોપાલધનાભાઈ, રાજેશ ઘનાભાઈ, ગોવિંદ ધનાભાઈ શીયાળે મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ટ્રાફીક નિયમન ભંગ

અમરેલીમાં ભીડભંજન ચોક પાસે ટ્રાફીકને અડચણરૂપ રાખતા મિલન ભુપતગીરી ગોસાઈ રહે. લાઠી ઈકોફોર વ્હીલ જી.જે.૨૪એ.૯૪૯૭ તેમજ અશરફ ઈસ્માઈલભાઈ અગવાન રહે.બાબરા ઈકોફોર વ્હીલ જી.જે.૦૩એમ.એચ. ૬૦૭૭ ટ્રાફીકને અડચણ રૂપ રાખતા, ભરત ધીરૂભાઈ મકવાણા રહે. ભુતીયા ઈકો કાર જી.જે.૦૨વાય.વાય.૪૧૮૮ તેમજ સોહિલ મુસ્તાકભાઈ મેતર રહે.બાબરા ઈકોફોર વ્હીલ જી.જે.૦૩એફ.કે.૨૮૦૫ રોડ ઉપર ટ્રાફીકને અડચણ રૂપ રાખતા ચાર વાહન ચાલકો સામે પો.કોન્સ.જગદીશભાઈ પોપટે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

ભુલથી દવા પીધી

નાના આંકડીયા ગામની ગંગાબેન દિનેશભાઈ ભુરીયા નામની શ્રમિક મહિલા પેટમાં દુખતું હોય. અને પાણીની બોટલમાં ખડની દવા હોય. જે ભુલથી પેટના દુખાવાની દવા સમજીને પી જતા ઝેરી અસર થતા સારવાર માટે અમરેલી દવાખાનામાં ખસેડવામાં આવેલ છે. (૨૨.૧૬)

સોશ્યલ મિડીયામાં બદનામી થવાના ડરથી રાજુલાના જેલાપુરના યુવકે દવા પીધી

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી, તા.૨૨: રાજુલા તાલુકાના ઝાંઝરડા ગામના મુળજોલાપુર ભરતભાઈ ભવાભાઈ વાઘ ઉ.વ.૨૨ તા.૪-૬-ના પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડીમાં રીલ્સ જોતા હોય. અને ફ્રેન્ડએપમાં જોઈને થયેલ હોય. જેમાં કોમેન્ટમાં માય સેકસ કોન્ટેકટ નંબર ૯૮૧૩૧૧૦૯૭૩ નીલખાણ વાળી કોમેન્ટ આવેલ. જે નંબર ભરતભાઈ એપ્રિયાનામની સેવકરી લીધેલ. બાદ તા. ૬-૭ના બપોરના ૧૨ વાગ્યે પોતાના મોબાઈલ૯૩૧૬૯૮૧૬૭૯ઉપરથી મો.૯૮૧૩૧ ૧૦૯૭૩ વોટસએપમાં હાઈ લખી મેસેજ કરેલ. અને સામેથી વિડિયો કોલ આવેલ. જેમાં કોઈ અજાણી સ્ત્રી વાત કરતી હતી. બાદ વિડિયો કોલ કાપી નાખેલ. અને થોડીવાર પછી ફરી ઉપરોકત મોબાઈલ નંબરમાં એક ન્યુડ વિડિયો આવેલ અન હિન્દીમાં બોલતી હતી. ત્યારબાદ ફરી યુવાનને ન્યુડવિડિયો મોકલી વોટસએપ ઈન્સ્ટાગ્રામમા વાયરલ કરી દેવાની ધમકી આપી રૂા.૯૦૦૦ની માંગણી કરી ભરતભાઈને મો.૭૮૭૭૨૬૬૭૫૦ ઉપરથી વિડિયો કોલ આવેલ. જેમાં એક પુરૂષે પોલિસની વર્ધી પહેરેલ હતી. અને કહેલ કે પોલિસ ઓફીસર કાઈમ બ્રાન્ચ દિલ્હીથી બોલું છું. તેવી પોલિસની ખોટી ઓળખ આપી અને મો.૯૭૯૯૭૧૬૩૬૭વાળીવ્યકિતએસ્કેનર મોકલી રૂા.૯૦૦૦ માંગણી કરી વિડિયો વાયરલ કરવાની ગુન્હાહિત ધમકી આપેલ હોય. જેથી સમાજમાં બદનામી થશે. તેવું લાગતા યુવાને પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પીધેલ હોય. આમ આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી ફરિયાદીનો ન્યુડ વિડિયો કોલમાં વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી પૈસાની માંગણી કરી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

છેતરપીંડી

જાફરાબાદ તાલુકાના દુધાળા ગામે રહેતા રાજદિપભાઈ રાવતભાઈ વરૂ ઉ.વ.૨૮ને આ કામના આરોપી એમપીના ઈન્દોર ગામના રાધિકાએ પ્રથમ વોટસએપ મેસેજ કરી તેમજત્યારબાદ અંજલી શર્મા રહે.મુંબઈ નામની ટેલીગ્રામ યુજર મહિલાએ રાજદિપભાઈને સ્કેચર્સ વેબસાઈટના વરિષ્ઠ સલાહકાર તરીકેની ખોળી ઓળખ આપી રાજદિપભાઈને વેબસાઈટ લીંકમાં રજીસ્ટ્રેશન કરાવી અલગ અલગ ટાસ્ક પુરા કરવાના બદલામાં વધુમા વધુ કમાણી કરાવવાની ખોટી લાલચ આપી અલગ અલગ બેંક ખાતા તેમજ યુપીઆઈની વિગતો મોકલી રાજદિપભાઈ પાસેથી અલગ અલગ તારીખે અલગ અલગ રકમના ટ્રાન્ઝેકશન કરાવડાવી કુલ રૂા. ૩,૪૦,૫૪૯ રૂપિયા મેળવી લઈ કોઈ લાભ નહી આપી કે રૂપિયા પરત નહી આપી છેતરપીંડી કર્યાની નાગેશ્રી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

વિશ્વાસઘાત

ધારી તાલુકાના દુધાળા ગીર ગામે રહેતા શાંતિલાલ જીવરાજભાઈ બાળધા ઉ.વ.૫૮ ના મોબાઈલ ૯૪૨૭૫ ૫૩૯૧૭૫૨ અજાણ્યા શખ્સે મો. ૭૦૧૬૨૪૬૬૮૬ પરથી ખોટા નામની વસોયા પરીવાર લગ્નની કંકોત્રી મોકલી અલગ અલગ તારીખ તથા અલગ અલગ સમયે તા.૧-૩-૨૫થી ૨૫-૫-૨૫ સુધીમાં અલગ અલગ સમયે યુ.પી.આઈ.ડી.મારફતે શાંતિલાલભાઈ બાળધાના એચ.ડી.એફ.સી. બેંક એકાઉન્ટ નં. ૫૦૧૦૦૪ ૮૦૦૪૯૯૪૧ માંથી કુલ રૂા.૨,૯૧,૪૪૫ ઉપાડી લઈ ફરિયાદી સાથે ખોટા નામે ઓનલાઈન વિશ્વાસઘાત કરી ગુનો કર્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગરમાં ભાઈના અવસાનના શોકમાં મહિલાએ નદીમાં ઝંપલાવતા મોત

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૨૨: અહીં પટેલ પાર્ક શેરી નં.૯, રણજીતસાગર રોડ પર રહેતા હરેશભાઈ લવજીભાઈ કોઠીયા એ સીટી ભએભ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં જાહેર કરેલ છે કે, તા.૨૧-૭-૨૦૨૫ના મરણજનાર રમીલાબેન હરેશભાઈ લવજીભાઈ કોઠીયા પોતે પોતાની મેળે ઘરેથી તા.૨૦-૭-૨૦૨૫ના નીકળી ગયેલ હોય અને મરણજનાર રમીલાબેનના ભાઈ એકદા વર્ષ પહેલા અવસાન પામેલ હોય જેથી મરણજનાર રમીલાબેનને મનમાં અવાર નવાર ખોટા વિચારો આવતા હોય જેથી પોતે પોતાની જાતે રંગમતી નદીના પાણીમાં પડી જતા ડુબી જવાથી મરણ થયેલ છે.

જાનથી મારી નાખવાની ધમકી

જામનગર : અહીં સીટી એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં તૌસીફભાઈ હબીબતભાઈ મિયાવા, ઉ.વ.૩૪, રે. ૪૯/બી નેશનલ સોસાયટી શેરી નં.૧૧ ની સામે કાલાવડ નાકા બહાર એ ફરીયાદ નોંધાવી છે કે, આરોપી અખતરભાઈ ઉર્ફે મુન્નીયો ઈસ્માઈલભાઈ વગીન્ડા એ અગાઉ ફરીયાદી તૌસીફભાઈના સમાજના હોદા ઉપર હોય જેને સમાજે હોદા ઉપરથી ઉતારેલ તે હોદો ફરીયાદી તૌસીફભાઈને આપેલ હોય જેનો ખાર રાખી તા.૨૧-૭-૨૦૨૫ના ફરીયાદી તૌસીફભાઈ ના ઘર પાસે આરોપીઓ નમીરાબેન ફરીદીનભાઈ વગીન્ડા, ઈરમનાથબેન એ મોટરસાયકલ લઈને આવી ફરીયાદી તૌસીફભાઈના એકટીવા મોટરસાયકલ જેના રજી.નં.જી.જે.૧૦-ડીએમ-૨૦૫૧ માં આરોપી ઈરમનાથબેન જાહીદભાઈ એ પેટ્રોલ છાંટી આગથી સળગાવી લઈ આશરે રૂ.૪૦,૦૦૦/- નું નુકશાન કરી આરોપી અખતરભાઈ એ ફરીયાદી તૌસીફભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે.

સતાપર ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા

જામનગર : જામજોધપુર પોલીસ સ્ટેશનમાં કોન્સ. કુણાલભાઈ ઘનશ્યામભાઈ હાલા એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૨૨-૭-૨૦૨૫ના સતાપર ગામ પાસે સામે કાંઠે સ્ટ્રીટ લાઈટના અજવાળે આરોપીઓ ગોપાલભાઈ પોપટભાઈ કોળી, દયેશભાઈ કલાભાઈ પરમાર, મુકેશભાઈ અરશીભાઈ મકવાણા એ ગંજીપતાના પાના વડે તીનપતી રોનપોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરી રેઈડ દરમ્યાન રોકડા રૂ.૧૦૫૦/- ના મુદામાલ સાથે ઝડપાઈ ગયેલ છે.

બેભાન થયેલ યુવાનનું મોત

જામનગર : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકાના કજુંરડા પાટીયા આર.બી.એમ. કોલોની માં રહેતા રાજે ભોલાભગત, ઉ.વ.૩૧ એ મેઘપર પોલીસ સ્ટેશનમાં જાહેર કરેલ છે કે, તા.૨૦-૭-૨૦૨૫ના મરણજનાર સુનીલ ભોલાભગત ઉ.વ.૩૩ વાળા કજુંરડા આર.બી.એમ. કોલોની માંથી મેઘપર ગામે રવીવારમાં રાશન લેવા માટે ગયેલ હોય અને ત્રણ ચાર વાગ્યા સુધી ઘરે પરત ના આવતા તેનો ભાઈ તપાસ કરવા માટે મેઘપર જતા સામે જોગવડ સીમમાં રવીવારી બજાર પાછળ ગ્રાઉન્ડમાં કોલસા ના કારખાના પાછળ બેભાન હાલતમાં મળી આવતા સારવારમાં સિકકા સી.એચ.સી. ખાતે ૧૦૮ માં લઈ જતા ડોકટરે તપાસી મરણ ગયેલાનું જાહેર કરેલ છે.(૨૩.૧૯)

વીજ કરંટ લાગતા રામનગરમાં અપમૃત્યુ

જામ ખંભાળિયા:તા.૨૨ નજીકના રામનગર વિસ્તારમાં રહેતા શ્યામભાઈ રસિકભાઈ કણજારીયા નામના ૨૬ વર્ષના યુવાન પોતાના ઘરે ઈલેકટ્રીક મોટરના બોર્ડમાં પ્લગ લગાવવા જતા તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. આ વીજશોકના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના નાનાભાઈ સંદીપભાઈ કણજારીયાએ અહીંની પોલીસને કરી છે.

ટૂંપણી ગામેથી છ જુગારીઓ ઝડપાયા

દ્વારકા તાલુકાના ટૂંપણી ગામે સ્થાનિક પોલીસે જુગાર દરોડો પાડી, જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા વજશી રામશી ચાવડા, લખમણ જીવા ચાવડા, ભીમશી દેવાત ચાવડા, કારૂ સીદા માડમ, રામદે ખીમાણંદ ચાવડા અને કેશુર રામશી ચાવડા નામના છ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે રૂ. ૨,૫૭૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.(૩૫-૮)

ચાલતા ચંત્રે

લોકસભા-રાજ્યસભામાં ભારે હોબાળો : કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત



નવી દિલ્હી: સંસદનું ચોમાસુ સત્ર ગરમાગરમ ચર્ચા અને હોબાળા સાથે શરૂ થયું. પહેલગામ આતંકવાદી હુમલો, ઓપરેશન સિંદૂર અને બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) જેવા મુદ્દાઓ પર વિપક્ષી પક્ષોએ સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો. સત્રના પહેલા દિવસે વિપક્ષના જોરદાર હોબાળાને કારણે લોકસભા અને રાજ્યસભા બંનેમાં કાર્યવાહી સ્થગિત કરવી પડી. આજે મંગળવાર કાર્યવાહીનો બીજો દિવસ છે. આજે પણ વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો છે. હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.(૨૩.૧૮)

જોડીયાના કેશીયા ગામે પાંચ શકુની ઝડપાયા



જામનગર: તા.૨૨,જોડીયાના કેશીયા ગામ પ્લોટ વિસ્તાર ઈંદીરા આવાસ ખાતે જાહેરમાં અમુક માણસો ગોળ કુંડાળુ વળી જુગાર રમે છે તેવી હકિકત મળતા રોકડા રૂ.૧,૦૫,૬૦૦/- ત્રણ મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૫૦૦/- તથા એક ગ્રે કલરની અર્ટીગા કાર રજી.નં. જી.જે.-૩૬-એલ-૧૦૧૯ કિ.રૂ.૯,૦૦,૦૦૦/-મળી કુલ રૂ.૭,૧૬,૧૦૦/- ના મુદામાલ સાથે(૧) લાભુભારથી બચુભારથી ગોસાઈ. બાવાજી ઉવ.૫૦ ધંધો મજુરી રહે.કેસીયા(૨)રમેશભાઈ શામજીભાઈ જીવાણી પટેલ ઉચ ૫૫ ધંધો ખેતી રહે રસનાળ(૩)ધીરૂભાઈ છગનભાઈ ભીમણી જાતે. પટેલ ઉવ.૫૦ ધંધો ખેતી રહે હજામચોર.(૪)અશ્વીનભાઈ હરીભાઈ રાઠોડ જાતે.વાણદ ઉવ.૪૨ પંદો મજુરી રહે બાલંભા(૫)રવજીભાઈ કાનજીભાઈ વીરમગામો પટેલ ઉચાકર ધંધો ખેતી રહે.કેસીયાને ઝડપી લીધા હતા.

આ કાર્યવાહી પો.ઈન્સ. વી.એમ.લગારીયા ના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ.પી.એન. મોરી તથા પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના, હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઈ પરમાર, દિલીપભાઈ તલાવડીયા, ધનશ્યામભાઈ ડેરવાળીયા હિરેનભાઈ વરણવા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમભાઈ બ્લોચ, ભરતભાઈ ડાંગર, સુમીતલાઈ શીયાર, નિર્મળસિંહ એસ.જાડેજા, બળવંતસિંહ પરમાર, કિશોરભાઈ પરમાર, મયુરસિંહ પરમાર, રૂષિરાજસિંહ વાળા, ધર્મેન્દ્રસિંહ એન જાડેજા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલસિંહ જાડેજા, અજયભાઈ વિરડા, સુરેશભાઈ માલકિયા, ભારતીબેન ડાંગર, ધર્મેન્દ્રસિંહ એમ. જાડેજા. વ્યારામ ત્રિવેદી તથા બીજલભાઈ બાલાસરા વિગેરે દ્વારા કરવામાં આવેલ છે. (૩૫-૭)

મુંબઇ ખાંડ

ખાંડ સી	૪૧૩૫-૪૨૦૦
ખાંડ ડી	૩૯૬૦-૪૦૬૦

અમદાવાદ ખાંડ

ખાંડ સી	૪૧૮૦-૪૨૬૦
ખાંડ ડી	૪૦૮૦-૪૧૬૦

રાજકોટ ખાંડ

ચલાવ સી	૪૧૮૦-૪૨૬૦
ચલાવ ડી	૪૦૮૦-૪૧૬૦
આવક	૪૦૦૦ ગુણી

મહારાષ્ટ્ર

મીલ ડીલી. સી૩૫૯૦-૩૬૭૦
મીલ ડીલી. ડી. ૩૫૩૫-૩૫૬૦

જુનાગઢ

મગફળી	૨૦૫૦૦
સીંગખોળ	૨૧૫૦૦
લાઈન તેલીયા	૨૨૩૫

ધોરાજી

મગફળી	૨૦૪૦૦
સીંગખોળ	૨૨૫૦૦
લાઈન તેલીયા	૨૨૩૦

જામનગર

મગફળી	૯૦૦-૧૩૦૦
કામકાજ:	૧૫૦૦ ગુણી
સીંગખોળ	૨૨૦૦૦
તેલીયા ટીન	૨૨૩૦
સીંગતેલ લુઝ	૧૪૦૦
છૂટક ૧ કિ.ગ્રા.	

કોપરેલ-દિવેલ

કોપરેલ	૬૧૦૦-૬૩૦૦
દિવેલ	૨૨૫૦-૨૪૦૦

રાજકોટ મગફળી

મગફળી આવક:	
,, ઝીણી:	
,, મોટી:	
,, નવી:	

કપાસીયા ખોળ

કપા. વરાડી છાલા	
૫૦ કિલો	૧૬૫૦-૨૦૫૦

કેશોદ-વેરાવળ

મગફળી	૨૦૪૦૦
સીંગખોળ	૨૧૪૦૦
લાઈન તેલીયા	૨૨૩૦

રાજકોટ વેસણ

વેસણ (૫૦ કિલો)	૪૨૦૦-૪૭૦૦
ચણા	૬૨૦૦-૬૩૦૦
ચણા દાળ	૭૬૦૦-૮૨૦૦

ટેકસપેઇડ સીંગતેલ

નવા ટીન (૧૫ કીલો)	૨૪૩૫-૨૪૮૫
કપાસીયા ટીન	૨૨૭૦-૨૩૨૦
વનસ્પતી ઘી	૧૮૯૦-૧૯૨૦

સોના-ચાંદી

૨૨ કેરેટ દાગીનાના ભાવ	૯૭૦૦૦
૨૨ કેરેટ દાગીના પરત ભાવ	૯૨૦૦૦
સોનું સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)	૧૦૨૫૦૦
ચાંદી ચોરસા (૧ કિલો)	૧૧૭૦૦૦

જામનગરના યુવા ઉદ્યોગકાર ક્રિષ્નરાજ જીતુભાઇ લાલની ગુજરાત ચેમ્બરની કારોબારી સમિતીમાં નિયુક્તિ



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર તા.૨૨: જામનગરના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ પરિવારના યુવા ઉદ્યોગકાર ક્રિષ્નરાજ જીતેન્દ્રભાઈ લાલની ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ્રસ્ટ્રીની કારોબારી સમિતીમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે કો-ઓપ્ટ. સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે.

શહેરના શ્રીજી ગ્રુપ ઓફ કંપનીનું સંચાલન કરતા લાલ પરિવારની આ ઉગતી યુવા પ્રતિભારૂપ ક્રિષ્નરાજ લાલે વહીવટી ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. શહેરના અગ્રગણ્ય જીતુભાઈ લાલના સુપુત્ર ક્રિષ્નરાજ લાલે યુવાવસ્થામાં જ ઉદ્યોગ-વ્યવસાય સાથે તેની સંલગ્ન સંસ્થાઓમાં પોતાની કાર્યકુશળતાનો પરિચય આપેલો છે. જેના પગલે ગુજરાત ચેમ્બરના પ્રમુખ સંદીપભાઈ એન્જીનિયરે તેમની આ નિમણુંક કરી છે.

જામનગર ચેમ્બર ઓફ કોમર્સની મ્યુનિ. કોર્પોરેશન, કાયદો-વ્યવસ્થા અને ટ્રાફિક પેનલના ચેરમેન તરીકે પણ ક્રિષ્નરાજ લાલ ૨૦૨૫-૨૭ના સત્ર માટે જવાબદારી સંભાળી રહ્યા છે.(૨.૧૧)



જામનગરમાં કાઇમ કોન્ફરન્સ: જામનગર: જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલૂની અધ્યક્ષતામાં કાઇમ કોન્ફરન્સ યોજવામાં આવેલ. જેમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીની જળવાય રહે તે અંગે સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ ત્યારની તસ્વીર.(૬.૧૨)

૧૫૦ ફુટ રીંગ રોડ પર આરકે એમ્પાયરના છઠ્ઠા-સાતમા માળે ઓફિસ ખોલવામાં આવી હતીઃ દર મહિને રોકાણ પર ૫ થી ૭ ટકા વળતરની લાલચ અપાઇઃ શરૂઆતમાં વળતર જમા થયુંઃ ફેબ્રુઆરી-૨૦૨૫થી વળતર બંધ થઇ ગયુંઃ તપાસ થતાં કંપની જ ઉઠી ગયાની ખબર પડી

આરકે એમ્પારમાં રીસેટ વેલ્થ કંપનીમાં રોકાણમાં વળતરની લાલચે ૪૫ લોકો સાથે ૫ કરોડ ૯૧ લાખની છેતરપીંડી

નાના મવા ગામના ખેડુત નિર્મળસિંહ જાડેજા અને તેમના પરિવારજનોએ ૫૪ લાખ અને બીજા ૪૦ રોકાણકારોએ ૫ કરોડ ૩૭ લાખ ગુમાવ્યાઃ માલવીયાનગર પોલીસે સંજય માંગરોલીયા વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી

રાજકોટ તા. ૨૨ઃ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ બાલાજી હોલ નજીક આવેલી આરકે એમ્પાયર બિલ્ડીંગના છઠ્ઠા અને સાતમા માળે રીસેટ વેલ્થ કંપનીના નામે ઓફિસ ખોલી રોકાણ પર દર મહિને પાંચથી સાત ટકા વ્યાજ આપવાની લાલચ આપી શરૂઆતમાં રોકાણકારોને નિયમીત વ્યાજ ચુકવી છેલ્લે આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં વ્યાજ ચુકવવાનું બંધ કરી દેવામાં આવતાં અને રોકાણકારોના ફોન પણ કંપનીના સંચાલકે ઉપાડવાનું બંધ કરી દઇ છેલ્લે ઓફિસ બંધ કરી ગાયબ થઇ જતાં નાના મવાના ખેડૂત અને તેમના પરિવારના બીજા ચાર લોકો સાથે ૫૪ લાખની અને બીજા ૪૦ રોકાણકારો સાથે ૫ કરોડ ૩૭ લાખ ૮૦ હજાર મળી કુલ રૂા. પાંચ કરોડ એકાણુ લાખ એંસી હજારથી ઠગાઇ કરવામાં આવતાં રોકાણકારોમાં દેકારો મચી ગયો છે.

આ બનાવમાં માલવીયાનગર પોલીસે નાના મવા ગામ વાછરા દાદાના મંદિર સામેની શેરીમાં રહેતાં ખેડૂત નિર્મળસિંહ ભરતસિંહ જાડેજા (ઉ.વ.૫૧)ની ફરિયાદ પરથી ૧૫૦ રીંગ રોડ આરકે એમ્પાયર બિલ્ડીંગમાં છઠ્ઠા અને સાતમા માળે રીસેટ વેલ્થ નામે કંપનીની ઓફિસો ખોલનારા સંજય લાલજીભાઇ માંગરોલીયા અને તપાસમાં ખુલે તેની સામે રોકાણ પર દર મહિને પાંચથી સાત ટકા વ્યાજની લાલચ આપી રૂા. ૫ કરોડ ૯૧ લાખ ૮૦ હજારની ઠગાઇ કરવાનો ગુનો દાખલ કર્યો છે. નિર્મળસિંહ સહિત ૪૦ જેટલા રોકાણકારો આમાં છેતરાઇ ગયા છે.

નિર્મળસિંહ જાડેજા એ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને મારે પડધરીના વચલીઘોડી ગામે ખેતીની જમીન છે. હું અને મારા પત્નિ રમીલાબા ભક્તિનગર સ્ટેશન પ્લોટ ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં સેવીંગ એકાઉન્ટ ધરાવીએ છીએ. મારા સાસુ જનકબા અને મારા પત્નિ પણ જોઇન્ટ એકાઉન્ટ ધરાવે છે. મારા દિકરા પ્રતિપાલસિંહ કાલાવડ રોડની ધરતી બેંકમાં ખાતુ ધરાવે છે અને દિકરીબા નાના મવા રોડ પર એસબીઆઇમાં એકાઉન્ટ ધરાવે છે. વર્ષ ૨૦૨૦ની સાલમાં અમારા સગા સબંધીઓ દ્વારા ૧૫૦ રીંગ રોડ પર આરકે એમ્પાયર બિલ્ડીંગમાં છઠ્ઠા અને સાતમા માળે સંજય માંગરોલીયા સંચાલીત રીસેટ વેલ્થ કંપનીમાં રૂપિયાનું રોકાણ કરવામાં આવતું હોઇ સંજય માંગરોલીયા દર મહિને રોકાણ પર ૫ થી ૭ ટકા નફો આપતો હોઇ તેવુ મને જાણવા મળ્યું હતું.

આથી મેં તા. ૧૭/૧/૨૦ના રોજ મારા પત્નિને સાથે લઇ સંજયની ઓફિસે જઇ તેની કંપની રીસેટ વેલ્થ વિશે માહિતી મેળવી હતી. રોકાણ બાબતે તેણે સમજાવ્યું હતું કે તમે આ કંપનીમાં જે રોકાણ કરશો તેમાં દર મહિને ઓછામાં ઓછા પાંચ ટકા અને વધુમાં વધુ સાત ટકા તમને વળતર આપીશ. તેમજ તમારે અમારી કંપનીમાં ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી રોકાણ કરવું પડશે. અમને આ વાત યોગ્ય લાગી હતી. જેથી મેં મારા અને ધર્મપત્નિના ખાતાના રૂા. ૧૧-૧૧ લાખના બે ચેક રીસેટ વેલ્થ કંપનીના નામે લખી આપ્યા હતાં. તેની સામે સંજયએ અમને અંગ્રેજીમાં એક લેટર આપ્યો હતો. જેમાં તે રોકાણ પર પાંચથી સાત ટકા વળતર આપશે તેવું લખાણ હતું. આ પછી અમે કરેલા રોકાણનું વળતર દર મહિને મારા અને મારા પત્નિના ખાતામાં ઓનલાઇન જમા થવા માંડ્યું હતું. આથી અમને આ કંપની પર વિશ્વાસ બેસી ગયો હતો.

ત્યારબાદ મેં ૧૩ લાખ અને મારા પત્નિએ ૧૪ લાખ ચેકથી રોકાણ કર્યુ હતું. તેમજ ૪ લાખ રીસેટ વેલ્થ કંપનીના શેરમાં રોકાણ કર્યુ હતું. જો કે તેના સર્ટીફિકેટ આજ સુધી આ કંપની તરફથી અપાયા નથી. ત્યારબાદ મારા સાસુ જનકબા ભુરૂભા વાઘેલાએ પણ ૧૧ લાખ જમા કરાવ્યા હતાં. જેમાંથી ૧લાખ શેરમાં રોક્યા હતાં. તેને પણ આ શેરના કોઇ સર્ટી અપાયા નથી. આ પછી મારા દિકરી આરતીબાએ રૂા. ૧૦ લાખનું રોકાણ રીસેટ વેલ્થમાં કર્યુ હતું. તેમજ દિકરા પ્રતિપાલસિંહે ૬ લાખનું રોકાણ કર્યુ હતું. આ બધાનું વળતર દર મહિને અમને અમારા ખાતામાં ઓનલાઇન મળી જતું હતું. પરંતુ આ વર્ષના એટલે કે ૨૦૨૫ના ફેબ્રુઆરી મહિનાથી વળતર મળતું બંધ થઇ જતાં મેં સંજયનો મોબાઇલ ફોનથી સંપર્ક કરતાં તે ફોન ઉપાડતો નહોતો. મેસેજ કરી કહેતો કે તમારે હવે ફોન કરવો નહિ, તમારુ વળતર ચાલુ થઇ જશે. મેં સંજયની આ કંપનીમાં મારા અને પરિવારજનોના મળી કુલ રૂા. ૫૪ લાખનું રોકાણ કર્યુ હતું. જેનુ વળતર ફેબ્રુઆરી-૨૦૨૫થી બંધ થઇ ગયું હતું.

સંજય માંગરોલીયાએ પોતાની રીસેટ વેલ્થ કંપનીમાં અમને રોકાણ કરવા લલચાવી ભરોસો આપી કુલ ૫૪ લાખ લઇ લીધા હતાં. પછી વળતર આપવાનું બંધ કરી દીધુ હતું. તેમજ તેની ઓફિસે તપાસ કરવા જતાં તે ઓફિસ બંધ કરી જતો રહ્યાની ખબર પડી હતી. તેનો ફોન પણ સતત બંધ આવે છે. અમને બાદમાં ખબર પડી હતી કે અમારી જેમ બીજા પણ ૪૦ જેટલા રોકાણકારો સાથે છેતરપીંડી થઇ છે. આ ૪૦ લોકો સાથે રૂા. ૫ કરોડ ૩૭ લાખ ૮૦ હજારની ઠગાઇ થઇ હતી. આ બધાના અને મારા મળી કુલ ૫,૯૧,૮૦,૦૦૦ની રકમનું સંજય માંગરોલીયાએ રોકાણ કરાવી છેતરપીંડી કરી હોઇ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં નિર્મળસિંહ જાડેજાએ જણાવતાં પીએસઆઇ ડી. એસ. ગજેરાએ ગુનો દાખલ કરાવતાં પીઆઇ જીજ્ઞેશ આર. દેસાઇએ વધુ તપાસ હાથ ધરી છે.(૧૪.૭)

રાજકોટ, ગોંડલ, ધ્રોલ, અમદાવાદ, ભાવનગરના લોકો પણ છેતરાઇ ગયાઃ સૌથી વધુ નાના મવા વિસ્તારના રહેવાસીઓ ભોગ બન્યા

૫ કરોડ ૩૭ લાખ ગુમાવનારા ૪૦ લોકોમાં છાત્રો, વૃધ્ધો, ગૃહિણીઓ, ખેડૂતો, વેપારીઓ સામેલ

■ રીસેટ વેલ્થ કંપનીમાં રોકાણ સામેદર મહિને વળતર મેળવવાની લાલચ આપી બીજા જે ચાલીસ લોકોને છેતરી લેવાયા છે તેની વિગત આ મુજબ છે. જેમાં નાના મવાના ખેડૂત કિરીટસિંહ અજીતસિંહ જાડેજા સાથે ૨૨,૫૦,૦૦૦ની ઠગાઇ, ગોંડલ રોડ પંચશીલ સોસાયટી વંદના હેરીટેજના નોકરીયાત હિતેષભાઇ ભીમદાસભાઇ પરમાર સાથે ૨૨,૦૫,૦૦૦ની, નાના મવા રોડ સાઇબાબા પાર્ક બ્લોક નં. ૮૦/૮૧માં રહેતાં નિવૃત જીવન જીવતાં ઉપેન્દ્રસિંહ નટવરસિંહ જાડેજા સાથે રૂા. ૧૯,૦૦,૦૦૦ની ઠગાઇ, નાના મવા પ્રદ્યુમન ગ્રીન સીટીના ખેડુત વિરભદ્રસિંહ ગુલાબસિંહ જાડેજા સાથે ૩૯,૦૦,૦૦૦ની, અજમેરા શાસ્ત્રીનગર ઇ-૧૫માં રહેતાં જમીન મકાનના ધંધાર્થી રહેન્દ્રસિંહ અજીતસિંહ ઝાલા સાથે રૂા. ૩૯,૦૦,૦૦૦ની, નાના મવા વાછરા દાદાના મંદિર પાસે રહેતાં ખેડૂત નરેન્દ્રસિંહ દશરથસિંહ જાડેજા સાથે ૧૬,૫૦,૦૦૦ની, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં ખેડુત ગિરીરાજસિંહ કનકસિંહ જાડેજા સાથે રૂા.૯,૫૦,૦૦૦ની, નાના મવા ગામ ચોરા સામે રહેતાં ખેડુત ઋતુરાજસિંહ બલભદ્રસિંહ જાડેજા સાથે ૬,૦૦,૦૦૦ની, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં ખેડુત કિરીટસિંહ દશરથસિંહ જાડેજા સાથે ૧૪ લાખની, નાના મવાના ખેડૂત નિર્મળસિંહ દશરથસિંહ જાડેજા સાથે રૂા. ૧૧,૫૦,૦૦૦ની, શાસ્ત્રીનગર અજમેરા ડી-૬૯ના અજયસિંહ કનકસિંહ ઝાલા સાથે ૧૦ લાખની, નાના મવા રહેતાં ડ્રાઇવીંગ કરતાં પરાક્રમસિંહ નરેન્દ્રસિંહ જાડેજા સાથે ૨,૫૦,૦૦૦ની, અજમેરા શાસ્ત્રીનગર બી-૧૪ના નોકરીયાત રવિભાઇ કિશોરભાઇ ડાભી સાથે ૪૮,૫૦,૦૦૦ની ઠગાઇ થઇ છે.

આ ઉપરાંત છેતરાયેલા અન્ય લોકોમાં નાના મવા વાછરા દાદા મંદિર પાસે રહેતાં વેપારી રવિરાજસિંહ નવલસિંહ જાડેજા સાથે ૨૨ લાખ, નાના મવાના જમીન મકાનના ધંધાર્થી ચંપકસિંહ મહિપતસિંહ જાડેજા સાથે ૪,૫૦,૦૦૦ની, ખેડૂત ભગીરથસિંહ મોહબ્બતસિંહ જાડેજા સાથે ૧૦ લાખની, નાના મવા રોડ અલય પાર્કના ભાવીનભાઇ ગોવિંદભાઇ વેકરીયા નામના વેપારી સાથે ૭ લાખની, નાના મવા રોડ ગોલ્ડ રેસીડેન્સી એ-૨૧ના લાભુબેન કાંતિલાલ જાગાણી નામના વૃધ્ધા સાથે ૮ લાખની, નાના મવા અજમેરા શાસ્ત્રીનગર ઇ-૧૧૧ના શક્તિસિંહ હરદેવસિંહ જાડેજા સાથે રૂા. ૧૬,૦૦,૦૦૦ની, નાના મવા શેરીન`. ઉના જમીન મકાનના ધંધાર્થી રાજેન્દ્રસિંહ ભાઇસાહબજી સાથે રૂા. ૬ લાખની, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં ઉષાબા જયપાલસિંહ ઝાલા સાથે ૩ લાખની, આદીપુર કચ્છના રવેચીધામ ખાતે રહેતાં ગેરેજ સંચાલક ચિંતનભાઇ વલ્લભભાઇ ભાલોડીયા સાથે ૩૬ લાખની, ગઢડા સ્વામીના ગામના પ્રફુલાબા નવરાજસિંહ જાડેજા સાથે ૧૨.૫૦ લાખની, નાના મવા મોકાજી સર્કલ પાસેના ખેડુત વિજયસિંહ બળવંતસિંહ જાડેજા સાથે ૫ લાખની, નાના મવા શાસ્ત્રીનગર અજમેરા બી-૩૯માં રહેતાં અને ડ્રાઇવીંગ કરતાં જયદેવસિંહ પોપટભાઇ જાડેજા સાથે ૧૯ લાખની છેતરપીંડી થઇ છે.

તેમજ મોરબી ગુ.હા. બોર્ડ બ્લોક ૧૮૩માં રહેતાં ખુમાનસિંહ ચંદુભા જાડેજા સાથે ૧૫ લાખની, બજરંગવાડી-૧૨ના રવિરાજસિંહ અરૂણકુમાર ગોહિલ નામના વિદ્યાર્થી સાથે ૧૧ લાખની, શાસ્ત્રીનગર અજમેરા ઇ-૬૫માં રહેતાં નોકરીયાત જયવીરસિંહ સુરવીરસિંહ ગોહિલના ૨ લાખ, નાના મવા રોડ સિલ્વર ગોલ્ડ સોસાયટીના જોશનાબા ક્રિપાલસિંહ ગોહિલ સાથે ૧૪ લાખ ૫૦ હજારની, જડુસ હોટેલ સામે રહેતાં અનિરૂધ્ધસિંહ ભીખુભા જાડેજા નામના વૃધ્ધ સાથે ૧૦ લાખની, એસટી બસ સ્ટેશન પાછળ બાપા સિતારામ મઢુલી નજીક બાબરામાં રહેતાં હરપાલસિંહ ભરતસિંહ જાડેજા સાથે ૩૦ લાખની, ભાવનગરના પરવાળા ગામના ખેડુત હરદેવસિંહ અનોપસિંહ ગોહિલ સાથે રૂા. ૩ લાખ, ધ્રોલ જાયવાના ખેડુત મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા સાથે ૬ લાખની, ગોંડલ વેકરીના જયવિરસિંહ અરવિંદસિંહ સરવૈયા સાથે ૬ લાખની, ધ્રોલ પોલીસ લાઇન પાછળ રહેતાં રાજેન્દ્રસિંહ મહિપતસિંહ રાણા સાથે ૫૦ હજાર, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં છાત્ર રૂદ્રરાજસિંહ યુવરાજસિંહ જાડેજા સાથે ૬ લાખની, અજમેરા શાસ્ત્રીનગર સી-૧૧૧માં રહેતાં રીટાબેન વિજયભાઇ દેવમુરારી સાથે ૧૭ લાખની, અજમેરા શાસ્ત્રીનગર ઇ-૧૯૭ના વેપારી ગિરીરાજસિંહ ઇન્દ્રસિંહ જાડેજા સાથે ૧૧ લાખની અને અમદાવાદના ઢોલેરા ગામના ખેડુત મુકેશસિંહ ચંદ્રસિંહ ચુડાસમા સાથે ૪ લાખની ઠગાઇ થઇ છે. આમ આ ૪૦ લોકો સાથે કુલ ૫,૩૭,૮૦,૦૦૦ની ઠગાઇ થઇ હોવાનું જણાવાતાં પોલીસે તપાસ શરૂ કરી છે. (૧૪.૭)

જામનગરના નાધેડીયા ગામનો શખ્સ ૨૪ બોટલ સાથે ઝડપાયો



જામનગરઃતા.૨૨,તાલુકાના નાધેડીગામમા માધવ રેસીડેન્સી-૧ મા રહેતા આરોપી સિધ્ધરાજસિંહ ભુપેન્દ્રસિંહ ચૌહાણના મકાન તથા એકટીવા મો.સા. માંથી ઇંગ્લીશ દારૂની બોટલો નંગ- ૨૪ કિ.રૂ. ૧૬,૪૬૪/- તથા એક મોબાઇલ ફોન કિ.રૂ. ૧૫,૦૦૦/- તથા એકટીવા મો.સા. કિં.રૂ. ૪૦,૦૦૦/- મળી કુલ રૂ. ૭૧,૪૬૪/-નો મુદામાલ કબ્જે કરી મજકુર આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરેલ છે. મજકુર આરોપીને દારૂ સપ્લાય કરનાર યુવરાજસિંહ ચુડાસમા રહે, ન.ધેડીગામ વાળાને પકડવાની કાર્યવાહી ચાલુમા છે.

આ કાર્યવાહી પો.ઇન્સ.વી.એમ લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ પી.એન. મોરી તથા પો.સ.ઇ. સી.એમ.કાંટલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઇ કોડીયાતર, મયુદીનલાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમ બ્લોચ, નિર્મળસિંહ જાડેજા, ધનશ્યામભાઇ ડેરવાળીયા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલિંહ જાડેજા, ભરતલાઇ ડાંગર, કિશોરભાઇ પરમાર, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અરજણભાઇ વીરડા, ધમેન્દ્રસિંહ જાડેજા સુરેશભાઇ માલકીયા, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે.(૩૫-૧૦)



મેઘપર (પડાણા) ના ખૂનના બે આરોપી ઝડપાઇ ગયો

જામનગરઃ મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી પ્રતિભા લાલપુર વિગભાના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફના કર્મચારીઓ મેઘપરા (પડાણા) પો. સ્ટે. એ. પાર્ટ કલમ ૧૦૩(૧), ૧૧૫(૨), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ગુન્હાના કામેના આરોપીની તપાસમાં હતા. દરમ્યાન હયુમન સોર્સ આધારે આરોપીઓને શોધી (૧) આકાશકુમાર સ/ઓફ દિપસિંહ જાતેઃ નાઇઠાકુર ઉ.વ.૨૩ (૨) અવનીશ સ/ઓફ સુરેન્દ્રસિંગ જાતે ઠાકુર ઉ.વ. ૩૧, ધંધો મજુરી રહે. હાલ ઓરડી નં. ઇ/૧૨, લેબર કોલોની ,સોનું ઇન્ફ્રા. લિ. કંપની રામદુતનગર જોગવડ ગામ તા. લાલપુર મુળ રહે. મહેલોઇ ગામ તા. કુરાવલી.પો. ગોપાલપુર, જી. મૈનપુરી રમજય ઉત્તર પ્રદેશને ઝડપી લીધા હતા. આ કાર્યવાહીપો.હેડ. કોન્સ. બ્રિજરાજસિંહ વી. જાડેજા, તથા પો. હેડ કોન્સ જયદેવસિંહ બી. જાડેજા તથા પો.હેડ કોન્સ. કે.કે. બાબરીયા તથા પો.હેડ કોન્સ. ભગીરથસિંહ બી. જાડેજા, પો. કોન્સ. પ્રદિપસિંહ ડી. જેઠવા તથા પો.કોન્સ. કુલદિપસિંહ એફ. પરમાર તથા પો.કોન્સ. મહેશભાઇ આર. જોગલ તથા પો. કોન્સ. કરણાભાઇ ડી વસરા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ આર. ઝાલા દ્વારા કરવામાં આવેલ. (૩૫-૯)

અમરેલી કુંકાવાવ તાલુકાની પ્રાથમિક શાળાઓમા નવા ઓરડાના બાંધકામ, રિનોવેશન, કમ્પાઉન્ડ વોલ અને ટોયલેટ બ્લોકના કામ કરાશે



અમરેલી, તા.૨૨ઃ અમરેલી કુકાવાવ ધારાસભ્ય કૌશિક વેકરીયા ના પ્રયત્નોથી અમરેલી અને કુકાવાવ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓના બાંધકામના કામો મંજૂર થતાં ઓરડાના બાંધકામના કામો હાથ ધરાશે. જે અંતર્ગત કુલ ૨૨ પ્રાથમિક શાળાઓમાં ૬૭ જેટલા નવા વર્ગખંડ સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

આ સાથે ૧૦૫ ક્લાસરૂમનું રીનોવેશનનું કામ પણ હાથ ધરાશે. ૧૫ શાળાઓમાં ગર્લ્સ ટોયલેટ બ્લોક અને ૧૮ શાળાઓમાં બોયઝ અને દિવ્યાંગો માટેના ટોયલેટ બ્લોકનું પણ કામ મંજૂર થતા, વધુમાં ૧૭ પ્રાથમિક શાળાઓમાં નવા મધ્યાન ભોજન શેડ અને ૧૪ પ્રાથમિક શાળાઓમાં કમ્પાઉન્ડ વોલના કામ પણ મંજૂર થવાથી આગામી દિવસોમાં કુલ ૧૮ કરોડ ૫૭ લાખ રૂપિયા જેવી માતબર રકમના ખર્ચે પ્રાથમિક શિક્ષણને લગતા વિકાસના આ વિવિધ કામો હાથ ધરાશે. (૩.૯)

લીલીયાની હોસ્પિટલનું ૭ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશેઃ મહેશ કસવાળા



(ઇકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા તા. ૨૨ઃ સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઇ કસવાળા દ્વારા લીલીયા ખાતે આવેલી હોસ્પિટલના નવીનીકરણ માટે રૂા. ૭ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યા છે.

લીલીયા તાલુકાની જનતાને હવે વધુ સુવિધાયુક્ત આરોગ્ય સેવાઓનો લાભ મળશે. આ ભંડોળનો ઉપયોગ હોસ્પિટલના બિલ્ડિંગના નિર્માણ, ફર્નિચરની વ્યવસ્થા અને ઇન્ટરનલ રોડ નેટવર્કના સુધારણા માટે કરવામાં આવશે. આ પ્રોજેકટથી લીલીયાની આરોગ્ય સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે, જે સ્થાનિક નાગરિકોને વધુ સારી તબીબી સારવાર અને સંભાળ પૂરી પાડવામાં મદદરૂપ થશે. હાલ માં હોસ્પિટલ બિલ્ડીંગ ખૂબ જૂનું અને જર્જરિત છે , રાજ્ય સરકાર ના આરોગ્ય ઇન્ફ્રાસ્ટ્રચર ને વધારે આધુનિક અને સુવિધા સભર બનાવવા ના અભિગમ હેઠળ લીલીયા તાલુકા વતી કરેલ રજૂઆતો ને ધ્યાન મા લઇ આ ઐતિહાસિક અને જનકલ્યાણકારી નિર્ણય લેવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલનો આભાર માન્યો છે. (૭.૨૩)

સાવરકુંડલામાં રખડતા પશુઓનો ત્રાસઃ રાહદારીઓ વાહનચાલકો હેરાન

(ઇકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા, તા. ૨૨ : શહેર માં એસ ટી બસ સ્ટેન્ડ નાવલી નદી રજકાપીઠ વ્યયામ મંદિરના પુલ પાસે વિગેરે જગ્યાઓમા રખડતાં ઢોર જોવા મળે છે આ રખડતાં ઢોરથી વાહન ચાલકો અને રાહદારી ઓ ઉપર ભારે જોખમ ઉભુ થતું હોય છે ત્યારે વર્ષો ની લોકો ની જોખમ દાયક સમસ્યા નો ઉકેલ નગર પાલિકા ક્યારે લાવશે તેવી શહેરીજનોમાં માગ ઉઠવા પામી છે

રખડતાં ઢોર આખલવો જ્યારે યુધ્ધે ચડ્યા હોય ત્યારે લોકોને હડફેટે લઈને ગંભીર ઈજાગ્રસ્ત પણ કરે છે વાહન ચાલકોના વાહન સાથે પણ અથડાય છે અને વાહનોને નુકશાન પહોચાડે છે એટલે રેઢિયાળ ઢોરની તકલીફ તાત્કાલિક યુધ્ધના ધોરણે હાલકરવામાં આવે તેવી ચોતરફ થી માગ ઉઠવા પામી છે

રેઢિયાળ પશુ ઢોરના યુધ્ધથી અને મુખ્ય મુખ્ય માર્ગ ઉપર રખડવાથી અનેક વાર લોકો ઘાયલ થયાના બનાવો બન્યા છે અને લોકો ભારે ત્રાહિમામ પોકારી ઉઠયા છે છતાં પણ પાલિકા તંત્ર નું પેટનું પાણી પણ હલતું નથી જે ખરે ખર અયોગ્ય કહેવાય તેવું લોકોનું કહેવું છે.



સાવરકુંડલા પાલિકાના ઉપપ્રમુખ સ્વ.જયસુભાઇ નાકરાણીની સ્મૃતિમાં રોડનું નામકરણ થશે

સ્વ.નાકરાણી માર્ગને અમરેલી બાયપાસ સાથે જોડી દેવાતા બે કિ.મી. અંતર પણ ઘટશે



(દીપક પાંધી દ્વારા) સાવરકુંડલા,તા. ૨૨ : સાવરકુંડલા પાલિકામાં સતત ત્રણ ટર્મ થી ભા જ ૫ માથી નગરસેવક તરીકે ચૂંટાઈ આવતા અને ગત ટર્મ મા પાલીકા ના ઉપપ્રમુખ તરીકે સળતાપૂર્વક જવાબદારી સંભાળી રહેલા કર્મનિષ્ઠ અને પ્રમાણિક જયસુખભાઈ નાકરાણી બે વર્ષ પહેલા નગરપાલિકાના કામ અર્થે ગાંધીનગર ગયેલા ત્યારે અમદાવાદ પાસે માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયું હતું. સ્વર્ગસ્થ જયસુખભાઈ નાકરાણીની શહેરમાં સુધીર્થ અને ખૂબ સારી સેવાઓ રહેલી છે. નાકરાણી નગરપાલિકાના માધ્યમથી સાવરકુંડલાના શહેરીજનોની સુખાકારી માટે તમામ પ્રકારે મદદરૂપ બન્યા હતા અને શહેરભરમાં ભારે લોકપ્રિયતા હાંસલ કરી હતી તેમના આકસ્મિક નિધનથી સમગ્ર શહેર શોકમાં ગરકાવ થઈ ગયું હતું અને હજુ પણ જયસુખભાઈ નાકરાણી ની સેવાઓને શહેરીજનો યાદ કરી રહ્યા છે

નગરપાલિકાના વર્તમાન બોર્ડ અને સ્વ. જયસુખભાઈ નાકરાણી ના મિત્ર મંડળ દ્વારા સ્વ.ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી ની કાયમી સ્મૃતિ માટે સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૨ના પીપરવાડી માર્ગનુ સ્વ. જયસુખભાઈ નાકરાણી માર્ગ નામકરણ આ માટેનો એક કાર્યક્રમ આવતીકાલ તારીખ ૨૩/૭ને બુધવારે પીપરવાડી વિસ્તાર ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ના અધ્યક્ષ સ્થાને સાંજે ચાર વાગ્યે યોજાઈ રહ્યો છે જેમાં સ્વ.જયસુખભાઈ નાકરાણી ની દ્વિતિય પુણ્ય તિથિ નિમિત્તે તેને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવશે અને શહેરીજનોની તેમની પ્રત્યેની લાગણી ને કાયમી જીવંત રાખવા માટે તેમની સ્મૃતિમાં સાવરકુંડલા ના પીપરવાડી માર્ગ નું જયસુખભાઈ નાકરાણી માર્ગ નામકરણ કરવામાં આવશે. પીપરવાડીથી આગળ જતા આ રોડને અમરેલી બાયપાસ રોડ સાથે જોડી દેવામાં આવશે જેથી શહેરી વિસ્તાર માથી બાયપાસ રોડ જવા માટે બે કી.મી. જેટલા અંતરના ઘટાડા બાયપાસ રોડની કનેક્ટિવિટી વધશે અને આ વિસ્તારના અને નીચોલ વિસ્તારના ખેડૂતોને પોતાના વાડી, ખેતર જવા માટે અને અન્ય વાહન ચાલકોને અમરેલી બાયપાસ તરફ જવા માટે શહેરમાંથી પસાર થવું નહીં પડે જેથી ટ્રાફીક તેમજ રેલ્વે ફાટકનો પણ પ્રશ્ન નડશે નહીં આમ સ્વ.જયસુખભાઈ નાકરાણી માર્ગ તેમના ગયા પછી પણ આજીવન શહેરીજનો માટે આશીર્વાદરૂપ બની રહેવાનો છે તો આ પ્રસંગે શહેરીજનોને પધારવા સ્વ.જયસુખભાઈ ના મિત્ર મંડળ અને નગરપાલિકા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યા છે.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-જે, રીજીયન-૫ના પદાધિકારીઓ માટે 'સ્કૂલિંગ - અમૂલ્ય' કાર્યક્રમ અમરેલીમાં યોજાયો

અમરેલી તા.૨૨ઃ લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-જે, રીજીયન- ૫ દ્વારા લાયનવાદમાં દરેક સ્તરના નવનિયુક્ત પદાધિકારીઓ માટે વિશિષ્ટ ''સ્કૂલિંગ - અમૂલ્ય'' કાર્યક્રમનું આયોજન તપોવન આશ્રમ અમરેલી મુકામે આયોજીત કરવામાં આવેલ હતું .

કાર્યક્રમની શરૂઆતમાં લાયન અશ્વિનભાઈ ડોડીયા દ્વારા ધ્વજવંદના બાદ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા સ્વાગત ઉદબોધન કરવામાં આવેલ હતું. પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરશ્રી વસંતભાઈ મોવલીયાએ દીપ પ્રાગટ્ય કરેલ હતું તેમજ સારહિ યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીએ પણ સારહિ તપોવન આશ્રમ અંગેની માહિતી આપેલ. રીજીયન ચેરપર્સન લાયન જયેશભાઈ પંડ્યાએ સ્કૂલિંગ કાર્યક્રમની ચર્ચા કરેલ હતી. લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ - જેના ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન અભયભાઈ શાહ દ્વારા ઓનલાઈન પદાધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.



લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ - જે રીજીયન - ૫ માં નવનિયુક્ત થયેલ પ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝરર, ઉપપ્રમુખ અને ડિસ્ટ્રીક્ટના પદાધિકારીઓ માટે યોજાયેલ સ્કૂલિંગમાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરશ્રી લાયન કમલેશભાઈ શાહ, લાયન વિનોદભાઈ સરવૈયા, તેમજ ડિસ્ટ્રીક્ટ ચેર પર્સન લાયન પ્રા. એમ. એમ. પટેલ, લાયન દિનેશભાઈ સોરઠીયા, લાયન રાકેશભાઈ નાકરાણી, લાયન તુષારભાઈ પટેલ વગેરે દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં લાયન્સ વ્યવસ્થાપન, ફરજો, જવાબદારીઓ, લીડરશીપ, ક્લબ ફાયનાન્સ, રિર્પોટિંગ, બ્રાન્ડિંગ, ટીમ વર્ક, મૂલ્યો આધારિત કેળવણી, લીયો સાથે સંકલન, ક્લબની કામગીરી તથા સેવા પ્રોજેક્ટ વગેરે અંગેની માહિતી આપવામાં આવેલ હતી. સ્કૂલિંગ એ માત્ર તાલીમ નથી - તે એક શ્રેષ્ઠ નેતૃત્વના નિર્માણ માટેનું મોટું રોકાણ છે. તાલીમ મેળવેલા પદાધિકારીઓ લાયન્સ મૂલ્યોના સાચા પ્રતિનિધિ બને છે. પદાધિકારીઓને સમાજ માટે પ્રેરણાસ્ત્રોત તેમજ ઉત્કૃષ્ટ સ્તંભ બનવા અપીલ કરેલ હતી.

કાર્યક્રમ અંગેનો પ્રતિભાવ ઝોન ચેરપર્સન લાયન કૌશિકભાઈ હપાણીએ આપેલ હતો. અમરેલી, સિહોર, સાવરકુંડલા અને ભાવનગરમાંથી કુલ સાત લાયન્સ ક્લબના પદાધિકારીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ લાયન પરેશભાઈ કાનપરિયાએ કરી હતી અને સભાનું સંચાલન લાયન શરદભાઈ વ્યાસે સંભાળ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા લાયન પરેશભાઈ આચાર્ય, લાયન મનોજભાઈ કાનાણી, લાયન ભગવાનભાઈ કાબરીયા, લાયન રમેશભાઈ ગોલ, લાયન મહેશભાઈ પટેલ, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન અશ્વિનભાઈ સંપટ, લાયન મુસ્તુફા આફિકાવાલા, લાયન નરેશભાઈ જોગાણી, લાયન નરોત્તમભાઈ સાકરીયા, લાયન રાજેશભાઈ માંગરોળીયા લાયન વિનુભાઈ આદ્રોજા, લાયન કૌશલ દવે વગેરેએ જેહમત ઉઠાવેલ હતી.(૨.૯)



બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા ૪૫૦ શિક્ષકોએ આંતરિક સશકિતકરણકનાં સેમીનારમાં ભાગ લીધો

અમરેલીઃ બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન અમરેલીના વિશાળ સભા ખંડમાં જિલ્લાના તમામ આચાર્યો શિક્ષકો અને સંચાલકોએ શિક્ષણ ક્ષેત્રમા શિક્ષકોની આંતરિક સશકિતકરણના સેમીનારમા ૬૫૦ થી વધારે હાજરી આપી ઈન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર બ.કુ.ડો. ઈ.વી.સ્વામીનાથન ભાઈએ જુદા જુદા ઉદાહરણો દ્વારા શિક્ષક ધ્વારા વિદ્યાર્થીઓમાં એકાગ્રતા કેવી રીતે લાવી શકાય અને એકાગ્રતા વધશે તો યાદ શક્તિ વધશે. જેથી બાળક પોતાના અભ્યાસમાં સફળતાના શિખરો સર કરશે. બાળક ના ઘડતરમાં પ્રાથમિક શિક્ષકનું મહત્વનું સ્થાન ધરાવે છે. બાળકોની યાદ શકિત વધારવા રોજ મેડીટેશન કરાવવા પર ભાર મુકતા જણાવેલ કે તેમની હેલ્થ સારી રહેશે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીના પ્રતિનિધિ તરીકે ગોયાણી સાહેબ, જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુન્દભાઈ મહેતા જિલ્લા માધ્યમિક સંઘનાપરમુખ પી.આર.રાઠોડ મંત્રી નિલેશભાલ મહેતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી નિલેશભાઈ હુંમ્મર વિદ્યાસભાના ડાયરેકટર પેથાણી નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વિછીયા રૂપાયતન ટ્રસ્ટના આર.એલ.કાચા દિપ પ્રાગ્ટય દ્વારા આ સેમીનારને ખુલ્લો મુકેલ. અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાબહેને બ્ર.કુ. ડો.ઈ.વી.સ્વામીનાથન ભાઈનો પરિચય તથા સંસ્થા ચાલતા કાર્યક્રમોની માહીતી અને પધારેલ મહેમાનોનું બાબા ઘરમાં સ્વાગત કરેલ. સંચાલન બ્ર.કુ. બીનાબેને કરેલ. આભાર રાજય અને રાષ્ટ્રિય શ્રેષ્ઠ શિક્ષક બ.કુ. આઈ.પી.બારડે કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્ર.કુ. કિંજલદીદી બ.કુ. તૃપ્તીદીદી બ.કુ.મિતાલીદીદી તથા બ.કુ. ચેતુભાઈએ જહેમત ઉઠાવેલ તેમ ફિલ્ડ રીપોટર બ.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે. (૩.૯)

જુનાગઢ પોલીસની નેત્રમ શાખાને વિકાસ સહાયના હસ્તે એવોર્ડ અર્પણ

જુદા-જુદા કેસ ઉકેલીને આરોપીઓને ઝડપી લેવામા સફળતા: રેન્જ આઇજીપી નિલેશ જાજડીયા, જીલ્લા પોલીસવડા સુબોધ ઓડેદરાનું માર્ગદર્શન



(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૨૨: CCTV કેમેરાનો ઉપયોગ કરી બનાવનો ભેદ ઉકેલવામાં જૂનાગઢ નેત્રમ શાખાને ૧૬ મો એવોર્ડ આપી કુલ ૨૧માં એવોર્ડથી ગુજરાત રાજ્યના પોલીસવડા વિકાસ સહાયએ સન્માન કર્યુ છે.

જૂનાગઢ રેન્જના આઈ.જી.પી. નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા દ્વારા ગુજરાત સરકાર દ્વારા વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ CCTV કેમેરાનો મહત્તમ ઉપયોગ કરી શહેરમાં ટ્રાફીક નિયમન તથા બનતા કોઈ પણ ગુન્હાનો ભેદ ત્વરીત ઉકેલવા, કોઈ વ્યક્તિનો કીંમતી સામાન ગુમ થયેલ હોય, ક્યાંય ભુલી ગયેલ હોય તો ત્વરીત તે સામાન શોધી, 'પોલીસ પ્રજાનો મિત્ર છે' તે સુત્રને સાર્થક કરવા સૂચના આપેલ છે. જે અંતર્ગત જૂનાગઢ હેડ ક્વા.ડી.વાય.એસ.પી. એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. પ્રતિક મશરૂ અને ૨૭ પોલીસ સ્ટાફ તથા એન્જીનીયરશ્રીઓ ૨૪×૭ ફરજ બજાવે છે.'

'Reward & Recognition Program' હેઠળ એવોર્ડ એનાયત કરવા સારૂ ગુજરાત રાજ્યના ડી.જી.પી.શ્રી ની કચેરી ખાતે નિયુક્ત કરેલ કમીટી દ્વારા રાજ્યના તમામ જીલ્લા દ્વારા વર્ષ ૨૦૨૫ ના ક્વાર્ટર-૧(તા. ૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૫ સુધીના) સમયગાળા દરમ્યાનCCTV કેમેરાનો ઉત્કૃષ્ઠ ઉપયોગ કરી કેસ ઉકેલવામાં મળેલ સફળતાની કામગીરીનુ મુલ્યાંકન કરવામાં આવેલ હતુ. મુલ્યાંકન બાદ કમીટી દ્વારા ક્વાટર-૧ માં (તા.૦૧/૦૧/૨૦૨૫થી ૩૧/૦૩/૨૦૨૫ સુધી) જૂનાગઢ જિલ્લાની નેત્રમ શાખાને બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં ગુજરાત રાજ્યમાં દ્વિતીય નંબર આપવામાં આવેલ છે. આમ જૂનાગઢ જિલ્લાની નેત્રમ શાખાને બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં ૧૬ મી વખત એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો.'

નેત્રમ શાખાના પી.એસ.આઈ. પ્રતિક મશરૂની ટીમના પોલીસ કોન્સ. સુખદેવસિંહ કામળીયાને ગાંધીનગર ખાતે ડી.જી.પી. વિકાસ સહાય દ્વારા નેત્રમ શાખાને ૨૧ મી વખત એવોર્ડ આપી સન્માનીત કર્યા હતા. વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૧૬ વખત કામગીરીનું મૂલ્યાંકન કરી એવોર્ડ આપવામાં આવેલ છે, જેમાં બનાવના ભેદ ઉકેલાવાની કેટેગરીમાં તમામ વખત એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે, તેમજ ૩ વખત ઇ-ચલણની કામગીરીમાં નંબર મેળવેલ છે, અને ૨ વખત ઈ-કોપ એવોર્ડ મેળવેલ છે અને જૂનાગઢ પોલીસને ગર્વ અપાવેલ છે.

'જિલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા કાર્યરત છે અને નેત્રમ શાખામાં પી.એસ.આઈ. પ્રતિક મશરૂ, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, હે.કોન્સ. રામશીભાઈ ડોડીયા, વિક્રમભાઈ જીલડીયા, અશોકભાઈ વઘેરા, પો.કોન્સ. રાહુલગીરી મેઘનાથી, લાખાભાઈ ટિંબા, શિલ્પાબેન કટારીયા, અંજનાબેન ચવાણ, પાયલબેન વકાતર, વિજયભાઈ છૈયા, સુખદેવભાઈ કામળીયા, રૂપલબેન છૈયા, નરેન્દ્રભાઈ દયાતર, દક્ષાબેન પરમાર, પ્રજ્ઞાબેન જોરા, ખુશ્બુબેન બાબરીયા, મિતલબેન ડાંગર, ભાવિષાબેન સીસોદીયા, જાનવીબેન પટોડીયા, એન્જીનીયર રીયાઝ અંસારી, મસઉદઅલીખાન પઠાણ, નિતલ મહેતા, કિશનભાઈ સુખાનંદી, ધવલભાઈ રૈયાણી, જેમીનભાઈ ગામી, સતિષભાઈ ચૌહાણ એમ કુલ ૨૭ સ્ટાફ દ્વારા CCTV કેમેરાથી ૨૪×૭ મોનીટરીંગ કરી અને કામગીરી કરવામા આવે છે.

જૂનાગઢ નેત્રમ શાખાના પી.એસ.આઈ. પ્રતિક મશરૂ અને તેમની ટીમને અગાઉ માહે જાન્યુ ૨૦૨૧માં, ઓગષ્ટ ૨૦૨૧, ડિસેમ્બર - ૨૦૨૧, એપ્રિલ - ૨૦૨૨ (બનાવના ભેદ ઉકેલવાની કેટગરી તેમજ ઈ-ચલણની એમ બંને કેટેગરીમાં), જૂન - ૨૦૨૨, સપ્ટેમ્બર -૨૦૨૨ (બનાવના ભેદ ઉકેલવાની કેટગરી તેમજ ઇ-ચલણની એમ બંને કેટેગરીમાં), ડિસેમ્બર -૨૦૨૨, ફેબ્રુઆરી -૨૦૨૩, એપ્રિલ - ૨૦૨૩ અને જુલાઈ - ૨૦૨૩, સપ્ટેમ્બર - ૨૦૨૩(બનાવના ભેદ ઉકેલવાની કેટગરી તેમજ ઇ-ચલણની એમ બંને કેટેગરીમાં), ફેબ્રુઆરી - ૨૦૨૪ (બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં), જૂન - ૨૦૨૪ (બંને ક્વાર્ટરમાં બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં), ઓક્ટોબર - ૨૦૨૪(બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં) માર્ચ - ૨૦૨૫ (બંને ક્વાર્ટરમાં બનાવના ભેદ ઉકેલવાની કેટેગરીમાં) જુલાઈ -૨૦૨૫(બનાવનાં ભેદ ઉકેલવાની કેટેગરીમાં) પણ ડી.જી.પી. દ્વારા એવોર્ડ એનાયત કરી સન્માનીત કરવામાં આવેલ હતા. આમ જૂનાગઢ નેત્રમ શાખાની સમગ્ર ટીમને ડી.જી.પી. શ્રી દ્વારા ફક્ત ૪ વર્ષના અંતરે ૨૧ વખત શ્રેષ્ઠ કામગીરી કરવા સારૂ એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવેલ છે.

જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે કાર્યરત નેત્રમ શાખા દ્વારા વર્ષ ૨૦૨૫ ના ક્વાર્ટર-૧(તા.૦૧/૦૧/૨૦૨૫થી ૩૧/૦૩/૨૦૨૫ સુધીના) સમય ગાળા દરમ્યાન CCTV કેમેરાનો ઉપયોગ કરી બનાવનો ભેદ ઉકેલવામાં ડી.જી.પી. શ્રી વિકાસ સહાય સાહેબના હસ્તે સમગ્ર ગુજરાત રાજ્યમાં એવોર્ડ મેળવેલ અને જૂનાગઢ પોલીસનુ ગૌરવ વધારતા નેત્રમ શાખાના પી.એસ.આઈ. પ્રતિક મશરૂ અને તેમની સમગ્ર ટીમને 'જૂનાગઢ રેંજના આઈ.જી.પી. નિલેશ જાજડીયા, જૂનાગઢ જીલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા તથા કેશોદ ડિવીઝનના પોલીસ અધિક્ષક બી.સી.ઠક્કર, વિસાવદર ડીવીઝનના એ.એસ.પી. રોહીતકુમાર, જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણી, જૂનાગઢ શહેર ડિવીઝનના ડી.વાય.એસ.પી. હિતેષ ધાંધલીયા, તથા માંગરોળ ડીવીઝનના ડી.વાય.એસ.પી. ડી.વી.કોડીયાતર, એસ.સી.એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. રવીરાજસિંહ પરમાર દ્વારા પણ અભિનંદન આપવામાં આવેલ છે.(૨.૮)

જુનાગઢ જમાલવાડીમાં જુગારનો અખાડો ઝડપાયો



જુનાગઢઃ જમાલવાડીમાં રહેતો વહાબ અબ્દુલરજાક કુરેશી પોતાના જમાલવાડી, કબ્રસ્તાનની પાછળ આવેલ મકાને જુગારનો અખાડો ચલાવે છે જે હકિકત આધારે રેઇડ કરતા (૧) વહાબભાઈ કુરેશી, ઉ.વ.૬૦ ધંધો.વેપાર રહે.મેમણ કબ્રસ્તાન આગળ સીવીલ હોસ્પી. પાછળ

(૨) સરફરાજખાન બીસ્મીલાખાન પઠાણ, ઉ.વ.૪૯ ધંધો.વેપાર રહે. ધારાગઢ દરવાજા ગેબનશાપીરની દરગાહની સામે

(૩) શકીલ સુલેમાનભાઈ સમા, ઉવ.૨૭ ધંધો.મજુરી રહે. જમાલવાડી લાખાપીરની દરગાહની સામેની ગલી

(૪) સમીરશાહ હબીબશાહ સર્વદી, ઉ.વ.૨૭ ધંધો. મજુરી રહે. જમાલવાડી લાખાપીરની દરગાહની સામે

(૫) સમીર કાસમભાઈ હીંગોરા, ઉ.વ.૩૫ ધંધો.મજુરી રહે.જમાલવાડી લાખાપીરની દરગાહની સામે

(૬) ઈરફાન ઈબ્રાહીમભાઈ કુરેશી, ઉ.વ.૩૨ ધંધો. મજુરી રહે. કુંભારવાડા બારા સૈયદ રોડ,

(૭) ઈકબાલ મુસાભાઈ હિંગોરા, ઉ.વ.૩૨ ધંધો. મજુરી રહે. દરગાહ પાસે

(૮) આદીલ ઈશાકભાઈ શેખ, ઉ.વ.૩૨ ધંધો.મજુરી રહે. દરગાહ પાસે

(૯) અલ્તાફ ઈકબાલભાઈ સીડા, ઉ.વ. ૨૧ ધંધો. મજુરી રહે. દરગાહ પાસે

(૧૦) યુસુફ મુસાભાઈ ખેભર, ઉ.વ.૫૨ ધંધો. વેપાર રહે. દરગાહની સામેને રોકડા રૂા. ૧૮,૭૪૦, મોબાઈલ-૬ કિ.૫૨,૦૦૦/- મળી.કુલ કિ.રૂ. ૭૦,૭૪૦/- સામે ઝડપેલ છે.

ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ.શ્રી જે.જે.પટેલ તથા પો.સબ.ઈન્સ. પી.કે.ગઢવી તથા એ.એસ.આઈ નિકુલ એમ.પટેલ તથા પો.હેડ કોન્સ. ઈન્દ્રજીતસિંહ ઝાલા, આઝાસિંહ સિસોદીયા, જીતેષ મારૂ, વનરાજસિંહ ચુડાસમા તથા પો.કોન્સ. ચેતનસિંહ સોલંકી, દિવ્યેશ ડાભી તથા ડ્રા.પો.કોન્સ. વરજાંગ બોરીચા એ રીતેના ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સ્ટાફએ સાથે રહી કામગીરી કરેલ છે.(૯.૨૩)

જૂનાગઢનો ધાડ વિથ એટ્રોસીટીના ગુન્હાનો ફરાર આરોપી ઝડપાઇ ગયો

જૂનાગઢ તા.૨૨: એ ડીવી.પો. સ્ટે. કલમ ૩૧૦(૨),૩૧૧,૩૫૧(૩), ૩(૫) તથા એટ્રોસીટી એકટની કલમ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ કામેનો નાસતો ફરતો આરોપી શાહરૂખ હનીફમીયા કાદરી રહે કુંભારવાડા જુનાગઢ વાળો મજેવડી દરવાજા ની પાસે ઉભેલ છે.જેથી તુરંત જ હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા મળી આવેલ હોય ઈસમને પકડીને એસ.સી.એસ.ટી.સેલ જુનાગઢ નાઓને સોપી આપેલ છે.



ચાર મહિલા સહિત છ શખ્શો જુગારમાં ઝબ્બે

જુનાગઢ ગેંડાગર રોડ રીધ્ધી પેલેસ એપાર્ટમેન્ટ માં રહેતા ગોપાલસીહ રાયસીંહ સોલંકી પોતાના ભાડાના મકાનમા જુગારનો અખાડો ચલાવે છે.તેવી હકીકત મળતા રેઇડ કરતા રોકડા રૂા. ૧૫,૮૮૦/- તથા મો.ફોન-૧ કિ.રૂ-૧૦૦૦૦/- સાથે

(૧) ગોપાલસીહ, (૨) અનીલભાઈ માધવસીહ સીસોદીયા ગેંડાગર રોડ રીધ્ધી પેલેસ ૩) દમયંતીબેન વા/ઓ અનુપસીહ ચૌહાણ રહે ભોથવાડા પોલીસ હેડ ક્વાર્ટર પાસે, (૪) ભારતીબેન વા/ઓ ગોપાલસીહ સોલંકી રહે- ગેંડાગર રોડ રીધ્ધી પેલેસ એપાર્ટમેન્ટ, (૫) રમાબેન વા/ઓ પ્રભુદાસ પૈડા રહે. જુનાગઢ જવાહર રોડ શુભ પેલેસ એપાર્ટમેન્ટ, (૬) મેઘલબેન ડો./ઓ ભરતભાઈ સંઘવી રહે- ગેંડાગર રોડ રીધ્ધી એપાર્ટમેન્ટને ઝડપી લીધા હતા.

વરણી રમતા ઝડપાયો

ડબ્બા ગલીના નાકે હનુમાનજીના ડેરા પાસે જાહેરમા રોડ ઉપર એક ઇસમ કાળા કલરનો ક્રીન્ટ વાળો સર્ટ તથા કાળા કલરનું પેન્ટ પહેરેલો ઇસમ જાહેરમાં વરલી મટકાના આંક ફરકના આંકડા લખી આંક ફરકનો પૈસાની લેતી દેતી કરી હારજીત નો જુગાર રમી રમાડે છે.તેવી હકીકત મળતા રેઇડ કરતા આંકડા લખેલ બે ચીઠી તથા એક બોલપેન તથા રોકડા રૂા. ૧૦,૨૧૦/- સાથે

એ.ડીવી.પો.સ્ટે.ના પો.ઈન્સ. આર.કે.પરમાર તથા એ.એસ.આઇ.બી.એ.રવૈયા તથા પંકજભાઈ સાગઠીયા તથા પો.હેડ.કોન્સ તેજલબેન સિંધવ તથા પો.કોન્સ કલ્પેશભાઈ ચાવડા તથા જીગ્નેશભાઈ શુકલ તથા જયેશભાઈ કરમટા તથા અજયસિંહ ચુડાસમા તથા નીતીનભાઈ હીરાણી તથા વિક્રમભાઈ છેલાણા તથા નરેન્દ્રભાઈ બાલસ તથા જુવાનભાઈ લાખણોત્રા નાઓએ સાથે રહી આ ત્રણેય ઘટનાની સારી કામગીરી કરેલ છે.(૩૮.૨૧)

વાંકાનેર પાલિકા દ્વારા એક રસ્તા ઉપરના ખાડા બુરીને કામગીરી બંધ?

(મહમદ રાઠોડ દ્વારા) વાંકાનેર, તા.૨૨: શહેરના રસ્તાઓ બનાવવા, ખાડા બુરવા સહિત નગરજનો જે બાબતોથી ત્રસ્ત હતા તેને વાચા આપવા આંદોલન-ચક્કાજામનો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં પોલીસે પાંચથી સાત કોર્પોરેટર અને માજી કોર્પોરેટરોની અટકાયત કરી હતી. બાદમાં કોંગ્રેસ અગરણીઓ અને ડીસી તથા મામલતદારશ્રીની હાજરીમાં આ રોડ રસ્તાના ખાડાઓ હાલમાં બુરી દેવાશે અને ચોમાસા બદા રસ્તાના કામો શરૂ કરાશે તેવી ખાત્રી અપાઈ હતી. ખાડાઓ બુરવાની કામગીરી પણ આરંભાઈ પણ માત્ર એક રસ્તાના ખાડો બુરીને કામગીરી બંધ કરી દેવાઈ છે. એથી વિપરીત લોકોનું ધ્યાન અન્યત્ર કેન્દ્રિત કરવા દબાણો હટાવવા અંગેની ભરચોમાસે પાલીકા દ્વારા નોટીસી પાઠવવામાં આવી રહી છે. (૩.૭)

જસદણ શ્રીનાથજી હવેલીમાં યોજાતા ભવ્ય હિંડોળા દર્શન



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ, તા., ૨૨ : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રીનાથજી હવેલી જસદણના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદીમાં જણાવ્યા મુજબ તારીખ ૧૨-૭-૨૦૨૫ થી એક માસ માટે જસદણની હવેલીમાં હિંડોળા મહોત્સવ શરૂ થયો છે. દરરોજ સાંજે ૭ થી ૮ દરમિયાન હિંડોળાના દર્શન યોજાય છે. શાકભાજીના, ફ્રુટના, ગુલાબના, સૂકામેવાના, ઝરીના વસ્ત્રોના, મોરપીંછ ગુલાબના વગેરે અવનવા સજાવટ કરેલા હિંડોળા દર્શન યોજાય છે. મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ બહેનો હિંડોળા દર્શનનો લાભ લેવા ઉમટી પડે છે. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશી ઠાકોરજીને હિંડોળે ઝુલાવે છે. હિંડોળાના દર્શન દરમિયાન કીર્તાનીયાઓ ચંદ્રકાંતભાઈ બાબરીયા, અશોકભાઈ પરમાર, જેન્તીભાઈ ભુવા, ભુપેન્દ્રભાઈ ધારૈયા, પંકજભાઈ વણપરીયા, સંજયભાઈ ગોંડલીયા, રમેશભાઈ ખેરડીયા, બટુભાઈ તન્ના, દિલીપભાઈ કલ્યાણી, ભરતભાઈ ધારૈયા, તબલચી રમણીકભાઈ પટોળીયા સહિતના કીર્તાનીયાઓ કીર્તનની રમઝટ બોલાવી રહ્યા છે. તા. ૧૧-૦૮-૨૦૨૫ સુધી દરરોજ સાંજે ૭ થી ૮ હિંડોળા દર્શન યોજાશે. વૈષ્ણવને હિંડોળા દર્શનનો લાભ લેવા જસદણ હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલે અનુરોધ કર્યો છે. (૪.૨૪)

પ્રભાસ પાટણ- કેશોદમાં બે વાહન ચોરનાર ઝડપાયો



પ્રભાસપાટણ તા.૨૨: પ્રભાસ પાટણ પો.સ્ટે. E-FIR તપાસમાં મળતા અશ્વીનભાઈ અરજણભાઈ ખુંટડ રહે.કદવાર ગામ તા.સુત્રાપાડા વાળાએ સોમનાથ દરિયાઇ પટ્ટી વિસ્તારમાંથી પોતાનું કાળા કલરનું મોટર સાયકલ હોન્ડા કંપનીની સીડી-૧૧૦ રજી નં. જીજે-૩૨-ઈ-૧૬૪૭ ચોરી થવા બાબતે ગુન્હો રજી. થયેલ.જે અનુસંધાને પ્રભાસ પાટણ ઈસ્પેકટર એન.બી.ચૌહાણની સુચના દરમિયાન કેમેરા ચેક કરી તથા હ્યુમન ચોર્સીસના આધારે આરોપીને ઉપરોકત ગુન્હામાં ચોરીમાં ગયેલ અસલ મુદ્દામાલ સાથે પકડી પાડી વધુ પુછપરછ કરતા થોડા સમય અગાઉ કેશોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પણ એક સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઈકલ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા બન્ને મો.સા. કબ્જે કરી બન્ને અનડિટેક્ટ ગુનાઓ ડિટેકટ કરી આરોપી હુસેન ઉર્ફે શબ્બીર દાદાભાઈ કાલવાણીયા ઉ.વ.૪૧ ધંધો.મચ્છીનો રહે.પ્ર પાટણ બાયપાસ સામે કાર્યવાહી કરી છે. આ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી પ્ર.પાટણ પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી.ચૌહાણ ની સુચના મુજબ એ.એસ.આઈ. હિતેષભાઈ નોંધણભાઈ, પો.હેડ.કોન્સ.કુલદિપસિંહ જયસિંહ, કૃષ્ણકુમારસિંહ કર્ણસિંહ, અરજણભાઈ મેસુરભાઈ, દિનેશભાઈ કાનાભાઈ, પો.કોન્સ. કરણસિંહ બાબુભાઈ, પિયુષભાઈ કાનાભાઈ, રાજેસ જોધાભાઈ, મહેશભાઈ ગીનાભાઈ, રાજદિપસિંહ હમીરભાઈ, સુભાષભાઈ મોડાભાઈ, મનુભાઈ જેઠાભાઈ તથા કંચનબેન દેવાભાઈ હતા. (તસ્વીરઃ દેવાભાઈ રાઠોડ)(૨.૧૦)

વિરપુરમાં જાહેરમાં જુગાર રમતી ત્રણ મહિલા સહિત છ પકડાયા

જેતપુરમાં વિદેશી દારૂની બોટલ સાથે રાહુલ શીલુ પકડાયો

(કેતન ઓઝા દ્વારા) જેતપુર તા. ૨૨: વીરપુર પોલીસ રાત્રીના પેટ્રોલિંગમાં નીકળેલ દરમિયાન દેવપરા વિસ્તારમાંથી પસાર થતા જાહેરમાં જુગાર રમાતો હોય રેડ કરી તીન પત્તીનો જુગાર રમતા રામજી કારાભાઈ મકવાણા, રામ મનસુખભાઈ ચાવડા, વિષ્ણુ અશોકભાઈ ડાભી, કૈલાશબેન રામજીભાઈ મકવાણા, દિવ્યાબેન દિલીપભાઈ મકવાણા (રહે તમામ વિરપુર) ભાનુબેન કમલેશભાઈ દેગામા (ખારચીયા) તમામ શખ્સોને રોકડ રૂપિયા ૧,૧૩૦/- સાથે પકડી પાડી ધોરણસર ની કાર્યવાહી કરેલ. તેમજ જેતપુરમાં ઈદ મસ્જિદ ગ્રાઉન્ડ પાસે રાહુલ ઉર્ફે અદા ગોરધનભાઈ શીલુને ઈંગ્લિશ દારૂની બોટલ સાથે પકડી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. (૭.૨૩)

જૂનાગઢમાં ફેમિલી કોર્ટ બિલ્ડિંગમાં જજના બોર્ડ રૂમમાંથી એલ.સી.ડી. સ્ક્રીનની ચોરી

(વિનુ જોશી દ્વારા) જૂનાગઢ તા. ૨૨ :.. જૂનાગઢમાં ફેમિલી કોર્ટ બિલ્ડિંગમાં જજના બોર્ડ રૂમમાંથી તસ્કરો એલ.સી.ડી. સ્ક્રીનની ચોરી કરી નાસી ગયા હોવાની ત્રણ દિવસ પહેલાની ઘટના અંગે ફરિયાદ થતા પોલીસે તપાસનો દોર શરૂ કર્યો હતો.

જુનાગઢ ફેમિલી કોર્ટ બિલ્ડિંગમાં આવેલ બીજા એડિશનલ સિવિલ જજ એચ. કે. દાસાણીની કોર્ટમાં પ્રવેશી ગઈ તારીખ ૧૯ જુલાઈના રોજ મોડી રાત્રીના તસ્કરો રૂપિયા ૨૫,૦૦૦ની કિંમતની કોર્ટના બોર્ડરૂમમાં લગાડેલ એલ.સી.ડી. સ્કીન ચોરીને નાસી ગયા હતા. આ અંગે કોર્ટના કર્મચારી વીજેશભાઈ મધુસુધનભાઈ ઝવેરીએ ગઈકાલે રાત્રે ફરિયાદ કરતા બી ડિવિઝનના પીએસઆઈ એસ. કે. મહેતાએ તપાસ શરૂ કરી હતી. (૫-૧૩)

ચોરવાડમાં સગાઈના દાગીના મામલે ઝપાઝપી, લાકડી વડે હુમલો

સામા પક્ષે પણ માર્યાની ૩ શખ્સ સામે પોલીસ ફરિયાદ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા. ૨૨:.. ચોરવાડના અનીલભાઈ ઉર્ફે શનીભાઈ રાજુભાઈ વાઢેર નાનાભાઈ મેહુલભાઈનું મહીના પહેલા મૃત્યુ થયું હતું. જેની સગાઈ ચોરવાડમાં જ રહેતા ભક્તીબેન ખીમજીભાઈ ચુડાસમા થઈ હતી.

સગાઈ વખતે યુવતીને નાકમાં પહેરવાનો સોનાનો દાણો, કાનમાં પહેરવાની સોનાની બુટ્ટી, પગમાં પહેરવાના ચાંદીના સાપડા (સાકળા), ચાર લાખ રૂપીયા તથા એ.ટી.એમ વિગેરે આપ્યું હતું.

સગાઈમાં આપેલ દાગીના વગેરે રહેવા માટે અનિલભાઈ, તેના મોટાભાઈ રાકેશભાઈ, ભાભી ક્રિપાબેન, માતા મધુબેન તથા માસી દેવીબેન ભક્તિના ઘરે ગયા હતા.

જેથી ભક્તિએ રાકેશભાઈને જેમ ફાવે તેમ ગાળો કાઢી હતી અને ખીમજીભાઈ ચુડાસમા તથા લલીતાબેન ખીમજીભાઈએ આવી રાકેશભાઈ સાથે ઝપાઝપી કરી આથી વચ્ચે પડતા આરોપી ખીમજીભાઈએ લાકડી લઈ રાકેશભાઈને માર માર્યો હતો અને ભક્તિએ પથ્થર ફેકતા માથાના ભાગમાં ઈજા પહોંચી હતી.


સામા પક્ષે રાકેશભાઈ રાજુભાઈ વાઢેર, અનીલભાઈ ઉર્ફે શનીભાઈ રાજુભાઈ વાઢેર અને મોહનભાઈ ઉર્ફે મગુએ ભક્તિ સાથે બોલાચાલી કરી અને તેના પિતા ખીમજીભાઈને માર મારી પરિવારને ગાળો કાઢી હતી.

આ બનાવ અંગે પોલીસે બંને પક્ષની ફરિયાદ લઈ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. (૫-૧૩)

જેતપુરના પ્રેમગઢ ગામે ખેડૂતોએ લોક ભાગીદારીથી બનાવેલ કોઝવે અડીખમ

ગમે તેટલા પુર, વાવાઝોડા આવે તો પણ કોઝવેની કાંકરી નહી ખરે કારણ કે પુલ સરકારે નહીં ખેડૂતોએ બનાવ્યો છે

(કેતન ઓઝા દ્વારા) જેતપુર, તા. ૨૨: તાલુકાના પ્રેમગઢ ગામમાં ગયા વરસ ભારે વરસાદને કારણે ખેડૂતોને ખેતરે જવાનો કોઝવે તૂટી ગયો હતો. આ અંગે ખેડૂતોએ સરકારી તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. છેવટે ખેડૂતો આત્મનિર્ભરતાનું સૂત્ર અપનાવી ફાળો એકત્ર કરી આઠ દિવસનું શ્રમદાન કરી સિમેન્ટ કોન્ક્રીટનો કોઝવે તૈયાર કર્યો. અને છાતી ઠોકીને દાવો કર્યો કે હવે ગમે તેટલા વાવાઝોડા કે પુર આવે તોય પુલની કાંકરી પણ નહીં હલે કેમકે આ કોઝવે સરકારે નહીં બનાવેલ પરંતુ ખેડૂતોએ બનાવેલ છે.



દેશમાં દરરોજ દરરોજ કોઈને કોઈ પુલ ધરાશયી થયાના સમાચાર સાંભળતા જ રહીએ છીએ. એટલે કે ભ્રષ્ટાચારની પરાકાષ્ટા જ એટલી હદે થઈ ગઈ છે કે કરોડો રૂપિયાનો પુલ ધરાશાયી થયો હોય અસંખ્ય લોકો જીવ ગુમાવે તો જ સરકાર ધ્યાનમાં લે છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં અને તેમાંય ખેડૂતોને ખેતરે જવાના કોઝવે તૂટી ગયા હોય તો કોણ ધ્યાને લ્યે. જેતપુર તાલુકાના પ્રેમગઢથી જાંબુડી ગામે જવાનો વખતનો કોઝવે આવેલ હતો. બાદમાં પ્રેમગઢથી જાંબુડી જવાનો નવો ધોરી માર્ગ બની જતા હવે આ કોઝવે ખેડૂતો ખેતરે જવા માટે ઉપયોગમાં લેતા હતાં. જેમાં પ્રેમગઢ ગામની ૩૦ થી ૩૫ જેટલા ખેડૂતોની ૫૦૦ વીઘા જેટલી ખેત જમીન પર અહીંથી જ અવરજવર થતી. પરંતુ કોઝવે એટલી હદે ધોવાઈ ગયો કે ખેડૂતો તેના પર પગપાળા પણ ચાલી શકે તેમ ન હતા એટલે બળદ ગાડું, ટ્રેકટર કે મોટર સાયકલ લઈને જવાનો તો સવાલ જ ન રહ્યો. ખેતરે જવા માટે આટઆટલી મુશ્કેલીની ખેડૂતોએ ટીડીઓને કોઝવે બનાવી આપવા રજુઆત કરી અને ટીડીઓ પણ માર્ગ અને મકાન પંચાયત વિભાગને રજુઆત કરી પરંતુ હંમેશા બને છે તે ફક્ત વાયદા પરંતુ કોઝવે ન બન્યો. ખેડૂતો હવે સરકારી તંત્રને રજુઆત કરીને થાકી ગયા અંતે જાત મહેનત ઝીંદાબાદનો સૂત્ર અપનાવ્યું અને આ કોઝવેનો ઉપયોગ કરતા ખેડૂતો એકઠાં થયા યથાયોગ્ય ફાળો એકત્રિત કર્યો. અને સરકારી મશીનરીનો ઉપયોગ વગર સિમેન્ટ, કોન્ક્રીટ અને રેતી વેચાતી ખરીદી જાતે જ શ્રમદાન કરવાનો નિર્ણય લઈ આઠ દિવસ સુધી મજૂરી કરી ૩૫૦૦ ફૂટનો કોઝવે તૈયાર કરી નાંખ્યો. અને કોઝવે તૈયાર થઈ ગયા બાદ લોડિંગ હેવી વાહનો તેના પર ચલાવી ટેસ્ટીંગ પણ કર્યું અને હવે ખોંખારો ખાય છાતી ઠોકીને દાવો ઠોક્યો કે હવે ગમે તેટલા પુર, વાવાઝોડા આવે તો પણ આ કોઝવેની એક કાંકરી પણ નહી ખરે, કેમકે આ કોઝવે સરકારે નહિ પરંતુ ખેડૂતોએ બનાવ્યો છે.(૬.૧૨)

કાલે જૂનાગઢમાં જિલ્લા ખરીદ વેચાણ સંઘની સાધારણ સભા

(વિનુજોષી દ્વારા) જૂનાગઢ, તા.૨૨: આગામી તા.૨૩ ને બુધવારના રોજ શ્રીજૂનાગઢ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની ૨૦૨૪-૨૫ની ૬૬મી વાર્ષિક સાધારણ સભા બપોરે ૨ કલાકે દોમડીયાવાડી ભુતનાથ મંદિર સામે પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ યાદવના અધ્યક્ષ સ્થાને યોજાશે જેમાં સભાસદો ઉપસ્થિત રહેશે અને ભોજન સમારંભ પણ આયોજીત કરાયુ છે. તેમ મેનેજર પ્રવિણકુમાર એચ.પોપટ એ જણાવ્યુ છે. (૩.૩)

લિસ્ટેડ બુટલેગર ધીરેન કારીયા ગેંગનાં ૨ શખ્સ કાલ સુધી રિમાન્ડ પર

આરોપીની પ્રોપર્ટી સહિતના મુદ્દે પૂછપરછ, તપાસ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા ૨૨ લિસ્ટેડ બુટલેગર ધીરેન કારીયાની ગેંગના ૨ સભ્યને પોલીસે બુધવાર સુધીના રિમાન્ડ પર મેળવી પ્રોપર્ટી સહિતના મુદ્દે પૂછપરછ હાથ ધરી હતી. લિસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયાની ૮ શખ્સની ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો જેમાં ધીરેન કારીયા હજુ ફરાર છે પરંતુ તેના ૫ સાગરીતને પોલીસે ઝડપી લીધા હતા.

ધીરેનની ગેંગનો નાસતો ફરતો ગાંધીગ્રામની સિંધી સોસાયટીનો કિરીટ ઉર્ફે કીડો ભગાભાઈ છેલાણા તેમજ ગાંધીગ્રામ ધરમ અવેડા પાસે રહેતો ભુપત પુંજાભાઈ કોડીયાતરને ક્રાઈમ બ્રાન્ચે રવિવારે બીલખા રોડ પર આવેલ કેન્દ્રીય વિદ્યાલય પાસેથી ઝડપી લઈ બંને આરોપી ઈન્ચાર્જ ડીવાયએસપી રવિરાજસિંહ પરમારને વધુ તપાસ માટે સોંપી આપ્યા હતા.

સોમવારે બંનેને રાજકોટ સ્થિત ગુજસીટોક કોર્ટમાં ૭ દિવસના રિમાન્ડની માંગણી સાથે રજૂ કરવામાં આવતા કોર્ટે બુધવાર સુધી ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

તપાસનીશ જૂનાગઢ વિભાગના કાર્યવાહક નાયબ પોલીસ અધિક્ષક રવિરાજસિંહ પરમારે જણાવ્યું હતું કે, ગુજસીટોકનો ગુનો નોંધાયા બાદ બંને ૯૦ દિવસ ક્યાં ક્યાં નાસતા ફરતા રહ્યા, કોણે કોણે આશરો આપ્યો હતો સહિતના મુદ્દે પ્રોપર્ટી, ગેંગ કંઈ રીતે બનાવી વગેરે અંગે કિરીટ ઉર્ફે કીડો છેલાણા તથા ભુપત કોડીયાતરની પૂછપરછ સાથે અંગોની તપાસ હાથ ધરવામાં આવી છે.(૩૮.૧)





જામજોધપુરના ધુનડા સતપુરણધામ આશ્રમની મુલાકાત લેતા આઇશ્રી રૂપલમાં

જુનાગઢઃ વિસાવદર તાલુકા રામપરા (પ્રેમપરા) ગામે આવેલ આઇશ્રી રૂપલધામના પૂ. રૂપલમાં ધનુડાના સતપુરણ ધામ આશ્રમની મુલાકાતે આવેલ હતા દરમ્યાન પૂ. રૂપલમાંનું સાલ ઓઢાડી ચાંદલો કરી આશ્રમના વ્યવસ્થાપક હસમુખભાઈ શીલુએ સ્વાગત કર્યુ હતુ અને પૂ. જેન્તિરામબાપાએ ગુરૂગીતા અર્પણ કર્યા હતા અને આ મુલાકાત દરમ્યાન આઈશ્રી રૂપલમાંએ પૂ. બાપાને જણાવેલ કે કેટલા દિવસોથી અહી આવવાની ઈચ્છા હતી આજ આવવાનું થતા ખુબ રાજીપો વ્યકત કરૂ છું અને આશ્રમ દ્વારા સેવાકીય પ્રવૃતિની સરાહના કરી હતી. આ તકે કિરીટભાઈ શીલુ, હિતેષ શીલુ, જયવીન ભાવેશભાઈ શીલુ અને સેવક પરિવાર ઉપસ્થિત રહેલ. (અહેવાલઃ વિનુ જોષી, તસ્વીરઃ મુકેશ વાઘેલા-જુનાગઢ)(૬.૩)

જૂનાગઢ ભવનાથ મહાદેવ મંદિરના મહંતની ન્યાયીક અને તટસ્થ રીતે નિમણુક કરવા કોર્પોરેટર અશ્વિન ભારાઇની રજુઆત

મે કોઇને સમર્થન આપ્યુ નથી તેમ કોઇનો વિરોધ પણ કર્યો નથી



(વિનુજોષી દ્વારા) જૂનાગઢ, તા.૨૨: જૂનાગઢ ભવનાથ મહાદેવ મંદિરના મહંતની ન્યાયીક અને તટસ્થ રીતે નિમણૂક કરવામાં આવે તેવી લાગણી વોર્ડનં. ૯ ના કોર્પોરેટર અશ્વિનભાઈ રામભાઈ ભારાઈએ વ્યક્ત કરી છે.

અશ્વિનભાઈએ વિડીયોના માધ્યમથી એક નિવેદન આપતા સ્પષ્ટતા કરી જણાવેલ કે હુ વોર્ડનં.૯ નો કોર્પોરેટર છું અને વોર્ડ નં.૯ માં ભવનાથ મહાદેવ મંદિર આવેલુ છે તાજેતરમાં સોશ્યલ મીડીયા અને પ્રેસમીડીયામાં એવા સમાચારો વહેતા થયા હતા કે ભવનાથ મહાદેવ મંદિરના મહંત હરીગીરી બાપુને ફરી નિમણુક આપવા માટે વોર્ડ નં૯ ના ચારેય કોર્પોરેટરોએ ભલામણ કરી છે તે બાબતે મારે સ્પષ્ટતા કરવી પડે છે કે મારી સાથે કોઇએ સંકલન કરેલ નથી તેમજ હુ કોઇનો વિરોધ કરતો નથી તેમજ કોઇને સમર્થન પણ જાહેર કર્યુ નથી જેથી મહંત તરીકે ન્યાયીક રીતે અને તટસ્થ રીતે મહંતની નિમણૂક કરવામાં આવે તેવી લાગણી વ્યકત કરી અને આ બાબતે જૂનાગઢ જિલ્લા કલેકટરને પણ તેઓએ વિનંતી કરી છે. (૩.૫)

૧૫૦ ફુટ રીંગ રોડ પર આરકે એમ્પાયરના છઠ્ઠા-સાતમા માળે ઓફિસ ખોલવામાં આવી હતી: દર મહિને રોકાણ પર ૫ થી ૭ ટકા વળતરની લાલચ અપાઇ: શરૂઆતમાં વળતર જમા થયું: ફેબ્રુઆરી-૨૦૨૫થી વળતર બંધ થઇ ગયું: તપાસ થતાં કંપની જ ઉઠી ગયાની ખબર પડી

આરકે એમ્પારમાં રીસેટ વેલ્થ કંપનીમાં રોકાણમાં વળતરની લાલચે ૪૫ લોકો સાથે ૫ કરોડ ૯૧ લાખની છેતરપીંડી

નાના મવા ગામના ખેડુત નિર્મળસિંહ જાડેજા અને તેમના પરિવારજનોએ ૫૪ લાખ અને બીજા ૪૦ રોકાણકારોએ ૫ કરોડ ૩૭ લાખ ગુમાવ્યા: માલવીયાનગર પોલીસે સંજય માંગરોલીયા વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી

રાજકોટ, ગોંડલ, ધ્રોલ, અમદાવાદ, ભાવનગરના લોકો પણ છેતરાઇ ગયા: સૌથી વધુ નાના મવા વિસ્તારના રહેવાસીઓ ભોગ બન્યા

૫ કરોડ ૩૭ લાખ ગુમાવનારા ૪૦ લોકોમાં છાત્રો, વૃધ્ધો, ગૃહિણીઓ, ખેડૂતો, વેપારીઓ સામેલ

■ રીસેટ વેલ્થ કંપનીમાં રોકાણ સામેદર મહિને વળતર મેળવવાની લાલચ આપી બીજા જે ચાલીસ લોકોને છેતરી લેવાયા છે તેની વિગત આ મુજબ છે. જેમાં નાના મવાના ખેડૂત કિરીટસિંહ અજીતસિંહ જાડેજા સાથે ૨૨,૫૦,૦૦૦ની ઠગાઈ, ગોંડલ રોડ પંચશીલ સોસાયટી વંદના હેરીટેજના નોકરીયાત હિતેષભાઈ ભીમદાસભાઈ પરમાર સાથે ૨૨,૦૫,૦૦૦ની, નાના મવા રોડ સાઈબાબા પાર્ક બ્લોક નં. ૮૦/૮૧માં રહેતાં નિવૃત જીવન જીવતાં ઉપેન્દ્રસિંહ નટવરસિંહ જાડેજા સાથે રૂા. ૧૯,૦૦,૦૦૦ની ઠગાઈ, નાના મવા પ્રદ્યુમન ગ્રીન સીટીના ખેડુત વિરભદ્રસિંહ ગુલાબસિંહ જાડેજા સાથે ૩૯,૦૦,૦૦૦ની, અજમેરા શાસ્ત્રીનગર ઈ-૧પમાં રહેતાં જમીન મકાનના ધંધાર્થી રહેન્દ્રસિંહ અજીતસિંહ ઝાલા સાથે રૂા. ૩૯,૦૦,૦૦૦ની, નાના મવા વાછરા દાદાના મંદિર પાસે રહેતાં ખેડૂત નરેન્દ્રસિંહ દશરથસિંહ જાડેજા સાથે ૧૬,૫૦,૦૦૦ની, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં ખેડુત ગિરીરાજસિંહ કનકસિંહ જાડેજા સાથે રૂા.૯,૫૦,૦૦૦ની, નાના મવા ગામ ચોરા સામે રહેતાં ખેડુત ઋતુરાજસિંહ બલભદ્રસિંહ જાડેજા સાથે ૬,૦૦,૦૦૦ની, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં ખેડૂત કિરીટસિંહ દશરથસિંહ જાડેજા સાથે ૧૪ લાખની, નાના મવાના ખેડૂત નિર્મળસિંહ દશરથસિંહ જાડેજા સાથે રૂા. ૧૧,૫૦,૦૦૦ની, શાસ્ત્રીનગર અજમેરા ડી-૬૮ના અજયસિંહ કનકસિંહ ઝાલા સાથે ૧૦ લાખની, નાના મવા રહેતાં ડ્રાઈવીંગ કરતાં પરાક્રમસિંહ નરેન્દ્રસિંહ જાડેજા સાથે ૨,૫૦,૦૦૦ની, અજમેરા શાસ્ત્રીનગર બી-૧૪ના નોકરીયાત રવિભાઈ કિશોરભાઈ ડાભી સાથે ૪૮,૫૦,૦૦૦ની ઠગાઈ થઈ છે.

આ ઉપરાંત છેતરાયેલા અન્ય લોકોમાં નાના મવા વાછરા દાદા મંદિર પાસે રહેતાં વેપારી રવિરાજસિંહ નવલસિંહ જાડેજા સાથે ૨૨ લાખ, નાના મવાના જમીન મકાનના ધંધાર્થી ચંપકસિંહ મહિપતસિંહ જાડેજા સાથે ૪,૫૦,૦૦૦ની, ખેડૂત ભગીરથસિંહ મોહબ્બતસિંહ જાડેજા સાથે ૧૦ લાખની, નાના મવા રોડ અલય પાર્કના ભાવીનભાઈ ગોવિંદભાઈ વેકરીયા નામના વેપારી સાથે ૭ લાખની, નાના મવા રોડ ગોલ્ડ રેસીડેન્સી એ-૨૧ના લાભુબેન કાંતિલાલ જાગાણી નામના વૃધ્ધા સાથે ૮ લાખની, નાના મવા અજમેરા શાસ્ત્રીનગર ઈ-૧૧૧ના શક્તિસિંહ હરદેવસિંહ જાડેજા સાથે રૂા. ૧૬,૦૦,૦૦૦ની, નાના મવા શેરીન઼. ઉના જમીન મકાનના ધંધાર્થી રાજેન્દ્રસિંહ ભાઈસાહબજી સાથે રૂા. ૬ લાખની, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં ઉમાબા જયપાલસિંહ ઝાલા સાથે ૩ લાખની, આટીપુર કચ્છના રવેચીધામ ખાતે રહેતાં ગેરેજ સંચાલક ચિંતનભાઈ વલ્લભભાઈ ભાલોડીયા સાથે ૩૬ લાખની, ગઢડા સ્વામીના ગામના પ્રફુલાબા નવરાજસિંહ જાડેજા સાથે ૧૨.૫૦ લાખની, નાના મવા મોકાજી સર્કલ પાસેના ખેડુત વિજયસિંહ બળવંતસિંહ જાડેજા સાથે ૫ લાખની, નાના મવા શાસ્ત્રીનગર અજમેરા બી-૩૯માં રહેતાં અને ડ્રાઈવીંગ કરતાં જયદેવસિંહ પોપટભાઈ જાડેજા સાથે ૧૯ લાખની છેતરપીંડી થઈ છે.

તેમજ મોરબી ગુ.હા. બોર્ડ બ્લોક ૧૮૩માં રહેતાં ખુમાનસિંહ ચંદુભા જાડેજા સાથે ૧૫ લાખની, બજરંગવાડી-૧૨ના રવિરાજસિંહ અરૂણકુમાર ગોહિલ નામના વિદ્યાર્થી સાથે ૧૩ લાખની, શાસ્ત્રીનગર અજમેરા ઈ-૬૫માં રહેતાં નોકરીયાત જયવીરસિંહ સુરવીરસિંહ ગોહિલના ૨ લાખ, નાના મવા રોડ સિલ્વર ગોલ્ડ સોસાયટીના જોશનાબા ક્રિપાલસિંહ ગોહિલ સાથે ૧૪ લાખ ૫૦ હજારની, જકુસ હોટેલ સામે રહેતાં અનિરૂધ્ધસિંહ ભીખુભા જાડેજા નામના વૃધ્ધ સાથે ૧૦ લાખની, એસટી બસ સ્ટેશન પાછળ બાપા સિતારામ મઢુલી નજીક બાબરામાં રહેતાં હરપાલસિંહ ભરતસિંહ જાડેજા સાથે ૩૦ લાખની, ભાવનગરના પરવાળા ગામના ખેડુત હરદેવસિંહ અનોપસિંહ ગોહિલ સાથે રૂા. ૩ લાખ, ધ્રોલ જાયવાના ખેડુત મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા સાથે ૬ લાખની, ગોંડલ વેકરીના જયવિરસિંહ અરવિંદસિંહ સરવૈયા સાથે ૬ લાખની, ધ્રોલ પોલીસ લાઈન પાછળ રહેતાં રાજેન્દ્રસિંહ મહિપતસિંહ રાણા સાથે ૫૦ હજાર, નાના મવા મોકાજી સર્કલ પાસે રહેતાં છાત્ર રૂદ્રરાજસિંહ યુવરાજસિંહ જાડેજા સાથે ૬ લાખની, અજમેરા શાસ્ત્રીનગર સી-૧૧૧માં રહેતાં રીટાબેન વિજયભાઈ દેવમુરારી સાથે ૧૭ લાખની, અજમેરા શાસ્ત્રીનગર ઈ-૧૯૭ના વેપારી ગિરીરાજસિંહ ઈન્દ્રસિંહ જાડેજા સાથે ૧૧ લાખની અને અમદાવાદના ઢોલેરા ગામના ખેડુત મુકેશસિંહ ચંદ્રસિંહ ચુડાસમા સાથે ૪ લાખની ઠગાઈ થઈ છે. આમ આ ૪૦ લોકો સાથે કુલ ૫,૩૭,૮૦,૦૦૦ની ઠગાઈ થઈ હોવાનું જણાવાતાં પોલીસે તપાસ શરૂ કરી છે. (૧૪.૭)

રાજકોટ તા. ૨૨: શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ બાલાજી હોલ નજીક આવેલી આરકે એમ્પાયર બિલ્ડીંગના છઠ્ઠા અને સાતમા માળે રીસેટ વેલ્થ કંપનીના નામે ઓફિસ ખોલી રોકાણ પર દર મહિને પાંચથી સાત ટકા વ્યાજ આપવાની લાલચ આપી શરૂઆતમાં રોકાણકારોને નિયમીત વ્યાજ ચુકવી છેલ્લે આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં વ્યાજ ચુકવવાનું બંધ કરી દેવામાં આવતાં અને રોકાણકારોના ફોન પણ કંપનીના સંચાલકે ઉપાડવાનું બંધ કરી દઈ છેલ્લે ઓફિસ બંધ કરી ગાયબ થઈ જતાં નાના મવાના ખેડૂત અને તેમના પરિવારના બીજા ચાર લોકો સાથે ૫૪ લાખની અને બીજા ૪૦ રોકાણકારો સાથે ૫ કરોડ ૩૭ લાખ ૮૦ હજાર મળી કુલ રૂા. પાંચ કરોડ એકાણુ લાખ એંસી હજારથી ઠગાઈ કરવામાં આવતાં રોકાણકારોમાં દેકારો મચી ગયો છે.

આ બનાવમાં માલવીયાનગર પોલીસે નાના મવા ગામ વાછરા દાદાના મંદિર સામેની શેરીમાં રહેતાં ખેડૂત નિર્મળસિંહ ભરતસિંહ જાડેજા (ઉ.વ.૫૧)ની ફરિયાદ પરથી ૧૫૦ રીંગ રોડ આરકે એમ્પાયર બિલ્ડીંગમાં છઠ્ઠા અને સાતમા માળે રીસેટ વેલ્થ નામે કંપનીની ઓફિસો ખોલનારા સંજય લાલજીભાઈ માંગરોલીયા અને તપાસમાં ખુલે તેની સામે રોકાણ પર દર મહિને પાંચથી સાત ટકા વ્યાજની લાલચ આપી રૂા. ૫ કરોડ ૯૧ લાખ ૮૦ હજારની ઠગાઈ કરવાનો ગુનો દાખલ કર્યો છે. નિર્મળસિંહ સહિત ૪૦ જેટલા રોકાણકારો આમાં છેતરાઈ ગયા છે.

નિર્મળસિંહ જાડેજા એ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને મારે પડધરીના વચલીધોડી ગામે ખેતીની જમીન છે. હું અને મારા પત્નિ રમીલાબા ભક્તિનગર સ્ટેશન પ્લોટ ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં સેવીંગ એકાઉન્ટ ધરાવીએ છીએ. મારા સાસુ જનકબા અને મારા પત્નિ પણ જોઈન્ટ એકાઉન્ટ ધરાવે છે. મારા દિકરા પ્રતિપાલસિંહ કાલાવડ રોડની ધરતી બેંકમાં ખાતુ ધરાવે છે અને દિકરીબા નાના મવા રોડ પર એસબીઆઈમાં એકાઉન્ટ ધરાવે છે. વર્ષ ૨૦૨૦ની સાલમાં અમારા સગા સબંધીઓ દ્વારા ૧૫૦ રીંગ રોડ પર આરકે એમ્પાયર બિલ્ડીંગમાં છઠ્ઠા અને સાતમા માળે સંજય માંગરોલીયા સંચાલીત રીસેટ વેલ્થ કંપનીમાં રૂપિયાનું રોકાણ કરવામાં આવતું હોઈ સંજય માંગરોલીયા દર મહિને રોકાણ પર ૫ થી ૭ ટકા નફો આપતો હોઈ તેવુ મને જાણવા મળ્યું હતું.

આથી મેં તા. ૧૭/૧/૨૦ના રોજ મારા પત્નિને સાથે લઈ સંજયની ઓફિસે જઈ તેની કંપની રીસેટ વેલ્થ વિશે માહિતી મેળવી હતી. રોકાણ બાબતે તેણે સમજાવ્યું હતું કે તમે આ કંપનીમાં જે રોકાણ કરશો તેમાં દર મહિને ઓછામાં ઓછા પાંચ ટકા અને વધુમાં વધુ સાત ટકા તમને વળતર આપીશ. તેમજ તમારે અમારી કંપનીમાં ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી રોકાણ કરવું પડશે. અમને આ વાત યોગ્ય લાગી હતી. જેથી મેં મારા અને ધર્મપત્નિના ખાતાના રૂા. ૧૧ાા-૧૧ા લાખના બે ચેક રીસેટ વેલ્થ કંપનીના નામે લખી આપ્યા હતાં. તેની સામે સંજયએ અમને અંગ્રેજીમાં એક લેટર આપ્યો હતો. જેમાં તે રોકાણ પર પાંચથી સાત ટકા વળતર આપશે તેવું લખાણ હતું. આ પછી અમે કરેલા રોકાણનું વળતર દર મહિને મારા અને મારા પત્નિના ખાતામાં ઓનલાઈન જમા થવા માંડ્યું હતું. આથી અમને આ કંપની પર વિશ્વાસ બેસી ગયો હતો.

ત્યારબાદ મેં ૧૩ લાખ અને મારા પત્નિએ ૧૪ લાખ ચેકથી રોકાણ કર્યુ હતું. તેમજ ૪ લાખ રીસેટ વેલ્થ કંપનીના શેરમાં રોકાણ કર્યુ હતું. જો કે તેના સર્ટીફિકેટ આજ સુધી આ કંપની તરફથી અપાયા નથી. ત્યારબાદ મારા સાસુ જનકબા ભુરૂભા વાઘેલાએ પણ ૧૧ લાખ જમા કરાવ્યા હતાં. જેમાંથી ૧લાખ શેરમાં રોક્યા હતાં. તેને પણ આ શેરના કોઈ સર્ટી અપાયા નથી. આ પછી મારા દિકરી આરતીબાએ રૂા. ૧૦ લાખનું રોકાણ રીસેટ વેલ્થમાં કર્યુ હતું. તેમજ દિકરા પ્રતિપાલસિંહે ૬ લાખનું રોકાણ કર્યુ હતું. આ બધાનું વળતર દર મહિને અમને અમારા ખાતામાં ઓનલાઈન મળી જતું હતું. પરંતુ આ વર્ષના એટલે કે ૨૦૨૫ના ફેબ્રુઆરી મહિનાથી વળતર મળતું બંધ થઈ જતાં મેં સંજયનો મોબાઈલ ફોનથી સંપર્ક કરતાં તે ફોન ઉપાડતો નહોતો. મેસેજ કરી કહેતો કે તમારે હવે ફોન કરવો નહિ, તમારુ વળતર ચાલુ થઈ જશે. મેં સંજયની આ કંપનીમાં મારા અને પરિવારજનોના મળી કુલ રૂા. ૫૪ લાખનું રોકાણ કર્યુ હતું. જેનુ વળતર ફેબ્રુઆરી-૨૦૨૫થી બંધ થઈ ગયું હતું.

સંજય માંગરોલીયાએ પોતાની રીસેટ વેલ્થ કંપનીમાં અમને રોકાણ કરવા લલચાવી ભરોસો આપી કુલ ૫૪ લાખ લઈ લીધા હતાં. પછી વળતર આપવાનું બંધ કરી દીધુ હતું. તેમજ તેની ઓફિસે તપાસ કરવા જતાં તે ઓફિસ બંધ કરી જતો રહ્યાની ખબર પડી હતી. તેનો ફોન પણ સતત બંધ આવે છે. અમને બાદમાં ખબર પડી હતી કે અમારી જેમ બીજા પણ ૪૦ જેટલા રોકાણકારો સાથે છેતરપીંડી થઈ છે. આ ૪૦ લોકો સાથે રૂા. ૫ કરોડ ૩૭ લાખ ૮૦ હજારની ઠગાઈ થઈ હતી. આ બધાના અને મારા મળી કુલ ૫,૯૧,૮૦,૦૦૦ની રકમનું સંજય માંગરોલીયાએ રોકાણ કરાવી છેતરપીંડી કરી હોઈ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં નિર્મળસિંહ જાડેજાએ જણાવતાં પીએસઆઈ ડી. એસ. ગજેરાએ ગુનો દાખલ કરાવતાં પીઆઈ જીજ્ઞેશ આર. દેસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.(૧૪.૭)

જામજોધપુરનાં પૂજાબેન નાનવડાની શાળામાં પ્રિન્સીપાલ તરીકે નિમણુંક



(સનદ વ્યાસ દ્વારા) જામજોધપુર તા. ૨૨ :.. કાલાવડના સાવલી ગામની પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ તરીકે જામજોધપુરના પુજાબેન મનસુખભાઈ નાનવડાની નિમણુંક થતા નાનવડા પરિવારનું ગૌરવ વધાર્યું છે. (૫-૬)

વાંકાનેરમાં પરશુરામધામ મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા-મહોત્સવ યોજાશે

૨૯ થી ૩૧ જુલાઇ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોની હારમાળા: સંતો-મહંતો આર્શિવાદ પાઠવશે



(લિતેશ ચંદારાણા દ્વારા) વાંકાનેર તા. ૨૨ :.. વાંકાનેર-રાજકોટ રોડ પર આવેલ બ્રહ્મ સમાજ સોસાયટી ખાતે સમસ્ત બ્રહ્મસમાજના આરાધ્યદેવ શ્રી ભગવાન પરશુરામદાદાના નિર્માણાધીન શ્રી પરશુરામધામ ખાતે આગામી ૨૯-૩૦-૩૧ જુલાઈના રોજ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યજ્ઞ ધામધુમથી વાજતે ગજતે યોજાશે.

જયારે પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે તા. ૨૯ ના રોજ કર્મ, દેહશુધ્ધિ, ગજાનન પુજન, સ્થાપીત દેવતાની પુજા, અગ્ની સ્થાપના, જલયાત્રા મહાઆરતી સહિત ઉપસ્થિત તમામ કર્મકાંડી ભુદેવો તથા આમંત્રીત મહેમાનો માટે પ્રસાદ (ફરાળ) સહિતની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૮-૭-૨૫ ને સોમવારના રોજ બપોરે ત્રણ કલાકે વાંકાનેરનું પ્રસિધ્ધ પુરાણુ શ્રી ચત્રભુજ રાયજી મંદિર દરબારગઢ પાસેથી ભવ્યથી ભવ્ય અદ્ભુત પુ.દાદાની નગરયાત્રા (શોભાયાત્રા) પ્રસ્થાન થશે જે શહેરના રાજમાર્ગો જે દરબારગઢ રોડ, ચાવડી ચોક, રામચોક, માર્કેટ ચોક, પુલ દરવાજા, દિવાનપરા, આરોગ્યનગર થઈને શ્રી નિર્માણધીન (શ્રી પરશુરામધામ) બ્રહ્મ સોસાયટી ખાતે પહોંચશે.

આ શોભાયાત્રામાં શણગારેલ રથમાં પૂજય શ્રી પરશુરામ દાદાની પ્રતિમા તથા અન્ય રથમાં સંતો-મહંતો બિરાજમાન થશે. આ શોભાયાત્રા રૂટ પર વિવિધ સંસ્થાઓ દ્વારા ઠંડા-પીણા સહિતની વ્યવસ્થા ઉભી કરાશે. તેમજ રથ ઉપરાંત ૧૦૦ થી વધુ કારનો કાફલો જોડાશે. તેમજ નાના-નાના ભુલકાઓ પણ વેશભુષા બનીને જોડાશે સાથે લેન્ડ પાર્ટી, મ્યુઝીકલ પાર્ટી તથા ડી. જે. ના સથવારે અભૂતપૂર્વ યાદગાર શોભાયાત્રા યોજાશે. તેમ મોરબી જીલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખશ્રી ભરતભાઈ ઓઝાએ જણાવ્યું હતું.

જયારે પ્રાણ પ્રતિષ્ઠાના અંતિમ દિવસે તા. ૩૧ જુલાઈના રોજ પૂજય પરશુરામ દાદાના નિજ મંદિરના ગર્ભ ખંડમાં સ્થાપિત દેવી-દેવતાની મહાપુજા, સ્થાપન વિધી, વાસ્તુ, મુર્તિ ન્યાસ, પ્રતિષ્ઠા કર્મ, અભિષેક, મહાપુજા, બાદ મૂર્તિ સ્થાપના, પ્રતિષ્ઠાન તથા સ્થાપિત દેવી-દેવતાની હોમ ક્રિયા, ઉતર કર્મ બાદ પુર્ણાહૂતિ બાદ ઉપસ્થિત મહાનુભાવોની વિર્ષેશ ઉપસ્થીતીમાં મહાઆરતી યોજાશે.

મહાઆરતી બાદ પ્રતિષ્ઠા સ્થાનની પાવનધરા પર સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાત-કચ્છ થી પધારેલ હજારો ભુદેવો માટે બ્રહ્મ ચોર્યાસી તેમજ રાજકીય અગ્રણીઓ, આગેવાનો તથા આમંત્રીત મહેમાનો, આયોજકો, કાર્યકરો સહીતના માટે મહાપ્રસાદનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઉપરાંત મહાપ્રસાદ માટે સમગ્ર વાંકાનેરની ધર્મપ્રિય જનતાને જાહેર આમંત્રણ સાથે વાંકાનેર બ્રહ્મ સમાજના પ્રમુખ જયેશભાઈ ઓઝાએ યાદી આપતા જણાવેલ છે.આ કાર્યક્રમનું પ્રમુખ સ્થાન મનીષભાઈ ડી. માડેકા (રોલેક્ષ રીંગસ લી. રાજકોટ) સંભાળશે. મુખ્ય મહેમાન પદે સાંસદ રામભાઈ મોકરીયા, કેશરીદેવસિંહજી ઝાલા, કેતનભાઈ જોષી (એમ.ડી. પીજીવીસીએલ-સૌરાષ્ટ્ર ઝોન), ગિરીશભાઈ પંડયા (આઈપીએસ સુરેન્દ્રનગર), રાહુલભાઈ ત્રિપાઠી (જીલ્લા પોલીસવડા-મોરબી), અનિલભાઈ મહેતા (બ્રહ્મસમાજ પ્રમુખ સૌરાષ્ટ્ર-કચ્છ), અશ્વિનભાઈ ત્રિવેદી (સમગ્ર ગુજરાત બ્રહ્મસમાજ પ્રમુખ) તથા વિજયભાઈ બુજડ તથા અનેક મહાનુભાવો, પ્રતિષ્ઠ ઉદ્યોગપતિઓ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થીત રહી કાર્યક્રમની શોભામાં વધારો કરી આયોજકોને શુભેચ્છા સાથે બિરદાવવામાં આવશે. આ દિવ્ય અવસરે દ્વારકા શારદાપીઠા ધીશ્વરના જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદચાર્ય સરસ્વતીજી સ્વામી, શંકરાચાર્યજી ના પ્રિય શિષ્ય બ્રહ્મચારી શ્રી નારાયણનંદજી સ્વામી, મુંજકાના આર્ય વિદ્યા મંદિરના પ.પૂ. પરમાત્માનંદજી, ભુવનેશ્વરી પીઠ-ગોંડલના આચાર્ય પ.પૂ. શ્રી ઘનશ્યામ મહારાજ મોટા જડેશ્વર-કોઠારીયાના મહંતશ્રી પૂજય રતીલાલજી મહારાજ તથા વાંકાનેર ગાયત્રી શકિતપીઠના મહંત શ્રી અશ્વિનબાપુ રાવલ સહીતના અનેક સંતો મહંત આશિર્વચન આપશે ત્યારે આ ધર્મસભાના રૂપમાં સંપુર્ણ કાર્યક્રમ ફેરવાઈ જશે.



ઉપરોકત તમામ કાર્યક્રમોને સફળ બનાવવા મોરબી જીલ્લા બ્રહ્મસમાજના પ્રમુખ ભરતભાઈ ઓઝા, બાબુભાઈ જોષી, વાંકાનેર બ્રહ્મસમાજના પ્રમુખ રાજગોર, અમિતભાઈ ભટ્ટ, રાજુભાઈ રાવલ, દુષ્યંતભાઈ ઠાકર, મોહનભાઈ રાજગોર, અમિતભાઈ ઠાકર, નિતીષભાઈ જયેશભાઈ ઓઝા ઉપરાંત યુવાનો, કાર્યકર્તા ભાઈઓ-બહેનો રાત દિવસ એક કરી કાર્યક્રમને સફળ બનાવવા કમરકસી રહયા છે.(૬.૯)

મીઠાપુરમાં ટાટા કેમ ડી.એ.વી. પબ્લીક સ્કુલમાં બેડમિન્ટન સ્પર્ધા

મીઠાપુર : વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ થાય તથા અભ્યાસ સાથે સાથે શારીરિક તેમજ માનસિક વિકાસ થાય તેવા ઉત્તમ હેતુ મીઠાપુર ટાટા કેમ ડી એ વી પબ્લીક સ્કૂલ ના આચાર્ય આર.કે. શર્મા સાહેબ તથા તેમના સ્પોર્ટ્સ ટીચર નો રહ્યો છે.આ હેતુ માટે જ આ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગત તારીખ ૧૯/૭/૨૦૨૫ ને શનિવાર ના રોજ સવારે ૯.૩૦ કલાકે આ ટુર્નામેન્ટ નું ઉદ્ઘાટન મીઠાપુર ના પ્લેટિનમ ક્લબ ખાતે મીઠાપુર ટાટા કેમિકલ્સ ના વી. પી. રીનો રાજ ના શુભ હસ્તે કરાયું હતું. આ તકે મીઠાપુર હાઈસ્કૂલ ના આચાર્ય નીરવ જોશી સાહેબ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર સહોદય ની સી બી એસ સી સ્કૂલ ને આવરી લેતી આ બેડમિન્ટન ચેમ્પિયનશીપ માં કુલ ૧૨ જેટલી ટીમો એ ભાગ લીધો હતો. જેમાં અંડર ૧૪ અને અંડર ૧૭ ના કુલ ૧૫૦ થી વધુ વિધાર્થી ભાઈ બહેનો એ ભાગ લીધો હતો. સાંજે મીઠાપુર ટાટા કેમ ડી એ વી પબ્લીક સ્કૂલ ના હોલ માં જીતેલી તેમજ રનર્સ અપ ટીમો ને મેડલ તેમજ સર્ટિફિકેટ ટાટા કંપની ના અધિકારીગણ દ્વારા આપી સન્માનિત કરી તેમને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.આ સમગ્ર આયોજન માં શાળા ના આચાર્ય આર કે શર્મા તેમજ તેમના સ્ટાફ દ્વારા ભારે મેહનત ઉઠાવવામાં આવી હતી. (તસ્વીર અહેવાલ દિવ્યેશ જટણીયા મીઠાપુર) (૫-૯)



જૂનાગઢમાં દાતાર સીડીના ૩૦૦ પગથિયે ચંદનના ૭ વૃક્ષનું કટીંગ: હથિયારો સ્ટાફ પર ફેંકી ચંદન ચોર ફરાર

જાણ થતા મોડી રાત્રે વન વિભાગનો કાફલો દોડ્યો: નાસી ગયેલા શખ્સોને પકડવા ૨૫ જેટલાં સ્ટાફ દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન



(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા. ૨૨: ડુંગર દક્ષિણ રેંજ હેઠળના દાતાર જંગલ વિસ્તારમાં દાતાર સીડીના ૩૦૦ પગથિયાં આજુબાજુ ગત તારીખ ૨૧/૦૭/૨૫ના ૨/૦૦ કલાકના સમયે વન વિભાગનો સ્ટાફ ફેરણામાં હતી. ત્યારે કોઈ કાપવાનો અવાજ સંભળાતા તે જગ્યા પર તપાસ કરતા કોઈ બે શખ્સ ઝાડ કાપતા હોવાનું જોવા મળ્યું હતું

ધારદાર કુહાડી અને કરવતથી ચંદનનું ઝાડ કાપતા ત્હોમતદારને પકડવા માટે વન વિભાગના સ્ટાફ દ્વારા આરએફઓ અરવિંદ ભાલીયાને જાણ કરી વધુ સ્ટાફ મોકલવા જણાવતા નાયબ વન સંરક્ષક અક્ષય જોશીને બનાવની જાણ કરતા તાતકાલિક સ્ટાફ સ્થળ પર પહોંચ્યો ત્યાં વિસ્તારને કોર્ડન કરવામાં આવી રહ્યો હતો તે દરમિયાન ચંદન ચોરને વન વિભાગનો સ્ટાફ આવ્યો હોવાની જાણ થઇ જતાંની સાથે જ તેઓ ભાગવા લાગ્યા હતા.

સ્ટાફ દ્વારા પીછો કરવામાં આવતા તેમની પાસે રહેલ કુહાડી અને કરવત સ્ટાફ પર ફેંકવામાં આવી હતી પરંતુ ખુબજ ગીચ જંગલ અને વરસાદ પણ ચાલુ હોય જેના કારણે ત્હોમતદાર નાસી જવામાં સફળ રહ્યા હતા.

વન વિભાગ દ્વારા હથિયારો કબ્જે કરવામાં આવ્યા હતા અંદાજે ૬/૭ ચંદનના ઝાડ કપાયેલ હોવાનું જોવા મળી રહેલ છે. હાલ જે તે જગ્યા પર વધુ તપાસ પણ કરવામાં આવી રહેલ છે.

નાસી ગયેલા શખ્સોને પકડવા ૨૫ જેટલાં સ્ટાફ દ્વારા સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું અને જંગલ બોર્ડર પર અલગ અલગ જગ્યા પર સ્ટાફને વોચ માટે રાખવામાં આવેલ હતા જે સવારના ૬ કલાક સુધી વોચ રાખવામાં આવી હતી બાદ હાલ પણ વન વિભાગ દ્વારા રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, ખાનગી વાહનો વગેરે તપાસવામાં આવી રહેલ છે.(તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ)(૨.૧૩)